

# શાસ્ત્ર મંથન

## ભાગ-૧

## અનેકાંતનું સ્વરૂપ

## કુંદ કુંદ કહાન પરિવાર યુવક મંડળ ટ્રસ્ટ - રાજકોટ દ્વારા પૂર્વે પ્રગટ થયેલા પ્રકાશનો

### જૈન તત્વ દર્શન

ભાગ ૧ થી ૫

---

### પ્રવચનસાર પિયુષ

જ્ઞાનતત્વ પ્રજ્ઞાપન | જ્ઞેયતત્વ પ્રજ્ઞાપન | ચરણનું યોગ ચુલિકા

---

### સમયસાર સેતુ

ભાગ ૧ - ૨, ગા.૧૪૪ સુધી

---

### પંચા ધ્યાયી પરિપલ

ભાગ ૧ - ૨

---

આ પ્રકાશનો ઉપલબ્ધ છે

# શ્રદ્ધાસુમન



રમા હસમુખ શાહ

જન્મ: ૧૪/૦૪/૧૯૩૭
ખસ

દેહ વિલય: ૨૬/૦૬/૨૦૧૪
ટેમ્પા (યુ.એસ.એ.)

મારા ધર્મપત્નિ અ.સૌ. રમાનું દેહપરિવર્તન અચાનક ૨૬/૦૬/૨૦૧૪ના થયેલ. તેનો જન્મ ખસ (બોટાદ)માં ૧૪/૦૭/૧૯૩૭ના રોજ થયેલ. અભ્યાસ અર્થે રાજકોટ, મુંબઈ વિ. સ્થળોએ રહેલ. ખુબ જ સંસ્કારી અને ધાર્મિક વૃત્તિવાળા પરિવારમાં તેનો ઉછેર થયેલ. અમેરીકામાં પૂ. ગુરુદેવશ્રી ની જન્મજયંતિ કાયમી ધોરણે દર વર્ષે ઉજવવાની પ્રેરણા તેમણે આપેલી. વર્ષે ૨૦૦૪માં પૂ. ગુરુદેવશ્રી ની ૧૧૫ મી જન્મજયંતિ તેણે એકલા એ જ સ્પોન્સર કરેલ. ખૂબ જ સરળ, સહજ, સમતા ધરાવતા ધાર્મિક સંસ્કારોના ધરોહર પ્રેરણાદાયક જીવન જીવી ગયા. તેમના છેલ્લા શબ્દો હતા **"હું જ્ઞાયક છું"** રમાને પ્રિય જૈન દર્શન દર્શાવતી આ પુસ્તિકા પ્રકાશીત કરવાની તક મને મળી તેને મારું સૌભાગ્ય સમજુ છું.

વીતરાગ દેવ શાસ્ત્ર ગુરુ પ્રત્યેની અર્પણતા અને સત સમાગમની પ્રચુર ભાવનાના બળે આપ મુક્તિપંથે પ્રયાણ કરી શાશ્વત સુખને પામો એવી ભાવના, પ્રાર્થના !

✦ લી. ✦

**હસમુખભાઈ મગનલાલ શાહ (ફ્લોરીડા - યુ.એસ.એ.)**

**તેમજ સમસ્ત શાહ પરિવાર**







# પ્રકાશકીય

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અને પૂજ્ય બહેન શ્રી ચંપાબેન પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સરળ, સુગમ અને લોકભોગ્ય શૈલીમાં રજુ કરવાની ભાવના સાથે અમોએ અગાઉ ''જૈન તત્વદર્શન : ભાગ ૧ થી ૫'' પ્રકાશિત કરેલ છે. આ ઉપરાંત સમયસાર, પ્રવચનસાર અને પંચાધ્યાયી જેવા ગહન શાસ્ત્રોનું 'સમયસાર સેતુ', 'પ્રવચનસાર પિયુષ' અને 'પંચાધ્યાયી પરિપલ' નામે સુગમ શૈલીમાં કરાયેલું આકલન પણ પ્રસિદ્ધ કરેલ છે. અમારા વડીલ વિદ્વાન અને સિદ્ધહસ્ત લેખકની કસાયેલ કલમે કંડારાયેલા આ પ્રકાશનો પ્રાથમિક મુમુક્ષુઓ માટે માર્ગદર્શિકા સમાન છે.

આ શ્રેણીમાં **'શાસ્ત્ર મંથન'** ના પાંચ ભાગ બહાર પાડવાનું આયોજન છે. તે પૈકી **'શાસ્ત્ર મંથન : ભાગ ૧ અનેકાંતનું સ્વરૂપ'** નું પ્રકાશન કરતાં હર્ષ અનુભવીએ છીએ. પૂ. ગુરુદેવશ્રી અનેકાંતને જૈન દર્શનનો પ્રાણ કહે છે. 'અનેકાંતનું સ્વરૂપ' એ તત્વ જ્ઞાનનો મુખ્ય અને મૂળભૂત વિષય હોવા છતાં તેના સંબંધી પ્રવર્તતી શંકાઓ અને ભ્રમણાઓનું નિરાકરણ કરવા આ કૃતિ ઉપયોગી થશે એવી અપેક્ષા છે.

આ પુસ્તક www.atma-darshan.org પર ઉપલબ્ધ છે અને ફ્રી ડાઉનલોડ કરી શકાય છે.

આ પુસ્તકના અભ્યાસ દ્વારા સૌ શાસ્ત્ર મંથનનાં પરિણમને પ્રાપ્ત થતું 'અનેકાંતનું સ્વરૂપ' સમજે એવી પવિત્ર ભાવના....


૧૫, પંચનાથ પ્લોટ,
રાજકોટ-૧

અધ્યક્ષ શ્રી,
શ્રી કુંદ કુંદ કહાન પરિવાર યુવક મંડળ ટ્રસ્ટ - રાજકોટ

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | ઉપોદઘાત | ૦૧ |
| ૨. | વિશ્વ | ૦૨ |
| ૩. | વિસ્તૃત વર્ણન પ્રશ્નોત્તર રૂપે | ૦૩ |
| ૪. | વિશ્વ - છ દ્રવ્યો | ૦૪-૧૧ |
| ૫. | વિશ્વનું વિસ્તૃત સ્વરૂપ | ૧૨-૧૩ |
| ૬. | અનેકાંત અને સ્યાદવાદ | ૧૪-૧૫ |
| ૭. | સ્યાદવાદ | ૧૬-૧૭ |
| ૮. | અનેકાંત અને સ્યાદવાદ<br>વિશેષવાંચન-પ્રશ્નોત્તરરૂપે | ૧૮-૨૦ |
| ૯. | પદાર્થ | ૨૧-૨૨ |
| ૧૦. | વિસ્તૃત વર્ણન - પ્રશ્નોત્તર રૂપે | ૨૩ |
| ૧૧. | સત્નું વ્યાપક સ્વરૂપ | ૨૪-૨૭ |
| ૧૨. | સત્નું સામાન્ય સ્વરૂપ | ૨૮ |
| ૧૩. | પદાર્થના અંતરંગ સ્વરૂપની સાચી સમજણ<br>(શિક્ષણ પધ્ધતિ અનુસાર) | ૨૯ |
| ૧૪. | પાઠ - ૧ | ૩૦-૩૧ |
| ૧૫. | પાઠ - ૨ | ૩૨-૩૩ |
| ૧૬. | પાઠ - ૩ | ૩૪-૩૫ |
| ૧૭. | પાઠ - ૪ | ૩૬-૩૭ |
| ૧૮. | પાઠ - ૫ | ૩૮-૩૯ |

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૯. | (પાઠ ૧ થી ૫) દ્રવ્ય બંધારણ-વિશેષ વાંચન-પ્રશ્નોત્તર રૂપે | ૪૦-૪૨ |
| ૨૦. | પાઠ - ૬ | ૪૩ |
| ૨૧. | પાઠ - ૭ | ૪૪-૪૫ |
| ૨૨. | સાતમાં પાઠ | ૪૬ |
| ૨૩. | પાઠ - ૮ | ૪૭-૪૯ |
| ૨૪. | પાઠ - ૯ | ૫૦-૫૩ |
| ૨૫. | (પાઠ ૬ થી ૯) દ્રવ્ય બંધારણ-વિશેષ વાંચન | ૫૪-૫૬ |
| ૨૬. | (પાઠ-૧૦) અનેકાંતનું સ્વરૂપ અને તેનું મહત્વ | ૫૭-૫૮ |
| ૨૭. | પાઠ - ૧૧ | ૫૯-૬૬ |
| ૨૮. | સત્‌નું સ્વરૂપ | ૬૭-૭૦ |
| ૨૯. | (પાઠ ૯ થી ૧૧) દ્રવ્ય બંધારણ-વિશેષ પાઠ | ૭૧-૭૩ |
| ૩૦. | પાઠ - ૧૨ | ૭૪-૭૫ |
| ૩૧. | પાઠ - ૧૩ | ૭૬-૭૯ |
| ૩૨. | (પાઠ ૧૨ થી ૧૩) દ્રવ્ય બંધારણ-વિશેષ સંબંધ | ૮૦-૮૩ |
| ૩૩. | સત્‌નું સ્વરૂપ - વિશ્વનું બીજું સ્વરૂપ | ૮૪-૯૩ |

# ઉપોદ્ઘાત

વિશ્વનું સ્વરૂપ અમર્યાદ છે. વિશ્વ સત્‌મય છે. સત્ અનેકાંત રૂપ છે. સત્ મહાસત્તા-અવાંતર સત્તારૂપ છે. તેનો વિસ્તાર વિશ્વથી લઇને નીરંશ અંશ સુધીનો છે.

વિશ્વના કેન્દ્રમાં પદાર્થ છે. પદાર્થની ઉપર વિચાર કરીએ તો ત્યાં છ દ્રવ્યોના સમૂહરૂપ વિશ્વ છે. જાતિ અપેક્ષાએ છ અને સંખ્યા અપેક્ષાએ અનંત પદાર્થો તદન જુદે જુદા છે. પ્રત્યેક પદાર્થ પ્રભુત્વશક્તિથી શોભાયમાન અર્થાત્ સ્વતંત્ર છે. તે બધા વચ્ચે અત્યંત ભિન્નપણું છે. જે અસ્તિ-નાસ્તિ અનેકાંત રૂપે જૈન દર્શનમાં સ્થાન પામે છે. આ અસ્તિ-નાસ્તિને બાધા ન આવે એ રીતે તે દરેક પદાર્થ તેના ક્યાં અસાધારણ ગુણની પર્યાય દ્વારા વિશ્વવ્યાપી સંબંધમાં છે તેની નોંધ પણ સર્વજ્ઞના જ્ઞાનમાં અને તેનો ઉલ્લેખ જૈન દર્શનમાં છે.

દરેક પદાર્થ આ રીતે પરથી વિભક્ત અને સ્વથી એકત્વરૂપ સ્વતંત્ર છે. તે રીતે પદાર્થ જેને સ્વરૂપ અસ્તિત્વ સત્તા કહેવામાં આવે છે. તે અંતરંગમાં અનેકાંતરૂપ છે. અંતરંગમાં દ્રવ્ય-ગુણ-પર્યાય-ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ વ્યવસ્થા લઇને રહેલ છે. દરેક પદાર્થમાં રહેલા અનંત સામાન્ય ગુણો આ વ્યવસ્થાની જવાબદારી સંભાળે છે. આ અંતરંગના આ એકત્વના વાત આ પુસ્તકમાં વિસ્તારથી સમજાવવામાં આવી છે.

# વિશ્વ

છ દ્રવ્યના સમૂહને વિશ્વ કહે છે. વિશ્વ અને વિશ્વની રચના સહજ છે.અકૃત્રિમ છે. વિશ્વનું ક્ષેત્ર અમર્યાદ છે તે વિશ્વને લોક અને અલોક એવા બે ભેદ રૂપે લક્ષમા લેવામાં આવે છે.

વિશ્વના જેટલા ભાગમાં છ દ્રવ્યો લક્ષગત થાય છે તેટલો ભાગ લોક છે. તેનું ક્ષેત્ર મર્યાદિત છે. કમર ઉપર બે હાથ ટેકવીને પગ છુટા રાખીને ઊભા રહેલ મનુષ્યનો આકાર તે લોક નો આકાર છે. તેની ઊંચાઈ ૧૪ રાજુ છે. તેની બહાર બધી દિશાઓમા અમર્યાદ ક્ષેત્ર વાળુ અલોક છે. અલોકમા માત્ર આકાશ દ્રવ્ય જ છે.

વિશ્વ સત્મય જ છે. વળી જે સત્મયજ હોય તેને ક્ષેત્ર અવશ્ય હોય છે. આ અમર્યાદ ક્ષેત્ર રૂપ એક દ્રવ્ય અવશ્ય હોવું જોઈએ કારણકે મર્યાદિત ક્ષેત્ર વાળા અનંત પદાર્થો હોય તોપણ તે અમર્યાદ ક્ષેત્ર વ્યાપી ન હોય. છ દ્રવ્યોમાં આકાશ અમર્યાદ ક્ષેત્ર વાળું દ્રવ્ય છે. લોક ની મર્યાદા છદ્રવ્યના સ્વભાવથી જ રહેલી છે. તે સિવાય અન્ય લોકની મર્યાદા નથી.

છ દ્રવ્ય રૂપ વિશ્વની થોડી પ્રયોજન ભૂત માહિતી નીચેના કોષ્ટકમાં આપી છે.

| | જીવ | પુદ્‌ગલ | ધર્માસ્તિકાય | અધર્માસ્તિકાય | આકાશ | કાળ |
|---|---|---|---|---|---|---|
| દ્રવ્યની સંખ્યા | અનંત | અનંતાનંત | ૧ | ૧ | ૧ | અસંખ્ય |
| પ્રદેશોની સંખ્યા | લોકપ્રમાણ અસંખ્ય | ૧ | લોક અસંખ્ય | લોક અસંખ્ય | અનંત | ૧ |
| અસાધારણ ગુણ | જ્ઞાન | રૂપીપણું | ગતિહેતુત્વ | ગતિપૂર્વક સ્થિતિ હેતુત્વ | અવગાહન હેતુત્વ | વર્તના કે પરિણમન હેતુત્વ |
| પરિણમન શકિતભાવ શક્તિ | છે | છે | છે | છે | છે | છે |
| ક્રિયાવર્તી શક્તિ | છે | છે | નથી | નથી | નથી | નથી |
| વૈભાવિક શક્તિ | છે | છે | નથી | નથી | નથી | નથી |
| ચેતનપણું | છે | નથી | નથી | નથી | નથી | નથી |
| રૂપીપણું | નથી | છે | નથી | નથી | નથી | નથી |
| અસ્તિકાય | છે | નથી | છે | છે | છે | નથી |

પુદ્‌ગલને અસ્તિકાયરૂપ કેમ લીધું છે ? અનેક પ્રદેશી સ્કંધો હોવાથી તેને અસ્તિકાયમાં માનવામાં આવ્યું છે.

# વિસ્તૃત વર્ણન પ્રશ્નોત્તર રૂપે

પ્રશ્ન ૧ વિશ્વને જાણવાની શી જરૂર છે ?

ઉત્તર ૧ આપણે વિશ્વના સભ્યો છીએ. આપણે જીવ છીએ. સર્વજ્ઞ પરમાત્મા સર્વજ્ઞ દશા વડે વિશ્વના સંપૂર્ણ સ્વરૂપ ને જાણે છે. તે વિશ્વની નિર્દોષ વ્યવસ્થા જાણવાથી આપણે અજાણ છીએ. આપણે આપણી કલ્પના નું વિશ્વ ઊભું કરીને તેમાં આપણી વિપરીત માન્યતા અનુસાર વર્તન કરીએ છીએ. તેવા પરિણામ કરવા આપણે સ્વતંત્ર છીએ, પરંતુ તેનું ફળ ચાર ગતિમાં પરિભ્રમણ કરીને દુઃખી થઈએ છીએ તેથી વિશ્વની વ્યવસ્થામાં આપણે જીવ તરીકે કઈ રીતે જીવન જીવવું જોઈએ તે માર્ગદર્શન મળી રહે તે માટે વિશ્વનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

પ્રશ્ન ૨ પરમાત્માએ વિશ્વને કઈ રીતે વર્ણવ્યું છે.

ઉત્તર ૨ પરમાત્માએ વિશ્વને પ્રથમ તો લોક અને અલોક રૂપે દર્શાવ્યું છે. વિશ્વના જેટલા ભાગમાં દ્રવ્યો લક્ષગત છે એટલે કે જણાય છે તે લોક છે. આ રીતે આપણે પરમાર્થે લોકનું દ્રવ્ય છીએ. લોકની બહાર બધી દિશામાં અલોક છે. અલોકમાં માત્ર આકાશ છે.

પ્રશ્ન ૩ વિશ્વ છ દ્રવ્ય સ્વરૂપ છે. આપણે જીવતા હોઈએ છીએ પરંતુ આપણું દ્રવ્યરૂપે શું સ્વરૂપ છે તેની પ્રાથમિક માહિતી આપો.

ઉત્તર ૩ દરેક દ્રવ્ય સ્વતંત્ર પદાર્થ છે. શાશ્વત છે. તે સ્વતંત્રતાથી શોભાયમાન છે. તે દરેક અમર્યાદ શક્તિરૂપ સામર્થ્ય રૂપ છે. દરેક દ્રવ્ય (૧) સત્-ક્ષેત્ર અને સ્વભાવરૂપે, (૨) દ્રવ્ય-ગુણ પર્યાય રૂપે તથા (૩) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ -ભાવરૂપે એમ વિસ્તારથી સમજાવી શકાય છે. દરેક દ્રવ્યમાં અસાધારણ ગુણ હોય છે. અર્થાત્ એ ગુણ દ્રવ્યમાં માત્ર એ એક જ દ્રવ્યમાં હોય અન્ય પાંચ માં ન હોય તેથી આ ગુણથી દરેક પદાર્થ અલગ લક્ષગત થાય છે તેને અસ્તિત્વ સ્વરૂપ સત્તા પણ કહેવાય છે.

પ્રશ્ન ૪ પદાર્થને સ્વરૂપ અસ્તિત્વ સત્તા કહે છે. ત્યાં સત્તા નું શું મહત્વ છે ?

ઉત્તર ૪ સત્-સત્તા-વિદ્યમાનતા-હયાતી દર્શાવે છે. તે છે તો બધું છે. તે નથી તો કાંઈ નથી. જ્ઞાનીઓ પરમાર્થે સત્નો જ વિસ્તાર સમજાવવા માગે છે.

પ્રશ્ન ૫ વિશ્વ પણ સત્મય હોય તો તેને શું કહે છે ?

ઉત્તર ૫ સાદશ્ય અસ્તિત્વ એ વિશ્વની મહાસત્તા છે.

# વિશ્વ - છ દ્રવ્યો

આપણો જ્યાં વસવાટ છે તે વિશાળ જગ્યા તે વિશ્વ છે. વિશ્વમાં છ પ્રકારના દ્રવ્યો જોવા મળે છે. વિશ્વના જેટલા ભાગમાં છ દ્રવ્યો જોવા મળે છે, તેટલા ભાગને લોક કહે છે. લોક નુ ક્ષેત્ર (જગ્યા) મર્યાદિત છે, તે લોકની બહાર બધી દિશાનું ક્ષેત્ર અમર્યાદિત છે, ઘણું મોટું છે, વિશ્વના તે ભાગને અલોક કહે છે. અલોકમાં એકલું આકાશ જ છે.

આ રીતે વિશ્વના બે ભાગ છે. લોક અને અલોક.

આકાશ એક અખંડ દ્રવ્ય છે. લોકના ક્ષેત્રમાં રહેલ આકાશને લોકાકાશ અને અલોકના ભાગમાં રહેલા આકાશને અલોકાકાશ કહે છે. લક્ષમાં રહે કે લોક અને અલોકને (તથા લોકાકાશ અને અલોકાકાશને) જુદા પાડવા માટે તે વચ્ચે કોઈ દીવાલ વગેરે નથી એટલે કે વિશ્વ અને આકાશ બંને અખંડ એક સત્તા છે.

છ દ્રવ્યો કહેતા દરેક ની જાત જુદી છે, તેમ ખ્યાલ આવે છે. તે છ દ્રવ્યો ના નામ-જીવ-પુદ્‌ગલ-ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય,-આકાશ અને કાળ છે. આકાશ-ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-એ ત્રણ દ્રવ્યો સંખ્યાએ એક જ છે. કાળની સંખ્યા અસંખ્ય છે. જીવ અનંત છે. પુદ્‌ગલ અનંતાનંત છે.

આ બધા તદ્દન જુદા સ્વતંત્ર પદાર્થો છે. તે દરેકને જુદા પાડનારા દરેકના અલગ લક્ષણો છે. તેને અસાધારણ ગુણ કહે છે. અસાધારણ એટલે કે જે લક્ષણ માત્ર તે એક જ દ્રવ્યમા હોય અને અન્ય પાંચ દ્રવ્યમાં ન હોય આવા લક્ષણથી બધા દ્રવ્યો કાયમને માટે એકબીજાથી અત્યંત જુદા જ રહે છે. માટે દરેક દ્રવ્ય અને તેના અસાધારણ ગુણો શાશ્વત છે. એટલે કે કાયમ ટકનારા છે.

આને જૈન દર્શન ની અસ્તિ નાસ્તિ અનેકાંત કહેવામાં આવે છે. અસ્તિ એટલે દરેક દ્રવ્ય પોતાથી સતમય હયાત વિદ્યમાન છે, અને નાસ્તિ કહેતા અન્ય સમસ્ત પર દ્રવ્યોથી તે તદ્દન ભિન્ન સદાયને માટે છે. વિશ્વના પદાર્થની આવી અણકૃત, કોઈથી નહીં કરાયેલી વ્યવસ્થા છે, આને કારણે જ તે બધા સુંદરતા પામે છે.

દરેક પદાર્થને વિશ્વમાં એક સ્થાન છે, જે જાણતા નથી, અરૂપી છે, તે દ્રવ્યો પણ જગ્યા રોકે છે દ્રષ્ટાંત-એક ખાલી બાટલી ને ઊંધી રાખીને પાણીની ડોલમાં ડુબાડો, બાટલીમાં પાણી ભરાતું નથી. કારણકે બાટલીમાં રહેલી હવા જગ્યા રોકે છે. બાટલી ને પાણીમાં જ રાખી ને સહેજ વાંકી કરો-તેમાંથી હવા બહાર નીકળશે અને એટલા પ્રમાણમાં પાણી અંદર જશે. બધી હવા નીકળી જશે ત્યારે આખી બાટલી પાણીથી ભરાઈ જશે. આ રીતે જે દેખાતી નથી એ પણ અવશ્ય જગ્યા રોકે છે.

દરેક પદાર્થ પોતાનું ચોક્કસ ક્ષેત્ર-રહેવાની જગ્યા રોકે છે. ક્ષેત્રને પ્રદેશત્વ પણ કહે છે. પ્રદેશ એટલે ક્ષેત્રનુ જગ્યાનું નાનામાં નાનું માપ છે. હવે દ્રવ્યોને તેમના નિશ્ચિત ક્ષેત્ર કેટલા છે તે જોઈએ.

પુદગલ પરમાણુ અને કાળ દ્રવ્ય (કાળાણુ) એક પ્રદેશ જેટલી જગ્યા રોકે છે. જીવ-ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નું ક્ષેત્ર લોકના ક્ષેત્ર જેટલું એટલે કે અસંખ્ય પ્રદેશી છે.

આકાશ સર્વવ્યાપક છે તેથી તેનું ક્ષેત્ર અનંત અમર્યાદિત છે.

દરેક દ્રવ્યના ક્ષેત્રની આ મર્યાદામાં કોઈ ફેરફાર ક્યારેય થતો નથી, તેથી તેને નિશ્ચિત સ્વ ક્ષેત્ર કહેવામાં આવે છે.

ક્ષેત્ર નો વિષય ચાલે છે ત્યારે અસ્તિકાયનો પણ સાથે વિચાર કરી લઈએ. અસ્તિકાય બે શબ્દોથી બન્યો છે. અસ્તિ + કાય. અસ્તિ એટલે હોવાપણું. આ બધા દ્રવ્યોને લાગુ પડે છે, કાયત્વ એટલે કે પ્રદેશોનો સમૂહ, જે પદાર્થના ક્ષેત્રમાં પ્રદેશોની સંખ્યા એક થી અધિક હોય તેને કાયત્વ કહે છે. ક્ષેત્રનો વિચાર કરતા આપણે જાણ્યું કે આકાશ-ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય અને જીવના પ્રદેશોની સંખ્યા એકથી અધિક છે. તેથી ચાર દ્રવ્યો સાચા અર્થમાં અસ્તિકાય છે. પુદ્ગલનો વિચાર કરીએ તો જિનાગમ પરમાણુંનેજ દ્રવ્ય રૂપે સ્વીકારે છે, અને તે એક પ્રદેશી હોવાથી તેમાં કાયત્વ નથી, આમ હોવા છતાં પુદ્ગલમાં સ્કંધની રચના પણ બને છે અને તે એક પ્રદેશથી અધિક સંખ્યા-સંખ્યાત-અ સંખ્યાત અને અનંત પરમાણુઓ ના સ્કંધની અપેક્ષા લઈને પુદ્ગલનો પણ અસ્તિકાયમાં સમાવેશ થાય છે. સ્કંધ આકાશની કેટલી જગ્યા રોકે છે તેની વાત નથી. લોકના અસંખ્ય પ્રદેશોમાં-મહા સ્કંધ-ભાષા વર્ગણાં વગેરે અનંત પ્રદેશી સ્કંધો વિદ્યામાન છે. કાળ દ્રવ્ય માત્ર અસ્તિરૂપ છે, તેમાં કોઈ અપેક્ષા એ કાયત્વ નથી.

ક્ષેત્રની વાત ચાલે છે ત્યારે પુદ્ગલની એક વિશિષ્ટતા નો પણ સાથે વિચાર કરી લઈએ. લોક નુ ક્ષેત્ર અસંખ્યાત પ્રદેશી છે, તેમાં અનંતાનંત પરમાણુ રહે છે. વિચાર કરો કે તેમનું શું થતું હશે? સાંકડી જગ્યામાં ઘણા માણસો ભેગા થયા હોય એવું તમે જોયું પણ હશે અને અનુભવ્યું પણ હશે, ત્યાં ક્યારેક ભીંસાઈને એક જગ્યાએ રહી જઈએ અને ક્યારેક ધક્કામુક્કીમાં જ્યાં ન જવું હોય ત્યાં પણ પહોંચી જઈએ. લોકાકાશના એક પ્રદેશમાં કેટલા પરમાણુને રહેવું પડે છે? અને એક ક્ષેત્રથી અન્ય ક્ષેત્રમાં જવું પડે. આકાશનાં એક પ્રદેશ બધા દ્રવ્યોને પોતાનામાં સમાવી લેવાની ક્ષમતા ધરાવે છે. તે અવગાહન નામનો આકાશનો અસાધારણ ગુણ છે. વળી એક ક્ષેત્રથી અન્ય ક્ષેત્રમાં જવું તેને પદાર્થની ક્રિયા વતી શક્તિ કહે છે, જીવ અને પુદ્ગલોએ પ્રમાણે ક્ષેત્રથી ક્ષેત્રાંતર કરે છે.

પ્રશ્ન :- તમે પહેલા પ્રત્યેક દ્રવ્યના સ્વતંત્ર ભિન્ન અસ્તિત્વની વાત કરી. અમને જીવ અને પુદ્ગલ વચ્ચેના અનેક પ્રકારના સબંધો જોવા મળે છે, તો પછી તદ્દન ભિન્નતા ક્યાં રહી ?

ઉત્તર :- સાચો પ્રશ્ન કર્યો, અસાધારણ ગુણ ના વિસ્તાર રૂપે એ વાત કરવાનો જ હતો. દરેક દ્રવ્યમાં એક એવો ગુણ અવશ્ય હોય છે જે અન્ય પાંચ દ્રવ્યમાં ન હોય. હવે તે દ્રવ્ય તે અસાધારણ ગુણ વડે જ અન્ય પાંચ દ્રવ્યો સાથે સંબંધમાં આવે છે. આ સંબંધ એવો છે કે જ્યાં સંબંધ અવશ્ય છે પરંતુ દરેક દ્રવ્યની સ્વતંત્ર સતાને બાધા નથી આવતી એટલે કે બધા પદાર્થો પોતાનો સ્વતંત્ર સ્વભાવ ટકાવીને, અસ્તિ નાસ્તિ ટકાવીને અવશ્ય વિશ્વવ્યાપી સંબંધમાં આવે છે. આપણે બે-ચાર પદાર્થો વચ્ચેના સંબંધનો વિચાર કરીએ છીએ અને તેને વધુ પડતું મહત્વ આપીએ છીએ. દરેક પદાર્થ વિશ્વ વ્યાપી સંબંધમાં અવશ્ય છે, એ લક્ષમાં આવતા આપણને આપણી ભૂલ સમજાશે. અજ્ઞાની જીવ પદાર્થો વચ્ચે ની અસ્તિ નાસ્તિ ના ભોગે સંબંધ માને છે કે તેથી જ અનંત સંસારરૂપ ભૂલ થાય છે, દરેક દ્રવ્ય પોતાના અસાધારણ ગુણો વડે તે વિશ્વવ્યાપી સંબંધમાં છે, તેથી તે ગુણ નો લાભ અન્ય દ્રવ્યો પણ લે છે, જેમકે, આકાશનો અસાધારણ ગુણ અવગાહન હેતુ ત્વ છે તો અન્ય પાંચ દ્રવ્યો

આકાશમાં અવગાહન પામે છે. અચેતન પદાર્થ પોતાની પ્રસિદ્ધિ કરી શકતા નથી, પરંતુ જીવવિજ્ઞાન વડે એ બધાની પ્રસિદ્ધિ કરે છે.

પુદ્‌ગલ દ્રવ્યમાં સ્કંધની રચનાનો આપણે વિચાર કર્યો તે સમાન જાતિય દ્રવ્ય પર્યાય નું દ્રષ્ટાંત છે, જીવો કે કાળાણુમા એવું બનતું નથી. ઇન્દ્રિય ગ્રાહ્ય સ્કંધની રચના થાય ત્યારે બધા જ જીવનો પુદ્‌ગલ સાથે સંબંધ થાય છે આ તે અસમાનજાતિય દ્રવ્ય પર્યાય છે . આ સંસારનું મૂળ છે. લક્ષમાં રહે કે જીવ જ્ઞાન વડે વિશ્વવ્યાપી સંબંધમાં આવે છે, તે નિર્દોષ સંબંધ છે.

છ દ્રવ્ય સ્વરૂપ વિશ્વ છે. વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્યો આ પ્રમાણે છે. જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ તે દરેકને તેના અસાધારણ, લક્ષણથી જુદા જાણી શકાય છે. જીવનો સ્વભાવ ચેતન છે. પુદ્‌ગલનો રુપીપણું છે. ધર્માસ્તિકાય તો ગતિ હેતુત્વ છે. અધમાસ્તિકાયનો સ્થિતિ હેતુત્વ, આકાશનો અવગાહન હેતુત્વ- કાળનો વર્તના હેતુત્વ.

છ દ્રવ્યોનું જોડકા રૂપે વિચાર કરીએ તો ત્રણ જોડકા બને છે.

જીવ-પુદ્‌ગલ

ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય

આકાશ-કાળ

તેમાં જીવ-પુદ્‌ગલના સંબંધોને લક્ષમા લઈને તે બે વચ્ચે અત્યંત ભિન્નપણાનો વિવેક કરવાથી અનાદિના સંસાર નો અભાવ થઈ ને મોક્ષ માટેનો માર્ગ ખુલે છે. તે બંનેના અસાધારણ લક્ષણો આપણે ખ્યાલમાં લીધા છે, હવે આ બંને જુદા લક્ષમા લેવા માટે જીવ માં ચેતન અને અરૂપીપણું તથા પુદ્‌ગલમાં રૂપીપણું અને અચેતનપણુ લક્ષ માં લેવું અનુકૂળ રહેશે. આમ કરવાથી આ બંને અન્ય ચાર દ્રવ્યોથી અલગ ખ્યાલમાં આવી જશે.

જીવ અને પુદ્‌ગલ(અજીવ) તેનો સંબંધ અને જુદાપણું બંને ખ્યાલમાં લેવા માટે જિનાગમ માં નવ તત્વનું સ્વરૂપ વિસ્તારથી સમજાવવામાં આવ્યું છે. તે અભ્યાસ આવશ્યક અને અનિવાર્ય છે તેથી તેનો અભ્યાસ અવશ્ય કરીશું પરંતુ એક બીજી રીતે પણ વિચારી શકાય છે.

આપણે અજ્ઞાન દશામાં જ્યાં હુંપણું સ્થાપ્યું છે, તે જીવ અને શરીરના વિશિષ્ટ એક ક્ષેત્રાવગાહ સંબંધમાં સ્થાપ્યું છે. સામાન્ય રીતે શરીર તેજ હું છું એમ સ્વીકારી લેવામાં આવ્યું છે અને પોતે શરીર જ હોય એ પ્રમાણેનું જીવન આપણે જીવી રહ્યા છીએ. શરીરની બધી ક્રિયા હું ન કરું તો કોણ કરે? તદ્દન નાના બાળકને ધવરાવવું ખવડાવવું- નવડાવવું-તેના ઝાડો પેશાબ સાફ કરવા એ બધું કામ માતા જ કરે છે. પરંતુ બાળક થોડો મોટો થાય ત્યારે તે બાળક જ આ બધું પોતાની મેળે કરે છે. શરીરને પ્રાપ્ત ઇન્દ્રિય અને અવયવો (હાથ-પગ) વડે તે બાહ્ય વિષયો સુધી પહોંચે છે, તેમાં પોતાની ઈચ્છા મુજબ ફેરફાર કરીને તેને ભોગવે છે. એ વાત બધાના ખ્યાલમાં છે. આ રીતે શરીરથી જુદો કોઈ જીવ

છે. તે જાણવાની કે વિચારવાની તેને જરૂર લાગતી નથી.

હવે આવા જીવને આપણે પૂછીએ કે આ શરીર તે હું છું, એવી જાહેરાત કરનાર કોણ છે? મરણ બાદ શરીર એવી જાહેરાત કરતું નથી તેથી એવી જાહેરાત કરનાર કોઈ અન્ય એટલે કે જીવ છે, તે વાત માન્ય કરવી પડે છે. જ્ઞાન અને સુખ બે જીવ ના ગુણો અને પરિણામ છે, છતાં અજ્ઞાની એ ત્યાં ઇન્દ્રિય જ્ઞાન અને ઇન્દ્રિય સુખની વાત કરીને તેને શરીરના કાર્ય રૂપે સ્વીકારી લીધા છે. છતાં તેણે એ તો સ્વીકારવું જ પડશે કે જીવના વિભાવરૂપ પરિણામ છે. અર્થાત્ રાગ-દ્વેષ ના પરિણામ તે કોઈ રીતે શરીરના કાર્ય રૂપે દર્શાવી શકે નહીં . આ રીતે અજ્ઞાની જીવે બેનું જુદાપણું તો માન્ય કરવું જ પડશે.

જીવે શરીરમાં હુંપણું રાખ્યું છે તે વાત મુખ્ય રાખીને શાંતિથી વિચારીએ તો ખ્યાલ આવે કે તેણે જીવિત શરીરમાં એટલે કે જીવ સાથેના સંબંધ વાળા શરીરમાં હું પણું માન્યુ છે. તદ્દન આત્મીય એવા સ્વજન નું અવસાન થાય એટલે તુરંત જ તેને અહીંથી કાઢો એવો ભાવ કરે છે અને પોતાના હાથે જ તેને અગ્નિદાહ આપે છે. આપણે થોડા કલાકો માટે, થોડા દિવસો માટે, થોડા મહિના માટે ઘરની બહાર જવું હોય તો તે પ્રમાણે થોડું ઢાંકો-ધુંબો અવશ્ય કરીએ છીએ. કોઈને ઘરે આપણે રહેવા ગયા હોય તો ક્યારેક આપણી ચીજ ત્યાં ભૂલીને પણ આવીએ છીએ. જીવ કાયમને માટે શરીર છોડીને જાય છે, તેને કોઈ તૈયારી કરવી પડતી નથી. તે પોતાના ગુણો ભૂલી જતો નથી, આથી એ નક્કી થાય છે કે જીવન દરમિયાન પણ જીવ અને શરીર અત્યંત ભિન્ન છે. અને બન્નેને પોત પોતાના કાર્ય કરે છે.

જીવ અને શરીરના સંયોગોમાં જે પરિણામો થાય છે તેનો વિસ્તાર થી અભ્યાસ કરીએ ત્યારે આપણી ભ્રમણા ભાંગે અને જીવ શરીરના અત્યંત ભિન્નપણા નો વિશ્વાસ બેસે.

| જીવ | | શરીર | |
|---|---|---|---|
| સ્વાભાવિક પરિણામ | નૈમિતિક પરિણામ | નૈમિતિક પરિણામ | સ્વાભાવિક પરિણામ |
| જ્ઞાન | મોહ | શરીરનું હલન | સ્પર્શ |
| | રાગ | ચલન | ગંધ |
| | દ્વેષ | બોલવું-ખાવું | રસ |
| | | વગેરે | વર્ણ |

બંનેના નૈમિતિક પરિણામો એકબીજા સાથે નિ.નૈ. સંબંધ રૂપ છે. માત્ર તેનો વિચાર કરીએ બંનેનું અત્યંત ભિન્ન પણું ભાસે નહિ. બંનેના સ્વાભાવિક પરિણામો દ્વારા જ બંને ને ભિન્ન ભિન્ન લક્ષમાં લઈ શકાય. જીવનું શરીરથી અત્યંત ભિન્નપણુ વિચારીને દેહમાંથી હુંપણું છોડીને નિજજ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપવું એટલે મિથ્યાત્વનો અભાવ કરીને સમ્યક દર્શન ની પ્રગટતા કરવી. આ પ્રમાણે કરતા આખો મુક્તિનો માર્ગ ખુલ્લો થાય છે.

શરીર જીવથી અત્યંત ભિન્ન છે એમ નક્કી થાય તો સંયોગ તો જુદા જ છે તે માટે નવું વિચારવાનું રહેતું નથી. આમ હોવાથી હું પરને મારી ઇચ્છા મુજબ મેળવી અને ત્યાગી શકું છું તે માન્યતા અને તેને અનુસાર આચરણને સ્થાન રહેતું નથી.

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય

સમાન પણું :- બંને કેવળજ્ઞાન નો જ વિષય છે.

બંને એક એક દ્રવ્ય છે. બંને લોક પ્રમાણ અસંખ્ય પ્રદેશી છે માટે અસ્તિકાય છે. કોઈ ક્ષેત્રથી ક્ષેત્રાંતર કરતા નથી, બંને અરૂપી છે, અચેતન છે.

<u>ધમર્માસ્તિકાયનો અસાધારણ ગુણ :-ગતિ હેતુત્વ</u>

ગતિ હેતુત્વ છે. જીવ અને પુદ્ગલ સ્વતંત્રપણે ક્ષેત્રથી ક્ષેત્રાંતર કરે છે ત્યારે તે બધાને નિમિતરૂપે બાહ્ય સહકારી કારણ થાય છે.

<u>અધર્માસ્તિકાય નો અસાધારણ ગુણઃ- સ્થિતિ હેતુત્વ</u>

સ્વયં ગતિપૂર્વક સ્થિતિ કરનારા લોકવ્યાપી સમસ્ત જીવ-પુદ્ગલને નિમિતરૂપે બાહ્ય સહકારી કારણ થાય છે. સિદ્ધાંત રૂપે આ બંને દ્રવ્યો વિશ્વના સભ્ય રૂપે વિશ્વવ્યાપી સંબંધમાં છે. તેઓ પોતાના અસાધારણ ગુણ મારફત સંબંધમાં આવે છે.

<u>આકાશ અને કાળ :-</u>

આકાશને અમર્યાદ ક્ષેત્ર સાથે સંબંધ છે. કાળ ને અનાદિથી અનંતકાળ સુધી ના અમર્યાદ પરિણમન પ્રવાહો સાથે સંબંધ છે.

લૌકિકમાં ઉપર જેભૂરૂ દેખાય છે તેને આકાશ ગણવામાં આવે છે. પરંતુ તે વાત ખોટી છે. વિશ્વના અમર્યાદ ક્ષેત્રને વ્યાપીને આકાશ રહેલું છે. વિશ્વના બે ભાગ લઈએ તો તે અનુસાર આકાશના પણ બે ભાગ લેવામાં આવે છે. આકાશનો અસાધારણ ગુણ અવગાહન હેતુ છે. અવગાહન કહેતા અન્ય દ્રવ્યો આકાશના ક્ષેત્રે રહેતો આકાશને વાંધો નથી. છ દ્રવ્ય લોકાકાશમાં જોવા મળે છે, તેથી અન્ય પાંચ પ્રકારના દ્રવ્યોને રહેવા માટે લોકાકાશ સગવડ કરી આપે છે. લક્ષમાં રહે કે અવગાહન શક્તિ એવી છે કે આકાશનો એક પ્રદેશ આખા વિશ્વને અવગાહન આપવા માટે સક્ષમ છે. આકાશ સંખ્યાએ એક દ્રવ્ય છે, તે કેવળી ગમ્ય છે, અરૂપી અને અચેતન છે.

કાળ દ્રવ્યો સંખ્યાએ અસંખ્ય છે-ક્ષેત્ર અપેક્ષાએ એક પ્રદેશી છે. લોકાકાશના પ્રત્યેક પ્રદેશે એક કાળાણુ સ્થિત છે, તે ગતિ કરતા નથી. એકબીજા સાથે સંબંધમાં આવતા નથી. તે કેવળી ગમ્ય-અરૂપી અને અચેતન છે, અસ્તિકાય નથી. આપણે કલાક-દિવસ-મહિના વગેરે વ્યવહાર કાળથી પરિચિત છીએ. તે બધી કાળ દ્રવ્ય ની પર્યાયો છે માટે તેને વ્યવહાર કાળ કહીએ છીએ. સમયએ કાળનું નાનામાં નાનું માપ છે. તે પુદ્ગલ પરમાણુની ગતિના આધારે નક્કી થાય છે. પરમાણુને આકાશનો એક પ્રદેશ મંદ ગતિએ પસાર કરતા જેટલો વખત લાગે તેને સમય કહે છે.

વ્યવહાર કાળના લગભગ બધા માપ પુદ્ગલના સંગમા જ નક્કી થાય છે. જીવને અનાદિકાળથી પુદ્ગલનો જ પરિચય છે તેથી તેની મારફતે જ અન્ય પાંચ અરૂપી દ્રવ્યો જણાવવામાં આવે છે.

## છ દ્રવ્યોને જાણવાનું પ્રયોજન

આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે વળી સર્વજ્ઞ પરમાત્માએ જે અખંડ વિશ્વને જ્ઞાનમાં લીધું છે તે છ દ્રવ્યો અને તેમની વચ્ચેના અનાદિથી અનંતકાળ સુધીના સંબંધોનો અખંડ એક ઇતિહાસ છે. આ વિશ્વની શાશ્વત સત્તા છે. વળી પદાર્થની સ્વરૂપ અસ્તિત્વ રૂપ અભેદ સત્તા અંતરંગ માં દ્રવ્ય-ગુણ-પર્યાય ની તાદાત્મ્ય સત્તાને દર્શાવે છે તેમ અનંત દ્રવ્ય અને તેમની વચ્ચેના સંબંધો વિશ્વના નાટકની રચનાના ભાગ સ્વરૂપ છે. સમય સાર ગાથા ત્રણમાં કીધું છે કે દરેક દ્રવ્યમા વિરુદ્ધ અને અવિરૂદ્ધ એવી બે પ્રકારની ક્રિયાનું સામર્થ્ય છે. અ વિરુદ્ધ સ્વભાવ રૂપ ક્રિયા વડે તે પોતાનું અંતરંગ અનેકાંત સિદ્ધ કરે છે અને વિરુદ્ધ ક્રિયા અર્થાત અસ્તિ નાસ્તિ ટકાવીને વર્તમાન પર્યાય દ્વારા વિશ્વના બધા પદાર્થો સાથે સંબંધમાં આવવું આવા સ્વભાવને તે વિશ્વને ઉપકાર કરે છે, ટકાવી રાખે છે. -એવા શબ્દો દ્વારા સમજાવ્યું છે.

પ્રશ્ન : અજ્ઞાની જીવ માત્ર પુદ્ગલ સ્કંધોને જ જાણે છે. પાંચ અરૂપી દ્રવ્યોને જાણતો નથી. વળી જિનાગમ જે પરમાણુને એકને જ પુદ્ગલ દ્રવ્ય રૂપે સ્થાન આપે છે એવા પુદ્ગલ દ્રવ્યને એ જાણતો નથી. વળી કહ્યું છે કે જે સ્વને નથી જાણતો તે પરને પણ સાચા અર્થમાં જાણતો નથી અર્થાત જે જીવ અને પુદ્ગલને દરેકને નિજ અસાધારણગુણ રૂપે જાણતો નથી તે ખરેખર પુદ્ગલને પણ જાણતો નથી. આમ હોવા છતાં અનાદિકાળથી આ પ્રમાણે જીવન જીવવામાં ક્યાંય મુશ્કેલી પડતી નથી તો પછી તેને છ દ્રવ્ય જાણવાની શું જરૂર છે?

ઉત્તર : અજ્ઞાની ના જીવને જ્ઞાની જીવ જ માનતા નથી. મનુષ્ય રૂપે પણ મૃગાશ્ચરંતિ-આ પ્રકારનું જીવન પરમાર્થે એ એકાંત દુ:ખ રુપ જ છે કારણકે સુખ સ્વભાવી આત્મા જ્યાં સુધી અતીન્દ્રિય સુખનો અનુભવ ન કરે ત્યાં સુધી દુ:ખી જ છે. છ દ્રવ્ય-નવ તત્વ વગેરે ભેદ દ્વારા જે આત્માના અસલ જ્ઞાયક સ્વભાવને સ્વ ભાવ રૂપે જે જાણે છે-વેદન પૂર્વક એટલે કે સ્વાનુભવપૂર્વક જાણે છે તેને જ સાચા સુખનો અનુભવ થાય છે.

વળી, આત્માનો સર્વજ્ઞ સ્વભાવ છે તેથી જે તેને નિજ સ્વભાવ રૂપે નથી સ્વીકારતો તે-મારે આ બધું જાણવાની શી જરૂર છે ? વગેરે વિચારો કરે છે. અવ્યક્તપણે અનિચ્છાએ પણ જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. તેથી પાત્ર જીવ એમ વિચારે છે કે મારી જ્ઞાનની પર્યાય મારામાં મારા માટે જ છે તેથી હું જાણી શકું. નિજાત્માને જાણવાથી જ અનંત સંસારનો અભાવ થઇને સાચા સહજ સ્વાભાવિક સુખની પ્રાપ્તી થશે તેથી બાહ્યપ્રવૃતિને ગૌણ કરીને સ્વાનુભૂતિને જ પ્રાધાન્ય આપીને હું અવશ્ય પુરૂષાર્થ કરીશ. આ અજાણ્યા કાર્ય માટે પંચ પરમેષ્ઠીના શરણે જવાથી જ મને મુક્તિ નો સંપૂર્ણ માર્ગ જાણવા મળશે. અનંત જ્ઞાનીઓ આત્મપ્રાપ્તિ માટેની ભૂમિકામાં જીવે કેટલું અવશ્ય જાણવું જોઈએ. તેમાં સર્વ પ્રથમ છ દ્રવ્યના સ્વરૂપની વાત આવે છે.

પ્રશ્ન : ધર્મ-અધર્મ-આકાશ-કાળ આ ચાર અરૂપી પદાર્થો આપણને જણાતા નથી તે માત્ર સર્વજ્ઞના જ્ઞાનનાજ વિષયો છે. તો પછી જે આપણા જ્ઞાનનો વિષય નથી તેને આપણે કેવી રીતે જાણી શકીએ?

ઉત્તર : ઉપરોક્ત ચાર દ્રવ્યો ની વાત દિવ્યધ્વનિમા આવી છે તેના આધારે ૧૨ અંગ અને પરંપરામાં પરમાગમોમા

આવી છે. આપણે તેના આધારે આ ચાર દ્રવ્યોનું સામાન્ય જ્ઞાન કરવાનું છે તેનાથી વિશેષ જ્ઞાન આપણે કરી શકતા નથી તેથી તેની વાત છે જ નહીં. ધર્મ-અધર્મ બે દ્રવ્યોની સ્થાપના આપણે સર્વજ્ઞના જ્ઞાન અનુસાર કરવાની રહે છે. તે નથી એવું પણ આપણે કહી શકીએ નહીં, વળી તેનું અન્યથા વર્ણન પણ અયોગ્ય છે. તેમાં ક્યાંય તર્કને સ્થાન નથી.

આકાશ અને કાળ શબ્દો અને તેના ભાવ આપણને પરિચિત છે અને તેનો થોડો ખ્યાલ પણ છે. વ્યવહાર કાળ -અર્થાત કલાક-દિવસ વગેરેને આપણે લક્ષમાં રાખીએ છીએ. તેનો નિર્ણય આપણે પુદ્‌ગલના પરિણામ દ્વારા અને તેના માટે જ કરીએ છીએ. કાળની પર્યાય અરૂપી છે અને તેની પાછળ કાળ નામનું અરૂપી દ્રવ્ય પણ છે એવું આપણે જાણવું આવશ્યક છે. જેથી કાળ અંગેની આપણી સમજણ આપણે વ્યવસ્થિત કરવી રહી. વળી ઉપર જે ભુરૂ દેખાય છે તે આકાશ એવી સમજણ બધાને છે, પરંતુ જે રંગ દેખાય છે તે પુદ્‌ગલના પરિણામ છે અને આકાશ અરૂપી છે. યથાર્થ સમજણ આવશ્યક છે.

પ્રશ્નઃ શાસ્ત્રો પ્રમાણે છ દ્રવ્યો-તેના નામ-તેના પ્રદેશોની સંખ્યા અને દરેકનો અસાધારણ ગુણ બધા એકબીજાથી સદાય ભિન્ન અને સ્વતંત્ર રહે છે એટલું જાણીએ તો તે પૂરતું છે ને?

ઉત્તરઃ સારો પ્રશ્ન કર્યો. પરંતુ તમે મૂળ વાત જ ભૂલી ગયા. બધા પદાર્થોનું જુદાપણું લક્ષમાં લીધું પરંતુ તે બધા દ્રવ્ય પદાર્થ રૂપે સમાન છે તે વાત ઘણી અગત્યની છે. પદાર્થને એક રૂપે લક્ષમાં લીધો પરંતુ તેમાં અંતરંગ માં અનેકપણુ.

કઈ રીતે છે-એક અને અનેક બે વિરોધી ધર્મ ખ્યાલમાં આવે છે પરંતુ પદાર્થનું અંતરંગ અનેકાંત સમજવું જરૂરી છે. જે પરની અપેક્ષાએ એક છે તે ખરેખર એકત્વ રૂપ છે અને તેના અંતરંગમાં પેટામાં અનેકપણું કઈ રીતે છે તે જિનાગમની સ્યાદવાદ શૈલીથી જ સારી રીતે સમજી શકાય છે. વિશ્વમાં જે કાંઈ છે તે બધુ અનેકાંત સ્વરુપ જ છે. અને તે નય વિભાગથી જ સમજી શકાય છે. પદાર્થના અનેકાંત નું સ્વરૂપ-અંતરંગ નું એકત્વ સ્વરૂપ લક્ષમાં લેવું તે આવશ્યક છે. આપણા પંડિત શ્રી હિંમતભાઈ આ વાત સ્પષ્ટપણે કહેતા હતા. આ એક અલગ જ વિષય છે તે જાણવો જોઈએ.

આ રીતે બધા નું સમાનપણ અને અલગ પણું બધું જાણવું જરૂરી છે.

છ દ્રવ્યનું સ્વરૂપ આ પ્રમાણે સામાન્ય-વિશેષ લક્ષમાં લેવું તે ગણિતની ભાષામાં એકડો ઘૂંટવા બરાબર છે. તેની પૂર્વ ભૂમિકામાં જ આગળનો અભ્યાસ કરવાનો રહે છે. નવતત્વને જાણવા હોય તો પ્રથમ છ દ્રવ્યોનો અભ્યાસ આવશ્યક છે.

પ્રશ્નઃ શિક્ષણમાં સેમેસ્ટર પદ્ધતિ ચાલે છે. દ્રવ્યનું સ્વરૂપ સમજી લઈએ અને તેની પરીક્ષા પસાર કરી લઈએ તો પછી તો તે વિષય છોડી દેવાનો ને?

ઉત્તરઃ આમાં સેમેસ્ટર પદ્ધતિ કામ ન આવે. બીજો દ્દષ્ટાંત સમજો. આપણે એક થી દસ સુધીના આંકડા બરોબર શીખી લઈએ ત્યારબાદ જ્યારે સરવાળા-બાદબાકી શીખીએ છીએ ત્યારે એકડા જ મજબૂત થાય છે ને ગણિતમાં ઘણા આગળ વધો ત્યાં પણ એકડાની સમજણ અનિવાર્ય રહે છે.

પ્રશ્નઃ શીખવું-શીખવવું હોય ત્યારે તેની ઉપયોગિતાનો ખ્યાલ આવ્યો પરંતુ જે આત્મસાધનામાં આગળ વધેલા છે એવા ભાવ લિંગી સંતને માટે તો હવે તેની જરૂર નથી?

ઉત્તરઃ ના, એવું નથી. પદ્મપ્રભમલધારી દેવે અધ્યાત્મની મસ્તીમાં બનાવેલા કળશમાં પણ લખ્યું છે કે આ છ દ્રવ્ય ની માળા મેં મારી શોભા માટે કંઠમાં ધારણ કરી છે. કુંદકુંદાચાર્ય દેવે ચારિત્ર ના અધિકાર-ચરણાનુયોગ ચુલિકામા પણ આગમ જ્ઞાનથી શરૂઆત કરી છે. દોરી લોટો લઈને જે પરદેશ ગયો હોય અને તેને જે પ્રથમ ઓટલો અને રોટલો આપે તેનો ઉપકાર ક્યારેય ન ભૂલે. દરેક જીવ પોતાના સ્વભાવ સન્મુખના પુરુષાર્થના બળે જ સાધક અને સિદ્ધ થાય છે. તોપણ વિકલ્પની ભૂમિકામાં તે તો પ્રભુએ આપ્યો એવા પ્રકારનો ભાવ સહજ રૂપે વ્યક્ત કરે છે.

જીવ અને પુદ્ગલ વચ્ચેના સંબંધમાં જ અનાદિકાળથી ભૂલ ચાલી આવે છે, તેથી તે બે દ્રવ્યોનો વિશેષ અભ્યાસ અનિવાર્ય છે. આ વાત મૂળ શાસ્ત્રોમાં વિસ્તારથી લેવામાં આવી છે. તે ઉપરાંત જૈન તત્વ દર્શન ના પાંચ ભાગમાં પણ તે વાત વિસ્તારથી લીધી છે. તેમાંથી આગળ અભ્યાસ કરવો લાભનું કારણ થશે. તે લખાણ તૈયાર હોવાથી નવું લખાણ કરતા નથી.

# વિશ્વનું વિસ્તૃત સ્વરૂપ

વિશ્વ નો વિસ્તાર :- એને ત્રણ અપેક્ષા એ વિચારી શકાય.

આપણે જે રીતે આપણું જીવન જીવી રહ્યા છીએ ત્યાં જીવનો એટલે કે આપણો જ્ઞાન સ્વભાવ સર્વજ્ઞ સ્વરૂપ છે, અર્થાત જ્ઞાનની સમજણ શક્તિ અમર્યાદ છે. લક્ષમાં રહે કે આપણે જેને પરિપૂર્ણ કહીએ છીએ તે પણ એક રીતે અપૂર્ણ છે. મર્યાદિત જ છે. દ્રષ્ટાંતઃ-પરમાત્મા જ્ઞાન વડે ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે. તે સર્વજ્ઞ પરમાત્મા છે. આ રીતે અવ્યક્ત રૂપે આપણે મર્યાદા બાંધીએ છીએ. કદાચ આવું જ બીજું વિશ્વ હોત તો પણ જ્ઞાન તેને અવશ્ય જાણી લેત કારણકે જ્ઞાનની જાણવાની શક્તિ અમર્યાદ છે એવો ભાવ આવવો જોઈએ. આપણું જ્ઞાન એટલું બધું અવરાયેલુ છે કે આપણને અમર્યાદ નો કોઇ અંદાજ નથી.

આવે છે કેઃ- હદ મે બેઠે કહત હૈ, બેહદ કી ગમ નહિ

બેહદ કી ગમ હોય તો, કથનેકુ કુછ નાહી.

અન્ય મતમાં આવે છે કે શ્રીકૃષ્ણનું મોઢું ખોલ્યું તો તેમાં આખું વિશ્વ જણાયુ . એ દ્રશ્ય જોનારની કર્તુત્વ બુદ્ધિ નાશ પામી ગઈ. પરમાત્માનું જ્ઞાન પણ એવું જ છે. પરમાત્માના જ્ઞાનનો વિષય આખું વિશ્વ છે કે જે આખું સત્મય છે. વિશ્વ અમર્યાદ છે અને સત પણ અમર્યાદ છે. વિશ્વનું અમર્યાદપણું આપણે ક્ષેત્ર, કાળ અને ભાવ રૂપ અપેક્ષા એ વિચારીએ.

ક્ષેત્ર અપેક્ષાએ અમર્યાદ પણું :- આપણે લક્ષમાં લીધું-લોક અને અલોક નું સામાન્ય સ્વરૂપ લક્ષમાં લીધું, પરંતુ તેની પાછળ યુક્તિ અગત્યની છે તે જાણવી જરૂરી છે. સતના ઉત્પતિ-વિનાશ શક્ય નથી. સત અનાદિ-અનંત-અવિનાશી છે. વિશ્વમાં શૂન્યને કોઈ સ્થાન નથી. આ રીતે વિશ્વ છે તે ક્ષેત્ર અપેક્ષાએ અને કાળ અપેક્ષાએ અમર્યાદ જ છે કારણકે તેમ જો ન માનવામાં આવે તો શૂન્યને વિશ્વમાં સ્થાન મળી જાય. અલોક ની મર્યાદા બાંધવાનો પ્રયાસ કરવામાં આવે તો એ પ્રશ્ન તો રહે જ કે પછી શું? પછી સત જ હોવું જોઈએ અને જો વિશ્વની બહાર પણ સત અને ક્ષેત્ર છે તો તે વિશ્વ નો ભાગ જ હોય. આ રીતે સત ક્ષેત્ર અને શૂન્યએ ત્રણને યોગ્ય રીતે સમજવામાં આવે તો વિશ્વ ક્ષેત્ર અને કાળ અપેક્ષાએ અમર્યાદ છે.

જેને સત અને ક્ષેત્ર મળે તે સ્વભાવ અવશ્ય હોય અને સ્વભાવ પણ શાશ્વત જ હોય. વળી ક્ષેત્રમાં ભેદ લક્ષમાં આવે છે. કાળમાં વર્તમાન, ભૂત અને ભાવી એવા ભેદ લક્ષ ગત થાય છે તેમ સ્વભાવમાં પણ ભેદ વિવિધતા અવશ્ય છે. વિશ્વની મહાસત્તા છે તેમ તેની અવાંતર સત્તાઓ સ્વરૂપ પદાર્થો પણ છે. દરેક પદાર્થમાં ગુણ ભેદ અને પર્યાય ભેદ પણ છે. વસ્તુના અનેકાંત સ્વરૂપને લક્ષમાં લેતા ગમે તેટલો સૂક્ષ્મ ભેદ હોય તો પણ તે અનેકાંત સ્વરૂપ જ છે, એકાંત નથી અને શૂન્યને ક્યાંય સ્થાન નથી.

આ રીતે વિશ્વ થી શરૂ કરીને નિરંશ અંશ સુધી બધાને સત મળે છે અને તે બધા સત અનેકાંત છે. આ રીતે આ વિશ્વમાં આપણું પદાર્થ રૂપનું સ્વરૂપ અસ્તિત્વ રૂપ સત્ છે જે સ્વતંત્રતાથી શોભાયમાન છે. દરેક પદાર્થ સ્વથી એકત્વ

અને પરથી વિભક્તરૂપ અવશ્ય છે. પદાર્થના વિશ્વ સાથેના સંબંધનો વિચાર કરતાં સાદશ્ય અસ્તિત્વ લક્ષગત થાય છે.અસ્તિ નાસ્તિ અનેકાંત . વળી પદાર્થની દ્રવ્યગુણ પર્યાયરૂપ વ્યવસ્થા અંતરંગના અનેકાંતને દર્શાવિ દર્શાવિ છે. વિષય આગળ ઉપર વિસ્તારથી સમજાશે. અહીં તો માત્ર એટલું જ સિદ્ધ કરવું છે કે અસ્તિ નાસ્તિ ટકાવીને સંબંધમાં કોઈ વિરોધાભાસ નથી.

વિશ્વનું ક્ષેત્ર અમર્યાદ છે. છ દ્રવ્ય સ્વરૂપ વિશ્વ છે તેથી એ છમાંથી ઓછામાં ઓછું એક દ્રવ્ય તો અમર્યાદ ક્ષેત્ર વાળું હોવું જોઈએ કારણકે મર્યાદિત ક્ષેત્રવાળા અનંત દ્રવ્ય હોય તોપણ અમર્યાદ ન બની શકે. વચ્ચે શૂન્યને સ્થાન આપવું જ પડે. અમર્યાદ ને વિશેષ સમજવા માટે દ્રષ્ટાંત લઈએ. દરિયાને ખાલી કરવા માટે કે ભરવા માટે કેટલી ડોલ પાણીની જરૂર પડે? જવાબ અશક્ય જ છે. આ રીતે આકાશનું અમર્યાદિત ક્ષેત્ર યુક્તિથી સિદ્ધ કરી શકાય છે, પણ માની લેવાની વાત નથી.

# અનેકાંત અને સ્યાદવાદ

અનેકાંત એ વિશ્વની અણકૃત શાશ્વત સુંદર વ્યવસ્થા છે. વિશ્વના બધા સભ્યો એ અનેકાંત વ્યવસ્થાનું એક અવિભાગી અંગ છે. વિશ્વ અનેકાંતમય છે. તેના બધા સભ્યો અનેકાંત સ્વરૂપ છે. દરેક પદાર્થનું પોતાનું સ્વાવલંબી સ્થાન-પોતાની એક શાશ્વત સત્તાને ટકાવીને પોતાના જ વર્તમાન સ્વતંત્ર પરિણામ વડે વિશ્વ વ્યાપી સંબંધમાં રહેલા છે. શાસ્ત્રના શબ્દો છે,-પોતાનું સ્વાધીનપણું ટકાવીને સંબંધ વડે વિશ્વને ઉપકાર કરે છે. આમ હોવા છતાં, બધા જીવો અનાદિ કાળથી આ વ્યવસ્થાથી અજાણ છે. સ્વયં અનેકાંત સ્વરૂપ હોવા છતાં સ્વ પર બધાને કોઈ એકાંત દષ્ટિથી જ લક્ષમાં લે છે. માત્ર પોતાનું જ અહિત કરે છે. એમ નહીં પરંતુ પરસ્પર એ જ પ્રકારનો જ ઉપદેશ આપીને અન્ય જીવોને પણ એકાંત મિથ્યા દ્રષ્ટિ બનાવે છે.

વિશ્વની આ અલૌકિક વ્યવસ્થાને જૈન દર્શન સારી રીતે સમજી શક્યું છે. જૈન ભગવંતો સ્વયં સત્યની ખોજ કરીને વિશ્વમાં અનેકાંતનો મહિમા ફેલાવી રહ્યા છે. અનેકાંતની સમજણ જેને છે તે તેનાથી મુક્તિનો આત્મકલ્યાણ નો માર્ગ શોધી લે છે.

અનેકાંત શબ્દ કેવી રીતે બન્યો? અન્ + એકાંત. જ્યાં એકાંત નથી ત્યાં અને કાંત છે. એકાંતને વિશ્વમાં ક્યાંય સ્થાન જ નથી. તેની દઢતા માટે આ પ્રમાણે અર્થ કરીએ છીએ. આ નાસ્તિ નું કથન છે. અસ્તિ થી વિચારીએ તો અનેક અંત, અર્થાત્ જેને આપણે એક લક્ષમાં લઈએ છીએ અને તેને વિશ્વમાં સ્થાન આપીએ છીએ તે અંતરંગમાં અનેક અનંત ભેદને લઈને રહેલ છે, જેમ કે એક દ્રવ્યમાં અનંત ગુણો રહેલા છે. આ રીતે અસ્તિથી નાસ્તિથી બંને રીતે સમજવાથી આપણને આપણા સ્વભાવ નો મહિમા આવે છે.

અનેકાંતનું સ્વરૂપ આપણે વાસ્તવિકતાના જોરમાં નક્કી કરવું છે. આપણા દેશનું બંધારણ આ અનેકાંતના સિદ્ધાંત ને અનુસરીને રહ્યું છે. કેન્દ્ર સરકાર-રાજ્ય સરકાર-જીલ્લા પંચાયત-તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત આ બધાનો અભ્યાસ કરીએ ત્યારે તે બધાને કોઈ એક અપેક્ષાએ સ્વતંત્રતા મળે છે. તેને સલામત રાખી ને બધા ઉપર થી નીચે સુધી એકબીજા સાથે સંબંધથી ગૂંથાયેલા છે. આ બધું ભારત દેશ ની અખંડતા ને સલામત રાખીને જ છે. દરેકને તેના ભાગે આવતું કાર્ય અને વ્યવસ્થા છે અને એકબીજા સાથે કેટલો બધો મેળ વિશેષ જોવા મળે છે. એ જ પ્રમાણે દરેક દ્રવ્યને તેનો સ્વભાવ અને તેનું નિશ્ચિત કાર્ય છે. તે પ્રમાણે તેમાં અંતર્ગત દરેક ગુણ ને તેનો અલગ સ્વભાવ અને અલગ કાર્ય છે. ગુણના ત્રિકાળ ભેદ રૂપ રહેલા અનંત નીરંશ અંશોને પણ તેનો સ્વભાવ અને તેનું ચોક્કસ કાર્ય છે. આવા ગમે તેટલા ભેદમાં જઈએ તો પણ તેને સત અને સ્વભાવ મળે છે. શૂન્યને ક્યાંય સ્થાન મળતું નથી. આટલા બધા ભેદો તેમની સ્વતંત્રતા અને કાર્યો છતાં બધાનું ક્ષેત્ર એક જ છે. કેમ જાણે અખંડ ક્ષેત્ર જ તે પદાર્થને આગવું અસ્તિત્વ અર્પે છે.

જિનાગમમાં પ્રભુત્વ શક્તિ અને વિભૂત્વ શક્તિ એવી બે શક્તિની જોડકારૂપ વાત આવે છે. દરેક પદાર્થ સ્વતંત્રતાથી શોભાયમાન છે તે પ્રભુત્વ શક્તિનો પ્રભાવ છે. નીચે ઊતરીએ તો દરેક ગુણ અને નિરંશ અંશો પણ એવી જ સ્વતંત્રતા ભોગવે છે. એ 'સ્વતંત્રતાથી શોભાયમાન' એવી પ્રભુત્વ શક્તિ છે. વિભૂત્વ શક્તિનું વર્ણન આ પ્રકારે સર્વ ધર્મ વ્યાપકત્વ-એ સમજવા માટે આપણે નીરંશ અંશથી શરૂ કરીશું. બધા નીરંશ અંશો એકબીજા સાથે સંબંધમાં આવીને

ગૂંથાઈને ગુણના કાર્યમાં લક્ષગત થાય છે. તે પ્રમાણે અનંત ગુણોના કાર્ય ની ગૂંથણી દ્રવ્યના પરિણામમાં જોવા મળે છે.

દૃષ્ટાંત :- મોટરના કારખાનામાં થી રોજ એક મોટર તૈયાર થાય છે. ત્યાં તે કારખાનામાં રહેલા જેટલા મશીનો છે તે બધા કાર્યરત છે અને એકબીજા સાથે સુમેળથી કામ કરે છે. ત્યારે જ એક મોટર તૈયાર થાય છે. એક કાર્યમાં અનંત સભ્યોનો સાથ રહેલો છે. બધાંય પોતાનો ફાળો આપે છે.

અનેક ગુણ ભેદો મારફત નીરંશ અંશની જે વિચારણા કરી તે નીરંશ અંશ ત્રિકાળ સ્વભાવનો નાનામાં નાનો અંશ એકમ છે. તેથી તે સ્વભાવનું એકમ છે.

જેમ એકમાં ગુણ રૂપ અનેક અંત-ભેદ છે તેમજ તે એકમાં પર્યાય ના પણ અનંત ભેદ છે. તે અનિત્યતા ક્ષણિક ના પ્રતીક છે. આપણે મોટરનો દૃષ્ટાંત લીધો તે કારખાનામાં નાના મોટા બધા મશીનો કામ કરે છે તો મોટર તૈયાર થાય છે, તેથી ક્રિયા-કાર્ય આ પણ એક અગત્યનું અંગ છે. નિત્ય સ્વભાવ એટલું જ પર્યાપ્ત નથી. શક્તિરૂપ સામર્થ્ય હોય પરંતુ જો તે કામમાં ન આવે તો નકામું. ક્રિયા નો વિચાર કરીએ ત્યારે આપણને નિરંતર અનુભવોમાં આવતી અનેક પ્રકારની વિધવિધતા ખ્યાલમાં આવે છે. નાટક ના પાત્રો અને તેમની વચ્ચેના સંવાદો લક્ષમાં આવે છે. દરિયાનું પાણી નિરંતર ભરતી-ઓટ રૂપે અને મધદરિયે પણ ગતિશીલ જોવા મળે છે. નવી નવી પર્યાયો ઉત્પન્ન થઈને નાશ પામતી જોવા મળે છે. આ બધાના મૂળમાં ત્રિકાળ શાશ્વત સ્વભાવ છે. તે અનેકાંત રૂપ છે. તેના અનેક સભ્યો-ગુણો એકબીજા સાથે રમતે ચડ્યા છે અને નવી નવી રમતો કરે છે. આ બદલતા સ્વરૂપને આપણે જાણીએ છીએ. જે ઉત્પત્તિ-વિનાશ જોવા મળે છે તે સ્વાંગ ના ઉત્પાદ-વ્યય છે. સ્વાંગ નો ધરનારો તો એક જ છે. સ્વભાવમાં જ અમર્યાદ શક્તિ સામર્થ્ય છે જે રમત દ્વારા-બદલતા રૂપ દ્વારા પ્રગટ જોવા મળે છે. અર્થાત દ્રવ્ય પર્યાયનું સ્વરૂપ લક્ષમાં લેવું હોય તો-સાચી રીતે સમજવું હોય તો-સર્વ પ્રથમ દ્રવ્ય અને ગુણનું એક અનેક અને એકત્વ સ્વરૂપ સારી રીતે અને સાચી રીતે સમજવું જોઈએ. એમ કરતાં જ આપણને અનેકાંત વસ્તુ વ્યવસ્થા નો મહિમા આવશે.

# સ્યાદવાદ

અનેકાંત એ વસ્તુ સ્વરૂપ છે અને સ્યાદવાદ એ અનેકાંત ને સમજાવનારી શૈલી છે. તે વચન રૂપ છે. આ શૈલી એક અપેક્ષાએ જૈન દર્શનનો રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક છે. જૈન દર્શન સિવાય અન્ય ક્યાંય આ પ્રકારની કથનશૈલી નથી. એકાંત માન્યતાવાળાને આની કોઈ જરૂર નથી. ઉપયોગીતા નથી.

સ્યાત્ એટલે કથં ચિત્-વાદ એટલે કે કથન. જૈન દર્શનના બધા કથનો સ્યાદવાદ શૈલીના જ છે. કથં ચિત એટલે કોઈ અપેક્ષા એ. કથંચિત એટલે થોડે ઘણે અંશે એવો અર્થ થતો નથી. પદાર્થ સ્યાદ નિત્ય છે-એટલે જે અપેક્ષા પદાર્થ નિત્ય છે તે અપેક્ષાએ તે સો ટકા નિત્ય જ છે. તે જ પદાર્થ સ્યાદ અનિત્ય છે. એટલે એ અપેક્ષાએ પદાર્થ સો ટકા અનિત્ય જ છે. આ રીતે પદાર્થને જેટલી અપેક્ષાથી લક્ષમાં લઈ શકાય તે બધી જ અપેક્ષાના સો ટકા આપવાના રહે છે. છેવટે પદાર્થ-પદાર્થ રૂપ જ છે. તેના પણ સો ટકા છે. આવી ટકાવારી અન્ય કોઈને માન્ય નથી. દૃષ્ટાંત-પાંચ આંધળા ઓ હાથીને તપાસે છે અને પોતાનું મંતવ્ય રજૂ કરે છે. કોઈ તેને ઢોલ જેવો તો કોઈ તેને દોરડી જેવો દર્શાવે છે. કોઈ ખોટા નથી, પરંતુ પદાર્થ એવડો જ છે, એવું એકાંત કરે છે. તે ભૂલ છે. પદાર્થ અનેકાંત સ્વરૂપ જ છે.

એક-અનેક અને નિત્ય-અનિત્ય એ બે પરસ્પર વિરોધી લાગતા ધર્મો છે. જે કાયમ ટકે છે તે નાશવંત ન હોય અને જે ક્ષણિક છે તે કાયમ ન ટકે એવી એક પ્રબળ દલીલ છે પરંતુ બન્ને ધર્મ અવશ્ય સાથે રહેલા છે. અને કાન્તની વ્યાખ્યામાં જ એ વાત સ્પષ્ટ કરવામાં આવે છે. અનેકાંતમાં પરસ્પર વિરોધી દેખાતા છતાં અવિરોધપણે રહેલા અને વસ્તુને નિપજાવનાર આ અનેક ધર્મ પદાર્થમાં રહેલા છે. આ વાતને વિશિષ્ટ સ્વરૂપે સમજીએ. દ્રવ્ય સ્વભાવ નિત્ય છે અને પર્યાય અનિત્ય છે. દરેક પદાર્થ દ્રવ્ય-પર્યાય રૂપ છે. તેની સ્પષ્ટતા પદાર્થ ઘંટી જેવો છે. ઘંટીનુનીચલું પડ સ્થિર છે અને ઉપલું પડ ફરે છે.

બીજું દૃષ્ટાંતઃ મગનો દાણો છે, તેનું ફોતરૂ કાઢી નાખીએ તો તેમાં મગની દાળની બે ફાડ જોવા મળે છે. આ બંને દૃષ્ટાંતો પદાર્થના સ્વરૂપને સમજવા માટે તદ્દન નકામા છે કારણકે કોઈ પદાર્થ એવો નથી. સાચા દૃષ્ટાંતો-એક નટ જ્યારે નાટકમાં ભાગ લે છે ત્યારે અનેક પ્રકારના જુદા જુદા સ્વાંગ ધારણ કરે છે. બીજું દૃષ્ટાંત તમને દહી માખણ અને ઘી એવા અલગ રૂપ જોવા મળે છે. ખરેખર એક જ ગોરસ તમને પ્રથમ દ્રવ્ય રૂપે પછી તે જ દહીં રૂપે-માખણ રૂપે અને ઘી રૂપે રહેલું છે. તેથી દ્રવ્ય નિત્ય છે. અને એક પર્યાય અનિત્ય છે એવું કથન યથાર્થ નથી. પદાર્થ દ્રવ્ય અપેક્ષા એ નિત્ય છે અને પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. આ પ્રમાણે યથાર્થ કથન છે. તેથી પદાર્થમાં નિત્ય અને અનિત્ય બંને ધર્મોના સો ટકા આપવાના રહે છે. અનેકાંત રૂપ વસ્તુ વ્યવસ્થા અને સ્યાદવાદરૂપ કથન શૈલી છે. વિશ્વના બધા પદાર્થો આવા અનેકાંતરૂપ છે. વેદાંત વસ્તુને સર્વથા નિત્ય માને છે અને બૌદ્ધ વસ્તુને સર્વથા ક્ષણિક માને છે. હવે આપણે નક્કી કરવાનું છે કે વેદાંત કે બૌદ્ધ માને છે એવો કોઇ પદાર્થ વિશ્વમાં છે ખરો ! જવાબમાં 'ના' જ આવવાની છે. વિશ્વના બધા પદાર્થો અનેકાંત રૂપ છે.

સમય સાર શાસ્ત્રમાં ૪૭ શક્તિની વાત આવે છે. તેમાં અનેકાંત વસ્તુ સ્વરૂપને સમજાવવા માટે બે શક્તિઓ સાથે લીધી છે-એક 'અનંત ધર્મ ત્વ શક્તિ,' છે. આપણને લાગે કે આ એક શક્તિ જ બસ છે. વધારે કંઈ કહેવાની જરૂર

નથી. પરંતુ આપણી ભૂલ છે. બીજી શક્તિ છે-'વિરુદ્ધ ધર્મત્વ શક્તિ-એટલે કે એક અનેકમાં દ્રવ્ય અને ગુણની વ્યવસ્થા અને નિત્ય-અનિત્ય માં દ્રવ્ય-પર્યાય ની અપેક્ષા અવશ્ય જોવા મળે છે. માટે આ બે શક્તિનો સાથે એક રૂપે અભ્યાસ કરવાથી જ પદાર્થોનું અનેકાંત સ્વરૂપ આપણા જ્ઞાનમાં વ્યવસ્થિત થાય છે.

પદાર્થના આવા સ્વરૂપને જ્ઞાન જાણી શકે છે. આપણું જ્ઞાન જાણવાનો પ્રયત્ન કરશે ત્યારે સર્વપ્રથમ નય જ્ઞાન વડે જુદા જુદા ધર્મોને એક પછી એક એમ જાણશે. બધી અપેક્ષા-બધા નયો વડે-અર્થાત પ્રયોજન વશ બે નય વડે પદાર્થના સંપૂર્ણ સ્વરૂપ ને દર્શાવી શકાય છે. તેથી નય જ્ઞાનમાંથી પ્રવેશ લઈને-નયનો અવિરોધ કરીને પ્રમાણ જ્ઞાન પ્રગટ કરવાનું રહે છે. પ્રમાણ પદાર્થના અનેકાંત સ્વરૂપને યથાર્થ રૂપે સમજી લે છે.

એક પદાર્થ નો-નય જ્ઞાનપૂર્વક પ્રમાણ જ્ઞાન વડે અભ્યાસ કરવામાં આવે છે. બધા પદાર્થો માટે આ નિયમો એક રૂપ છે. તેથી એક પદાર્થને પ્રમાણ જ્ઞાન વડે જાણતા બધા પદાર્થો ને આ લાગુ પડે છે. દષ્ટાંત : બહેને રસોઈ કરતા સમયે ચોખા ચડવા મૂક્યા હોય ત્યારે એક દાણાને જુદો પાડી ને દબાવી જુએ છે, તે એક ચડી ગયો છે એવું ખ્યાલમાં આવે એટલે બધા દાણા ચડી ગયા છે એવો નિર્ણય થઈ જાય છે. બધાને અલગ રૂપે તપાસવાની જરૂર નથી.

પદાર્થને પ્રમાણ જ્ઞાન વડે જાણી લીધા બાદ તેનો જે ક્રમથી અભ્યાસ કર્યો છે તે બીજાને સમજાવવાનો પ્રસંગ આવે ત્યારે શબ્દોનું માધ્યમ અનિવાર્ય બને છે. સમજાવવા માટે ભેદમાં આવી અને ભેદ રૂપ એક એક ધર્મને નય વિભાગ વડે સમજાવવામાં આવે છે તે સ્યાદવાદ શૈલી છે. શ્રોતા અલગ-અલગ ધર્મોને પોતાના ક્ષયોપશમ જ્ઞાન અનુસાર જ્ઞાનના ઉઘાડ અનુસાર જાણે છે અને પછી પરસ્પર વિરોધી દેખાતા બધા ધર્મો અવિરોધપણે કેવી રીતે રહેલા છે તે માધ્યમથી પદાર્થને ઓળખી લે છે.

સવર્જ્ઞ પરમાત્માના કેવળજ્ઞાનમાં બધા પદાર્થો આ રીતે અનેકાંત રૂપ છે એમ જાણ્યું છે. તે પ્રકારે દિવ્ય ધ્વનિ માં એ વાત આવી છે. ભગવાનની વાણી સાંભળનારા દેવ મનુષ્ય અને તિર્યંચ એ વાત નય વિભાગથી સમજી શકે છે તેથી ભગવાનની વાણી ને દ્વિનયાશ્રિત કહી છે. ગણધર દેવ આ વાણી સાંભળીને તેને વચન રૂપ વિભાગથી સમજાવે છે. બાર અંગની રચના કરે છે. તેને અનુસરીને આચાર્ય ભગવંતો આગમ વડે પાત્ર જીવો સુધી આ વાત પહોંચાડે છે. પાત્ર જીવો તે અનુસાર પોતાના આત્મ સ્વભાવને જાણે છે અને આત્મકલ્યાણ કરી લે છે.

# અનેકાંત અને સ્યાદવાદ-વિશેષવાંચન-પ્રશ્નોત્તરરૂપે

પ્રશ્ન -૧ અનેકાંત ને કોની સાથે સંબંધ છે?

ઉત્તર -૧ આખા વિશ્વ સાથે, વિશ્વના દરેક પદાર્થના-પદાર્થના સમસ્ત ગુણો સાથે તથા પ્રત્યેક નીરંશ અંશ પણ અનેકાંત સ્વરૂપ જ છે.

પ્રશ્ન -૨ બીજા કોની સાથે?

ઉત્તર -૨ પરમાત્માના કેવળ જ્ઞાન અને ભગવાનની દિવ્ય ધ્વનિ સાથે. પરમાત્માની અનક્ષરાત્મક ધ્વનિ પણ અને કાન્તની પ્રસિદ્ધિ કરે છે.

પ્રશ્ન -૩ બીજા કોની સાથે ?

ઉત્તર -૩ અક્ષર આત્મક બાર અંગ તથા જ્ઞાનીના બોલાયેલા અને લખાયેલા પ્રત્યેક શબ્દ સાથે એટલે કે સ્યાદવાદ શૈલી સાથે.

પ્રશ્ન -૪ અનેકાંત ને સ્યાદવાદ સાથે કેવા પ્રકારનો સંબંધ છે?

ઉત્તર -૪ અનેકાંત વસ્તુ નું સ્વરૂપ છે અને તેની પ્રતિપાદક એવી સ્યાદવાદ શૈલી છે-કથન શૈલી છે.

પ્રશ્ન -૫ સ્યાદવાદ શૈલીની કેવા પ્રકારની વિશિષ્ટતા છે?

ઉત્તર -૫ તે બે નય દ્વારા અનેકાંતને સમજાવે છે.

પ્રશ્ન -૬ સ્યાદવાદ શૈલીને કોઈ ધર્મને ધર્મની પ્રરૂપણા સાથે સાંકળી શકાય?

ઉત્તર -૬ હા, તેને જૈન ધર્મ અને તેની પ્રરૂપણા સાથે સંબંધ છે.

પ્રશ્ન -૭ માત્ર એક જ ધર્મ? શા માટે?

ઉત્તર -૭ માત્ર જૈન દર્શન જ. કારણકે જૈનો વસ્તુના અનેકાંત સ્વરૂપનો સ્વીકાર કરે છે. અન્ય સમસ્ત ધર્મો એકાંતિક એક ને માનનારા છે.

પ્રશ્ન -૮ અન્ય ધર્મો અનેકાંતને નથી માનતા?

ઉત્તર -૮ એમ તો કોઈ અપેક્ષા એ અનેકાંત નું કથન કરે છે પરંતુ તે વિપરીત રીતે. જીવ પોતાના પરિણામને કરે અને પરના પરિણામને પણ કરે. માત્ર પોતાના જ પરિણામને કરે એવું માનીએ તો એકાંત થઈ જાય આવા અનેક પ્રકારના મિથ્યા અનેકાંતને માને છે.

પ્રશ્ન -૯ વસ્તુ નિત્ય છે એમ વેદાંત માને છે. તો તે શું ખોટા છે? વસ્તુ નિત્ય નથી?

ઉત્તર -૯ વેદાંત વસ્તુને સર્વથા નિત્ય માને છે. તેના અભિપ્રાયમાં વસ્તુ કૂટસ્થ છે પરંતુ વિશ્વમાં એવી કોઈ વસ્તુ જ

નથી. એ જ પ્રમાણે બૌદ્ધ વસ્તુને સર્વથા ક્ષણિક માને છે એવો પણ કોઇ પદાર્થ નથી.

પ્રશ્ન -૧૦ જે એક છે તે જ અનેક છે. જે નિત્ય છે તે જ અનિત્ય છે આવું જૈનો કહે છે. તમે નાના છોકરાને પણ પૂછો તો તે હસવા જ માંડશે ! આવું કહે તે નર્યું ગાંડપણ જ છે ને !

ઉત્તર -૧૦ જૈનો જે માને છે તે પરમ સત્ય જ છે તેથી તો જૈન દર્શન પોતાની એક અલગ ઓળખ ઊભી કરે છે. ઘણા જૈન ધર્મને હિન્દુ ધર્મના એક ભાગ તરીકે ખતવે આવે છે પરંતુ જૈનો તેનો સ્વીકાર કરતા નથી. વિશ્વના ૩૬૪ મતમાં એક પક્ષે જૈન છે બીજા બધા સામે પક્ષે છે

પ્રશ્ન -૧૧ તમે કોઈ પુરાવા આપી શકશો?

ઉત્તર -૧૧ મારે પુરાવા આપવાની કોઈ જરૂર જ નથી. સાચું છે તે સાચું જ છે અને ખોટું છે તે ખોટું જ છે. દૃષ્ટાંત-બે વત્તા બે બરાબર ચાર થાય તે જવાબ સાચો છે. બીજા બધા જવાબ ખોટા છે, છતાં ખુલાસો કરું છું કે ભૌતિક વિજ્ઞાન પણ સ્વીકાર છે કે વિશ્વમાં જે કાંઈ છે તે શાશ્વત છે. જે નવું ઉત્પન્ન થતું જણાય છે તે તો વિશ્વની વ્યવસ્થા છે. દરેક પદાર્થ ટકીને બદલે છે. વિજ્ઞાનની આ વાત બધા સ્વીકારે છે કારણકે તેને કોઈ ચેલેન્જ કરી શકતું નથી.

શિષ્ય : વસ્તુ ટકીને બદલે છે તેની કોણ ના પાડે છે? પરંતુ તેમાં અનેકાંત ક્યાં આવ્યું?

ગુરુ : સર્વથા એક કૂટસ્થ વસ્તુમાં ફેરફાર કરી દેખાડો. એવા એકમાં ફેરફારની શક્યતા જ નથી.

શિષ્ય : તો તમે સમજાવો.

ગુરુ : ગણિતમાં એક છે. તેમાં ફેરફાર કરી તમે કંઈ જાતના ફેરફાર કરશો?. પરંતુ એક અને બે ને સાથે તો ૧૨-૨૧-૧/૨ વગેરે થઇ શકે છે. ગણિતનો અભ્યાસ ત્રણ આંકડાથી કેટલી સંખ્યા ચારથી-પાંચથી-અરે વિચાર તો કરો કે એકથી નવ અને ૧૦ સુધીના આંકડા થી દરેકને મોબાઈલના નવા નંબર આપી શકાય છે. તેથી એક પદાર્થનું એકપણું પરથી ભિન્નપણું દર્શાવવા માટે છે પરંતુ તે એકાંતિક એક નથી. તે એકત્વ રૂપ છે. અર્થાત અંતરંગમાં અનંત ધર્મોને ધારીને રહેલ છે. વળી તે ધર્મ મોટરના સ્પેરપાર્ટસ ના ઢગલા રૂપે નથી. મોટર રૂપે છે.

શિષ્ય : તમે અનેકાન્તની યોગ્ય રીતે સ્થાપના કરી. શિરોમાન્ય છે. હવે થોડું સ્યાદવાદ અંગે-તેની વિશિષ્ટતા શી છે?

ગુરુ : સ્યાદવાદ શૈલીમાં જેટલા કથન છે તે વસ્તુના અનેકાંત સ્વરૂપના દ્યોતક છે. તેના બધા કથન સાપેક્ષ છે. એક પણ કથન એકાંતિક-એક નથી. જેમ કે જ્યારે વસ્તુ એક છે તેમ કહે ત્યારે તે બીજી અપેક્ષાએ અનેક પણ છે, તેનો ખ્યાલ રહેવો જોઈએ. જેમકે ૧ અને ૨ એવા શબ્દો સંખ્યા સૂચક છે. ત્યાં ખરેખર બે શું છે-જે એક માં છે તેટલું જ તેમાં ઉમેરવામાં આવે તો બે થાય. આ રીતે એક થી નવ સુધી ના બધા આંકડા સાપેક્ષ છે. આપણે દ્રવ્ય એક છે અને તેના ગુણો અનેક છે એમ કહીએ છીએ. તે વાત કોઈ અપેક્ષા એ સાચી છે પરંતુ ત્યાં આપણે દ્રવ્યમાં એકપણું જ લઈએ છીએ અને ગુણો સંખ્યાએ અનેક છે એવો

સ્વીકાર આવે છે, પરંતુ જૈન દર્શન તે વ્યવસ્થાને સમજાવતા એમ કહે છે કે પદાર્થ દ્રવ્ય અપેક્ષા એ એક છે અને તે જ પદાર્થ ગુણ અપેક્ષાએ અનેક છે. બીજા શબ્દોમાં કહીએ તો એક અને અનેક માત્ર એકમાં જ લાગુ પાડવા જોઈએ તો જ અનેકાંત સાબિત થાય.

દરેક ગુણ સ્વતંત્ર છે. તેનો એક સ્વભાવ છે અને એક કાર્ય છે. તે કાયમ રાખીને બધા ગુણો દ્રવ્યના આશ્રયે છે. એટલે કે વિશ્વમાં જેવું સ્વતંત્ર સ્થાન દ્રવ્યને મળે છે તેવું સ્થાન ગુણોને મળતું નથી. દષ્ટાંત-યુનોમાં ભારતને સ્થાન મળે પરંતુ ગુજરાતને નહીં, ત્યારે પ્રશ્ન થાય કે દ્રવ્ય ને તો સ્વતંત્ર સ્થાન મળે-તેને કોઈનો આશ્રય નથી તેથી તે તો ગુણ વિનાનું હોય ને? ત્યારે ના આવે છે. દ્રવ્ય થી જુદો જેમ કોઈ ગુણ નથી એમ ગુણથી જુદુ કોઈ દ્રવ્ય નથી. એ જ પ્રમાણે નિત્ય-અનિત્ય નો વિચાર કરીએ તો ક્ષણિક સત રૂપ પર્યાય નિત્યની ઓથમાંજ શક્ય છે.

પ્રશ્ન -૧૫ સ્યાદવાદ શૈલી શું સિદ્ધ કરવા માંગે છે?

ઉત્તર -૧૫ પોતાનું અનેકાંત સ્વરૂપ. માત્ર જીવનું સ્વરૂપ નહીં. અન્ય પદાર્થો નું સ્વરૂપ પણ એમ જ છે.

પ્રશ્ન -૧૬ પ્રત્યેક દ્રવ્યનું સ્વરૂપ કેવી રીતે જાણી શકાય છે?

ઉત્તર -૧૬ પ્રત્યેક શ્રુતજ્ઞાન વડે. ખરેખર તો શ્રુત પ્રમાણ જ્ઞાન વડે. જે જ્ઞાન વડે જાણી શકાય છે તે પ્રમાણ જ્ઞાન. વચન અગોચર છે. એટલે કે તેનું વર્ણન અશક્ય છે. તેથી પ્રમાણ જ્ઞાનમાં જે જાણવું હોય તેને ભેદથી-નય વિભાગથી જાણી અને વર્ણવી શકાય છે. ત્યા સ્યાદવાદ શૈલીને સ્થાન છે. પ્રયોજનને લક્ષમાં રાખીને મુખ્ય-ગૌણ શૈલીમાં વિષયના ભેદો ને જાણી શકાય છે અને વર્ણવી શકાય છે તેથી સ્યાદવાદ કથનને આ રીતે સમજવું આવશ્યક બની રહે છે.

# પદાર્થ

એક શબ્દ ઘણા સંદર્ભમાં વપરાય છે. અર્થ શબ્દ સમજ હેતુ પ્રયોજન વગેરે માટે વપરાય છે. પણ અહીં પદાર્થમાં અર્થ શબ્દ સંસ્કૃત ધાતુ 'ઋ'માંથી બનેલો છે. અર્થ એટલે જેને પામે, પ્રાપ્ત કરે, પહોંચે, જવું તે. આવો આગમાત્મક શબ્દ જાણવાના કે જ્ઞાનના અર્થમાં પણ હોય છે. એટલે કે જેને પામે, પ્રાપ્ત કરે પહોંચે અથવા જેને પમાય , પ્રાપ્ત કરાય કે પહોંચાય તે અર્થ છે.

આ રીતે અર્થ શબ્દ જ્ઞાનાત્મક કે જ્ઞેયાત્મક બાબતને દર્શાવે છે.

પદ શબ્દના પણ ઘણા અર્થ હોય છે. પગ-મોભો-દરજ્જો વગેરેને પદ કહે છે. કાવ્યની મુખ્ય કડી ને પણ પદ કહે છે, પરંતુ અહી પદ એટલે અર્થનો જે વિષય હોય તે પદ છે. જગતમાં આવા કુલ છ પદ છે. જેને પદાર્થ કહે છે.

(પ્ર.-સા.-ગા.૮૭ ની ફૂટ નોટ અને પ્ર.સા.ગા.૯૩ ની જયસેન આચાર્યોની ટીકામાં અર્થની સમજૂતિ છે)

ભૌતિક વિજ્ઞાનમાં પણ પદાર્થ નું અંતરંગ સ્વરૂપ શું છે તેની વાત આવે છે. પદાર્થના ભેદરૂપ વર્ણન ને ગુણ ધર્મ કહે છે. જે પદાર્થ છે તે કાયમ ટકે છે એ તેના ઉત્પત્તિ વિનાશ નથી. તે માત્ર રૂપાંતર પામે છે. તેથી પદાર્થ ની સામાન્ય માહિતી બધા પાસે અવશ્ય હોય છે. જિનાગમ તેના માટે દ્રવ્ય-ગુણ-પર્યાય એવો શબ્દ કહે છે. વસ્તુ-ચીજ-પદાર્થ તે દ્રવ્ય છે. તેના કાયમી ભેદરૂપ ગુણો છે. એ બધાનું નિરંતર બદલતુ સ્વરૂપ તે પર્યાય છે. દષ્ટાંત રૂપે-દરિયાનું પાણી નિરંતર ગતિશીલ છે અને કાંઠા ઉપર તે ભરતી ઓટ રૂપે લક્ષમાં આવે છે.

પાયાના બંધારણને સમજનારા તેને સત ક્ષેત્ર અને સ્વભાવ રૂપે સમજાવે છે. વિશ્વમાં જેટલા કોઇ પદાર્થ લક્ષ ગત થાય છે તે સત્‌મય જ છે. જેને સત મળે તેને પોતાનું સ્વ ક્ષેત્ર-રહેવાનો વિસ્તાર અવશ્ય હોય છે. એટલે કે દરેક પદાર્થ જગ્યા રોકે છે. વળી જેને સત અને ક્ષેત્ર મળે તેને તેના વર્ણન રૂપ સ્વભાવ અવશ્ય હોય છે. તે સ્વભાવને જ પદાર્થરૂપે ઓળખાય છે.

સર્વજ્ઞના જ્ઞાનમાં આવા છ પ્રકારના પદાર્થની વાત આવે છે. વળી તેનો વિસ્તાર દિવ્ય ધ્વનિ દ્વારા દર્શાવે છે. દરેક પદાર્થનું અંતરંગ અનેકાંત સ્વરૂપ સમાન છે. પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ ભેદ અંતરંગ

અનેકાંત સમજવા માટે પદાર્થના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ રૂપ ભેદ અસ્તિ નાસ્તિ અનેકાંત સમજવા માટે :

એક પદાર્થ ⟶ અન્ય અનેક પદાર્થો

અસ્તિનાસ્તિ
અનેકાંત

જીવ અને પુદ્ગલ ⟶ અસમાન જાતીય દ્રવ્યપર્યાય
અજ્ઞાન અને મિથ્યાત્વનું કારણ

જીવ અને શરીર ⟶ જીવ અને શરીરરૂપ એક સંયોગી એકત્વમાં
અજ્ઞાની હું પણું માનીને જીવન જીવે છે.

જીવ અને દ્રવ્યકર્મો ⟶ ઉભયબંધ - બે સભ્યો

↙ ↘

ભાવબંધ | દ્રવ્યબંધ

બે વચ્ચે નિયમભૂત નિમિત્ત નૈમિતિક સંબંધ

નિમિત્ત | નૈમિત્તિક

મોહનીય કર્મોદય | જીવના મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવો

વિભાવભાવ | નવા દ્રવ્યકર્મનો બંધ

આમાંથી છૂટવા માટે અસ્તિ-નાસ્તિ અનેકાંતની સ્પષ્ટતા અને ભેદજ્ઞાન

પદાર્થ

સ્વરૂપ અસ્તિત્વ

| | | | |
|---|---|---|---|
| અંતરંગનું<br>અનેકાંત | પદાર્થ<br>દ્રવ્ય<br>ગુણ | પર્યાય<br>,, | દ્રવ્ય અને ગુણ--નિત્યપક્ષમાં એક અનેકરૂપ<br>દ્રવ્ય અને પર્યાય-નિત્ય અને અનિત્ય |

અસલ સ્વભાવ - દ્રવ્ય - (અભેદ) | પર્યાય (ભેદ)

દ્રવ્ય સામાન્ય સ્વભાવ-અભેદ સત્તા છે તે સદાય ગુણ પર્યાયરૂપ ભેદ સહિત જ છે. ત્યારે તેને સ્વરૂપ અસ્તિત્વ કહેવાય છે. તે પણ શાશ્વત છે. ઉત્પાદ અને વ્યય માત્ર પર્યાય ને જ લાગુ પડે છે. દ્રવ્ય ગુણ જે ત્રિકાળ છે તે અનાદિ-અનુત્પન્ન સત્ સહેતુક છે. સ્વતઃ સિદ્ધ છે.

# વિસ્તૃત વર્ણન - પ્રશ્નોત્તર રૂપે

પ્રશ્ન-૧ પદાર્થ શું છે?

ઉત્તર-૧ પદાર્થ શબ્દ તો પ્રચલિત છે. તેને આપણે વસ્તુ-દ્રવ્ય-ચીજ વગેરે નામ દ્વારા ઓળખીએ છીએ.

પ્રશ્ન -૨ પદાર્થો કેટલા છે?

ઉત્તર-૨ સર્વજ્ઞના જ્ઞાન અનુસાર પદાર્થોના છ પ્રકાર છે. વળી તે સંખ્યા એ અનંત પણ છે.

પ્રશ્ન -૩ પદાર્થો-વસ્તુઓ તો અનંત છે એ વાત સમજાય છે?

ઉત્તર-૩ ના તમે જે રીતે સમજો છો તે રીતે નથી. છ પ્રકારના પદાર્થોની સંખ્યા નો વિચાર કરીએ. આકાશ-ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય માત્ર એક જ છે. કાળાણુ અસંખ્ય છે. જીવ અનંત છે અને પરમાણુઓ અનંતા અનંત છે. તમે માનો છો એવા અનંત સ્કંધોની વાત નથી.

પ્રશ્ન -૪ પદાર્થનું સ્વરૂપ શું છે?

ઉત્તર-૪ દ્રવ્ય ગુણ અને પર્યાય વડે પદાર્થો ઓળખી શકાય છે. એટલે કે પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપ જ છે.

પ્રશ્ન -૫ દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે?

ઉત્તર-૫ તમે વિજ્ઞાનમાં આ સમજી ગયા છો-ભણી ગયા છો. માત્ર શબ્દો જુદા છે તેથી તમને ગૂંચવણ છે. કોઈ વસ્તુના ભેદ રૂપ વર્ણનને આપણે ગુણધર્મો કહીએ છીએ. તેને અહીં ગુણ કહીએ છીએ. વિજ્ઞાનમાં આપણે શીખ્યા છીએ કે મૂળ વસ્તુ નો નાશ થતો નથી. તે માત્ર પ્રત્યેક સમયે નવા નવા રૂપે જોવા મળે છે. જેમ કે કાચી કેરી, પાકી કેરી. બદલતા રૂપને પર્યાય કહે છે.

પ્રશ્ન -૬ એક પદાર્થમાં કેટલા ગુણ હોય છે?

ઉત્તર-૬ દરેક પદાર્થ માં અનંત ગુણો હોય છે. એ પણ દ્રવ્ય ની જેમ શાશ્વત હોય છે. જેમ દ્રવ્યને દ્રવ્યનું કાર્ય હોય છે કેમ દરેક ગુણ ને અલગ સ્વભાવ હોય છે અને તે સ્વભાવ પ્રમાણે નું કાર્ય હોય છે.

પ્રશ્ન -૭ પદાર્થની ઓળખાણ ગુણ દ્વારા થાય છે કે પર્યાય દ્વારા?

ઉત્તર-૭ આપણું જ્ઞાન ગુણની પર્યાય ને જાણી શકે તેટલો જ જ્ઞાનનો ઉઘાડ છે. જે અસાધારણ ગુણ છે.

તેની પર્યાય દ્વારા જ સંજ્ઞી જીવ પદાર્થ ને ઓળખે છે. જેમ કે આપણે આંખ દ્વારા પદાર્થના રંગ અને આકાર ને જાણીએ છીએ.

પ્રશ્ન -૮ પુદ્ગલ દ્રવ્યના અસાધારણ ગુણો ક્યાં છે?

ઉત્તર-૮ સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ (રંગ) એ ચાર ગુણો છે અને તેના અનેક પ્રકારના ભેદ છે. તે ઉપરાંત સ્કંધો અથડાવાથી અવાજ ઉત્પન્ન થાય છે. તેથી તેને જાણવાના બાહ્ય સાધનો આંખ વગેરે પાંચ ઇન્દ્રિયો છે.

પ્રશ્ન -૯ બધા ધર્મોમાં જીવની વાત આવે છે અને તેને સમજાવવા માટે ઉપદેશ આપે છે. તેની ઉપયોગીતા છે?

ઉત્તર-૯ આપણે જીવ છીએ તેથી આપણી પાસે આપણે તો પૂરી માહિતી હોવી જોઈએ, તો જ આપણે સારી રીતે કામ કરી શકીએ. જીવન જીવી શકીએ.

# સત્‌નું વ્યાપક સ્વરૂપ

સત્‌ સર્વ માન્ય છે. નાસ્તિકવાદીને છોડીને બધા સત્યનો સ્વીકાર કરે છે. સત્‌ નું વાસ્તવિક સ્વરૂપ સમજવા માટે આપણે વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનું શરણ લઈએ. પરમાત્માએ વિશ્વને સત્‌ મય જાણ્યું છે. સત્‌ શાશ્વત છે. સત્‌ અનેકાંત સ્વરૂપ છે. આ સત્‌નુ સંક્ષિપ્ત વર્ણન છે.

કુંદકુંદાચાર્ય દેવે પ્રવચન સાર શાસ્ત્રમાં બે પ્રકારના સત્‌ ની વાત કરી છે. સાદ્રશ્ય અસ્તિત્વ અને સ્વરૂપ અસ્તિત્વ. સાદ્રશ્ય અસ્તિત્વ સંખ્યાએ એક છે અને પ્રત્યેક પદાર્થ સ્વરૂપ અસ્તિત્વ સત્તા સંખ્યાએ અનેક છે એ જે સ્વરૂપ અસ્તિત્વ રૂપ એક સત્તા છે તે પણ મહાસત્તા અને અવાંતર સત્તા રૂપે એક-અનેક રૂપ જ છે. આ રીતે વસ્તુના અનેકાંત સ્વરૂપને સમજી શકાય છે. એ જ રીતે દ્રવ્યના નિત્ય પક્ષ ના ભેદરૂપ ગુણ છે. તે પણ અનેકાંત રૂપ છે. આ રીતે સત્‌ ના નાનામાં નાના અંશ જે નીરંશ અંશ છે, તે પણ એકાંત હોય જ ન શકે તેથી તે પણ અનેકાંત રૂપ જ છે. કાળનો નાનામાં નાનો અંશ એક સમય છે અને ક્ષેત્ર નું એકમ એક પ્રદેશ છે. આ બધા અનેકાંત સ્વરૂપ જ છે. વળી ક્ષેત્રમાં-કાળાણુ અને પરમાણુ એક પ્રદેશી છે તેથી નાના કોઈ દ્રવ્ય નથી જેનાથી માપ લઈ શકાય તેથી એકમ ગણીએ છીએ પણ છે તો અનેકાંત સ્વરૂપ જ. પૂજ્ય ગુરુદેવ શ્રી હાથમાં લાકડાની પટ્ટી લઈને કહેતા કે તેના ભાગ કરીએ તો લંબાઈ પહોળાઈ અને જાડાઈ ઘટતી જાય પણ શૂન્ય ક્યારેય ન થાય. એ રીતે એક પોઈન્ટ એક ટપકા માં પણ બધી દિશાઓનું સદભાવ છે. શૂન્ય ક્યાંય નથી.

સત્‌ મહાસત્તા અને અવાંતર સત્તા રૂપે છે અને તે બંને સત્તા સપ્રતિપક્ષ છે. અર્થાત અવાંતર સત્તા-ભેદ રૂપ સત્તા અભેદ એવી મહાસત્તાના આશ્રયે છે. એ જ રીતે જેને મહાસત્તા કહીએ છીએ તે અભેદ સત્તા અવાંતર સત્તા વિના શક્ય નથી. માત્ર એકજ સત્તાનો સ્વીકાર કરીએ, અર્થાત માત્ર મહાસત્તા જ હોય અને અવાંતર સત્તા હોય જ નહીં તો તે સત્તા નિરંકુશ થઈને નાશ પામે છે. આ વાત પંચાસ્તિકાય સંગ્રહમાં સાત અને આઠ ગાથાઓમાં વિસ્તારથી સમજાવવામાં આવી છે.

આ રીતે વિશ્વની મહાસત્તા થી શરૂ કરી ને નીચે આવતા એક નીરંશ અંશ સુધી અને અનિત્ય પક્ષમાં, દષ્ટાંત રૂપે, સ્પર્શ ગુણની લુખાશરૂપની પર્યાય નો જઘન્ય તરતમ ભેદ તથા તેને જાણનાર જ્ઞાન લઇ શકાય છે. આ સત્‌નો વિસ્તાર જો આપણે આપણા અનુમાન જ્ઞાનમાં વ્યવસ્થિત કરી લઈએ અને પછી તેમાં આપણું સ્થાન ક્યાં છે તે સમજવું સુગમ થશે. આવું તાદશ્ય શાબ્દિક ચિત્ર છે. તેના મૂળમાં સર્વજ્ઞનુ જ્ઞાન અને તેને અનુસરીને આવતી અનક્ષરાત્મક દિવ્ય ધ્વનિ છે. તે પરમાત્માને, દિવ્ય ધ્વનિ ને તથા તેને શબ્દ દેહ આપનાર ગણધર દેવ તેમજ તેની પરંપરામાં આચાર્ય ભગવંત એ બધાને ભાવ તેમજ દ્રવ્ય નમસ્કાર કરીને સત્‌ અંગેનું આપણું જ્ઞાન વ્યવસ્થિત કરીએ.

એક સ્વતંત્ર પદાર્થ રૂપે દરેક પદાર્થની સ્વરૂપ અસ્તિત્વ સત્તા છે. તેને મહાસત્તા સ્વરૂપે લક્ષ્યમાં લઈએ તો તે દ્રવ્યગુણ પર્યાયરૂપ લક્ષ ગત થાય છે. ઉત્પાદ -વ્ય ય-ધ્રુવ રૂપે જણાય છે. સત્‌ ક્ષેત્ર અને સ્વભાવ રૂપે રહેલી છે. અને તેને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ રૂપે લક્ષમાં લેતા તે અન્ય સમસ્ત પદાર્થોથી અત્યંત ભિન્ન ખ્યાલમાં આવી છે. આવી સ્વરૂપ અસ્તિત્વ સત્તામાં જેટલા ભેદ લક્ષ માં આવે છે તે કોઈને સ્વતંત્ર સત્તા મળતી નથી. આ રીતે વિચારતા વિશ્વ ને

જાણવા માટે માત્ર બે સત્તાને લક્ષ માં લેવાની જરૂર છે. કામ સહેલું થઈ ગયું. અન્ય મતનો પ્રસંગ યાદ આવ્યો. શંકર ભગવાને કાર્તિક અને ગણપતિને વિશ્વની ત્રણ પરિભ્રમણ કરવાનો આદેશ આપ્યો. કાર્તિક તેના મોર ઉપર બેસીને રવાના થયા. ગણપતિ શું કરે? તે પોતાના મા-બાપની ત્રણ પ્રદક્ષિણા કરીને બેસી ગયા.

સ્વરૂપ અસ્તિત્વ નો અંતરંગ વિસ્તાર ઘણો મોટો છે. તેની અપેક્ષાએ ઉપરના સંબંધો ટૂંકમાં જાણી શકાય. તે બધાને જાણનારૂ જ્ઞાન છે. આપણા જ્ઞાનનો ઉઘાડ જેને શાસ્ત્ર ભાષામાં ક્ષયોપશમ એટલો છે કે તે ગુણ અને તેની પર્યાય ને જાણી શકે છે. તેથી તેમાંથી પ્રવેશ મેળવીને દ્રવ્યને જાણવાની રીત પ્રસિદ્ધ છે. ભૌતિક વિજ્ઞાન પણ તે રીતે જ સમજાવે છે. આ રીતે સહેજે આપણે અંતરંગ અનેકાંતને જ પ્રાથમિકતા આપીએ છીએ તે યોગ્ય જ છે. આ અંતરંગ બંધારણ તેને પદાર્થ બંધારણ કહે છે. વિશ્વની સાદૃશ્ય અસ્તિત્વરૂપ મહાસત્તા અને તેની અવાંતર સત્તાઓ રૂપ પદાર્થો તેની યથાર્થ જાણકારી એ પણ અનેકાંત રૂપ છે. એને અલગ રૂપે લક્ષમાં લઇ શકાય છે. તેમાં છ દ્રવ્ય સ્વરૂપ વિશ્વ નું વર્ણન આવે છે.

આપણે આપણા ભારત દેશના બંધારણ નો વિચાર કરીએ તો તે પણ વિશ્વના બંધારણને અનુરૂપ જ છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત. તે દરેકના નિશ્ચિત કાર્યક્ષેત્રો તેમજ તેનો ઉપરની સત્તા તથા નીચેની સત્તા સાથેના સંબંધો, છે સહકારી કાર્યમાં જોડાયેલા છે તેને આનો સ્પષ્ટ અનુભવ છે. અન્ય નાગરિકોને પણ તેમાં સામાન્ય ખ્યાલ જ છે.

ભૌતિક વિજ્ઞાનમાં, શાળામાં જે વિષય સમજાવવામાં આવે છે ત્યાં પણ પદાર્થ ની દ્રવ્ય ગુણ પર્યાયનું સ્વરૂપ શીખવવામાં આવે છે. તે પણ દરેક પદાર્થ ટકીને બદલે છે, તે સારી રીતે સમજાવી શકે છે. વિદ્યાર્થીઓને જ્યારે પદાર્થ બંધારણ સમજાવવું હોય ત્યારે તેમણે શાળામાં જે અભ્યાસ કર્યો છે તેની શુઝ અહીં કામ આવે છે. પાઠશાળામાં શિક્ષકો જ્યારે શીખવે છે ત્યારે બાળકો પાસેથી જ માહિતી મેળવે છે અને તેના જ્ઞાનને વ્યવસ્થિત કરતા જાય એ રીતે કાર્ય સુગમ થાય છે. આપણે એ રીતે કુલ ૧૩ પાઠો દ્વારા વિદ્યાર્થીઓને બંધારણ વિસ્તારથી શીખવવાનો પ્રયોગ કર્યો છે. આ રીતે સમજવાથી તેમનો આત્મવિશ્વાસ વધે છે મને આવડે છે. હું સમજી શકું છું તેમજ મારા શબ્દો દ્વારા સારી રીતે સમજી અને સમજાવી શકું છું. તેને એ પણ ખ્યાલ આવે છે કે વાસ્તવિક વિશ્વને અને અધ્યાત્મને વિરોધાભાસ નથી. આત્માના દ્રવ્યગુણ પર્યાય અને પુદ્ગલના દ્રવ્યગુણ પર્યાય એ બંને વ્યવસ્થા સમાન જ છે, તેથી જો મારુ પદાર્થ સંબંધી-કંઇ પણ વસ્તુ-ચીજ-પદાર્થ સંબંધ નું જ્ઞાન વ્યવસ્થિત છે તો જીવના સ્વરૂપને જાણવા માટે હવે મારે જીવના અસાધારણ ગુણોનું સ્વરૂપ જ સમજવાની જરૂર છે. મારું સ્વરૂપ હું ન જાણું તો કોણ જાણશે? દ્રષ્ટાંત-કોઈના ઘરમાં ફ્રિજ ન હતું. ઘરમાં ફ્રિજ વસાવવામાં આવ્યું. કંપનીના માણસો આવીને ઘરમાં યોગ્ય જગ્યાએ ગોઠવીને ગયા. પત્નીને ફ્રિજનો કોઈ ખ્યાલ જ ન હતો. તેના અભિપ્રાયમાં એક નવો કબાટ જ હતો. તેણે પોતાના કપડાં તેમાં વ્યવસ્થિત ગોઠવી દીધા. દષ્ટાંત સાંભળવાની મજા આવી ને ? પરંતુ આપણે એ જ કરીએ છીએ. આત્માના સ્વરૂપને જાણતાં નથી તોપણ આત્માના કાર્ય કરીએ છીએ.

આપણને એ ખ્યાલ નથી કે આત્માનો તો જાણવા રૂપનો સ્વભાવ છે. આત્માજ્ઞાયક છે. આપણે આત્માને કર્તા રૂપે જાણીએ છીએ અને કરોતિ ક્રિયા કરીએ છીએ માટે દરેકને માટે નીજ આત્માનું સ્વરૂપ જાણવું આવશ્યક છે,

અનિવાર્ય છે. જીવ અનાદિકાળથી કરોતિ ક્રિયા કરતો આવ્યો છે. તે જ્યારથી પોતે જ્ઞાયક છે અને જ્ઞપ્તિ તેનું કાર્ય છે. જ્ઞાનમાં સ્વ અને પર ના અત્યંત જુદાપણાનો વિવેક ન આવે ત્યાં સુધી તે ચાર ગતિ પરિભ્રમણ કરતો રહે છે. સ્વ અને પર, જીવ અને પુદ્‌ગલના અત્યંત ભિન્નપણાને યોગ્ય રીતે સમજી ને, સ્વીકારીને જે પોતાના આત્માને જુદો પડીને જ્ઞાતા દ્રષ્ટા રહે છે તેજ સાચા અતીન્દ્રિય સુખને અનુભવે છે. ચાર ગતિ પરિભ્રમણથી છૂટીને શાશ્વત મોક્ષ ગતિને પામે છે. આ માટે તેને અસ્તિ નાસ્તિ અનેકાંત નો અભ્યાસ કરવો રહ્યો.

જીવ અને પુદ્‌ગલના અસમાનજાતીય દ્રવ્ય પર્યાયમાંથી પોતાને છૂટો પાડવો આવશ્યક છે. જીવ પરથી જુદો રહીને પરને જાણે તેવો સ્વભાવ છે. પરંતુ પરના કાર્યો કરે એવી કોઈ વ્યવસ્થા વિશ્વમાં નથી કારણકે જીવ જેમ સ્વતંત્રતાથી શોભાયમાન છે તેમ પુદ્‌ગલ-સ્કંધ કે પરમાણું પણ જીવથી અત્યંત ભિન્ન છે. દરેક પરમાણુને તેના સ્પર્શ આદિ ગુણો છે અને પર્યાયો છે. તેને જીવ કે જીવ ના ગુણો સાથે કોઈ પારમાર્થિક સંબંધ નથી. દરેક પદાર્થના અંતરંગના અનેકાંત સ્વરૂપને જે યોગ્ય રીતે સમજે છે તે જ અસ્તિ-નાસ્તિ અનેકાંતની સમજે છે.

જિનાગમમાં આ બધી વાત વ્યવસ્થિત રીતે સમજાવવામાં આવી છે માટે જે વિશ્વમાં આપણે છીએ અને બાહ્ય વિશ્વવ્યાપી સંબંધમાં છીએ તેને બાધા ન આવે એ રીતે પોતે પોતાનું સ્વતંત્ર જીવન વ્યવહાર ગોઠવે તે જરૂરી છે. પોતે જ્ઞાયક છે અને જ્ઞાતા-દષ્ટા રહે તે જરૂરી છે.

'મંડનમિશ્ર નું ઘર કયું?' એવા પ્રશ્નના જવાબમાં હતું કે જ્યાં પોપટ અને પોપટી તત્વની વાત કરતા હોય એમ જે ગામના દરેક ઘરમાં આત્માની વાતો ચાલતી હોય તે કહાન ગુરુદેવનું સોનગઢ. આપણા ગુરુદેવે સોનગઢમાં ૪૫ વર્ષ સુધી અને ક્યારેક વિહાર કરીને બહારગામ જાય તો ત્યાં પણ આત્માની જ વાત કરી છે. આને કારણે વિશ્વ આધ્યાત્મિક નકશામાં સોનગઢને એક અગત્યનું સ્થાન મળ્યું છે. આપણે આ રીતે નસીબદાર છીએ. આદરણીય પૂજ્ય હિંમતભાઈ એ સ્તુતિમાં યોગ્ય જ કહ્યું છે કે 'મુજ પુણ્ય રાશિ ફળ્યો અહો ગુરુદેવ તું નાવિક મળ્યો.' આજે મુમુક્ષુ સમાજમાં આત્માની પ્રાપ્તિ ની ભાવના જાગી છે. યુવાન મિત્રો પણ હોંશથી તેનો અભ્યાસ કરતા થયા છે.

પ્રશ્ન એ છે કે પ્રવેશ ક્યાંથી કરવો? ફરી આપણા માનસિક ચિત્રને લક્ષમાં લઈએ તો મારું આ વિશ્વમાં એક અરૂપી જ્ઞાયક રૂપે સ્થાન છે તેથી ત્યાંથી શરૂઆત કરવી આવશ્યક છે. આપણે એ સ્વીકાર્યું છે કે પહેલા પોતાનું અંતરંગ સ્વરૂપ ખરેખર લક્ષમાં લીધા પછી જ પર સાથેના સંબંધોને સારી રીતે સમજી શકાશે. જેમ પોતે સ્વતંત્ર છે તેમ દરેક પદાર્થ પોતાની સ્વતંત્રતાથી શોભાયમાન છે. વળી પોતે ટકીને બદલે છે તેમ દરેક પદાર્થ સ્વતંત્રપણે ટકી ને બદલે છે. હું મારા જ્ઞાન સ્વભાવ વડે વિશ્વવ્યાપી સંબંધમાં છું તેમ પુદ્‌ગલ પોતાના 'રૂપ' વડે વિશ્વવ્યાપી સંબંધમાં છે. આ રીતે લક્ષમાં લેતા જીવ વિશ્વના બધા પદાર્થોનો જાણનારા જ રહે અને કર્તા ભોક્તા ન રહે એ માટે બાહ્ય વિષયોને પણ અત્યંત ભિન્નરૂપે પોતાના ધ્યાનમાં લેવા જરૂરી છે.

વિશ્વ સત્‌મય છે. જ્ઞાનીઓ એ સત્‌ ને જ સમજાવવા માગે છે. તેથી આપણે સત્‌ને સમજવાનો પ્રયત્ન કરવાનો રહે છે. સત્‌નું વર્ણન સ્વભાવ દ્વારા જ શક્ય છે.અસ્તિકાયને માટે-સત્-તથા સ્વભાવને દર્શાવવા માટે-તત્-શબ્દપ્રયોગ થાય છે.

અન્ય મતમા 'ૐ તત્સત્' શબ્દ પ્રચલિત છે.

આપણે સત્ સમજવાનો પ્રયાસ કરીએ છીએ ત્યારે સત્ શબ્દ નો પ્રયોગ શાસ્ત્રમાં ચાર જગ્યાએ કરવામાં આવે છે. આપણને સ્વરૂપ અસ્તિત્વ અને સાદશ્ય અસ્તિત્વ બે નો ખ્યાલ કરવાનું છે. તે ઉપરાંત અસલ સત્નું અસ્તિત્વ ગુણ છે તેની મુખ્યતાથી જ પદાર્થ સત્મય છે. તે ઉપરાંત એક ચોથું સત્ છે તે આપણે શોધવાનો પ્રયત્ન કરીએ.

વિશ્વના પદાર્થો ટકીને બદલે છે તે વાત સર્વમાન્ય છે. ટકતોભાવ નિત્યપણાનો ખ્યાલ આપે છે અને બદલતો ભાવ ક્ષણિકની સ્થાપના કરે છે. નિત્યાનિત્યનો વિચાર કરીએ તો નિત્યની સ્થાપના કર્યા બાદ જ ક્ષણિક તત્વ સમજાવી શકાય છે. નિત્ય સત્ની સ્થાપના કઈ રીતે કરી શકાય તેનો વિચાર કરતાં-સત્ નું વર્ણન સ્વભાવથી જ કરી શકાય છે. તેથી શાસ્ત્રની ઓથ લઈએ. પ્રવચન સાર શાસ્ત્રમાં ગાથા ૧૪૪ આ પ્રકારે છે

જે અર્થને ન બહુ પ્રદેશ, ન એક વા પરમાર્થથી

તે અર્થ જાણો. શૂન્ય કેવળ અન્ય જે અસ્તિત્વ થી-પ્રવચન સાર ગાથા ૧૪૪

આ રીતે જે પદાર્થ છે તે સત્મય છે. તે પદાર્થને ઓછામાં ઓછું ક્ષેત્ર એક પ્રદેશ છે અથવા બહુ પ્રદેશ છે. આ રીતે સત્, ક્ષેત્ર અને સ્વભાવ જેને મળે છે તે સત્ છે. સત્ના પ્રતિપક્ષી રૂપે-શૂન્ય' શબ્દ નો પ્રયોગ કર્યો છે અર્થાત શૂન્યને વિશ્વમાં ક્યાંય સ્થાન નથી. સંપૂર્ણ વિશ્વ આ રીતે યુક્તિથી સત્મય સાબિત થાય છે. તે ઉપરાંત બીજી વાત એ પણ સિદ્ધ થાય છે. વિશ્વનું ક્ષેત્ર અમર્યાદ છે. જો સત્મય વિશ્વનું ક્ષેત્ર મર્યાદિત હોય તો મર્યાદાની બહાર' શૂન્ય'ને સ્થાન મળે. શૂન્યને ક્ષેત્ર કે સત્ મળતા જ નથી તેથી વિશ્વનું ક્ષેત્ર અમર્યાદ છે એમ યુક્તિથી સિદ્ધ થાય છે.

સમયસર શાસ્ત્ર ગાથા પાંચમાં આચાર્યદેવે એકત્વ વિભક્ત આત્માને દર્શાવવાની પ્રતિજ્ઞા કરી. પરથી વિભક્ત અને સ્વથી એકત્વ સ્વરૂપ કહ્યું છે તેનો વિચાર કરવો રહ્યો. તે માટે ફરી સત્ના માનસિક ચિત્ર પાસે જવું રહ્યું. જીવ પર દ્રવ્યથી મુખ્યપણે પુદ્ગલથી જુદો દર્શાવવામાં આવ્યો છે તેથી ત્યાં અસ્તિ નાસ્તિ અનેકાંત ની વાત આવે છે. વિશ્વની મહાસત્તામાં છ પ્રકારની સ્વરૂપ અસ્તિત્વ સત્તા ઓ છે. તેમાં જીવ અને પુદ્ગલ સહિત અન્ય ચાર દ્રવ્યો છે. આ રીતે જે જીવ છે તે અંતરંગ નું અનેકાંત લઈને રહેલ છે-તેમાં ગુણ ભેદ અને પર્યાય ભેદ આવે છે. સમયસર ની છઠ્ઠી ગાથામાં પર્યાય ભેદ ની વાત કરી અને સાતમી ગાથા માં ગુણ ભેદ ની વાત કરી. જે સ્વભાવને દર્શાવવાની પ્રતિજ્ઞા લીધી છે તે દ્રવ્ય સામાન્ય સ્વભાવ અભેદ સત્તા-હંમેશા ગુણ ભેદ તેમજ પર્યાય ભેદ સહિત છે. આ રીતે આપણાં જ્ઞાનને વ્યવસ્થિત કરીએ તો જિનાગમ નિત્ય સ્વભાવની સ્થાપના દ્રવ્ય સામાન્ય સ્વભાવથી જ કરે છે. પદાર્થને ભેદ રૂપે લક્ષમાં લેતા પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપ છે એમ શાસ્ત્રનું કથન છે. તે હંમેશા અભેદ દ્રવ્ય સામાન્ય અને તેના બે ભેદ સહિત જ છે અને તેને પદાર્થનું સત્ અર્થાત સ્વરૂપ અસ્તિત્વ સત્તા કહે છે.

આપણે દ્રવ્ય સામાન્ય સ્વભાવની સત્ રૂપે નિત્ય સત્ સ્વરૂપે સ્થાપના કરીએ છીએ. આ રીતે દરેક પદાર્થ માં સ્વરૂપ અસ્તિત્વ સત્તા, દ્રવ્ય સામાન્ય સ્વભાવ રૂપ સત્તા તથા અસ્તિત્વ ગુણ એમ ત્રણ ને સત્ લાગુ પડે છે. સાદશ્ય અસ્તિત્વ પણ સત્ છે.

# સત્નું સામાન્ય સ્વરૂપ

આ ચાર નો વિચાર કરીએ તો અસલ તો અસ્તિત્વ છે. તે વિદ્યમાનતા -હયાતી દર્શાવે છે. શાસ્ત્રમાં સત્-સત્તા શબ્દનો પ્રયોગ ઘણી વાર આવે છે પરંતુ લખાણમાં આગળ-પાછળનો વિચાર કરીએ તેને કોના સંદર્ભમાં એનો પ્રયોગ થયો છે તે જાણવાની જવાબદારી શ્રોતા ઉપર-શિષ્ય ઉપર આવે છે.

સત્ ની જેમ'એક'શબ્દપ્રયોગનો સંદર્ભ પણ વિચારવો જોઈએ. એક-અનેક એ જોડકા રૂપે સમજવામાં આવે છે. પદાર્થમાં એક-અનેક તેમજ નિત્ય-અનિત્ય એવા બે જોડકા-પરસ્પર વિરોધી લાગતા હોવા છતાં પદાર્થમાં અવિરોધ પણે કઈ રીતે રહેલ છે તેની પણ યોગ્ય જાણકારી હોવી જોઈએ. બે પદાર્થો વચ્ચે પણ એક અને એના જેવા બીજા અનેક એ પણ સમજી શકાય છે તેમ દ્રવ્ય એક અને ગુણો અનેક એ પણ સમજવું જરૂરી છે. આ અર્થમાં તે અંતરંગ અનેકાંતનો એક ભાગ બને છે. તેથી ત્યાં એક શબ્દ એકત્વ ના અર્થમાં લેવામાં આવે છે.

દ્રવ્ય સામાન્ય સ્વભાવ હંમેશા ગુણ ભેદ તથા પર્યાય ભેદ સહિત જ હોય છે. આ ત્રણને જુદા પાડી શકાતા નથી. તેઓ એકબીજા સાથે તાદાત્મ્ય, તન્મય, અવિનાભાવ સંબંધ રૂપે જ સદા રહેલા છે. તેમને આ રીતે લક્ષમાં લેતા તેને પદાર્થ-વસ્તુ-ચીજ વગેરે નામથી ઓળખવામાં આવે છે. તેને શાસ્ત્રમાં સ્વરૂપ અસ્તિત્વ સત્તા કહે છે. તે અપેક્ષા એ તે પણ શાશ્વત છે. તે દ્રવ્ય-પર્યાય રૂપ હોવા છતાં શાશ્વત છે. પદાર્થને પ્રયોજન વશ-વિસ્તારથી સમજવા માટે આ દ્રવ્ય-આ ગુણ અને આ પર્યાય એમ એકબીજાથી જુદા લક્ષમા લેવામાં આવે છે. એને અતદભાવરૂપ ભેદ કહે છે. અર્થાત તાદાત્મ્ય પણાને બાધા ન આવે-પદાર્થની અખંડ સ્વતંત્ર સત્તાની સલામતી રાખીને માત્ર જ્ઞાનને વિશેષ વ્યવસ્થિત કરવા માટે જ ભેદથી વિચારવામાં આવે છે. આવા અતદભાવરૂપ ભેદ માટે અન્યત્વ શબ્દ પ્રયોગ પણ થાય છે. બે પદાર્થના જુદાપણા માટે પૃથકત્વ શબ્દનો પ્રયોગ થાય છે. આ રીતે શાસ્ત્રમાં વપરાતા શબ્દોનો આશય તેની ચોખવટ અગત્યની બની જાય છે.

આપણા બાળકો પોતાના ચાલુ ભણતરમાં જે શીખ્યા છે તે જ્ઞાનનો અધ્યાત્મની સાથે કઈ રીતે સંકલન કરે છે તે વિચારીએ. શિક્ષક સાથે ગુરુ-શિષ્યના સંબંધ રૂપે ૧૩ પાઠમાં આ વાત કઈ રીતે લીધી છે તે હવે જોઈએ. જે મોટી વયના મુમુક્ષુઓને પણ જૈન દર્શન સમજવાની જિજ્ઞાસા જાગે છે અને અભ્યાસ કરવા માંગે છે તેમને પણ આ ઉપયોગી થાય એમ છે. દરેકની મૂંઝવણ એ છે કે શરૂઆત ક્યાંથી કરવી? ક્યા શાસ્ત્રથી શરૂઆત કરવી એવો પ્રશ્ન ઘણીવાર આવે છે. તેમને આ ઉપયોગી થશે. આ અભ્યાસ માટે ધીરજ રાખવી જરૂરી છે. પદાર્થ બંધારણ નું સ્થાન મકાનના પાયા જેવું છે. પાયાની મજબૂતી ઉપર જ મકાનની સ્થિરતાનો આધાર છે. એકડા ઘૂંટતા હોય તો ગણિતમાં નિષ્ણાંત થવાય. તેથી આટલી પૂર્વભૂમિકા પૂર્વક આપણે અભ્યાસ શરૂ કરીએ.

## પદાર્થના અંતરંગ સ્વરૂપની સાચી સમજણ (શિક્ષણ પધ્ધતિ અનુસાર)

વિશ્વના સ્વરૂપને સત્ય સ્વરુપે સમજવાનો આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ. તેની સામાન્ય ભૂમિકા છ દ્રવ્ય સ્વરૂપ વિશ્વમાં લક્ષગત કરી, તે બધા પદાર્થો સ્વયં સિદ્ધ છે. અનાદિ અનુત્પન્ન અવિનાશી છે. જે વસ્તુ વિદ્યમાન હોય તેનું વર્ણન થાય, ન હોય તે શૂન્ય છે. તેને વિશ્વમાં સ્થાન નથી.

દરેક પદાર્થને વિશ્વમાં કઈ રીતે સ્થાન મળે છે અને દરેક પદાર્થમાં તેની અંદરની વ્યવસ્થા કયા પ્રકારની છે તે વાત જૈન આગમ સમજાવે છે. જ્ઞાનની વિષય ગ્રહણશક્તિ અમર્યાદ છે. તેવું જ્ઞાન પરમાત્માએ પ્રગટ કર્યું છે. આપણને તેમાંથી થોડું, આપણા પ્રયોજન પૂરતું જ્ઞાન છે. પરમાત્માના જ્ઞાનમાં પદાર્થની નાનામાં નાની, સૂક્ષ્મ વાત (વ્યવસ્થા) પણ જણાય છે. પદાર્થ ની વિશાળતા પણ કેવળજ્ઞાન નો વિષય છે. ભગવાનના જ્ઞાનમાં જે આવ્યું છે તે દરેક પદાર્થનું વિસ્તૃત જ્ઞાન છે. ઈચ્છા વિના વાણીના યોગ અનુસાર તે દિવ્ય ધ્વનિ રૂપે બહાર આવ્યું છે. ગણધર દેવે તેને શબ્દ દેહ આપીને બે નયો દ્વારા સમજાવ્યું છે. તેની અગત્યતા બધાના લક્ષમાં આવે એ આવશ્યક છે-તે જિનાગમો નો આશય છે.

દરેક પદાર્થનું અંતરંગ સ્વરૂપ યોગ્ય રીતે, વિસ્તારથી, ગુરુગમે જિનાગમો અનુસાર સમજવાથી આપણું પ્રયોજન ભૂત મર્યાદિત જ્ઞાન પણ વધુ સ્પષ્ટ થાય છે. તેથી તેનો અભ્યાસ ઈચ્છનીય છે, આવશ્યક છે.

સર્વપ્રથમ આ વિષય સમજવો જરૂરી છે. હું અવશ્ય સમજી શકીશ એ વિશ્વાસ હોવો જોઈએ. નાના બાળકોમાં પણ એ વિશ્વાસ પ્રગટે-મોટી ઉંમરની વ્યક્તિને પણ એવો વિશ્વાસ આવશ્યક છે. નાના બાળકોને લક્ષમાં રાખીને અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે. મોટી ઉમરની વ્યક્તિ માટે સુગમ છે.

નવો વિષય પહેલીવાર સાંભળતા માત્ર આછો ખ્યાલ જ આવે છે. જ્યારે બીજી વાર સાંભળીએ ત્યારે તે અંગે વિચારણા આગળ ચાલે છે. શ્રુતજ્ઞાન તર્કણાત્મક છે. તર્કને ખીલવા દેવો જોઈએ. આ વાત હવે બીજા પાઠ માં લેવામાં આવશે.

# પાઠ - ૧

વિશ્વના બધા પદાર્થોની સામાન્ય સમજણ આપણે કરી. બધા પદાર્થો સ્વયં સિદ્ધ છે. જે વિદ્યમાન જ ન હોય તે શૂન્ય છે અને તેને વિશ્વમાં સ્થાન નથી તેથી વિદ્યમાનતા કોઈની કરેલ નથી. જે વસ્તુ વિદ્યમાન હોય તેના અંગે તેનું વર્ણન થાય અને વિચારણા થાય સત્ હોવાપણાની સ્થાપના કર્યા પછી જ આગળ વિચારણા ચાલે. મને જે કાંઈ કહેવામાં આવશે તે હું અવશ્ય સમજી શકીશ એવો વિશ્વાસ બાળકોમાં લાવવા માટે ગુરુએ કેવી શિક્ષણ પદ્ધતિ અપનાવવી જોઈએ એવી ભાવનાથી ગુરુ પોતે ન સમજાવતા બાળક પાસેથી જ તે સહજ પણે સમજી રહ્યો છે, એવો વિશ્વાસ ઉત્પન્ન કરવાનો પ્રયાસ કરવો જોઈએ. શ્રી ગુરુ જ્યારે વસ્તુની હયાતીની સ્થાપના કરવા માગે ત્યારે તે હયાતીનો બાળક સહજ રીતે કઈ રીતે સ્વીકાર કરે છે તે રીતે પદાર્થ બંધારણનો પહેલો પાઠ લેવામાં આવ્યો છે. એક સમયે પાયાની એક વાત કરીને તેને મજબૂતી માટે સમય આપવો પણ જરૂરી છે તેથી બંધારણનો વિષય અલગ-અલગ સ્વરૂપે લેવામાં આવે છે.

બંધારણનું સામાન્ય સ્વરૂપ બાળકો લૌકિક ભણતર રૂપે પણ શીખે છે અને પાઠશાળામાં પણ તે સમજાવવામાં આવે છે. તેથી નાની ઉંમરની વ્યક્તિ સહેજે ઝડપથી આગળ વધી શકે છે.

રમેશઃ હું છું.

નરેશઃ કોણ બોલ્યુ? તું છો એની તને કેવી રીતે ખબર પડી?

રમેશઃ ખરો છો તું! હું છું એમાં નક્કી કરવા જેવું શું છે? હું તો પહેલેથી જ છું.

નરેશઃ પણ તું છો-હયાત છો, વિદ્યમાન છો તેનો પુરાવો શું?

રમેશઃ હું છું-એ છું જ-તેમાં કોઇ પુરાવાની જરૂર છે?

નરેશઃ તું છો એની મને કેમ ખબર પડે! તું છો એનો પુરાવો તારે મને આપવો પડશે.

રમેશઃ તને ખબર પડે કે ન પડે. મારે તેની સાથે શું નિસ્બત છે?

શિક્ષકઃ રમેશ મને કહે કે નરેશ છે. એની તને ખબર છે કે નહીં?

રમેશઃ આ મારી સામે જ ઉભો છે-માટે છે-તેમાં મને તો શંકા નથી.

શિક્ષકઃ નરેશ, મને કહે કે રમેશ છે કે નહીં?

નરેશઃ રમેશ છે એની તો મને પણ ખબર છે. હું માત્ર ટીખળ કરતો હતો.

શિક્ષકઃ ભલે તે ટીખળ રહી-પરંતુ તમે બંને એ મને એક સજ્જડ પુરાવો આપ્યો છે, બંનેની હયાતીનો પુરાવો. એતો પાયાની વાત છે. જિનાગમ એ જ વાતને મુખ્ય કરી ને સમજાવે છે. આપણે આપણા અને અન્ય જીવો અને અચેતન પદાર્થોના અસ્તિત્વનો હોવાપણાનો સહજ રીતે સ્વીકાર કરીએ છીએ તે સત્ના આધારે આખી

ઈમારત ઊભી થશે.

રમેશ/નરેશ એકી સાથે બોલ્યાઃ તમારા કહેવાનો આશય અમે સમજી શક્યા નથી.

શિક્ષકઃ આજે મારી ઈચ્છા અસ્તિત્વ સમજાવવાની હતી પરંતુ તમે બધાએ પોતાના અસ્તિત્વને સહજ પણે સ્વીકારી લીધું છે. તેથી હવે મારે શીખવવાનું રહેતું નથી. આજનો ક્લાસ પૂરો થયો.

નરેશઃ હજુ વિશેષ ખુલાસો કરો. તમે ક્યાંક લઈ જવા માંગો છો પરંતુ તમે ક્યાં લઈ જવા માંગો છો તે સમજાતું નથી.

શિક્ષકઃ આપણા ત્રણ વચ્ચેનો વાર્તાલાપ-તમે પણ યાદ રાખજો. અન્ય વિદ્યાર્થીઓ પણ આ યાદ રાખજો. આવતીકાલે આપણે તેના ઉપરથી જ આગળ વિચાર કરીશું. ત્યાં સુધી ધીરજ રાખો.

પહેલા આપણે લક્ષમાં લીધું કે પોતાની વિદ્યમાનતાનો અને પરની હયાતીનો ખ્યાલ દરેકને અવશ્ય હોય છે. અલબત્ત આપણે હું પણું સાચા સ્થાનમાં નથી જાણ્યું પરંતુ હું ની અનિવાર્યતા તો સહેજે લક્ષમાં આવે છે. બાળકો પોતે જ પ્રશ્ન કરે છે કે અમારી હયાતીની અમને યાદદાસ્ત કરાવવાનું શું પ્રયોજન છે?

ગુરુ તેનો સાચો પ્રતિભાવ આપે છે અને આગળ વધતા પહેલા જે વાત સત્ ની વાત શરૂ કરી છે તેનો જવાબ ગુરુ પાસેથી મળે ત્યાં સુધી દરેક બાળકે પોતાની રીતે ગુરુ નો આશય સમજવાનો પ્રયત્ન કરે તે માટે સમયગાળો આવશ્યક છે.

લૌકિક અભ્યાસમાં પણ આપણે પહેલીવાર નવો વિષય જાણીએ-સાંભળીએ ત્યારે તે વિષયનો આછો ખ્યાલ જ આવે છે. બીજી વખત વાંચીએ ત્યારે પશ્ચાત ભૂમિકા માંથી હવે સમજીને આગળ વિચારવાનો અવકાશ મળે છે. તે આ પ્રમાણે છે-આપણે આપણી હયાતીનો તેમજ પરની વિદ્યામાનતા શેના આધારે કરીએ છીએ તે દિશામાં દરેકે વિચારવું જોઈએ એ વાત બીજા પાઠના કરવામાં આવે છે. માનસિક ચિત્ર ની સમજણ. તે ચિત્ર શેના આધારે થાય છે તે-તે વસ્તુના સ્પર્શ આદિ ના જ્ઞાન અને તે જ્ઞાન થવામાં ઉપયોગી એવી શરીરને પ્રાપ્ત દ્રવ્ય ઈન્દ્રિયો આ બધું લૌકિક ભણતરમાં આવી ગયું હોવાથી જ સાચા જવાબ આપ્યા.

પહેલા પાઠનો અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે નાના મોટા બધાને પોતાનું અસ્તિત્વ, પોતાની હયાતી સહજ રીતે માન્ય છે. બીજા દ્વારા તે સમજાવવાની કોઈ જરૂર નથી. બધા અજ્ઞાની જીવોએ પોતાનું હુંપણું શરીરમાં જ માન્યું છે. ઉપદેશક ગુરુએ માત્ર જીવ અને શરીરનું અત્યંત ભિન્નપણું સમજાવવાની જરૂર છે. અજ્ઞાની જીવો એ ભિન્નપણાને જાણે, માને, ધારી રાખે, શરીરથી ભિન્ન પોતાની સત્તામાં આવી જાય એ વાત અગત્યની છે. પૂરતા પુરાવા લઈને એ બાબત દ્રઢ કરવા જેવી છે. જે સર્વમાન્ય છે તે વિષયને ગુરુ શા માટે કહે છે તે સમજવાની જિજ્ઞાસા બાળકો વ્યક્ત કરે છે તે ઇચ્છનીય છે.

ગુરુએ શિષ્યને તાત્કાલિક જવાબ ન આપ્યો. પછી સમજાશે એમ કહ્યું. ત્યાં શ્રી ગુરુ નો આશય એ જણાય કે ગુરુ પોતાના પ્રશ્નનો ઉત્તર શિષ્ય પોતે જ વિચારે તે માટે તેને વિચારવાનો સમય આપવો જોઈએ. તુરત જવાબ આપવાથી વિદ્યાર્થીની વિચાર શક્તિ ખીલતી નથી.

# પાઠ - ૨

શિક્ષકઃ દરેક જીવને પોતાની હયાતીનો સહજ પણે સ્વીકાર હોય છે. પરંતુ તમે બંનેએ એકબીજાના અસ્તિત્વનો પણ એટલી જ મક્કમતાથી અને સહજ રીતે સ્વીકાર કર્યો.

નરેશઃ અમને વિચારવાનું શા માટે કહો છો? તમે જ શીખવોને!

શિક્ષક ના, તમારા અસ્તિત્વની વાત તમે જ મને કહી હતી. મેં શીખવી ન હતી. કેમ તમે એકબીજાને કેવી રીતે ઓળખ્યો તે પણ તમારે જ મને કહેવાનું છે. તમને બેને જે કામ સોંપ્યું છે તેનો વિચાર બીજા વિદ્યાર્થીઓ પણ કરે. તમે બધા એકબીજાને અવશ્ય ઓળખો છો. તમે બીજાને કેવી રીતે, કયા આધારે ઓળખો છો તેનો જવાબ આપો. બીજાના અસ્તિત્વની હા શેના આધારે કરી છે તે વિગતવાર નક્કી કરવું તમને લાભદાયી થશે.

રમેશઃ મેં નરેશ ને એકવાર જોયો છે. પહેલીવાર મળ્યો ત્યારે તેનું નામ નરેશ છે એમ જાણ્યું. મુખ્યપણે તેનું મોઢું શરીર નો રંગ, ઉંચાઇ, કદ વગેરેનો ખ્યાલ કરીને તેનું એક માનસિક ચિત્ર મારા મનમાં ઊભું થયું હતું. તેથી જ્યારે મળું ત્યારે તેને સહજ રીતે ઓળખી જતો હતો.

શિક્ષકઃ તમે તેને જોયા બાદ જ આ બધું થયું છે? તમે શેના વડે જોયો?

રમેશઃ કેમ વળી ખુલ્લી આંખે મેં તેને જોયો.

શિક્ષકઃ આંખ વડે શું જણાયુ, ?

રમેશઃ રંગ અને આકાર.

શિક્ષકઃ અને કાન વડે?

નરેશઃ શબ્દ સંભળાય.

શિક્ષકઃ નાક વડે?

હિતેશઃ ગંધ સુગંધ કે દુર્ગંધનો ખ્યાલ આવે.

શિક્ષકઃ જીભ વડે?

મહેશઃ સ્વાદ જણાય.

શિક્ષકઃ આ વસ્તુ લીસી છે કે ખરબચડી તેનો ખ્યાલ તેના વડે આવે?

સુરેશઃ  હાથમાં લેવાથી-સ્પર્શ વડે.

શિક્ષકઃ  સરસ. આજે તમે બધાએ સાચા અને સારા જવાબ આપ્યા છે. મારે કાંઈ શીખવવું પડ્યું નથી.

પાઠ બીજામાં શિક્ષકે બાળકોને પૂછ્યું કે તેઓ એક બીજાને કેવી રીતે ઓળખે છે, તેનો વિસ્તૃત જવાબ બાળકે આપ્યો. શરીર દ્વારા જ પોતાના અસ્તિત્વનો સ્વીકાર આવે છે.

જેમ અગ્નિ બળવાલાયક પદાર્થના સંગમા જ જોવા મળે છે. એકલો અગ્નિ જોવા મળતો નથી. તે રીતે સંસારમાં શરીરના સંગમાજ જીવનો સ્વીકાર આવે છે. બળવા લાયક કોલસા વગેરે અગ્નિ વિના જણાય છે તેમ અલગ અગ્નિ લક્ષગત થતો નથી. આ રીતે આપણે એકબીજાને શરીરના માધ્યમથી જ ઓળખીએ છીએ. કમનસીબે અજ્ઞાની જીવ, જે શરીરના આધારે અન્યજીવ ને ઓળખે છે તે અરૂપી આત્મા સુધી ન પહોંચતા-જેનાથી આત્મા ઓળખાય છે તે શરીરને જ આત્મા માનવાની જીવ ભૂલ કરે છે. જે રીતે લાકડા વગેરે જુદા જોવા મળે છે તેમ મરણ સમયે જીવ અને શરીર અત્યંત ભિન્ન જોવા મળે છે.

આ વાસ્તવિકતાના આધારે આપણે આપણા જીવને શરીરથી ભિન્ન લક્ષ માં લઈને, આ અરૂપી આત્માને તે હું છું એવી દઢતા કરવી રહી. હુંપણું કરનાર શરીરથી અત્યંત ભિન્ન છે. અને તે જ હું છું એ રીતે આપણા જ્ઞાનને વ્યવસ્થિત કરવું રહ્યું.

બાળકો લૌકિક ભણતરમાં શરીર અને ઇન્દ્રિયો નું જ્ઞાન મેળવે છે. દરેક ઇન્દ્રિયની રચના તથા તે ઇન્દ્રિયના કાર્યની જાણકારી મેળવે છે. તેથી તેને પોતાના કે અન્યના શરીરની ઓળખાણ માટે માનસિક ચિત્ર ઊભું કરવાની જરૂર નથી. શરીર ઇન્દ્રિય પ્રત્યક્ષ છે એ રીતે અન્ય પદાર્થો પણ સ્પર્શ આદિ વડે જાણી શકાય છે.

# પાઠ - 3

શિક્ષકઃ આપણે આંખ-કાન વગેરે અને તેના વડે શું જાણી શકાય તેનો વિચાર કર્યો. હવે આંખો વગેરે શું છે તે કોણ કહેશે?

મગનઃ એ બધા આપણા શરીરના જ ભાગ છે. તેના વડે આપણે બાહ્ય પદાર્થોને જાણી શકીએ છીએ.

રમેશઃ તે બધી ઈન્દ્રિયો કહેવાય છે.

શિક્ષકઃ હવે તેના વડે જાણીએ છીએ તેનો રસ-ગંધ વગેરેનો વિચાર કરીએ. હવે આપણે સમજવાની રીત બદલાવીએ.

શિક્ષકઃ (કેરી બતાવે છે) આ શું છે?

નરેશઃ આ પાકી કેરી છે.

શિક્ષકઃ માત્ર કેરી છે એમ કહ્યું હોત તો તું સાચો જ છો-પરંતુ જ્યારે તું આ કેરી પાકી છે એમ કહે છે ત્યારે પાકી કેરી છે તે તેના આધારે કહો છો?

નરેશઃ પાકી કેરી પીળી હોય-પોચી હોય-સુગંધી હોય અને, મીઠી હોય.

શિક્ષકઃ નરેશ કહે છે તે વાત સાચી છે?

બધા વિદ્યાર્થીઓ સાથેઃ-હા, તે તદ્દન સાચું છે.

શિક્ષકઃ જેમ બધી ઈન્દ્રિયો શરીરના અંગ છે તેમ બધા રૂપી પદાર્થોનું વર્ણન કરીએ ત્યારે જે રંગ વગેરે જોવા મળે છે તે તેના ગુણો છે. રૂપી પદાર્થોનું ભેદથી વર્ણન કરવું હોય ત્યારે ગુણના ભેદથી જ તેને સમજાવી શકાય છે. કેરી ની જેમ અન્ય દ્રષ્ટાંતો કોણ આપશે?

રમેશઃ જે સફેદ હોય, ગાંગડો હોય અને મીઠો હોય તે સાકર છે.

હિતેશઃ જે લીલું હોય, ચોક્કસ આકાર વાળું હોય અને તીખું હોય તે મરચું છે.

મગનઃ જે સફેદ કણીદાર હોય અને ખારું હોય તે મીઠું છે.

શિક્ષકઃ શરીર અને તેને પ્રાપ્ત ઇન્દ્રિયોના વિષયો હોય તે બધા રૂપી પદાર્થો છે.

સુરેશઃ તમે રૂપી પદાર્થ વાપરો છો પરંતુ ઇન્દ્રિય ના રસ વગેરે ગુણોમાં રૂપ શબ્દ ક્યાંય આવ્યો નથી.

શિક્ષકઃ સ્પર્શ વગેરે પાંચ વિષયો ને સાથે એક શબ્દથી ઓળખવા માટે રૂપ શબ્દનો ઉપયોગ થાય છે. તેથી તે બધા પુદ્ગલ દ્રવ્યોને રૂપી ઓળખવામાં આવે છે.

નરેશઃ રૂપી ન હોય એવા પણ પદાર્થો હોય ખરા!

રમેશઃ છે જ ને વળી ! તને ખ્યાલ નથી કે આપણે જીવીએ છીએ અને જીવ તો સદાય અરૂપી જ છે.

શિક્ષકઃ આપણે અસ્તિત્વ થી વાત શરૂ કરી હતી. વચ્ચે અસ્તિત્વનો સ્વીકાર શેના આધારે કરવામાં આવે છે, તેમાં વિસ્તારથી સમજાવવા માં આ વાત નીકળી હતી. હવે વળી પછીના પાઠમાં અસ્તિત્વ થી જ આગળ વધીશું.

બીજા પાઠ માં જે વાત લેવામાં આવી તેના અનુસંધાનમાં બાળકો પાસે થી વિશેષ માહિતી મેળવવામાં આવી છે. આંખ વગેરે શું છે? તેના ઉત્તર રૂપે તે શરીરના જ ભાગ છે-ઉપકરણ છે અર્થાત સાધન છે અને તેને ઇન્દ્રિયો કહેવાય છે. વિશેષ સ્પષ્ટતાથી તે દ્રવ્ય ઇન્દ્રિયો છે. રૂપી અને અચેતન છે તે જાણવાનું કામ નથી કરતી પરંતુ પરજ્ઞેય એવા પુદ્ગલના સ્પર્શ આદિ ગુણો ના પરિણામ સાથે મેળ વિશેષરૂપે નાચી ઉઠે છે. ઇન્દ્રિયની અંતરંગ વ્યવસ્થા દ્વારા એ કાર્ય થાય છે.

પાઠના બીજા ભાગરૂપે શિક્ષક ઇન્દ્રિયના વિષય રૂપ-પરજ્ઞેય એવી કેરી-બાળકો તેને કેવી રીતે ઓળખે છે તેની માહિતી મેળવે છે. વિદ્યાર્થી તેનો સંતોષકારક જવાબ આપે છે. સિદ્ધાંત એ છે કે સ્પર્શ આદિ ગુણોની અનેક પ્રકારની પર્યાયો થાય છે. એ બધી વિવિધતા એ સ્વભાવ અંતર્ગત જ છે. અર્થાત રંગ ગુણની પર્યાયો બધી રંગની જ વિવિધતા છે. તે ઉપરાંત પદાર્થ પાસે એ બધી પર્યાયો એકબીજા સાથે મેળ વિશેષરૂપે વિવિધતા માં પણ વિદશતા લાવે છે. વિદ્યાર્થીએ પાકી કેરીનું એ રીતે જ સુંદર વર્ણન કર્યું. કાચી કેરી નું વર્ણન પણ એ જ રીતે તે કરી શકે તેમ છે. વિદ્યાર્થીનું જ્ઞાન ઇન્દ્રિયોના કાર્યને તથા તેના વિષયને બંનેને જાણી લે છે.

# પાઠ - ૪

શિક્ષક : આ રૂમમાં બ્લેક બોર્ડ છે?

રમેશ : હા, અહીં છે.

શિક્ષક : આ રૂમમાં પંખો છે?

સુરેશ : આ એક પંખો છત ઉપર લાગેલો છે અને બીજો ટેબલ ઉપર છે.

શિક્ષક : તમારા ઘરે મોટર છે? તે ક્યાં રાખો છો?

મગન : હા, અમારે ગેરેજ છે તેમાં મોટર રાખીએ છીએ.

શિક્ષક : તમારે ત્યાં હેલિકોપ્ટર છે?

સુરેશ : મારે ત્યાં હેલિકોપ્ટર નથી.

શિક્ષક : તમે હેલિકોપ્ટર ક્યાં રાખો છો?

સુરેશ : હેલિકોપ્ટર જ નથી પછી તે ક્યાં રાખવું તે વાત જ આવતી નથી.

શિક્ષક : તમે કંદમૂળ ખાવ છો?

રમેશ : અમે જૈન છીએ. અમે કંદમૂળ ખાતા નથી.

શિક્ષક : તમે ભલે ખાતા નહોતો પણ મંગાવીને ઘરમાં તો રાખતા જ હશોને?

રમેશ : ખાતા જ નથી તેથી મંગાવતા નથી, ક્યાં રાખવું તે પ્રશ્ન જ અસ્થાને છે.

હિતેશ : સર, તમે આવા પ્રશ્ન દ્વારા કંઈક સિદ્ધ કરવા માંગો છો? મને લાગે છે કે તમે અમને એમ સમજાવવા માગો છો કે જે વસ્તુ હોય તેને ક્યાંક સ્થાન અવશ્ય મળે છે. જે હોય જ નહીં તેને ક્યાં છે તે પ્રશ્ન જ રહેતો નથી.

શિક્ષક : શાબાશ, તે મારા કહેવાના આશયને બરોબર પકડી લીધો છે. જેને સત્ મળે-જે અસ્તિત્વ રૂપ હોય તેને ક્ષેત્ર-રહેવા માટેની જગ્યા અવશ્ય હોય જ.

મગન : આપણી ચારે બાજુ હવા રહેલી છે. આપણે તેમાં કોઇ જાતના અવરોધ વગર રહી શકીએ છીએ. ત્યાં હવા તો કોઈ જગ્યા રોકતી હોય એવું દેખાતું નથી.

રમેશ : ખરેખર એવું નથી. હવા પણ જગ્યા તો અવશ્ય રોકે છે. મેં એક પ્રયોગ કર્યો હતો. કાચની ખાલી બાટલી ને ઊંધી

પકડીને પાણીમાં ડુબાડી હતી પરંતુ પાણી તે બાટલીમાં ભરાયું ન હતું. પછી બાટલી ને થોડી આડી કરી ત્યારે તેમાંથી હવાના પરપોટા બહાર નીકળવા લાગ્યા. તેની સાથે પાણી અંદર જવા લાગ્યું. બાટલી ને તદન સીધી કરી તો બધી હવા નીકળી ગઈ અને બાટલી પાણીથી ભરાઈ ગઈ. તેથી નક્કી થયું કે હવા પણ જગ્યા રોકે છે.

શિક્ષક : હવા પણ રૂપી પુદ્‌ગલ જ છે. પણ અરૂપી પદાર્થોને પણ તેનું નિશ્ચિત ક્ષેત્ર અવશ્ય હોય જ છે. આપણે અસ્તિત્વ અને ક્ષેત્ર વચ્ચેના સંબંધનો સ્વીકાર કર્યો. આ જેના અનુસંધાનમાં વાત ચાલે છે તે વસ્તુને સ્વભાવ કહેવામાં આવે છે. આપણે બધાએ સાથે મળીને સહજ ભાવે આ બધી વાત સ્વીકારી છે. હવે માત્ર એક જ વાત બાકી રહે છે તેની ચોખવટ હવે પછી કરીને છેવટે વાસ્તવિક સિદ્ધાંત સમજીશું.

વિદ્યાર્થીઓને સત્ અને ક્ષેત્ર વચ્ચેના અવિનાભાવ સંબંધનો બરોબર ખ્યાલ છે કે નહીં તે જાણવા માટે શિક્ષક પાઠ ની શરૂઆતમાં જ વ્યવસ્થિત રૂપે થોડા પ્રશ્નો કરે છે. પ્રશ્ન પાછળનો શિક્ષક નો આશય વિદ્યાર્થીઓ સારી રીતે સમજી જાય છે અને તેની સ્પષ્ટ રજૂઆત પણ કરે છે. આ રીતે શિક્ષકને પ્રમોદ ઉપજે છે. તેને વિદ્યાર્થીઓની આવડત તથા હોશિયારી માટે ગૌરવ થાય છે.

એક વિદ્યાર્થીને હવા નું જ્ઞાન છે પરંતુ તે હવા પણ જગ્યા રોકે છે અર્થાત્ તેને પણ તેનું ક્ષેત્ર અવશ્ય છે તેનો વિશ્વાસ નથી, તેથી તે દૃષ્ટાંત પૂર્વક પોતાની માન્યતા રજૂ કરે છે. બીજો વિદ્યાર્થી સચોટ પ્રયોગ દ્વારા હવા પણ જગ્યા રોકે છે તેનો પુરાવો આપીને બીજા વિદ્યાર્થીના મનનું સમાધાન કરાવે છે. આશય એ છે કે આપણે માનીએ છીએ કે એ અબુધ છે અને આપણે જ તેને શીખવીએ છીએ. આ પ્રકારનો અભ્યાસક્રમ આપણી માન્યતા નો છેદ ઉડાડી દે છે.

આ પાઠમાં દરેક પદાર્થને સત્-ક્ષેત્ર અને સ્વભાવના માધ્યમથી સમજાવવામાં આવે છે. આ પાઠમાં 'શૂન્ય' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. શૂન્ય એ સત્‌નો વિરોધી છે. શૂન્ય એટલે સર્વથા અભાવ. પ્રવચન સારની ગાથા ૧૪૪ માં આ વાત સ્પષ્ટ રીતે સમજાવી છે. શૂન્યને વિશ્વમાં ક્યાંય સ્થાન નથી. શૂન્ય અવસ્તુ છે. આ નાસ્તિની વાતથી સત્ અને ક્ષેત્ર વચ્ચેના અવિનાભાવ તાદાત્મ્ય સંબંધ દર્શાવ્યો છે. પહેલાના પાઠો માં જે વાત આવી ગઈ છે તેને અન્ય રીતે સમજાવવામાં આવે છે. પદાર્થ ને આપણે દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપે લક્ષમાં લીધો છે. સત્ નું વર્ણન સ્વભાવ દ્વારા જ થાય. તે આપણે લક્ષમા લીધું છે.

શૂન્ય અભાવરૂપ રહીને સત્‌ની મજબૂતી કરે છે. આ રીતે સત્ અનાદિ અનુત્પન્ન-અવિનાશી-શાશ્વત રૂપ લક્ષમાં આવે છે. દરેક પદાર્થને આ રીતે એટલે કે સત્-ક્ષેત્ર-સ્વભાવ રૂપે પણ દર્શાવી શકાય છે. સત્ શાશ્વત છે. તેથી તેની સાથે ક્ષેત્ર અને સ્વભાવ પણ સહેજે શાશ્વતપણું પામે છે.

આ બંધારણ સમજાવવામાં આવતા વિદ્યાર્થીએ તે અંગે સહજ રૂપે પોતાનૃ તે સમજતા કઈ રીતે પ્રમોદ આવ્યો તે પણ તે પ્રતિભાવ પણ લક્ષમાં લેવા જેવો છે.

# પાઠ - ૫

શિક્ષકઃ આજે ફરી પહેલેથી જ શરૂ કરીએ. મારું અસ્તિત્વ છે તો તે ક્યારથી છે તે પ્રથમ વિચારીએ. અસ્તિત્વ ક્યારથી છે તે વિચારવાનું કરીએ ત્યારે પ્રથમ નક્કી કરવું જોઈએ કે પહેલેથી શું છે? હું આ વિષય પૂછવાને બદલે આપણે વ્યવસ્થિત રીતે સમજવાનો પ્રયત્ન કરીએ. અસ્તિત્વનો વિરોધી શૂન્ય છે. શૂન્ય એટલે કે ન હોવું. અવિદ્યમાનતા એક થી નવ પછી શૂન્ય આવે છે તેની વાત નથી. આ મહત્વનો સિદ્ધાંત એ છે કે વિશ્વ અનાદિથી અનંતકાળ સુધી સત્‌મય જ છે. શૂન્યને વિશ્વમાં ક્યાંય સ્થાન નથી. આચાર્યદેવ મૂળ ગાથામાં આ હકીકત યુક્તિ દ્વારા સિદ્ધ કરે છે. આપણે નક્કી કર્યું કે જે સત્ છે તેને ક્ષેત્ર અવશ્ય હોય છે. તેની સામે આચાર્યદેવ કહે છે કે શૂન્યને આ વિશ્વમાં એક પ્રદેશ જેટલી પણ જગ્યા મળતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો સત્ શાશ્વત જ છે. આ મહાન સિદ્ધાંત છે. લૌકિક વિજ્ઞાન પણ તેનો સ્વીકાર કરે છે.

રમેશઃ મારા મોટાભાઈના ભણવામાં એ આવ્યું છે અને એ ઘરમાં વાત કરતા હતા.

શિક્ષકઃ આ પાંચ દિવસથી આપણે જે રીતે વાતને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ તેનો છેવટનો નીચોડ નીચે મુજબ છે. વિશ્વમાં જે કંઈ છે તે સત્‌મય છે. વિશ્વમાં શૂન્યને ક્યાંય સ્થાન નથી. જે સત્ છે તે અનાદિ-અનુત્પન્ન-અવિનાશી છે. એટલે કે શાશ્વત છે. સત્‌ની સાથે અવિનાભાવ રૂપ સ્વભાવ પણ એ રીતે કાયમ ટકનાર છે. વિશ્વમાં જોવામાં આવે તો જે કોઈ પદાર્થો છે તે ક્ષેત્ર અને સ્વભાવ રૂપ છે. આ સિદ્ધાંત રૂપ છે અસ્ખલીત રૂપ. છે. એટલે કે તેમાં કોઈ ફેરફાર ક્યારેય શક્ય જ નથી. વિશ્વના બધા પદાર્થો વચ્ચે આવા અવિનાભાવ તાદાત્મ્ય સંબંધ શક્ય જ નથી.

રમેશઃ સર, તમે સારી રીતે સમજાવ્યું. મને તો ઘણો લાભ થયો છે. મને હંમેશા મરણનો ભય રહ્યા કરતો હતો ઘરમાં મેં એક મરણ જોયું છે. તે મરતા જીવની સ્થિતિ કંપાવે એવી હતી. મરણ બાદ ઘરનું વાતાવરણ ઘણા દિવસ સુધી એવું જ રહ્યું હતું. પરંતુ આજે મને થયું કે હું સત્‌મય જ છું. એ નિશ્ચય છે અને સત્ શાશ્વત છે પછી મારે મરણનો ભય રાખવાનું કોઈ પ્રયોજન નથી. મારા મનને ઘણી શાંતિ થઈ છે.

નરેશઃ એક સત્ ને સમજવા માત્રથી આપણા જીવનમાં આવો મહત્વનો ફેરફાર થાય છે તો પછી એ સત્‌ને એના વિસ્તારપૂર્વક સમજવાથી કેટલો સંતોષ થાય?

હવે અંતરંગ અનેકાંતને સારી રીતે સમજવા માટે 'એક-અનેક' એવા પરસ્પર વિરોધી લાગતાં ધર્મો પણ પરંતુ અવિરોધરૂપે રહે છે. તે ઉપરાંત તે પદાર્થની અંતરંગ વ્યવસ્થામાં ઘણો જ ઉપયોગી ભાગ ભજવે છે. અહી એકનું મહત્વ પ્રથમ લક્ષમાં લઈએ. તે 'પરથી વિભક્ત અને સ્વથી એકત્વ રૂપ 'એવા શબ્દો તથા તેના ભાવ વડે બે પ્રકારના અનેકાંતની સંધિ રૂપ છે. 'પરથી વિભક્ત' શબ્દ અસ્તિ નાસ્તિ અનેકાંતને દર્શાવે છે. 'સ્વથી એકત્વ' શબ્દ અંતરંગ ના એકત્વ રૂપને એકને સ્પષ્ટરૂપે દર્શાવે છે .

અંતરંગ અનેકાંત એ દરેક પદાર્થનું પાયાનું બંધારણ છે તેમાં અનંત ધર્મત્વ અને વિરુદ્ધ ધર્મત્વ એવી બે પ્રકારની શક્તિ કાર્યકારી છે. સમયસર માં ૪૭ શક્તિના વર્ણનમાં આવી બે શક્તિનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

અંતરંગનું અનેકાંત વસ્તુને અનેક ભેદ રૂપ રજૂ કરે છે પરંતુ-એક-શબ્દ જે સ્વરૂપ અસ્તિત્વ રૂપ સત્તા છે તે વસ્તુને વેરવિખેર થતી અટકાવે છે.

વિદ્યાર્થીઓને 'એક-અનેક' અંગે કેટલી સમજણ છે તે વાત શિક્ષકે તેમની પાસેથી જ કઢાવી. અલબત્ત અંતરંગ ના એક-અનેક માટે થોડી મદદ-માર્ગદર્શન આપ્યું. પરંતુ ત્યાર પછી તેઓએ જ અંતરંગનું એક અનેકપણું સારી રીતે વ્યક્ત કર્યું. તે ઉપરાંત તેમણે ગુણોના નિત્યપણાની ભિન્નપણાની સમજણ શંકા સમાધાન દ્વારા મેળવી, તે હવે જોઈએ.

# (પાઠ ૧ થી ૫) દ્રવ્ય બંધારણ-વિશેષ વાંચન-પ્રશ્નોત્તર રૂપે

પ્રશ્ન-૧ પદાર્થ બંધારણ કોને કહે છે?

ઉત્તર -૧ દરેક પદાર્થની અંતરંગ વ્યવસ્થા એક રૂપ હોય છે. જેમ કે સરકારી કર્મચારીઓને રહેવાની કોલોની. આમાં પાયાના સિદ્ધાંતો વણાયેલા છે. દરેકને જેટલું જરૂરી છે તે બધું મળે છે-કોઈ વિશેષ નહીં-કોઈ ઉણપ નહીં.

પ્રશ્ન-૨ મારે દ્રવ્ય બંધારણ સમજવાની શી જરૂર છે?

ઉત્તર-૨ વિશ્વમાં રહેલા દરેક પદાર્થો કોઈ એક અપેક્ષાએ સમાન જ છે. એ દષ્ટિ આપણામાં સમભાવ પ્રગટવા માટે મહત્વનો ભાગ ભજવે છે. એકબીજામાં સારા-નરસાપણું કે ઊંચનીચની કે ઈર્ષા અભિમાનની શક્યતાને નકારે છે.

પ્રશ્ન-૩ દ્રવ્ય બંધારણ સમજાવવાની શિક્ષણ પદ્ધતિમાં થોડો ફેરફાર કર્યો છે તે તમારા ખ્યાલમાં આવે છે?

ઉતર-૩ હા, જરૂર ખ્યાલમાં આવે છે. શિક્ષક જે શીખવવા માગે છે તે સીધેસીધું નથી સમજાવવા માગતા, પરંતુ તે શિષ્યો પાસેથી તેઓ જે જાણે છે તે માહિતી કઢાવે છે. તેને ચર્ચા ગ્રુપ બનાવીને પોતે જે રીતે સમજાવવા માગે છે તે તરફ દોરી જાય છે.

પ્રશ્ન-૪ દ્રવ્ય બંધારણ સમજવું હોય તો શરૂઆત કઈ રીતે કરવી?

ઉત્તર-૪ આ પ્રશ્ન દ્વારા તમો શીખવું અને શિખવાડવું બંને જરૂરી છે તે વાસ્તવિકતા તરફ અમને ખેંચી જવા માંગો છો! સમજણ એટલે માત્ર માહિતી ભેગી કરવી એટલું જ પર્યાપ્ત નથી. તે માહિતીને આપણા જ્ઞાનમાં એકત્રિત અને વ્યવસ્થિત કરીને વાસ્તવિકતાનું એક માનસિક ચિત્ર ઉભુ કરવું જરૂરી છે. આ વ્યવસ્થિત થાય તો બીજાને સમજાવવા માં કયો ક્રમ લેવો તે સુગમ થાય. પ્રશ્નનો જવાબ એ છે કે સત્ થી જ શરૂઆત થાય.

પ્રશ્ન-૫ ક્યુ સત્ જે આપણા અનુભવમાં આવે છે તે પરિણામનું ક્ષણિક સત્ કે ત્રિકાળ સત્?

ઉત્તર-૫ સત્‌ની ઉત્પતિ નથી. સત્‌નો નાશ નથી. સત્ એ રીતે નિત્ય ટકનાર શાશ્વત છે. સત્ સ્વયં સિદ્ધ છે. એટલે કે કોઈ પરથી તેની ઉત્પત્તિ નથી. તેથી તે પરતઃ સિદ્ધ નથી, અહેતુક છે. ભૌતિક વિજ્ઞાન પણ એનો સ્વીકાર કરે છે.

પ્રશ્ન-૭ સત્‌ની સ્થાપના માટે તમે કોનો આધાર લેશો?

ઉત્તર-૭ સત્‌ની સ્થાપના માટે આપણે સહેજે ક્ષેત્ર નો આધાર લઈએ છીએ. જે વિદ્યમાન છે તેને વિશ્વમાં એક સ્થાન, એક ક્ષેત્ર, પોતાના વિસ્તારની મર્યાદા અવશ્ય હોય છે. આ વાત શિક્ષક શિષ્ય પાસેથી જ કઢાવે છે.

સત્‌ અને ક્ષેત્ર ના સંબંધના અનેક દ્રષ્ટાંતો વિદ્યાર્થીઓએ જ રજૂ કર્યા છે. શિક્ષક તો તેમના જ્ઞાનને વ્યવસ્થિત જ કરે છે.

પ્રશ્ન-૮ સત્‌ અને ક્ષેત્ર વચ્ચે સંબંધ દર્શાવવા નું પ્રયોજન શું છે?

ઉત્તર-૮ ચાલુ જીવનમાં જેનો આપણે સહજપણે ઉપયોગ કરીએ છીએ તેની પાછળ વિશ્વના કયા કાયમી સિદ્ધાંતો કામ કરે છે તેનો ખ્યાલ આવે છે. આ બંને સંબંધ એવા છે કે માત્ર એક ને જ સાબિત કરવા જાવ તો તે શક્ય નથી. ક્ષેત્ર વિના સત્‌ની સાબિતી ન થાય અને સત્‌ વિના ક્ષેત્ર શક્ય જ નથી. તે રીતે અવિનાભાવ સંબંધ દર્શાવે છે. એક ને બીજા વિના ન ચાલે એટલે કે અ-વિના ભાવ. તેવા સંબંધને તદ-આત્મીય-તાદાત્મ્ય અને તત-મય, તન્મય સંબંધ કહે છે. આ પ્રકારના સંબંધો માત્ર એક પદાર્થ અંતર્ગભિત જ શક્ય છે. બે પદાર્થો વચ્ચે આવા સંબંધો શક્ય જ નથી.

પ્રશ્ન-૯ સત્‌ અને ક્ષેત્ર વિશે આટલું જ પર્યાપ્ત છે કે હજુ વિશેષ કંઇક કહેવું છે?

ઉત્તર-૯ સત્‌ અને ક્ષેત્ર ની જેમ સ્વભાવ પણ એ જ રીતે તાદાત્મ્ય રૂપ છે પરંતુ તેમાં આગળ જવા પહેલા મને લાગે છે કે આ સંબંધ સમજવા જતાં આપણે શૂન્યને પણ સાચા અર્થમાં સમજીએ એ મહત્વનું છે.

પ્રશ્ન-૧૦ શૂન્ય શું છે?

ઉત્તર-૧૦ અવિદ્યમાનતા. સત્‌ એટલે હોવાપણું. શૂન્ય એટલે ન હોવાપણું. સત્‌ અને ક્ષેત્રની વાત આગળ કરીએ તો શૂન્ય છે જ નહીં. જે કંઈ છે તે બધું સત્‌મય જ છે. શૂન્ય નથી તેથી વિશ્વમાં તેની રહેવાની કોઇ જગ્યા જ નથી. શૂન્ય હોવાથી તેને પોતાનું સ્વ ક્ષેત્ર નથી. શૂન્યને સમજવાથી વિશ્વની ઉત્પતિ ક્યારથી થઈ ? વિશ્વની રચના કોણે કરી? શેમાથી કરી ? પ્રલય થશે કે નહીં ? પ્રલય થશે તો ક્યારે થશે? આ બધા પ્રશ્નો સમાપ્ત થાય છે. તેની સામે અન્ય મતમાં જે કોઇ કલ્પિત ઈશ્વરની વાત આવે છે તેના ઉપર પૂર્ણવિરામ મૂકાઈ જશે.

પ્રશ્ન-૧૧ સ્વભાવ શું છે?

ઉત્તર-૧૧ દરેક પદાર્થની વિશેષ ખાસિયત. આપણે અત્યારે દરેક પદાર્થનું સામાન્ય એટલે કે સમાનતા શું છે તેની મુખ્યતા થી સમજીએ છીએ ત્યારે દ્રવ્ય ને તેના અસાધારણ ગુણો કે ગુણ અનુસાર વિશેષતા, વિવિધતા પણ અવશ્ય હોય છે. દષ્ટાંત : સરકારી કર્મચારી કોલોનીમા જ્યારે કર્મચારી રહેવા આવે છે ત્યારે અંદરમાં પોતાની જરૂરિયાત પ્રમાણે વસાવે છે, ફેરફાર કરે છે. બહારનો બગીચો બનાવે છે ત્યારે આપણે દરેક

મકાનને અલગ રીતે લક્ષ માં લઈએ છીએ. સ્વભાવથી જ પદાર્થ નું વર્ણન શક્ય બને છે. સ્વભાવને માટે 'તત' શબ્દ વપરાય છે. અન્ય મત માં ૐ તત્સત્ એવું બોલે છે, જીવ માટે ૐ સચ્ચિદાનંદ-સત્-ચિત એટલે કે ચૈતન્ય અને આનંદ એવા સ્વભાવરૂપે વર્ણવે છે.

પ્રશ્ન-૧૨ શૂન્યની દલીલ આગળ કરીને વિશ્વમાં જે કંઈ છે તે બધું સત્ મય છે. સત્ શાશ્વત છે. તે સિદ્ધ કર્યું. સ્વભાવ શાશ્વત છે ને તમે ક્યાં પ્રકારની યુક્તિ થી સાબિત કરશો?

ઉત્તર-૧૨ સ્વભાવ ક્ષેત્રના શાશ્વત પણ આ માટે કોઈ અન્ય યુક્તિની જરૂર જ નથી. તે બંને સત્ સાથે તાદાત્મ્ય સંબંધ થી જોડાયેલા છે. સત્ શાશ્વત છે તેથી ક્ષેત્રને સ્વભાવ પણ શાશ્વત જ છે. તેને માટે બીજા કોઈ પુરાવાની જરૂર નથી. અભ્યાસક્રમના પહેલા ભાગમાં જ્યારે પદાર્થ નું સ્વરૂપ લીધું હતું ત્યારે આ વાસ્તવિકતામાં બંધારણના પાયામાં રહેલ સત્-ક્ષેત્ર અને સ્વભાવ નો ઉલ્લેખ કર્યો હતો. આ ભાગમાં શરૂઆતથી જ સમજાવવાનું શરૂ કર્યું છે તે અમો બધા ને લાભનું કારણ થશે.

પ્રશ્ન-૧૩ આ પ્રકારના શિક્ષણનો ઉદ્દેશ શું છે?

ઉત્તર-૧૩ આપણે જે રીતે આપણું જીવન જીવી રહ્યા છીએ તેના મૂળમાં વિશ્વના કયા સિદ્ધાંતો મહત્વનો ભાગ ભજવે છે તેનો ખ્યાલ આવે છે. વિશ્વના નિયમો અણકૃત છે અને શાશ્વત છે. અનંત જ્ઞાન અને વીર્યના ધરનારા-અત્યાર સુધીમાં અનેક તીર્થંકરો થયા છે અને થતા રહેશે. કોઈ આ બંધારણને ફેરવતા નથી. ફેરફાર કરવાનો ભાવ પણ કરતા નથી. એવો નિર્ણય થાય છે. હું સત્મય છું. હું કાયમ ટકનાર છું. માત્ર પ્રાથમિક જ્ઞાન થાય અને નિઃશંકતા આવે તો મરણ આદિ સાત પ્રકારના ભયનો કોઈ અવકાશ જ ન રહે તે મહાન ઉપકાર છે.

આપણે જે કંઈ કરીએ છીએ તેના મૂળમાં (કારણ) શું છે? અને તેનું ફળ શું છે? ફળ શું આવે એ રીતે માત્ર વર્તમાન પૂરતા જ ક્ષણિક ભાવમાં સંતોષ ન માનતા-ભૂત અને ભાવી નો પણ જીવવિચાર કરતો થાય છે. વળી તે વિચારો સાચી દિશામાં કામ કરતા થાય છે.

# પાઠ - ૬

શિક્ષકઃ સત્ -ક્ષેત્ર અને સ્વભાવ એ ત્રણ ભેદ દ્વારા આપણે પદાર્થને સમજવાનો પ્રયત્ન કર્યો. લક્ષમાં રાખજો કે તેમાંથી મોટાભાગની વિગતો તમારી પાસે હતી. એ જ પદાર્થ ને બીજી અપેક્ષાએ સમજવાનો પ્રયત્ન કરીએ. એક કોને લાગુ પડે અને અનેક કોને લાગુ પડે એ બની શકે તો દૃષ્ટાંત પૂર્વક કોણ કહેશે?

રમેશઃ હું એક છું અને મારા ઉપરાંત બીજા વિદ્યાર્થીઓને સાથે રાખીને વાત કરીએ તો અમે અનેક છીએ.

નરેશઃ આ એક ટેબલ છે. રૂમમાં આના જેવા બીજા ૯ નવા ટેબલ છે. બધાનો સાથે વિચાર કરીએ તો આ રૂમમાં અનેક ટેબલો છે.

શિક્ષકઃ સારી વાત છે. એક-અનેક આ પ્રકારની સમજણ પ્રસિદ્ધ છે અને તમે જે જાણો છો એ સારી વાત છે. હવે હું કહું છું કે જે એક છે તે જ અનેક છે તે એક છે તો તમે એ સાથે સહમત થશો?

મગનઃ અમે બધા વિદ્યાર્થી તરીકે એક છીએ તેમ કહી શકાય. સમૂહવાચક શબ્દો દ્વારા એમ કહીએ છીએ પરંતુ જે એક છે તે અનેક છે એ વાત સમજાતી નથી.

શિક્ષકઃ એક અને એના જેવા અનેક એ વાત અહીં નથી લેવી. એક ને અંતરંગમાં જ અનેક પણું લક્ષ માં લેવાનું છે. સમજવા માટે માર્ગદર્શન આપુ. આ કેરી પીળી છે-આ કેરી પોચી છે-આ કેરી સુગંધી છે. આ કેરી મીઠી છે. કહો જોઉં મે કેટલી કેરીની વાત કરી?

રમેશઃ માત્ર એક કેરીની. કેરી તો એક જ છે. તેનું વર્ણન અનેક પ્રકારે થઈ શકે છે. તે કારણે તે અનેક છે એમ સમજાવવા માગો છો ને?

નરેશઃ એ જ રીતે આ યુવાન ખૂબસૂરત છે. આ યુવાન ભણેલો છે. આ યુવાન સમજુ છે. આ યુવાન લાગણીશીલ છે. આ યુવાન ધાર્મિક વૃત્તિવાળા છે. વગેરે પ્રકારે વર્ણવી શકાય છે.

શિક્ષકઃ તમે મુદ્દો બરાબર પકડ્યો છે.

સુરેશઃ વસ્તુનું વર્ણન અનેક ભેદ દ્વારા કરી શકાય પરંતુ મને પ્રશ્ન થાય છે કે તેમાં એવા ભેદ છે કે માત્ર કહેવા માટે છે?

શિક્ષકઃ સારો પ્રશ્ન કર્યો. જે ન હોય તે કહેવાનું જિનાગમ ક્યારેય કહે નહીં. કલ્પના ઉપજાવી ને ભેદ કરીને કહેવું તે દોષ છે. દરેક પદાર્થ માં આવા અનેક (અનંત) ગુણો રહેલા છે. તે પણ પદાર્થ ની માફક કાયમ ટકનારા છે. આપણે જે સત્ અને સ્વભાવનો અભ્યાસ કરી રહ્યા છીએ તેમાં લાગુ પાડી એ તો દરેક સ્વભાવ (પદાર્થ) પોતાનામાં આવા અનંત ગુણો લઈને રહેલા છે. સત્ ક્ષેત્રઅને સ્વભાવ જે રીતે તાદાત્મ્ય રૂપ છે તે રીતે સ્વભાવમાં અંતરંગ માં રહેલા ગુણો પણ તાદાત્મ્યરૂપ જ છે.

છઠ્ઠા પાઠ માંઃ-

પરસ્પર વિરોધી દેખાતા ધર્મોમાં એક અને અનેક અંગે વિચારણા કરવામાં આવી છે. વિદ્યાર્થીઓએ સર્વપ્રથમ સંખ્યાએ એક અને સંખ્યાએ અનેક એ વાત પ્રથમ કરી. તે વાત સાચી છે.અસ્તિ નાસ્તિ અનેકાંત નો અભ્યાસ કરીએ ત્યારે દરેક પદાર્થ સ્વરૂપ અસ્તિત્વ સત્તા ઓ સંખ્યાએ અનેક છે.

ગુરુ એ તેમની વાત માન્ય રાખ્યા પછી તેને ગૌણ કરીને એકમાં જ અનેકપણું કઈ રીતે લાગુ પડશે તે જણાવવા કહ્યું ત્યારે વિદ્યાર્થીઓએ પણ તેનો યોગ્ય ઉત્તર આપ્યો.

# પાઠ - ૭

શિક્ષકઃ આપણે એક અનેકના માધ્યમથી દ્રવ્ય અને ગુણનો વિચાર કર્યો. અને એક શબ્દ બે જગ્યાએ અલગ અર્થમાં વાપરવામાં આવે છે તે ખ્યાલમાં રાખવું.

હિતેશઃ એક શબ્દ વ્યક્તિને લાગુ પડે છે અને અનેક સમૂહવાચક છે. જેમકે વૃક્ષો ના સમૂહને વન કહેવાય છે. તે રીતે ગુણોના સમૂહને દ્રવ્ય કહેવાય છે. હું બરોબર સમજ્યો છું ને?

રમેશઃ મને એવું નથી લાગતું, મને બરોબર લાગતું નથી.

મહેશઃ કેરીમાં છાલ ગોટલો અને રસ જુદા પડી શકે છે. પરંતુ કેરીમાંથી સ્પર્શ અને સ્વાદ કાંઈ થોડા જુદા પાડી શકાય છે?

નરેશઃ અભ્યાસમાં એ વાત આવી ગઈ છે કે સત્-ક્ષેત્ર-સ્વભાવ ની જેમ દ્રવ્ય અને ગુણ પણ અવિનાભાવ સંબંધમાં જ છે. તેથી તે માત્ર સમૂહ વાચક શબ્દો નથી.

હિતેશઃ દ્રવ્ય એક છે અને ગુણો અનેક છે. તે બહારના અનેક જેવા નથી પરંતુ અંદરના અનેક છે. આ તો બરોબર છે ને?

શિક્ષકઃ એક અને અનેક શબ્દના અનુસંધાનમાં આ વાત સાચી છે. દરેક દ્રવ્યમાં અનંત ગુણો રહેલા છે. દરેક ગુણનું અસ્તિત્વ અને તેનો સ્વભાવ અલગ છે તે વાત પણ સાચી છે. પરંતુ આપણે આ એક અનેક નો અભ્યાસ સત્ ના અનુસંધાનમાં કરીએ છીએ. જેને આપણે સત્ કહીએ છીએ તે સ્વયં એક અનેકરૂપ છે.

રમેશઃ હજુ વિશેષ ચોખવટ કરી ને સમજાવો.

શિક્ષકઃ દરેક પદાર્થ માં એક દ્રવ્ય છે અને ગુણો અનેક છે એવું કોઇ કહે તો તે સાચું હોવા છતાં પર્યાપ્ત એટલે કે સંપૂર્ણ સત્ય નથી. પરંતુ સત્ જ દ્રવ્ય અપેક્ષા એ એક છે અને તે દ્રવ્ય જ ગુણ ભેદ અપેક્ષાએ અનેક છે એ પ્રમાણે કહેવું તે સંપૂર્ણ સત્ય છે.

મગનઃ પદાર્થની અખંડતા ને બાધા ન આવે તે રીતે ભેદનો અભ્યાસ કરવો જોઈએ એવું તમે અમને શીખવવા તથા દઢ કરાવવા માંગો છો?

શિક્ષકઃ તમારી વાત સાચી છે.

નરેશઃ સર, તમે પહેલાં કહ્યું હતું. તેમાં દરેક ગુણ નું અસ્તિત્વ અને સ્વભાવ અલગ છે એમ કહ્યું હતું. સામાન્ય રીતે તમે સત્ અને સ્વભાવની સાથે ક્ષેત્ર શબ્દનો ઉલ્લેખ અવશ્ય કરો છો. ગુણ ની વાત માં ક્ષેત્ર વિશે તમે કાંઈ ન કહ્યું.

શિક્ષકઃ શાબાશ-તું અભ્યાસમાં બરોબર ધ્યાન રાખી રહ્યો છો તે સારું છે. પદાર્થોની અખંડ-એકત્વ-એકમાં સત્-ક્ષેત્ર અને સ્વભાવ ત્રણે એક રસ છે. પરંતુ તેમાં દ્રવ્ય, ગુણ વગેરે ભેદ લઈએ ત્યારે દરેકને કથં ચિત્ એક સત્ અને એક સ્વભાવ હોય છે. પરંતુ દ્રવ્ય કે ગુણ વચ્ચે ક્ષેત્ર તો એક જ છે. પદાર્થ નું એક અખંડ ક્ષેત્ર છે અને તે પદાર્થની અખંડતા ટકાવી રાખે છે. પદાર્થના દરેક ભેદ નું ક્ષેત્ર તો એક જ છે. બે પદાર્થ આકાશના એક ક્ષેત્રે રહેતા હોય તો પણ દરેક નું ક્ષેત્ર અલગ છે. એવું એ ક્ષેત્ર અપેક્ષાએ જુદાપણું દ્રવ્ય અને ગુણ વચ્ચે સંભવિત નથી.

કથંચિત જુદાપણાને અતદભાવરૂપ જુદાપણું કહે છે ત્યાં તાદાત્મ્યપણું સલામત રહે છે.

પાઠ સાતમા આપણે લક્ષમાં લીધું કે શિક્ષક શીખવવાનું શરૂ કરે ત્યાર પહેલા જ વિદ્યાર્થીઓએ એક-અનેક ના વિષયના અનુસંધાનમાં પોતાની સમજણ રજૂ કરીને આપસમાં જ તેની ચર્ચા કરીને થોડું સમાધાન મેળવ્યું.

શિક્ષકે વિદ્યાર્થીઓના જ્ઞાનને વધુ વ્યવસ્થિત કરવા માટે સમજાવ્યું કે જો આપણે દ્રવ્યને એક કહીએ અને ગુણોને અનેક કહીએ, એટલું જ કહીએ તો પદાર્થ દ્રવ્ય, -ગુણ રૂપ સાબિત થાય પરંતુ તેમની વચ્ચેનો તફાવત એમ જ રહે તેથી ઉપરોક્ત વિધાનને (કથનને) સો ટકા આપ્યા બાદ પદાર્થ દ્રવ્ય અપેક્ષા એ એક છે અને તે જ પદાર્થ ગુણભેદ અપેક્ષાએ અનેક છે તે વાત લક્ષમાં લેવી જોઈએ અને તેને પણ સો ટકા આપવા જોઈએ.

આ રીતે બંને વાતનો સાથે અભ્યાસ કરીને આપણા જ્ઞાન ને વ્યવસ્થિત કરવું જોઈએ. આ રીતે સમજવાથી એક અને અનેકના વિષય અલગ પણ રહેશે અને પદાર્થની સત્તા પાસે બંનેનો અવિરોધ પણ લક્ષ્ય ગત થશે.

અંતરંગ અનેકાંતની આ રીતે સાચી સમજણ થશે.

વિદ્યાર્થીએ દ્રવ્ય અને ગુણને અલગ સત્ અને સ્વભાવ સમજ્યા બાદ ક્ષેત્ર નો પણ પ્રશ્ન કર્યો.

# સાતમાં પાઠ

એક-અનેક નો વિષય આગળ લંબાવે છે. પાઠની શરૂઆતમાં વિદ્યાર્થીઓ અંદરો-અંદર વાત કરીને તેને દઢ કરે છે. પાઠ ની મધ્યમાં શિક્ષક-એ બધું સત્‌ને લાગુ પડે છે. જ્ઞાનીઓ સત્‌ ને જ વિસ્તારથી સમજાવવા માગે છે પરંતુ સત્‌નુ વર્ણન સ્વભાવથી જ શક્ય છે. તેથી તેને જે તે પદાર્થની દ્રવ્ય-ગુણ-પર્યાય ની વ્યવસ્થા દ્વારા સમજાવવામાં આવે છે. દ્રવ્ય એક છે અને ગુણો અનેક છે એવું વિભાજન કરવાના સ્થાને સત્‌ દ્રવ્ય અપેક્ષાએ એક છે અને ગુણ ભેદ અપેક્ષાએ અનેક છે. એ રીતે એક અને અનેકને એક શબ્દમાં જ અને દર્શાવ્યા બાદ વિદ્યાર્થી જ ક્ષેત્રનો પ્રશ્ન ઉપસ્થિત કરે છે ત્યારે પદાર્થને એક સત્‌-એક ક્ષેત્ર અને એક સ્વભાવ રૂપ દર્શાવીને તેમાં દ્રવ્યને કથંચિત એક સત્‌ અને સ્વભાવ દર્શાવવો તે જ રીતે દરેક ગુણ ને કથંચિત એક સ્વભાવ અને સત્‌ એક આપ્યા બાદ પણ જ્યારે ક્ષેત્ર ની અપેક્ષા આવે છે ત્યારે બધાનું એક જ ક્ષેત્ર છે તે દ્વારા પદાર્થો એક અવિભાગી સત્‌રૂપ દર્શાવ્યા.

વિશ્વના બધા પદાર્થોનું સામાન્ય સ્વરૂપ શું છે તે પાયાના સિદ્ધાંતોની સમજણ જરૂરી હોવાથી ગુરુ અને શિષ્યે સામૂહિક પ્રયત્ન કર્યો. આપણા લક્ષમાં એ વાત આવી છે કે બાળકો પણ આવું જ્ઞાન ધરાવે છે. અત્યાર સુધીના સાત પાઠ દ્વારા એ વાત સ્પષ્ટ થઈ કે એક પદાર્થ કઈ રીતે આપણને ઉપયોગી છે. તે લૌકિક અપેક્ષાએ મહત્ત્વનું હોવા છતાં તે અંગેની પદાર્થની સામાન્ય અંતરંગ વ્યવસ્થાનો પણ બાળકોને ખ્યાલ છે. સત્‌રૂપી એકડા થી શરૂઆત કરવામાં આવે તો બાળકોને તેનો પણ સ્પષ્ટ ખ્યાલ છે.

જેમ મકાન માટે તેનો પાયો મહત્વનો છે તેમ વસ્તુ સત્‌ને આધારિત છે તેથી નિત્ય સત્‌ની સ્થાપના અનિવાર્ય છે. તે સત્‌ની સાથે સ્વભાવ તાદાત્મ્ય રૂપે જોડાયેલો છે. તે સ્વભાવ અમર્યાદ સામર્થ્ય સહિત જ છે તેથી તેની મજબૂતી કરવી રહી. પાઠ છ સુધી એ કાર્ય સારી રીતે થયું. વિદ્યાર્થીઓએ જ એ માહિતી આપી. શિક્ષકે તેને મઠારીને વ્યવસ્થિત રીતે દઢ કરાવ્યું.

અનેકાંતનું અગત્યનું પડખું વિરુદ્ધ ધર્મત્વ શક્તિરૂપ રહેલું છે. તેની શરૂઆત પાઠ સાતમા કરવામાં આવી. વિદ્યાર્થીઓની સમજણ ને-પદાર્થમાં એક દ્રવ્ય ને લાગુ પડે અને અનેક ગુણોને લાગુ પડે એ રીતે બંને અલગ પાડીને સમજાવ્યું. નય જ્ઞાન સાધન હોવાથી અને એટલો જ જ્ઞાનનો ક્ષયોપશમ હોવાથી ભેદ પાડી ને સમજાવવું અને ભેદ વડે સમજવું અનિવાર્ય છે. તે જ દષ્ટિને ૧૦૦% આપ્યા બાદ એ એક અને અનેકને અવિરોધ પૂર્વક પદાર્થમાં કેવી રીતે સ્થાન મળે છે તેનું માર્ગદર્શન શિક્ષકે આપ્યું.

હવે ના પાઠમાં ક્ષણિક લક્ષણ સમજાવવું છે એ ખરેખર તો એક-અનેકની માફક નિત્ય-અનિત્ય એ પણ તે જ રીતે પરસ્પર વિરોધી ધર્મો છે. જે કાયમ ટકતું હોય તે નાશવંત ન હોય. જે સર્વથા ક્ષણિક હોય તે શાશ્વત ન હોય એવી પ્રાથમિક સમજણ સર્વ માન્ય છે. તેથી જ વેદાંત અને બૌદ્ધ ધર્મનો વ્યાપક ફેલાવો છે. તે એકાંતવાદી છે. દરેક પદાર્થ માં નિત્ય ધર્મો અને ક્ષણિક લક્ષણ અવશ્ય લક્ષગત થાય છે. તે પરસ્પર વિરોધી અવશ્ય છે પરંતુ સત્‌ અને શૂન્ય જેવા વિરોધી નથી. તે બંને ધર્મો એક જ પદાર્થમાં એકી સાથે લક્ષગત થાય છે. અર્થાત્‌ એ બંને પદાર્થોમા અવિરોધપણે રહેલા છે. આ વાસ્તવિકતા યથાર્થ રીતે સમજવી જોઈએ. તેથી હવે ના આઠ માં પાઠ માં ક્ષણિક, અનિત્ય ધર્મને ભેદ રૂપે લક્ષ ગત કરાવવાનો આશય છે. બાળકો તે ક્ષણિક તત્વને અવશ્ય જાણે છે અને સામે ચાલીને એના દષ્ટાંતો શિક્ષક ને કહે છે. પછી હવે શિક્ષક તેના જ્ઞાનને કેવી રીતે વ્યવસ્થિત કરે છે તે લક્ષ્યમાં લઈએ.

# પાઠ - ૮

રમેશઃ સર, તમે અમને શીખવો છો અને અમે શીખીએ છીએ. અમને જેનો પરિચય છે એ બધું નિરંતર બદલતું સ્વરૂપ જ જોવા મળે છે. તમે દર્શાવો છો એવો કોઇ પદાર્થ શાશ્વત-એકરૂપ-સ્થિર અમને જણાતો નથી.

શિક્ષકઃ તે થોડી ઉતાવળ કરી. પ્રથમ તું જ કહે-તને પદાર્થો કેવા જણાય છે? થોડી રાહ જોઈ હોત તો આજે એ વિષયે આપણે સમજવાના છીએ.

રમેશઃ દરેક જગ્યાએ કંઈક નવું ઉપજતું જોવા મળે છે. તેની સાથે કંઈક તૂટતું પણ જોવા મળે છે. તમે જે સત્ અને શૂન્યની દલિલ દ્વારા કાયમી સત્તા ની વાત કરી તેની સાથે મેળ ખાતો નથી. નવું ઉત્પન્ન થાય છે એમ અનુભવ કહે છે અને તમારી યુક્તિ એની ના પાડે છે તેથી દ્વિધા થાય છે. મૂંઝવણ થાય છે.

શિક્ષકઃ આવી મૂંઝવણ પણ ઉપયોગી છે. ત્યારે જ તેમાંથી સત્ શોધવાની જિજ્ઞાસા જાગે છે. શૂન્યમાંથી સર્જન ન થાય અને હોય તેનો સર્વથા નાશ ન થાય એવી કાળજી રાખ્યા પછી બીજી કોઈ રીતે ઉત્પતિ નાશ શક્ય છે કે નહીં તે આપણે વિચારવાનું રહ્યું, કારણ કે એવું ક્ષણિકપણું અવશ્ય છે. તેથી તે બધું ન્યાય સંગત જ હોય.

નરેશઃ વિચારવા માટે થોડું માર્ગદર્શન આપો.

શિક્ષકઃ કોના ઘરે બગીચો છે? કોણ રોજ બગીચામાં જાય છે?

મગનઃ મારે ઘેર બગીચો છે અને રોજ પાણી પાવા ત્યાં જાઉં છું.

શિક્ષકઃ સરસ, રોજ બગીચાના છોડમાં નાના નાના પાન ફૂટતા હશે. તેનો વિવિધ રંગો અને તેની કુણાશનો તને ખ્યાલ હશે. રોજ થતા ફેરફારો પણ તારા ખ્યાલમાં આવતા હશે અને આશ્ચર્ય સાથે ગમ્મત પણ થતી હશે. પરિપક્વ પાંદડા તેનો રંગ-આકાર અને હાથમાં લેતાં તેના કુમાશ ઘટતી ખ્યાલમાં આવી હશે. છેવટે પાન પીળા પડી અને છુટા પડી જતાં પણ તે જોયા હશે. આ બધું જ તારા શબ્દોમાં બધાને સમજાવ. જેથી પાંદડું શરૂ થાય ત્યારથી લઈને ખરી જાય-અર્થાત્ તેની ઉત્પત્તિથી લઈને નાશ સુધીના તારા નિરીક્ષણ ની વાત કર.

રમેશઃ કાચી કેરીમાંથી પાકી થાય ત્યાં સુધીના ઘણા બધા ફેરફારો મેં જોયા છે.

નરેશઃ શેરીમાં ગલુડિયા જન્મે અને થોડા દિવસમાં કેવા મોટા થઈ જાય છે?

હિતેશઃ મેં કુંભારને ઘડો બનાવતા જોયો છે.

સુરેશઃ મારી બા રોજ રેટિયા ઉપર સુતર બનાવે છે. રૂમાંથી દોરો બનતા જોયું છે.

મગનઃ મારા ઘરમાં એક નવી દિવાલ બનતી હતી તે મેં બરોબર જોયું છે. ઢગલામાંથી એક ઈંટ ઓછી થઈને દીવાલની રચના કરતી હતી.

શિક્ષકઃ નવું ઉત્પન્ન થાય અને નાશ પામતું જાય એવું વિશ્વમાં સદાય બનતું રહે છે. અને તમે બધા એ બરોબર ધ્યાન રાખીને તે જોયું છે. નિરીક્ષણ કરવાની ટેવ ઘણી સારી છે. તેમાંથી ઘણું શીખવા મળે છે. જેમ કે આપણે વૃક્ષોના પાંદડા નો વિચાર કર્યો. હવે તમે દરેકે દાખલા આપ્યા તે કોના હતા એ વિચારો અને તેમાં શું ફેરફાર થયા તે કહો.

મગનઃ બગીચામાં જે પાંદડા ની વાત કરી તે પહેલે થી છેલ્લે સુધી પાંદડું જ હતું. તેમાં કંઇ ફેરફાર થયા નથી.

રમેશઃ કેરી તો કેરી જ રહી હતી.

નરેશઃ કૂતરો તો કૂતરો જ રહ્યો.

સુરેશઃ જે માટી પિંડ રૂપ હતી તે ઘડારૂપ થઈ પણ માટી જ રહી.

હિતેશઃ રૂમમાંથી દોરો અને દોરા માંથી વસ્ત્ર બને પરંતુ તે બધામાં રૂ તો તેના અસલ સ્વભાવ રૂપ જ રહે છે. સુતરાઉ કપડાં પહેરીએ ત્યારે તે રૂ ની જેમ પરસેવો ચૂસ્ત છે.

મગનઃ ઢગલામાં ઈંટ હતી તે દિવાલમાં ઈંટ જ રહી.

શિક્ષકઃ હું આંખ ખોલું. જે દેખાઈ તે જોઇને આંખ બંધ કરી દઉં. આંખ ખુલી ત્યારે જે વસ્તુ દેખાણી –એવી રીતે તમે એક જ સમયમાં આવા ફેરફાર જોયા?

બધાઃ ના–ના આ ફેરફારમાં તો ઘણો સમય ચાલ્યો ગયો.

શિક્ષકઃ અર્થાત તમે જે જોયું તે સ્થિર ચિત્ર હતું કે પ્રવાહ રૂપ હતું?

બધાઃ તે પ્રવાહ રૂપ હતું.

શિક્ષકઃ સરસ, જે નવું ઉત્પન્ન થાય છે તેને ઉત્પત્તિ અથવા ઉત્પાદ કહે છે. જે નાશ પામ્યું તેને વ્યય કહે છે. ઉત્પાદ – વ્યય માત્ર એક સમય પૂરતી વાત નથી. તેથી ઉત્પાદને સારી રીતે સમજવા માટે આપણે તેને સર્જનાત્મક પ્રવાહ એવું નામ આપી શકીએ?

બધાઃ અવશ્ય, એમજ છે. સર્જનાત્મક પ્રવાહ દ્વારા જ ઉત્પાદ સારી રીતે સમજી શકાય છે. અમને લાગે છે કે હવે તમે નાશ–વ્યય માટે વિસર્જનાત્મક પ્રવાહ એમ કહેશો. તમે કહો ત્યાર પહેલા જ અમે તેની હા પાડી એ છીએ.

શિક્ષકઃ ઘણું સરસ. તમે બધા , હોંશથી અભ્યાસ કરો છો તે આનંદની વાત છે. માત્ર શિક્ષક કહે એટલું જ નહીં પરંતુ જે વિષય ચાલે છે તેમાં તમે પણ સાથ પુરાવતા જાવ છો. અભ્યાસની આ સાચી રીત છે. ગુરુ શિષ્યના મેળથી આ સધાય છે.

શિક્ષકઃ હવે આપણે મૂળ વસ્તુનો વિચાર કરીએ. પાંદડું કે ઈંટ એતો તેના અસલ સ્વરૂપે એક રૂપ જ રહે છે ને? સ્થિર રહે છે ને?

રમેશઃ ના, ઈંટ ઈંટરૂપેજ રહે છે. એક રૂપ જ રહે છે. તે વાત સાચી પરંતુ તે અત્યારે પ્રવાહમાં જોવા મળે છે માટે તેને

સાચા અર્થમાં સ્થિર કહી ન શકાય.

નરેશઃ જેમ ઉત્પાદનમાં સર્જનાત્મક પ્રવાહ અને વ્યયમા વિ સર્જનાત્મક કરવા કહ્યું તેમ ધ્રુવ માટે પણ ધ્રુવ પ્રવાહ કહી શકાય!

શિક્ષકઃ ઘણું સુંદર. તમે તમારી રીતે જ એકરૂપ-ધ્રુવને પણ પ્રવાહમાં જોવાની દષ્ટિ કરી તે પ્રશંસનીય છે.

બધાઃ વિશ્વના બધા પદાર્થો આ રીતે નિરંતર પ્રવાહમાં જ જોવા મળે છે એમ આપ સમજાવવા માંગો છો?

શિક્ષકઃ તમને બધાને શું લાગે છે?

રમેશ: દરિયાનો દષ્ટાંત લઈએ તો ત્યાં ભરતી અને ઓટ રૂપે કાંઢા ઉપર જોઈએ કે મધદરીએ જોઈએ પાણી નિરંતર ગતિશીલ જ જોવા મળે છે તેથી લાગે છે કે આ નિયમ બધા પદાર્થોને લાગુ પડે છે.

શિક્ષકઃ આપણે પર્યાયના ક્ષણિક સત્‌ને સમજવાની શરૂઆત કરી હતી. શું નવું ઉત્પન્ન થાય અને નાશ પામે છે તેની મૂંઝવણ હતી. સત્‌ શાશ્વત છે જ નહીં તેથી શૂન્યમાંથી સર્જનનો પ્રશ્ન જ રહેતો નથી. તેની સામે નિરંતર ઉત્પત્તિ-વિનાશ જોવા મળતો હતો, તેનો મેળ બેસતો નહોતો. પરંતુ તમો બધાએ સાથે મળીને તમને રોજના જીવનમાં જે જોવા મળે છે તેને સાચી રીતે સમજવાનો, તેની ખતવણી કરવાનો પ્રયત્ન કર્યો તેનું ફળ તમને બધાને મળ્યું છે. નિત્ય અને અનિત્ય વચ્ચેનો મોટો તફાવત તમે દૂર કરી નાખ્યો છે. એક વસ્તુમાં જ ટકતું અને બદલ તું સ્વરૂપ વિરોધ પામતું નથી, એવો જિનાગમનો સિદ્ધાંત તમે સરળ રીતે સમજી ગયા. તેથી આપણને બધાને સહજ આનંદ આવે એ સ્વાભાવિક છે.

એક જિજ્ઞાસુ વિદ્યાર્થીએ યોગ્ય રીતે જ વ્યય અંગે પોતાની આશંકા રજૂ કરી. તેનું નિરાકરણ ગુરૂ કરે તે પહેલાં જ બીજા વિદ્યાર્થીએ ન્યાયયુક્ત અને યોગ્ય દ્રષ્ટાંત વડે વ્યયને સત્‌ કઈ રીતે મળે છે તે સમજાવ્યું. આવા તૈયાર વિદ્યાર્થીઓ મળે ત્યારે ક્યા શિક્ષકને પ્રમોદ ન આવે? આ વિષયના અનુસંધાનમાં તે વિષયને જ આગળ લંબાવીને પોતે આ વર્ગમાં શું શીખવવા માગે છે તે આપણે જોયું.

જે સ્વભાવનો મહિમા પરમાત્માને પણ છે અને પાત્ર જીવોને પણ છે તેની ચોખવટ માટે વિદ્યાર્થીઓ સ્વભાવને સાચી રીતે સમજી શક્યા છે કે નહીં તેની એકજ પ્રશ્ન દ્વારા કસોટી કરી.

સ્વભાવ કોને કહેવાય? આવા પ્રશ્નનો ઉત્તર આપવાનો હોય અથવા એ અંગે નિબંધ લખવાનો હોય તો તેમાં ઘણી વિધવિધતાને અવકાશ છે. પરંતુ શિક્ષકે તેમ ન કરતા ચાર વાત રજૂ કરી અને તેમાંથી સર્વથી સાચો જવાબ સાચો છે તે પૂછ્યું. બધા વિદ્યાર્થીઓ એ સાચો જવાબ કર્યો તે આનંદની વાત છે. વિદ્યાર્થીઓને એ પણ ખ્યાલ છે કે ભેદ રૂપે વિચારતા બધા સાચા જવાબો જ છે.

ત્યારબાદ શિક્ષકે તેના માધ્યમથી દરેક દ્રવ્યમાં રહેલા સામાન્ય ગુણો તથા તેના સ્વભાવ તથા કાર્યને સંક્ષેપમાં સમજાવ્યું.

# પાઠ - ૯

શિક્ષકઃ આપણે ઉત્પાદ અને વ્યયરૂપ ક્ષણિક પર્યાય નું સ્વરૂપ સમજવાનો પ્રયત્ન કર્યો. શૂન્યમાંથી સત્ અને સત્નો આત્યંતિક નાશ શક્ય નથી તેને લક્ષમાં રાખીને જે રીતે આપણે બદલતા સ્વરૂપનો ખ્યાલ કરીને પર્યાયના બદલતા સ્વરૂપને લક્ષમાં લીધું તેમાં આપણે જૈન દર્શનનો અગત્યનો સિદ્ધાંત સમજી લીધો. ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુકતમ્ સત્ અર્થાત ઉત્પાદ-વ્યય અને ધ્રુવપણું એ જ સત્નું લક્ષણ છે. આપણે શરૂઆત કરી હતી. ત્રિકાળ સત્ની સ્થાપનાથી સત્નો ક્ષેત્ર અને સ્વભાવ સાથેનો અવિનિભાવ સંબંધ લક્ષમાં લીધો. ત્યારબાદ આપણે એક અનેક દ્વારા દ્રવ્ય અને ગુણ ના સંબંધો સમજવાનો પ્રયાસ કર્યો. હવે આપણે જ્યારે નિત્ય-અનિત્ય રૂપ દ્રવ્ય-પર્યાયનો વિચાર કરીએ ત્યારે ત્યાં માત્ર દ્રવ્ય-ગુણ-પર્યાયની જ સ્થાપના થતી નથી. ત્યાં સાથોસાથ ઉત્પાદ-વ્યય-અને ધ્રુવ પણ આપણને સમજાવા લાગ્યા. અત્યાર સુધી આપણે અભ્યાસનો જે પ્રયત્ન કર્યો છે મોટાભાગનું તો આપણી સમજણમાં હતું તેને એક વ્યવસ્થિત રૂપ આપ્યું છે.

રમેશઃ આગળ અભ્યાસ કરતા પહેલા તમે પદાર્થમાં રહેલા દ્રવ્ય-ગુણ-પર્યાય-ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ છ પ્રકારે ભેદની વાત લીધી. મને એમ લાગે છે કે અમને પહેલા તે દરેકના સ્વરૂપને અલગ રૂપે દઢ કરવા દો પછી જ સંબંધ ને અમે સારી રીતે સમજી શકીશું.

નરેશઃ આપણે જે બની રહ્યું છે તેને સમજવાનો પ્રયત્ન કર્યો ત્યારે ભેદથી વિચારતા આપણે આ બધાનો સ્વીકાર કર્યો છે. સર, આપણને વ્યવસ્થિત શીખવે છે. રમેશના સૂચન મુજબ આપણે એ છ ને અલગથી સ્પષ્ટ સમજી લઈએ. દ્રવ્ય નિત્ય સ્વભાવ છે. તેના ભેદ રૂપ વર્ણનને ખરેખર તો તેના ત્રિકાળ ભેદને ગુણ કહે છે. આ નિત્ય સ્વભાવ એકાંત નિત્ય નથી. તે બીજી અપેક્ષાએ નિરંતર પરિણમનશીલ છે. તેને પરિણમનના પ્રવાહમાં જોઈએ ત્યારે તે જ ઉત્પાદ-વ્યય-ધ્રુવ રૂપ લક્ષમાં આવે છે. આ રીતે જોવાથી આપણને તેની ક્ષણિક પર્યાયો લક્ષમાં આવે છે.

મગનઃ ઉત્પાદ એ સર્જનાત્મક પ્રવાહ છે. વ્યય એ વિસર્જનાત્મક પ્રવાહ છે. અને તે જેના છે તે દ્રવ્ય પણ પરિણમનના પ્રવાહમાંથી પસાર થાય છે માટે તેનો ધ્રુવ પ્રવાહ છે.

હિતેશઃ મને પણ આ સમજાય છે. પરંતુ એક પ્રશ્ન રહે છે. વ્યય એટલે કે નાશ અભાવ. તો તેને સત્ કેવી રીતે મળે?

રમેશઃ તારા તર્કને અને પ્રશ્નને સ્થાન અવશ્ય છે. પરંતુ વિચાર કરીશ તો ખ્યાલ આવશે કે વ્યય નો શબ્દાર્થ અભાવ ન કરતા આપણે વિસર્જનનો પ્રવાહ કર્યો છે. બીજું દૃષ્ટાંત લેવાથી એ સમજવું સુગમ પડશે.

સુદ એકમથી પૂનમ સુધી ચંદ્રની એક એક કળા ખીલતી જાય છે અને વદ એકમથી ઘટતા ઘટતા છેવટે

અમાસને દિવસે ચંદ્ર દેખાતું નથી. સુદ એકમથી પૂનમ સુધી સર્જનાત્મક પ્રવાહ છે તેમ વદ એકમથી વિસર્જનનો પ્રવાહ શરૂ થાય છે. તેથી તે બંને પ્રવાહને સત્ અવશ્ય મળે છે. અમાસ એટલે વ્યય -નાશ એટલું જ લક્ષમાં લેતા તેને સત્ કેવી રીતે મળે તે પ્રશ્ન તને થયો.

હિતેશઃ સારી રીતે સમજાવ્યું ભાઈ, હવે મને પ્રશ્ન નથી. હું વ્યયને પ્રેમથી સત્ આપીશ.

શિક્ષકઃ તમે અંદરો અંદર વિચારીને સાચું ચિત્ર લક્ષમાં લ્યો છો તો એ આનંદની વાત છે. હવે તમને સવાલ કરું છું કે સ્વભાવ કોને કહેવાય? તમે ચાર જવાબમાંથી સાચો જવાબ મને કહો.

(૧) નિત્ય ટકવું એ સ્વભાવ છે.

(૨) નિરંતર બદલતા રહેવું એ સ્વભાવ છે.

(૩) ટકવું અને બદલવું એ સ્વભાવ છે.

(૪) ટકીને બદલવું તે સ્વભાવ છે.

રમેશઃ નિત્ય ટકવું તે સ્વભાવ છે તેમ કહ્યું ત્યારે જ આંગળી ઉંચી કરવાનું મન થયું હતું પરંતુ સારું થયું કે મેં ઉતાવળ ન કરી. હવે કહું છું કે ટકીને બદલવું તે સાચો જવાબ છે.

બધાઃ રમેશ ની વાત તદ્દન સાચી છે.

શિક્ષકઃ તમોને સામાન્ય ગુણો, તેમના નામ અને સ્વભાવનો ખ્યાલ છે?

નરેશઃ દરેક દ્રવ્યમાં અનંત સામાન્ય ગુણો હોય છે. તેમાં છના નામ આપવામાં આવ્યા છે પણ તમે જ વિશેષ બતાવો. (સમજાવો)

શિક્ષકઃ જેને આપણે સત્ રૂપે પહેલેથી જ લક્ષમાં લીધું છે તે અસ્તિત્વ નામનો સામાન્ય ગુણ છે.

જે ક્ષેત્રનો વિચાર કર્યો તે પ્રદેશત્વ ગુણનું કાર્ય છે. જે ત્રિકાળ સ્વભાવ છે તે ખરેખર વસ્તુત્વ ગુણ નો ધર્મ છે. જે બદલવા રૂપનું કાર્ય છે તે દ્રવ્યત્વ ગુણનું કાર્ય છે.

આ ચાર ગુણનો યોગ્ય ખ્યાલ કરવાથી સત્-ક્ષેત્ર-સ્વભાવ તેમજ દ્રવ્ય-ગુણ-પર્યાય સરસ રીતે સમજી શકાશે.

હિતેશ: હવે પદાર્થમાં આથી વિશેષ કાંઈ સમજવાનું બાકી રહ્યું છે કે આ વિષય પૂરો થાય છે?

શિક્ષકઃ ખોટી ઉતાવળ કરો માં. હજી આપણે આના દ્વારા એક મહત્વના સિદ્ધાંત નો નિર્ણય કરવાનો છે.

શિક્ષક આગળ અભ્યાસ ચાલુ કરે ત્યાર પહેલાં જ વિદ્યાર્થીઓએ પાઠ આઠમા જે નિત્ય-અનિત્ય ધર્મનો અભ્યાસ કર્યો હતો તેની દઢતા કરવા માટે આપસમાં જ (શિક્ષકની હાજરીમાં જ) એ અંગે આગળ વિચારણા કરીને ઉત્પાદ -વ્યય -ધ્રુવ યુક્તમ સત્ ને સચોટ રીતે સમજીને દઢ કરવાનો પ્રયત્ન કર્યો.

આ નવ પાઠ સુધી નું લખાણ બધા માટે જરૂરી છે. એક અપેક્ષા એ આવશ્યક છે. પદાર્થના અંતરંગ સ્વરૂપની સમજણ જેટલી વ્યવસ્થિત, તે મૂળ શાસ્ત્રોમાં જ્યાં જીવની મુખ્યતાથી લખાણ હોય તે સમજવું સહેલું થઈ પડે છે, ચારે અનુયોગ નું તાત્પર્ય વીતરાગતા છે. એનો સાચો ખ્યાલ આવા અભ્યાસીને જ આવે છે.

દરેક પદાર્થની સ્વતંત્રતા એ તો પ્રયોગાત્મક ભેદજ્ઞાનનો પાયો છે અને એના જોરમાં જ એ વ્યક્તિ સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ ઉપાડી શકે છે.

હવે પછીના જે ચાર પાઠ છે તે એક અપેક્ષાએ પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ છે. તેમાં રહેલી બધી વાતને શક્યતઃ મૂળ શાસ્ત્રના લખાણને અનુલક્ષીને તે લખાણ નું મહત્વ ખ્યાલમાં આવે એ રીતે લખાયેલા છે. જે સિદ્ધાંત ને મૂળ શાસ્ત્રનો આધાર મળે તે અંગે કોઈ વિવાદ કરે નહીં. વાચક એવા શબ્દો ના વાચ્ય અંગે વિવાદ શક્ય બને છે કારણ કે જુદા જુદા વિષયના અનુસંધાનમાં એક જ શબ્દનો પ્રયોગ થાય છે. જેમકે-દર્શન-શબ્દ જીવના બે અસાધારણ ગુણ ને લાગુ પડે છે. તે ઉપરાંત વાચક શબ્દ અને તેનું વાચ્ય એ સમજવા ઉપરાંત આચાર્યદેવ કોના અનુસંધાનમાં આ શબ્દપ્રયોગ કરે છે અને તે પાત્ર જીવ ને કઈ રીતે માર્ગદર્શન આપવા માગે છે વગેરે પ્રકારે આચાર્યના આશયની સમજણથી વાંચ્ય સહેલાઈથી પામી શકાય છે.

આ પાંચ પાઠ માં દ્રવ્ય બંધારણનો ઊંડાણથી અભ્યાસ કરવામાં આવે છે. અત્યાર સુધી વિદ્યાર્થીઓએ આ અભ્યાસમાં સારો એવો રસ લીધો છે. તેમનો રસ, સમજવાની ઇંતેજારી અને હોંશ લક્ષમાં લેતા તેઓ આ વિષયમાં નિપુણ થાય અને સાથોસાથ પોતાની સમજણ અંગે નિઃશંક થાય તે ઇચ્છનીય છે. અત્યાર સુધી જે વાતમાં શાસ્ત્રનો આધાર લીધો નથી. હવે ના અભ્યાસમાં જ્યાં જરૂરી છે ત્યાં શિક્ષક પોતાની વાત શાસ્ત્રોના આધાર સહિત રજુ કરશે. આ વાત પણ નિઃશંકતા માટે જરૂરી છે.

પાઠ-૯ સુધીમાં જે વાતની, જે જે પ્રકારે સ્પષ્ટતા થઇ ને તમામ વિષયો વસ્તુના અંતરંગ અનેકાંતનો જ એક આવશ્યક વિસ્તાર છે, તે શિક્ષક સ્પષ્ટ રીતે રજૂ કરે છે. સર્વ પ્રથમ આ પ્રકારની સમજણ છે તે પદાર્થ બંધારણ જ છે. તે અંતરંગ અનેકાંત છે કારણ કે તેને સમજવા કે સમજાવવા માટે કોઈ બાહ્ય સાધનની જરૂર નથી પરંતુ તેને સમજાવવા માટે શબ્દ પ્રયોગ અનિવાર્ય છે. આ શબ્દો છે એક-અનેક તથા એકત્વ-બંધારણને સમજવા માટે આ શબ્દનો પ્રયોગ કોના અનુસંધાનમાં-કયા ભાગને-વિષયને-સમજાવવા માટે કરવામાં આવે છે તેનો વિચાર આપણે ચાલી ગયેલા પાઠમાં કરી ગયા છીએ. પદાર્થ દ્રવ્ય અપેક્ષા એ એક છે અને ગુણ ભેદ અપેક્ષાએ અનેક છે. ત્યાં આપણે દ્રવ્ય અને પદાર્થ એવા બે શબ્દોનો ઉપયોગ કથંચિત ભિન્ન દશાને અનુલક્ષીને કરેલો. તેથી એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે આપણે પરથી જુદા

પડીએ એટલું પર્યાપ્ત છે. પછી તેને પ્રમાણનું દ્રવ્ય કહેવાય અને તે સ્વરૂપ અસ્તિત્વ સત્તા છે. અહીં સુધી પહોંચીને તેમાં હું પણું સ્થાપવા ને બદલે દ્રવ્ય સામાન્યમાં હુંપણું સ્થાપવાનું કહેવામાં આવે છે તે શા માટે ? આ પ્રશ્ન કરનારના અભિપ્રાયમાં દ્રવ્ય સામાન્ય એ પદાર્થનો એક અંશ છે. પરંતુ તેમ નથી.


બંધારણની શરૂઆત જ આપણે સત્‌ની-દ્રવ્ય સામાન્યની સ્થાપનાથી કરી છે. તે અભેદ સત્તા છે તથા ગુણ અને પર્યાયો તેના ભેદ છે. તે આપણે સમજ્યા છીએ. વળી દ્રવ્ય સામાન્ય સ્વભાવ હંમેશા ગુણ અને પર્યાય સહિત જ છે. તેથી હવે આપણે એ નક્કી કરવું છે કે દ્રવ્ય સામાન્ય હંમેશા ગુણ પર્યાયરૂપ જ છે. તેથી તે રીતે તેને લક્ષમાં લેતા, તે રીતે સમજતા તે સ્વરૂપ અસ્તિત્વ સત્તા જ છે. દૃષ્ટાંતો દ્વારા સમજવું સુગમ પડશે. લગ્નના આમંત્રણમાં ક્યાંક સહકુટુંબ અથવા ક્યાંક વ્યક્તિગત એમ લખાણ આવે છે. નામ તો એક જ છે. આમંત્રણ જો વ્યક્તિગત હશે તો પોતે એકલો જશે અને સહકુટુંબ માં બધાને સાથે લઈને જશે. આ રીતે લક્ષમાં લેતા 'હું'એકને જ લાગુ પડે છે. આ રીતે સમજણ ને વ્યવસ્થિત કરવાથી પરથી જુદો એક તે હું જ છું. તેમાં જ હુંપણું સ્થાપવાનું છે.

હવે બીજી અગત્યની વાત જે એક છે તે જ અનેક કઈ રીતે કહી શકાય તે છે. તેની ચોખવટ એ પ્રકારે છે કે ત્યાં એક શબ્દ છે તે એકત્વના અર્થમાં લેવામાં આવે છે. તે એકાંતિક એક નથી. આ વાત અંગે વિદ્યાર્થીઓ મૂંઝવણ ન અનુભવે કે ખોટા તર્ક ન કરે તેથી દરેકના જ્ઞાનમાં સહેલાઇથી સમજાય એવા સુગમ દૃષ્ટાંતથી શિક્ષક રજૂઆત કરે છે. આલ્ફાબેટ તથા તેના ૨૬ અક્ષરોને દ્રષ્ટાંત રૂપે રજૂ કરે છે. વિદ્યાર્થીઓને આટલું માર્ગદર્શન પૂરતું છે. તેને માટે આ વિષય નવો નથી. એ જ રીતે વિદ્યાર્થીઓએ ગણિતનો પણ અભ્યાસ કર્યો છે. તેને અક્ષરો અને તેના કાયમપણાને સલામત રાખી ને શબ્દો, વાક્યો અને પાઠ કઈ રીતે રહેલા છે તેનો બરોબર ખ્યાલ આવી જાય છે. તેથી હવે જે ૧૦ મો પાઠ લેવામાં આવે છે તેમાં વિદ્યાર્થીઓને કેવી સરળ રીતે શિક્ષક સમજાવે છે તે લક્ષમાં લેતા બધાને શિક્ષણ પદ્ધતિ નો મહિમા સમજાશે.

# (પાઠ ૬ થી ૯) દ્રવ્ય બંધારણ-વિશેષ વાંચન

પ્રશ્ન-૧ પદાર્થનું સામાન્ય સ્થૂળ સ્વરૂપ દર્શાવ્યા બાદ સત્-ક્ષેત્ર અને સ્વભાવને ત્રણના વિસ્તાર દ્વારા પદાર્થનું નિત્ય અવસ્થિત પણું સિદ્ધ કર્યા બાદ હવે આ બધા પાઠ માં શું સમજાવવામાં આવ્યું છે?

ઉત્તર-૧ જેને નિત્ય સ્વભાવ રૂપે સ્થાપના કરી તેને તે પદાર્થ નિરંતર નવા નવા રૂપે જ જોવા મળે છે. તેથી હવે બદલતુ સ્વરૂપ શું છે તે આ પાઠો માં સમજાવ્યું છે. પદાર્થને ઉત્પાદ-વ્યય-ધ્રુવ રૂપ સમજાવ્યું છે. તે આ પ્રમાણે-




પ્રશ્ન-૨ નિત્ય સ્વભાવ તો લક્ષગત થતો જ નથી. માત્ર પરિણામો જ જોવા મળે છે તેથી જીવના પરિણામને દ્રવ્ય કર્મના સંબંધથી થતા અનાદિથી અનંતકાળ સુધીના પરિણામોનું વિસ્તારથી વર્ણન સમયસાર શાસ્ત્રમાં વર્ણવ્યું છે.

ઉત્તર-૨ ભાઈ, તમે સમયસાર શાસ્ત્રનો આધાર આપો છો ત્યારે તે શાસ્ત્રની રચનાનું પ્રયોજન શુદ્ધાત્મા દર્શાવવાનું છે એવી પ્રતિજ્ઞા આચાર્યદેવે કરી છે. વળી છેલ્લા અધિકારમાં પરિણમતા દ્રવ્યના સમયવર્તી પરિણામને (નટેધરેલા સ્વાંગને ગૌણ કરીને) સ્વભાવને જાણી શકાય છે એમ દર્શાવાયું છે.

પ્રશ્ન-૩ તમારી વાત માન્ય કરું છું. તમે નિત્ય અને અનિત્ય ધર્મનો સમંવય દર્શાવવા માગો છો. પરંતુ મને પ્રશ્ન થાય છે કે તમે નિત્ય અનિત્ય ની વાત ન કરતા શરૂઆતના પાઠો માં માત્ર એક અનેક અર્થાત દ્રવ્ય અને ગુણની વાત કરી, આમ શા માટે કર્યું તે સમજાતું નથી.

ઉત્તર-૩ તમે યોગ્ય રીતે સમજવા માંગો છો તે ગમ્યું. તમે લક્ષમાં લીધું હશે કે સીધું શીખવવાનું કરવાને બદલે શિષ્યો જે જાણે છે તે વાત તેના જ મોઢેથી જ રજૂ કરીને તેમના જ્ઞાનને વ્યવસ્થિત કરીને જિનાગમ મૂળભૂત સિદ્ધાંતો રૂઢ કરાવવા માગે છે. તમે પ્રશ્ન કર્યો છે ત્યારે તમે જ તેનો સાચો જવાબ શોધી કાઢો.

પ્રશ્ન-૪ શિષ્ય થોડું માર્ગદર્શન આપે.

ઉત્તર-૪ ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત ફરીને અભ્યાસમાં લ્યો. સર્જનાત્મક અને વિસર્જનાત્મક પ્રવાહની વાત લીધા પછી સહજ રૂપે ધ્રુવ પ્રવાહની સ્વીકાર્યો શા માટે? વળી શું ઉત્પન્ન થયું અને તેનો નાશ થયો? તે વિચારતા તમને જવાબ મળી જશે.

શિષ્ય, નવું કંઈ ઉત્પન્ન ન થાય તો શું ઊપજ્યું ? એક પર્યાય-એક અવસ્થા અને એક વ્યવસ્થા-હવે ખ્યાલ આવ્યો. જો એકાંતિક એક હોય તો વ્યવસ્થાનો પ્રશ્ન જ નથી. અનેક હોય તો જ તેમની વચ્ચે વ્યવસ્થાની શક્યતા છે. દીવાનખાનામાં ઘણું ફર્નિચર છે તેની નવી નવી ગોઠવણી કરી શકાય છે. હવે જો દ્રવ્ય એકાંતિક એક હોય તો પર્યાયના ઉત્પત્તિ વિનાશ શક્ય જ નથી. તેથી તો આ પાઠો માં દ્રવ્ય અને ગુણ વચ્ચે નિત્ય પક્ષના એક અનેકની વાત પ્રથમ લેવામાં આવી છે.

પ્રશ્ન-૪ દ્રવ્ય અને પર્યાય દરેકની કાળ અવધી કેટલી છે?

ઉત્તર-૪ નિત્ય સ્વભાવ અનાદિ અનંત છે. તે અપેક્ષા એ એક પર્યાય-એક વ્યવસ્થા ની અવધિ એક સમયની જ છે, પરંતુ ક્ષણિક ધર્મનો વિચાર કરીએ તો અનિત્ય ધર્મ પણ અનાદિ અનંત જ છે. તેથી જેમ સત્-ક્ષેત્ર-સ્વભાવ શાશ્વત છે તેમ તેની સાથે ક્ષણિક ધર્મ પણ અનાદિ અનંત છે. અસ્તિત્વ-પ્રદેશ સત્વ-વસ્તુત્વની સાથે દ્રવ્ય ત્વ ગુણ પણ શાશ્વત છે.

પ્રશ્ન-૫ પર્યાય શું છે?

ઉત્તર-૫ નિત્ય સત્ ની ઓથમાં પ્રગટતું એક સમયની અવધી વાળુ ક્ષણિક સત્.

પ્રશ્ન-૬ એક નિત્ય સત્ માંથી કેટલી પર્યાયો પ્રગટ થાય છે?

ઉત્તર-૬ એક નિત્ય સત્માંથી અનાદિથી અનંતકાળ સુધીક્રમપૂર્વક પ્રગટ થતી અનંત પર્યાય હોય છે. પ્રત્યેક પર્યાય ની એક વિશિષ્ટતા હોય છે. તેથી તેને 'વ્યતિરેક' કહેવામાં આવે છે. આ રીતે દ્રવ્યમાં અનાદિથી અનંતકાળ સુધી બદલતા પરિણામો પ્રવાહ રૂપે લક્ષમાં આવે છે.

પ્રશ્ન-૭ પર્યાયોક્રમ પૂર્વક થાય છે તે દ્રષ્ટાંત પુર્વક સમજાવો.

ઉત્તર-૭ એક સમયે મિથ્યાત્વ-બીજા સમયે સમકિત. એક સમય અલ્પજ્ઞ-બીજા સમયે સર્વજ્ઞ. આગલા સમયે સંસારી પછીના સમયે સિદ્ધ.

પ્રશ્ન-૮ ઉત્પાદને સારી રીતે સમજવું હોય તો કેવી રીતે સમજાય?

ઉત્તર-૮ તે એક સર્જનાત્મક પ્રવાહ છે એમ સમજાવવાથી ભાવ ખ્યાલમાં આવે છે. એ રીતે વ્યયને પણ વિસર્જનાત્મક પ્રવાહ કહી શકાય છે. સુદ એકમથી પૂનમ અને વદ એકમથી અમાસ વડે સ્પષ્ટ થાય છે.

પ્રશ્ન-૯ આ દષ્ટાંત બરોબર નથી. ચંદ્રનાનો મોટો થતો નથીઃ

ઉત્તર-૯ ચંદ્ર નાનો મોટો થતો નથી. કેટલો ભાગ પ્રકાશિત થાય છે અને કેટલો પ્રકાશિત નથી તે અપેક્ષા છે. પરંતુ બીજું દષ્ટાંત વધુ સુગમ રહેશે. માટીનો પિંડ-તે પણ માટેની એક અવસ્થા છે. કુંભાર તેમાંથી ઘડો બનાવે છે. ત્યાં પિંડની અવસ્થા નું વિસર્જન થાય છે અને ઘડાની ઉત્પત્તિ થાય છે. તે દરમિયાન માટી પણ માટી રૂપે એકરૂપ પરિણમે છે. આ રીતે સર્જન વિસર્જન અને ધ્રુવ એવા ત્રણ પ્રવાહ લક્ષમાં લઈએ પછી એ બધું એક જ છે. તે ઉત્પાદ-વ્યયધ્રુવ યુકતમ સત્ છે. જે ઘડાની જન્મ ક્ષણ છે તે જ પિંડની નાશ ક્ષણ છે. સમય ભેદ નથી.

પ્રશ્ન-૧૦ વ્યય એટલે અભાવ-અવિદ્યમાનતા-તેને સત્ કેવી રીતે મળે?

ઉત્તર-૧૦ વ્યયને સારી રીતે સમજવા માટે જ આપણે વિસર્જનાત્મક પ્રવાહ રૂપે વિચાર્યું. તેથી તેને સત્ અવશ્ય મળે છે. વળી ધ્રુવ પ્રવાહને લક્ષમાં લેવાથી ખ્યાલ આવે છે કે મૂળ સ્વભાવ તો સલામત જ છે. વ્યવસ્થા બદલાય છે. તેને વ્યવસ્થાના ઉત્પાદ-વ્યય કહ્યા છે.

# (પાઠ-૧૦) અનેકાંતનું સ્વરૂપ અને તેનું મહત્વ

શિક્ષકઃ દ્રવ્ય-ગુણ-પર્યાય તથા સત્ ક્ષેત્ર અને સ્વભાવ વડે આપણે વિશ્વના પદાર્થોને સમજવાનો પ્રયત્ન કર્યો. મુખ્ય ધરી શાશ્વત રાખીને આપણે આ બધો વિસ્તાર સમજ્યા છીએ. દ્રવ્ય અને ગુણ ભેદ દ્વારા આપણે તે જ સત્‌ને એક અનેક રૂપે લક્ષમાં લીધું છે એ જ પ્રમાણે દ્રવ્ય અને પર્યાય ના ભેદ દ્વારા આપણે તે જ સત્ ને નિત્ય અનિત્ય રૂપે લક્ષમાં લીધું.

દ્રવ્યની અપેક્ષાએ ગુણો અને પર્યાયો બંને તેના ભેદ રૂપે લક્ષમા આવે છે. તેથી દ્રવ્ય અભેદરૂપ છે. એમ નક્કી થાય છે. અર્થાત સત્ અભેદરૂપ એક છે. તેને વિસ્તારથી જોઈએ તો તેના અંતરંગ માં ગુણ-પર્યાયરૂપ ભેદો લક્ષમાં આવે છે. આપણે એ પણ જોયું કે દ્રવ્ય અને ગુણ દરેકને અલગ રૂપે સત્ અને સ્વભાવ રૂપે લક્ષમાં લઇ શકીએ છીએ તો પણ બધા નુ ક્ષેત્ર એક જ છે. દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે સ્વભાવ ભેદ હોવા છતાં તેમની વચ્ચે પ્રદેશ ભેદ નથી. આ એક અખંડ સત્તા છે. કોઈ ભેદ છુટા નથી કે છુટા પાડી શકાતા નથી.

જૈન દર્શન આને અનેકાંત સ્વભાવ રૂપે દર્શાવવા માગે છે. જે કોઈ અપેક્ષાએ અભેદ એક રૂપ છે. તે અપેક્ષા ફેરવીને લક્ષમાં લેતા અનેક રૂપ છે. અર્થાત પદાર્થ દ્રવ્ય અપેક્ષા એ એક છે. ગુણ ભેદ અપેક્ષાએ અનેક છે. પર્યાય ભેદરૂપે અનેક છે. આ દરેક પદાર્થનું અંતરંગ બંધારણ છે. તેને સમજવા માટે એક અનેક અને એકત્વ આ ત્રણ શબ્દો, અપેક્ષાઓ સ્યાદવાદ શૈલીથી જ સમજાવી શકાય છે.

આ અનેકાંતને યથાર્થ રૂપે સમજ્યા વિના પદાર્થના ઉત્પતિ વિનાશ સમજી શકાશે નહીં. તે કઈ રીતે છે તે હવે જોઈએ.

રમેશઃ આપણે અત્યાર સુધી જે સમજ્યા છીએ તેની સારી સમાલોચના કરી અમે પણ પદાર્થની અખંડતા ને બિરદાવી શકીએ છીએ. અમને તેનું મહત્વ સમજાય છે.

નરેશઃ અનેકાંતને યાદ કર્યા વિના પણ આપણે દ્રવ્ય પર્યાયરૂપ પદાર્થ સુધી પહોંચી ગયા છીએ. તો હવે તેમાં આ સમજવા માટે અનેકાંતનુ જ્ઞાન આવશ્યક છે એમ શા માટે કહો છો?

શિક્ષકઃ તમે બધા હોંશથી સમજો છો તેથી સિદ્ધાંતોને ઊંડાણથી સમજાવવાનું મન થાય છે. સૂક્ષ્મ બોધનો અભિલાષી એ જ પાત્ર જીવનું લક્ષણ છે. જ્ઞાનમાં જેટલી ચોખવટ એટલું જ્યારે સ્વભાવ સન્મુખ કામ કરવું હોય તે સુગમ થાય છે. નવા દષ્ટાંતો લેવાથી તમે અનેકાંત નો ખરો મહિમા કરી શકશો.

શિક્ષક : આપણે ધ્રુવ પ્રવાહથી ચાલુ કરીએ. પરિણમનના પ્રવાહમાંથી પસાર થવા છતાં મૂળ સ્વભાવને આંચ આવતી નથી. તે સ્વભાવ એકરૂપ જ રહે છે. હવે આપણે આલ્ફાબેટનો આધાર લઈને વિચાર કરીએ. આલ્ફાબેટમાં ૨૬ અક્ષરો છે. હવે આલ્ફાબેટ ને એક કહીએ તો ૨૬ અક્ષરો ને તેના ભેદ રૂપ ખ્યાલ માં લઈએ. હવે વિચારો (અ-ઇ) વગેરે અક્ષરોને કોઈ આંચ ન આવે તે રીતે પરિણામનો વિચાર કરવો છે. સમજવા માટે માત્ર (અ) નો વિચાર કરીએ તો તેના પરિણામ કઈ રીતે શક્ય છે?

રમેશઃ તમે પહેલા આલ્ફાબેટ ને એક કહો છો અને હવે(અ) ને એક કહો છો અને તેના પરિણામનો વિચાર કરવાનું કહો છો તેનું રહસ્ય શું છે?

નરેશઃ મને વિચાર આવે છે કે આપણે આલ્ફાબેટ ના ૨૬ અક્ષરો મારફત અનેક શબ્દો વાક્યો અને પુસ્તકો લખી શકીએ છીએ. તેને લક્ષ્યમાં લઈએ તો વિચાર આગળ ચાલે.

મગનઃ આ બધા શબ્દો લખીએ ત્યારે પણ (અ) વગેરે શબ્દો તો એવાને એવા જ રહે છે. તેમાં કોઈ ફેરફાર થતા નથી, (અ) ને આપણે સ્વભાવ કહીએ તો તે ટકી રહે છે.

રમેશઃ ફેરફારમાં રહસ્ય છે. (છઅઝ-અછઝ-ઝઅછ) ત્રણ અલગ શબ્દો કેવી રીતે બન્યા? (અ) અલગ હતા તેનું અલગ પણું સલામત રાખીને તેમની વચ્ચેના સંબંધો બદલાવ્યા તેથી નવી રચના થઈ.

નરેશઃ એનો અર્થ એ થયો કે માત્ર એકનો જ વિચાર કરીએ તો તે શક્ય નથી. જો તે બીજી અપેક્ષાએ અનેક હોય તે અનેક અનેક રૂપે રહીને એકબીજા વચ્ચે સંબંધો બદલાવે તો નવા રૂપ જોવા મળે.

શિક્ષકઃ તમો સાચી દિશામાં આગળ વધી રહ્યા છો.

મગનઃ જેને આપણે ઉત્પત્તિ વિનાશરૂપે જોઈએ છીએ તે બદલાતા સંબંધથી લક્ષ માં આવતા રૂપના જન્મ-મરણ છે. અસલ સ્વભાવ તો સલામત જ રહે છે.

શિક્ષકઃ ઘણું સરસ. જે એક છે તે એકાંતિક એક હોય તો તેના પરિણામ શક્ય જ નથી. તે બીજી અપેક્ષા અનેક હોય અને તે અનેક વચ્ચેના સંબંધો બદલતા રહે તે જ પર્યાય છે. હવે તમને અનેકાંત નો મહિમા સાચા અર્થમાં આવશે.

રમેશઃ ઘણી સરસ રીતે સમજાવ્યું અને તમારા માર્ગદર્શન નીચે અમે દ્રવ્ય પર્યાય ની રચના તથા તેમાં અનેકાંત ની ભૂમિકા સારી રીતે સમજી શક્યા છીએ.

નરેશઃ મને લાગે છે કે આજના દિવસ પૂરતું આટલું બસ છે. આપણે જે સિદ્ધાંત સમજ્યા છીએ તેની મજબૂતી કરવી આવશ્યક છે.

# પાઠ - ૧૧

શિક્ષકઃ આજે શું કરવું છે? નવું શીખવું છે?

હિતેશઃ ના, સાહેબ જેટલું શીખ્યા છીએ તેને બરોબર વ્યવસ્થિત કરવાનો સમય આપો.

રમેશઃ મને લાગે છે કે સર જે સમજાવવા માગે છે તે નવું નથી પરંતુ આપણું ચિત્ર વધુ વ્યવસ્થિત થાય એવું કરવા માગે છે. તેથી ભાઈ હિતેશ, તું તૈયાર થઈ જા.

હિતેશઃ હું તૈયાર જ છું. આ તો સરે પૂછ્યું એટલે જવાબ આપ્યો.

શિક્ષકઃ અનેકાંતની સાથે સ્યાદવાદ શૈલીને પણ સમજી લો. સમજવું કે સમજાવવું હોય તો ભેદ નું અવલંબન આવશ્યક છે. જેમકે તીખું એટલું મરચું. હવે જો ભેદ અનંત છે અને શબ્દો મર્યાદિત છે તો તે બે નય દ્વારા સમજાવી શકાય. જેમ કે પ્રકાશ માટે અજવાળું અંધારું શબ્દ બે છેડારૂપી ભાવ સમજાવે છે. હવે પદાર્થ નું સ્વરૂપ સમજાવવું હોય તો એ પ્રમાણે સમજવાથી નિત્ય-અનિત્ય તથા અભેદ ભેદ આવી રીતે લક્ષમાં આવે છે.

<u>પદાર્થ</u>

દ્રવ્ય → ગુણ → ધ્રુવ

પર્યાય: ઉત્પાદ, વ્યવ

સત્‌ને કેન્દ્રમાં રાખીને સમજાવીએ તો

સત્‌

| | | |
|---|---|---|
| અભેદ | ભેદ | } આ પ્રકારે સમજાવી શકાય. |
| નિશ્ચય | વ્યવહાર | |
| મહાસત્તા | અવાંતર સત્તા | |
| એક | અનેક | |
| નિત્ય | અનિત્ય | |
| એકસમય | ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ રૂપે | |
| ત્રિલક્ષણ | | |

પદાર્થ અખંડ હોવાથી મહાસત્તા-અવાંતર સત્તા બંનેને સપ્રતિપક્ષ કહ્યા છે. એટલે કે બેમાંથી માત્ર કોઈ એકને જ માનવા માગો તો તેમાં બે માંથી કોઈ સાબિત ન થાય. સત્‌ને સમજાવવા માટે આ રીતે લેવામાં આવે છે.

છગનઃ હું કેમેસ્ટ્રીનો વિદ્યાર્થી છું. આ ટેબલ જોતા મને કેમિકલ ફોર્મ્યુલા યાદ આવી ગઈ. તે ફોર્મુલા લક્ષમાં રાખી એ તો સમજાવવાનું સહેલું પડે.

રમેશઃ અનુમાન જ્ઞાનમાં આને યાદ રાખી લઈએ તો તમે જેટલું ભેદ દ્વારા સમજાવો છો તેને આમાં કયું સ્થાન છે તે ગોઠવતા જઈએ તો ભેદ અને અભેદ માં તેનું સ્થાન બંને સમજી લેવા સુગમ પડે તે માટે આ રીતે સમજવું સહેલું પડે. આ ટેબલ ને એક સત્તા રૂપે લક્ષમાં લેવી આવશ્યક છે.

શિક્ષકઃ તેને જ સત્ કહે છે. પદાર્થની આ અભેદ સત્તાને સ્વરૂપ અસ્તિત્વ સત્તા કહે છે. તેમાં દ્રવ્ય અને પર્યાય બંનેની વાત આવે છે છતાં તે સત્તા ને શાશ્વત કહે છે. જેમ સત્‌ને શાસ્વત રૂપે લઈને આપણી શરૂઆત કરી તેમ આ પણ શાશ્વત છે.

નરેશઃ પહેલા મને લાગતું હતું કે પહેલું ટેબલ છે તે વાસ્તવિક વસ્તુ છે અને બીજા ટેબલ માં નય વિભાગ લીધો તે તેને સમજાવવાની શૈલી છે. પરંતુ હવે લાગે છે કે પહેલા ટેબલમાં તમે પદાર્થની સત્તાને કેન્દ્રમાં રાખીને લખાણ કર્યું છે અને બીજા ટેબલ માં દ્રવ્ય સામાન્ય સ્વભાવને લક્ષ માં રાખીને તેનો વિસ્તાર દર્શાવ્યો છે.

શિક્ષકઃ ઘણું સરસ. થોડામાં ઘણું સમજી જવાની તમારી બધાની શક્તિ જોઈને મને તમારા માટે ઘણું માં આવે છે.

રમેશઃ સ્વરૂપ સત્તામાં એક અનેક નું સ્થાન દ્રવ્ય અને ગુણ વચ્ચે છે.

છગનઃ તેમાં નિત્ય-નિત્યની અપેક્ષા દ્રવ્ય અને પર્યાય ને લાગુ પડે છે.

મગનઃ પર્યાય નાજ ઉત્પાદ-વ્યય શક્ય છે.

હિતેશઃ ઉત્પાદ-વ્યય પહેલા પર્યાય માં લાગુ પાડીને પછી પર્યાયને સ્વભાવમાં લાગુ પાડવી જોઈએ. જો એમ ન કરીએ અને પદાર્થના જ ઉત્પાદ-વ્યય માની લઈએ તો વધુ વિપ્લવ થાય કારણકે ત્રિકાળ સ્વભાવ અનાદિ અનંત શાશ્વત છે.

નરેશઃ ખરેખર દ્રવ્ય અને ગુણની એક જ સત્તા છે. તેને બે ભેદ દ્વારા સમજાવી શકાય છે. પદાર્થના અખંડ ક્ષેત્ર દ્વારા એક પણું હોવાથી જે રીતે પદાર્થ અત્યંત જુદા છે એમ દ્રવ્ય અને ગુણ કે દ્રવ્ય અને પર્યાય જુદા નથી.

રમેશઃ નય વિભાગથી દ્રવ્ય પર્યાયને સમજાવવા માટે ઘંટીના બે પડ જેવી વસ્તુ છે. અને મગની દાળ ઉપર ફોતરુ વીટી લઈએ તો મગ જોવા મળે અથવા મગનુ ફોતરું પલાળીને કાઢીએ ત્યારે ત્યાં મગની બે અલગ ફાડ જોવા મળે આવા અનેક દષ્ટાંતો સાંભળવા મળે છે. તે દષ્ટાંતો અને તેને અનુરૂપ સિદ્ધાંતો બંને ખોટા છે.

છગનઃ હું વિજ્ઞાનનો વિદ્યાર્થી છું. સૂર્યમાંથી પ્રકાશ અને ગરમી બહાર આવે છે તેથી લાંબા સમયે સૂર્ય ઠંડો પડી જશે એવું લોકિક વિજ્ઞાનમાં આવે છે.

મગનઃ સૂર્યના કિરણ ને પૃથ્વી સુધી પહોંચતા કેટલો સમય લાગે છે તેનું માપ પણ લખેલું જોવા મળે છે.

નરેશઃ ધ્વનિ કરતા પ્રકાશની ઝડપ વધારે છે.

હિતેશઃ પાણીના તરંગ જેમ પાણીમાં સમાય છે તેમ પર્યાય દ્રવ્યમાંથી આવે અને તે દ્રવ્યમાં પાછી ભળી જાય છે.

છગનઃ માતા બાળકને જન્મ આપે છે ત્યારે બાળક માતાથી જુદું પડી જાય છે તેમ દ્રવ્યમાંથી પ્રત્યેક સમયે નવી નવી પર્યાય પ્રગટ થયા જ કરે છે.

રમણીકઃ જૈન આગમ જે રીતે પ્રત્યેક દ્રવ્યની સ્વરૂપ અસ્તિત્વ સત્તા ની સ્થાપના અને અખંડતા સિદ્ધ કરે છે એનો જે અભ્યાસ કરે છે તેને જ સાચો ખ્યાલ આવે છે કે ઉપર પ્રમાણેની વાતોમાં કોઈ તથ્ય નથી. દમ નથી.

રમેશઃ સદાય પરિણમનશીલ સ્વભાવમાં કોઈ એક નવી રચનાની પ્રગટતા તે ઉત્પાદ છે.

નરેશઃ જે નવી રચનાં જોવા મળે છે તે જૂની રચનાનો અભાવ કરીને જ જોવા મળે છે તેને વ્યય કહે છે.

મગનઃ વ્યયને-અભાવ-નાશ વગેરે શબ્દો દ્વારા ઓળખીએ તો તેને સત્ ન મળે પરંતુ વ્યય એટલે વિસર્જનનો પ્રવાહ એમ લક્ષમાં લઈએ તો તેને અવશ્ય સત્ મળે છે.

હિતેશઃ પાણીના તરંગની જેમ પર્યાય દ્રવ્યમાં ભળી જાય છે. એમ માનીએ તો પર્યાય નો નાશ ન થયો તે ક્ષણિક ન રહી. જીવની અશુદ્ધ પર્યાય પણ સ્વભાવમાં ભળે તો દ્રવ્ય અશુધ્ધ થાય.

છગનઃ નટ જેમ જુદા જુદા સ્વાંગ ધારણ કરે છે તે સ્વાંગ નટથી સર્વથા જુદા નથી તેમ દ્રવ્ય પોતે નવા નવા રૂપને દર્શાવે છે. જેમ એક બાલિકા પહેલા ઉભી રહે અને નૃત્ય કરે ત્યારે તેના શરીર ના અંગ ઉપાંગ કાયમી સંબંધો ને સલામત રાખીને સમજવા જોઈએ.

શિક્ષકઃ જીવને જીવ પદાર્થ રૂપે લક્ષમાં લેવો અને જીવને દ્રવ્ય સામાન્યરૂપે લક્ષમાં લેવો તેમાં પરમાર્થી કોઈ તફાવત છે કે નહીં?

રમેશઃ જે રીતે પ્રશ્ન કરવામાં આવે છે તે અપેક્ષા એ તફાવત છે પરંતુ પરમાર્થે તે એક જ સત્તા ની વાત છે. એ સત્તાને જોવાની બે દષ્ટિઓ જ છે.

છગનઃ તે એક જ છે તે વાત સમજમાં બેસે એવી નથી. જ્ઞાનનો વિષય આખી સ્વરૂપ અસ્તિત્વ સત્તા છે અને દષ્ટિ નો વિષય દ્રવ્ય સામાન્ય છે તે બે એક કેવી રીતે હોય?

રમેશઃ દષ્ટાંત લેવાથી સમજાશે. તમારે ત્યાં લગ્નનું આમંત્રણ આવતું હશે. તેમાં ક્યારેક વ્યક્તિગત લખ્યું હશે અને ક્યારેક સહકુટુંબ લખ્યું હશે. હવે તમે કહો છો કે છગનભાઈ એક જ છે કે છગનભાઈ બે છે? જીવને તેના ભેદ સહિત લક્ષમાં લેવામાં આવે તો તેનું સ્વરૂપ અસ્તિત્વ લક્ષમાં આવે છે અને તેને ભેદ રહિત જોવામાં આવે તો માત્ર દ્રવ્ય સામાન્ય લક્ષ ગત થાય છે. સત્તા એક જ છે.

શિક્ષકઃ હવે આપણે આ વિષય સંકેલી લઈએ. આપણે સત્ ને તેના ભેદ સહિત લક્ષમાં લીધું ત્યારે સ્વરૂપ અસ્તિત્વ સત્તા ઊઠતી આવી. બધું ત્રિકાળ એક રૂપ જ છે. એમ લક્ષમાં લેતા સત્ પદાર્થની દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપ

સત્તા સાચા અર્થમાં સમજવામાં આવી. નિત્ય સ્વભાવની જેમ પરિણમતુ દ્રવ્ય પણ અનાદિકાળથી અનંતકાળ સુધી એક રૂપ જ રહે છે. તેને જ્યારે પરિણમનના પ્રવાહમાં જોવા જઈએ છીએ ત્યારે ઉત્પાદ વ્યય ધ્રુવ ભાસે છે અને આ વ્યવસ્થા શાશ્વત છે.

રમેશઃ સત્ વિશે પદાર્થ વિશે એટલું જ પર્યાપ્ત છે કે હજુ કંઈ કહેવાપણું છે?

શિક્ષકઃ છે ને ! દરેક પદાર્થને દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવ એવા ચાર ભેદ રૂપે પણ જોઈ શકાય છે. જ્યારે દ્રવ્યનું અન્ય દ્રવ્યથી જુદાપણું ભિન્નપણું લક્ષમાં લેવું હોય ત્યારે આ અપેક્ષા લાગુ પડે છે.

શરૂઆતના પાઠોમાં જે વિષય અભ્યાસમાં લેવામાં આવ્યો તેમાં દ્રવ્ય, ગુણ, પર્યાય તથા ઉત્પાદ, વ્યય, ધ્રુવ યુક્તમ, સત્ તથા સત્ ક્ષેત્ર અને સ્વભાવ એ બધાનો અંતરંગ અનેકાંત માં સમાવેશ થાય છે તે વાત ૧૦ માં પાઠ માં સ્પષ્ટ થઈ. તેને ભેદથી સમજાવનાર કથન શૈલી તે સ્યાદવાદ શૈલી છે. તે પણ સ્પષ્ટ થયું. ત્યારબાદ ૧૧ માં પાઠ માં એ જ વિષયની વિદ્યાર્થીઓ એ પોતાની સમજણ ને દઢ કરી તેઓ ઘણાં અગત્યના સિધ્ધાંતો આવરી લેવામાં આવ્યા. શિક્ષકે તે વિષયને ટેબલ રૂપે રજુ કર્યો. તેમ થવાથી વિદ્યાર્થીઓએ પોતાની સમજણને દઢ કરી. ટેબલ રૂપ ની રજુઆત વધુ સારી પડે છે. પછી તો જે કાંઇ વાત આવે તેને આ ટેબલમાં ક્યા સ્થાન મળે છે તે રીતે ગોઠવવાથી તે વિષય ઉપરાંત તેના બીજા સાથેના સંબંધો પણ એટલા જ સારી રીતે સમજી શકાય છે. તેથી પાઠમાં લેવામાં આવેલા બે ટેબલમાં એક મોટું ટેબલ લક્ષમાં લેવાથી લાભનું કારણ બને છે.

વિદ્યાર્થીઓ રીતે પોતાની સાધારણ સમજણ પ્રમાણે દ્રવ્ય બંધારણના મૂળભૂત સિધ્ધાંતો રજુ કરે છે અને તેની આપસમાં ચચા કરીને એક મતિ સાધે છે તે ખરેખર બધાને પ્રમોદ નું કારણ છે. શિક્ષક પણ તેમના જ્ઞાનને વધુ વ્યવસ્થિત અને દઢતા એ તેવા પ્રયત્ન કરે છે.

આ પાઠ ખરેખર વડીલોએ વાંચવા જોઈએ. મુમુક્ષુઓમાં પ્રવચન સાર અંગે એક એવો હાઉ છે કે તે ન સમજાય પરંતુ બાળકોની વિચારધારા લક્ષમાં લઈએ ત્યારે સહેજે એ નિર્ણય થવો જોઈએ કે દ્રવ્ય બંધારણની સમજણ જેટલી સહજ છે એટલી જ આવશ્યક છે. એક વાંચન કારે છૂટક છૂટક અંદાજ બે-અઢી મહિના સુધી બંધારણ સમજાવ્યા બાદ છેલ્લે જ્યારે એકધારા સમયસર શાસ્ત્ર ની પહેલી ૧૮ ગાથા લીધી ત્યારે આખા મુમુક્ષુ સમાજની એક જ વાત હતી કે અમે પહેલીવાર આ ગાથાઓ ને સારી રીતે સમજી શક્યા છીએ.

પાઠના આખરમાં શિક્ષક એક અગત્યનો અને માર્મિક પ્રશ્ન રજૂ કરે છે, પદાર્થને સ્વરૂપ અસ્તિત્વ રૂપે લક્ષમાં લેવો અને તેને દ્રવ્ય સામાન્ય સ્વભાવ રૂપે લક્ષમાં લેવો એ બે માં તફાવત છે કે નથી? તફાવત છે તો કેવો છે? અને છેલ્લે દ્રવ્ય સામાન્ય અને સ્વરૂપ અસ્તિત્વ સત્તા એકને જ, એક જ સત્ ને લાગુ પડે છે કે તેવા બે સત્ છે?

ત્રણ વિદ્યાર્થીઓએ સચોટ જવાબ આપ્યો, તે તે પ્રશંસનીય છે.

પ્રવચન સાર શાસ્ત્રની જ્ઞેયતત્વ પ્રજ્ઞાપન અધિકારની શરૂઆતમાં ત્રિસેક બંધારણની ગાથાઓનો પદ્ધતિસરનો અભ્યાસ કર્યા વિના પણ તેનાં હાર્દને સારી રીતે પોતાની સમજણ માં લઈ લીધું છે.

આ રીતે પ્રયોજન ભૂત દ્રવ્ય બંધારણનો અભ્યાસ પૂર્ણ થયો. સમજણ મૂળ શાસ્ત્રોના સિદ્ધાંતોને સારી રીતે સમજવામાં સુગમતા રહેશે.

પ્રવચન સાર શાસ્ત્ર ગાથા ૯૩ ના આધારે

'આ વિશ્વમાં જે કોઈ જાણવામાં આવતો પદાર્થ છે તે આખાંય વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક અને આયત સામાન્ય સમુદાયાત્મક દ્રવ્યથી રચાયેલો છે.

આ રીતે આ ગાથામાં પદાર્થ, દ્રવ્ય, વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક એવા ગુણો અને આયત સામાન્ય સમુદાયાત્મક પર્યાયો આચાર ની વાત લેવામાં આવી છે.

દ્રવ્ય કેવું છે તે સમજાવતા તે ગુણો અને પર્યાય રૂપ છે અર્થાત્ દ્રવ્ય સામાન્ય સ્વભાવ અભેદ છે. તે નિત્ય પક્ષોના સભ્યો એવા ગુણોના ભેદ સહિત છે અને અનિત્ય પક્ષના સભ્યો એવી પર્યાયો સહિત છે.

ગુણોને માટે વિસ્તાર વિશેષ સમુદાય આત્મક એવો શબ્દપ્રયોગ છે તે ખરેખર તો દ્રવ્યના અનેકાંત સ્વરૂપને દર્શાવવા માટે છે. દ્રવ્ય એકાંતિક એક નથી. તે દ્રવ્યનું અસ્તિત્વ, અસંખ્ય પ્રદેશી એક અખંડ ક્ષેત્રમાં વ્યાપીને રહ્યું છે. તે જ ક્ષેત્રમાં અનેક ગુણો રહેલા છે. અસંખ્ય પ્રદેશ એ ક્ષેત્રનો વિસ્તાર છે. આકાશ, ધર્મ, અધર્મ અને જીવ એ અસ્તિકાય દ્રવ્યો છે તેથી તેમાં પ્રદેશ ભેદ ની વાત આવે છે. દ્રવ્ય, ગુણો અને પર્યાયો એ બધા આ અખંડ ક્ષેત્રમાં વ્યાપીને રહેલા છે.

વિસ્તાર વિશેષ તે ગુણો છે. તે ગુણોમાં સામાન્ય અને વિશેષ એવા ભેદ છે ખરા પણ દ્રવ્યના સ્વરૂપને સમજવા માં એ ભેદ અગત્યના નથી. આ દરમિયાન શ્રી હિંમતભાઈ એ ફૂટનોટમાં એકત્વનું સ્વરૂપ સમજાવ્યું છે. તેટલા પુરતું આપણે લક્ષમાં લઈએ છીએ'–'તે વિસ્તાર વિશેષોમાં રહેલા વિશેષપણાને ગૌણ કરીએ તો એ બધામાં એક આત્મપણાના રૂપ સામાન્યપણું ભાસે છે.'આ રીતે ગુણોમાં સામાન્ય વિશેષપણું લેવાનું નથી પરંતુ દ્રવ્ય સ્વભાવ સામાન્ય છે અને ગુણો તેમાં વિશેષ છે એમ સમજવું રહ્યું. વળી સમુદાયાત્મક શબ્દમાં એકત્વનો ધ્વનિ છે અર્થાત દ્રવ્ય સ્વભાવ મહાસત્તા રૂપ છે અને ગુણો તેની અવાંતર સત્તારૂપ છે. આ રીતે દ્રવ્યનો ગુણ અને પર્યાય સાથેનો સંબંધ સમજવો હોય તો તે એક, અનેક અને એકત્વ રૂપ છે. અહીં દ્રવ્ય એક છે, ગુણો અનેક છે અને બે વચ્ચે એકત્વ છે. એ જ રીતે દ્રવ્ય અને પર્યાયનુ સમજવું.

અનેકાંતનું સ્વરૂપ એવું છે કે તેમાં અનંત ધર્મો છે. (અનંત ધર્મ શક્તિ) એટલું પર્યાય નથી. તેમાં પરસ્પર વિરોધી એવા ધર્મ પણ અવિરોધપણે , એક રૂપ હોવા જ જોઈએ. (વિરુદ્ધ ધર્મ ત્વ શક્તિ). આ રીતે દ્રવ્ય એક છે અને ગુણો અનેક છે. એ જ રીતે દ્રવ્ય નિત્ય છે અને પર્યાયો અનિત્ય છે એ વાત લીધા પછી, દ્રવ્ય-ગુણ -પર્યાયરૂપ પદાર્થનો અભ્યાસ કરીને પદાર્થ દ્રવ્ય અપેક્ષા એ એક છે, ગુણ અપેક્ષાએ અનેક છે એમ પદાર્થ દ્રવ્ય અપેક્ષા એ નિત્ય છે અને પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. આ રીતે બે વિરોધી જોડકા પદાર્થ પાસે અવિરોધ રૂપે લક્ષ ગત થાય છે.

દ્રવ્ય પર્યાય<br>ગુણ

આ રીતે પદાર્થને સમજી શકાય છે. તે એક છે ઉપરાંત અનેકાંત સ્વરૂપ પણ છે તે સ્પષ્ટ થાય છે. પદાર્થ અન્ય પદાર્થોથી જુદો છે માટે એક છે તે જ અંતરંગ માં અનેકાંત રૂપ પણ છે. આ

રીતે પદાર્થનું એકત્વ વિભક્ત વસ્તુ સ્વરૂપ છે. ત્યાં પરથી વિભક્ત અને સ્વથી એકત્વ છે.

દ્રવ્ય સ્વભાવ નિત્ય છે. તેની ઉત્પત્તિ નથી. તેમજ તેનો અંત પણ નથી. આ દ્રવ્યની કાળ અપેક્ષિત વ્યવસ્થા થઈ. ત્યાં પણ એક અનેક એકત્વનો નિયમ લાગુ પડે છે. તેથી જે દ્રવ્ય કાળ અપેક્ષા એક છે તેને ભેદથી વિચારતા ત્યાં એક સમયની પર્યાયો લક્ષગત થાય છે. આ રીતે દ્રવ્યને ભેદ રૂપે વિચારતા ત્યાં પર્યાયો ક્રમ રૂપ અને એકબીજાથી જુદી લક્ષમાં આવે છે. ગુણો અનંત છે. તેમ પર્યાયો અનંત છે. દરેક ગુણ બીજાથી જુદો પડે છે તેમ દરેક પર્યાય બીજાથી જુદી પડે છે. 'જુદાપણું' એ લક્ષણ દરેક ગુણને લાગુ પડે છે એ તેમ વ્યતિરેક (જુદાપણું) લક્ષણ દરેક પર્યાયને લાગુ પડે છેઃ જેમ દ્રવ્ય અને ગુણમાં એક અનેકપણું છે તેમ દ્રવ્ય અને પર્યાયને પણ લાગુ પડે છે. એકત્વના સિદ્ધાંત અનુસાર ગુણો અને પર્યાયોનું દ્રવ્ય સાથે તાદાત્મ્ય છે. આ બધું સાથે લક્ષમાં લેવામાં આવે ત્યારે તે પદાર્થ રૂપે-ચીજરૂપે જણાય છે. આચાર્યદેવ સુગમ રૂપે સમજાવવા માટે વસ્ત્રના તાકાનું દૃષ્ટાંત આપે છે. વસ્ત્રનો પનો એક રૂપ છે. લંબાઈ જેટલી કરવી હોયતેટલી થાય છે. એમ છ પ્રકારના પદાર્થો પોતાના નિશ્ચિત સ્વ ક્ષેત્રમાં, અભેદ ના ભેદ રૂપ રહેલા ગુણ અને પર્યાય સહિત જ છે. દ્રવ્યગુણ પર્યાય ની આ વ્યવસ્થા શાશ્વત છે. તેને પદાર્થ કહે છે અને તેને જ સત્તા મળે છે. બે સ્વરૂપ અસ્તિત્વ સત્તા છે.

આ રીતે દ્રવ્ય સ્વભાવ જે અભેદરૂપ છે અને જેમાં ગુણ ભેદ અને પર્યાય ભેદ એક તાદાત્મ્ય સંબંધ રૂપ છે તેને એક નામ આપતા તે પદાર્થ છે. જો આપણે દ્રવ્ય સ્વભાવને લક્ષમાં લેવો હોય તો ગુણ અને પર્યાયના ભેદ ને ગૌણ કરીને-ન હોવા બરાબર કરીએ તો જ દ્રવ્ય સ્વભાવ અતદભાવરૂપે લક્ષમાં આવે છે. એ જ રીતે ગુણનો અલગ રૂપે અભ્યાસ કરવો હોય તો દ્રવ્ય અને પર્યાય ને ગૌણ કરવાના રહે છે. એ જ પ્રમાણે દ્રવ્ય ગુણને ગૌણ કરીને પર્યાય અલગ રૂપે લક્ષમાં આવે છે. આ રીતે પદાર્થના તાદાત્મ્યપણાને બાધા ન આવે એ રીતે અતદભાવનો અભ્યાસ કરી શકાય છે. શાસ્ત્રમાં આ અતદભાવ માટે અન્ય ત્વ શબ્દ વાપરવામાં આવે છે.

દ્રવ્ય અને પદાર્થ શબ્દને એક અર્થમાં વાપરવાથી મુશ્કેલી ઊભી થાય છે. તે વાત આપણા ખ્યાલ માં આવવી જોઈએ તેથી આપણે બંને શબ્દ નો યોગ્ય રીતે ઉપયોગ કરવાથી ચિત્ર સ્પષ્ટ રહે છે.

જે પદાર્થને ગાથા ૯૩ માં દ્રવ્ય ગુણ પર્યાય રૂપે સમજાવવામાં આવ્યો હતો તે જ પદાર્થને ગાથા ૯૫ માં ઉત્પાદ-વ્યય-ધ્રુવ રૂપે દર્શાવવામાં આવ્યો છે. દ્રવ્ય અને પર્યાયના સંબંધને લક્ષમાં રાખીને પદાર્થ નો અભ્યાસ કરવામાં આવે તો તે પરિણામના પ્રવાહ રૂપે ઉત્પાદ-વ્યય-ધ્રુવ રૂપ લક્ષગત થાય છે. ક્રમ અને વ્યતિરેકવાળી પર્યાયોનો દ્રવ્ય સ્વભાવ સાથેનો સંબંધ તાદાત્મ્ય રૂપ જ છે. તેને બદ્ધતા કહેવામાં આવે છે. તે તાદાત્મ્યપણું સૂચવે છે. આ રીતે વિચારતા નંબર એક અને નંબર ૨ ની પર્યાયો જુદી અર્થાત એકબીજાથી ભિન્ન હોવા છતાં તે દ્રવ્ય સ્વભાવ મારફત સંબંધમાં આવે છે એવું પણ છે. બીજી રીતે વિચારતા એ દ્રવ્યનો જ પ્રવાહ છે, તેથી દ્રવ્ય એક પર્યાય રૂપે ઉપજે છે અને અન્ય પર્યાય નાશ પામે છે. આવું ઉત્પાદ-વ્યયનું સ્વરૂપ, દ્રવ્યના પ્રવાહમાં લક્ષગત થાય છે. આ રીતે દ્રવ્ય તેની એક પર્યાયને છોડીને તેનો અભાવ કરીને તેનો નાશ કરીને અન્ય પર્યાય માં રૂપાંતર પામે છે. આ રીતે દ્રવ્યનો પરિણમન પ્રવાહ લક્ષ ગત થાય છે. પ્રવાહપણે લક્ષમાં લેવા માટે ઉત્પાદ શબ્દ દ્વારા નવી રચનાનો સર્તૃનાત્મક પ્રવાહ અને વ્યય દ્વારા વિસર્તૃનઆત્મક પ્રવાહ એ રીતે વિચારવું યોગ્ય રહેશે. તે કોનો પ્રવાહ છે? જો દ્રવ્યનો પ્રવાહ હોય તો ત્યાં દ્રવ્ય સ્વભાવ પ્રવાહ રૂપે ધ્રુવ,

એક રૂપ પ્રવાહરૂપે લક્ષમાં આવે છે. જો તે ગુણ નો પ્રવાહ હોય તો ત્યાં અન્વય રૂપ, ધ્રુવ ગુણની વાત કરવામાં આવે છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવને યથાર્થ રૂપે લક્ષમા લેવાની આવશ્યકતાનો ખ્યાલ રહેવો જોઈએ. તેથી તેને વિસ્તારથી સમજવું જરૂરી છે. ક્રમ અને વ્યતિરેક લક્ષણ સારી રીતે સમજવા જોઈએ. મિથ્યાત્વ નો અભાવ કરીને સમ્યક દર્શન ની પર્યાય પ્રગટ થાય છે. મનુષ્ય મરે પછી જ તે દેવ રૂપે ઉપજે છે વગેરે દષ્ટાંતો પ્રત્યક્ષ છે. આ રીતે આ પ્રમાણે થાય છે. એવી જ રીતે કાચી કેરી પાકી થાય છે, રોટલી વણ્યા પછી શેકાય છે, વોશિંગ મશીન ના કપડાં ધોવાય છે, એમાં પ્રવાહ લક્ષણ લક્ષગત થાય આ બધું અલગ કથાઓ રૂપે ૯૯થી ૧૦૧ ગાથામાં આવ્યું છે. ઉત્પાદ અને વ્ય ય પર્યાય ના પ્રવાહ ને જ લાગુ પડે છે. નિત્ય દ્રવ્ય સ્વભાવના ઉત્પત્તિ વિનાશ નથી થતા. પર્યાય ના પ્રવાહમાંથી કોઈ એકને કાઢી નાખીએ તો બીજા બે ટકી ન શકે. જેમ દ્રવ્ય ગુણ પર્યાય તાદાત્મ્ય રૂપ છે તે જ રીતે ઉત્પાદ વ્યય -ધ્રુવ તાદાત્મ્ય રૂપ જ છે. પદાર્થ કઈ રીતે લક્ષ ગત થાય ત્યાં તે દ્રવ્યગુણ પર્યાયરૂપ તેમજ ઉત્પાદ-વ્યય-ધ્રુવ રૂપ જ છે અને બંનેની વાત લક્ષમાં આવવી જોઈએ.

પ્રવાહને લક્ષમાં રાખીને ગાથા ૧૦૨ માં શિષ્યે પ્રશ્ન કર્યો છે. નાટકમાં ભાગ લેવા માટે નટ નવો સ્વાંગ ધારણ કરે છે તેમાં વખત જાય છે તેથી તેને એક સમય આપવો જોઈએ. પછી એક સમય માટે જ તે સ્ટેજ ઉપર આવે છે. ત્યારબાદ સ્વાંગ કાઢવા માટે એક સમય. આ રીતે એક પર્યાય માટે ત્રણ સમય ફાળવવા જોઈએ. પરંતુ તેની ના પાડવામાં આવી છે. એક સમયની પર્યાય માં જ પૂર્વની (ભૂતકાળની) પર્યાય નું વિસર્જ્ન અને પછી ની (ભવિષ્યની) પર્યાય નું સર્જ્ન છે. સમય ભેદ નથી. આ રીતે વિચારતા આગલી પાછલી પર્યાયો બદ્ધતારૂપ રહેલી છે. મોતીની માળાની જેમ પર્યાય એવી અલગ નથી પરંતુ સોનાની સાંકળીની માફક દરેક કડી સ્વતંત્ર પણ છે અને આગલી પાછલી પર્યાય સાથે જોડાયેલી પણ છે. તે બંને જોડવા માટે કોઈ અન્ય ની જરૂર નથી.

હવે એક પદાર્થ માં તાદાત્મ્યપણું અને અતદભાવરૂપે સમજીએ. પ્રવચન સાર શાસ્ત્ર ગાથા ૧૦૬, ૧૦૭, ૧૦૮ ના આધારે પદાર્થ ની એક સત્તા આપણે લક્ષમાં લીધી છે. ત્યાં દ્રવ્ય સ્વભાવ ગુણ ભેદ અને પર્યાય ભેદ સહિત જ એક સત્તા રૂપે સ્વભાવ અસ્તિત્વ સત્તા રૂપે, પદાર્થ રૂપે લક્ષમાં આવે છે. તેમાં આ દ્રવ્ય છે, આ ગુણો છે, આ પર્યાય છે એમ અલગ રૂપે લક્ષમાં લઇ શકાય છે પરંતુ અખંડ પદાર્થ દ્રવ્ય, ગુણ કે પર્યાય રૂપે છુટા પાડી શકાતા નથી. જ્યાં સંયોગી એકત્વ છે ત્યાં જુદાપણું છે. તે પૃથકત્વ રૂપ છે. બે પદાર્થો અત્યંત ભિન્ન છે. ત્યાં દરેકના સત્-ક્ષેત્ર-સ્વભાવ અત્યંત ભિન્ન છે. આપણને એ ખ્યાલ રહેવો જોઈએ કે દરેક પદાર્થને તેનું સ્વતંત્ર અસ્તિત્વ છે, સ્વતંત્ર ક્ષેત્ર છે અને સ્વતંત્ર સ્વભાવ છે.

ગાથા ૧૦૭ માં તાદાત્મ્યપણું કઈ રીતે દર્શાવ્યું છે તેનો અભ્યાસ કરીને ત્યાં દ્રવ્ય, ગુણ અને પર્યાય એકબીજા સાથે અવિનાભાવ સંબંધ રૂપ કઈ રીતે રહ્યા છે તે સમજીએ. સત્‌થી અસ્તિત્વ ગુણથી શરૂઆત કરીને દ્રવ્ય અને ગુણ વચ્ચે તાદાત્મ્ય પણું હોવાથી અસ્તિત્વ ગુણ એ પદાર્થ માં અભેદ કરવાથી સત્‌મય બને છે. તે સ્વરૂપ અસ્તિત્વ સત્તા છે. ગુણ ભેદનો વિચાર કરીએ તો વસ્તુત્વ કે પ્રદેશત્વ ગુણ હોય, રંગ હોય કે સ્વાદ હોય, જ્ઞાન હોય કે સુખ હોય તે કોઈ સત્‌મય નથી. પરંતુ પદાર્થ સત્‌મય હોવાથી અભેદ ના ભેદ રૂપે તે બધા ગુણો અને પર્યાયો પણ સત્‌નો દાવો કરી શકે છે. ગાથા ના શબ્દો છે, સત્ દ્રવ્ય, સદગુણ, સત્ પર્યાય, સત્ નો વિસ્તાર છે. અર્થાત અસ્તિત્વ ગુણનો વિકાસ થાય છે તે

ફેલાઈને દ્રવ્ય ને, બીજા ગુણોને તથા બધી પર્યાયો ને સત્ સ્વરૂપ કરે છે. આ રીતે તાદાત્મ્ય સંબંધ દર્શાવવામાં આવે છે. આ રીતે વિચારતા પદાર્થ સ્વભાવથી સત્ સ્વરૂપ નથી. પરંતુ અસ્તિત્વની કારણે સત્ મય છે એમ લાગે છે પરમાર્થ નો વિચાર કરીએ તો દ્રવ્ય, ગુણ, પર્યાય નું એકત્વ અને તેને એક નામ આપતા સ્વરૂપ અસ્તિત્વ સત્તા (પદાર્થ) બધુ અનાદી અને અનંત છે. એ ત્રણ માં કોઈ પહેલા પછી નથી.

સત્ નો વિચાર લંબાવીને તેની દઢતા કરવા માટે પંચાસ્તિકાય સંગ્રહમાં પદાર્થને અસ્તિત્વ નિયત અને અનન્ય મય કહ્યો છે. વિશેષ રૂપ પદાર્થોનો અભ્યાસ કરતાં આપણને ખ્યાલ છે કે આત્મામાં 'ચેતન' નામનો એક અસાધારણ ગુણ છે તેથી આત્મા ચેતન સ્વભાવી છે અને આત્માના બધા ગુણો ચેતનમય કહેવાય છે. એ જ પ્રમાણે ચાર રૂપી ગુણોને અનુલક્ષીને પુદ્ગલને રૂપી દ્રવ્ય કહેવાય છે અને પુદ્ગલના બધા ગુણો રૂપી કહેવાય છે. પદાર્થની અખંડતા હોવાથી આમ વસ્તુસ્થિતિ છે. દષ્ટાંત-એક સંયુક્ત કુટુંબની મિલકત એક કરોડ છે. તો તે કુટુંબના બધા સભ્યો કહેશે કે હું કરોડપતિ છું, તે ખરેખર દાવો છે, વાસ્તવિકતા નથી. જો પુદ્ગલ સ્વભાવથી જ રૂપી હોય અને તેના બધા ગુણો અરૂપી હોય તો સ્પર્શ આદિ અસાધારણ ગુણ ન કહેવાય. વળી આત્માનો અસ્તિત્વ ગુણ ચેતનમય હોય અને પુદ્ગલનો અસ્તિત્વ ગુણ રૂપી હોય તો અસ્તિત્વ ગુણ સામાન્ય ગુણ ન હોઈ શકે.

ગાથા ની બીજી લીટી - 'નથી તે પણે અન્યોન્ય તે અતતપણુ જ્ઞાતવ્ય છે' આ રીતે પદાર્થના તાદાત્મ્ય પણાને સલામત રાખીને છ દ્રવ્ય છે. આ ગુણ છે, આ પર્યાય છે એ રીતે એકબીજા સાથે કથંચિત જુદાપણું પણ છે અને તે અતદભાવે છે. આગલી ગાથા ૧૦૬ માં તેને અન્યત્વ શબ્દ દ્વારા કહ્યું છે.

ગાથા ૧૦૮ નો સંદર્ભ : અન્ય મત માં આત્માનું સ્વરૂપ સમજાવતાં-'નેતિ, નેતિ' -એવો શબ્દ પ્રયોગ કરે છે. નેતિ અર્થાત ન હતી. આત્મા આવો નથી. એટલાથી કાંઈ આત્માનું સ્વરૂપ જણાય નહીં. આ ગાથામાં ત્રણ રીતે એ વાત સમજાવી છે. અસ્તિત્વરૂપ દર્શાવવું અનિવાર્ય છે. પંચાધ્યાયી શાસ્ત્રમાં વ્યવહાર નયના વિષયને વચન ગોચર કહ્યો છે, કારણ કે તેનું ભેદથી વર્ણન શક્ય છે. તેના પ્રતિપક્ષી નિશ્ચય નય માં ન ઇતી એતાવન માત્ર એમ લીધું છે. અર્થાત જેટલું શબ્દોમાં આવે એવડી જ વસ્તુ નથી. તેનાથી ઘણું બધું વસ્તુત્વમાં રહેલું છે.

દ્રવ્ય પર્યાયરૂપ વસ્તુ સ્વરૂપ છે. ત્યાં દ્રવ્ય નિત્ય છે અને પર્યાય અનિત્ય છે. ત્યાં દ્રવ્યને સત્ અને પર્યાયને અસત્ કહે છે. આઅતદભાવ છે. દ્રવ્ય ને સત્ કહીએ તો પર્યાય તેનાથી સદભાવરૂપે ભિન્ન છે. માટે અસત્ ગણે છે. ગાથા ૧૧૧ માં ઉત્પાદના સત્ અને અસત્ એવા ભેદ પાડે છે. જીવમાં લાગુ પાડીને પરિણમતા જીવમાં જીવ એનો એ છે અને મનુષ્ય આદિ પર્યાયો બદલાતી જાય છે. ગુણનો વિચાર કરીએ તો પર્યાય ના પ્રવાહમાં રંગની પર્યાય રંગમય જ છે. તે સ્વાદ રૂપ નથી. વળી તેમાં લાલ લીલી પીળી એવી પર્યાયો વિદશતા લઈને રહેલી છે. જેમકે પદાર્થની જોવાની બે દ્રષ્ટિ છે તેમ કરીને પણ જોવાની બે દષ્ટિ છે. સામાન્ય, સદશ અને વિશેષ, વિદશ.

જીવ અને ઉત્પાદને જોવાની બે દષ્ટિમાં સત્ અને અસત્ ઉત્પાદ એમ બે ભેદ પડે છે. તેને સારી રીતે સમજવા માટે દ્રવ્યમાંથી પર્યાય પ્રગટ થાય છે. એટલે દ્રવ્ય અને તેની પર્યાય એ રીતે સત્-સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ એમ ત્રણ નો સાથે વિચાર કરવાથી 'સત્' શબ્દથી દ્રવ્ય સ્વભાવ ખ્યાલમાં આવે અને પછી ઉત્પાદના બે ભેદ તે પરિણમતા દ્રવ્યમાં લાગુ પડવાથી સારી રીતે સમજાશે. તે માટે જીવ અને પુદ્ગલના સંબંધમાં તે સમજવું સરળ રહેશે.

# સત્નું સ્વરૂપ

સાદશ્ય અસ્તિત્વનું સ્વરૂપ :- આ વિશ્વની મહાસત્તા છે. એકત્વ સ્વરૂપ છે. અનેકાંત સ્વરૂપ છે. પ્રવચન સાર શાસ્ત્રમાં ગાથા ૯૭ માં તેનું વર્ણન આ પ્રકારે છે, 'આ વિશ્વમાં વિચિત્રતાને વિસ્તારતા અને પ્રત્યેક દ્રવ્યની સીમા બાંધતા એવા અન્ય દ્રવ્યોથી વ્યાવૃત રહીને વર્તતા અને પ્રત્યેક દ્રવ્યની સીમા બાંધતા એવા વિશેષ લક્ષણ ભૂત સ્વરૂપ અસ્તિત્વ વડે (સર્વ દ્રવ્યો) લક્ષિત થતા હોવા છતાં સર્વ દ્રવ્યોનું, વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું, સર્વ દ્રવ્યોમાં પ્રવર્તીને વર્તતુ અને પ્રત્યેક દ્રવ્યની બંધાયેલી સીમાને અવગણ તું, 'સત' એવું જે સર્વગત સામાન્ય, લક્ષણ ભૂત સાદ્રશ્ય અસ્તિત્વ તે ખરેખર એક જ જાણવું.

વિશ્વ દ્રવ્ય સ્વરૂપ છે. વિશ્વમાં છ દ્રવ્યો સિવાય કાંઈ નથી. વિશ્વમાં અનંત દ્રવ્યો છે. તે જાતી અપેક્ષાએ છ પ્રકારના હોવા છતાં બધા દ્રવ્યો મૂળભૂત સ્વભાવની અપેક્ષાએ સમાન છે. આ દરેક પદાર્થ દ્રવ્ય, ગુણ, પર્યાય રૂપ છે. સ્વરૂપ અસ્તિત્વ રૂપ આ વ્યવસ્થા બધા પદાર્થોમાં એક સરખી છે. આ એકત્વ રૂપ સત્તા અને તેનું અનાદિથી અનંત કાળ સુધી વ્યવસ્થિત રહેવું તેનો યશ દ્રવ્યના અનંત સામાન્ય ગુણોને ભાગે જાય છે. સમય સાર શાસ્ત્રોમાં ટીકાકાર અમૃત ચંદ્ર આચાર્યદેવ માંગલિક ના કલશમા 'નમઃ ભાવાય' કહીને તેનો મહિમા કર્યો છે. સત વિદ્યમાન છે અર્થાત ભાવ મય છે.

સમય સાર ગાથા-૩

'એકત્વ નિશ્ચય ગત સમય, સર્વત્ર સુંદર શ્લોક માં તેથી બને વિખવાદિની બંધન કથા એકત્વ માં'

તેમાં સ્વરૂપ અસ્તિત્વ સત્તા જે તાદાત્મ્ય રૂપ છે તેને 'સમય' શબ્દ આપ્યો છે. તેના વર્ણનમાં એકી ભાવે (એકત્વપૂર્વક) પોતાના ગુણ પર્યાયો ને પ્રાપ્ત થઇ જે પરિણમન કરે તે સમય છે. આવી સત્તા માં અન્ય કોઈને પ્રવેશ નિષેધ છે. પ્રવેશ થાય તો વિસંવાદ આવે. પ્રત્યેક પદાર્થ પ્રભુત્વ શક્તિથી શોભાયમાન છે. દ્રવ્યગુણ પર્યાય નું એકત્વ છે. તેને માટે 'બદ્ધ' શબ્દ પ્રયોગ થાય છે. તેનો બીજા સાથે એવો સંબંધ શક્ય નથી. તેથી બે પદાર્થ વચ્ચેના સંબંધને 'બંધ કહેવાય, 'બદ્ધ' ન કહેવાય.

ટીકાના બીજા શબ્દો છે 'સમસ્ત વિરુદ્ધ કાર્ય અને અવિરુદ્ધ કાર્યોના હેતુ પણાથી જેઓ હંમેશા વિશ્વને ઉપકાર કરે છે એ જે દ્રવ્યના જે અનંત ગુણો છે તે તો અવિરુદ્ધ જ છે. હવે પ્રશ્ન એ થાય છે કે વિરુદ્ધ કાર્ય કોને કહેવું અને તેમાં વિશ્વને ઉપકાર કરે છે તેની સાથે તેને શું સંબંધ છે? આ સમજવા માટે આપણે વિશ્વને સમજવું જરૂરી છે. સાદશ્ય અસ્તિત્વની ઉપર જ વ્યાખ્યા બાંધી. તેનાથી તેની સ્પષ્ટતા થાય છે.

સ્વરૂપ અસ્તિત્વ સત્તારૂપ અનંત સત્તાઓ અવાંતર સત્તાઓના પ્રતિ પક્ષમાં મહાસત્તા રૂપ સાદ્રશ્ય અસ્તિત્વ છે. બીજી રીતે સમજતા, વિશ્વ અનેકાંત સ્વરૂપ છે. તેમાં અનંત અવાંતર સત્તાઓ છે. તે બધી સ્વરૂપ અસ્તિત્વ સત્તાઓ છે. તે બધા પ્રભુત્વ શક્તિથી શોભાયમાન છે. હવે જ્યારે સ્વરૂપ અસ્તિત્વ સત્તાને સ્વતંત્ર સત આપીએ ત્યારે તેમાં રહેલા નિત્ય એવા ગુણોને કે ક્ષણિક પર્યાયો ને કોઈને એવી સ્વતંત્રતા નથી. બધા ગુણો પોતાનો

સ્વભાવ અને કાર્ય અલગ રાખે છે અને એકબીજા તેથી જુદા રહે છે. પરંતુ બધા ગુણો દ્રવ્યને આધીન છે. 'દ્રવ્યા શ્રિ તા નિર્ગુણા ગુણા' તેથી જ પ્રવચન સાર શાસ્ત્રમાં ગાથા ૯૫ માં લખ્યુ છે કે, 'અસ્તિત્વ બે પ્રકારનું સ્વરૂપ અસ્તિત્વ અને સાદશ્ય અસ્તિત્વ'.

દરેક પદાર્થ પોતાના અસાધારણ ગુણ વડે વિશ્વવ્યાપી સંબંધમાં છે. આવી વિશ્વની અનેકાંત સત્તા છે. હવે તાળો મેળવીએ ત્યારે દરેક પદાર્થ આવા વિશ્વવ્યાપી સંબંધ રૂપ 'વિરુદ્ધ કાર્ય કરીને વિશ્વને ઉપકાર કરે છે' જીવના જ્ઞાનનો લાભ બધાને મળે છે. આકાશ બધાને અવગાહન આપે છે.

હવે 'પ્રત્યેક સ્વરૂપ અસ્તિત્વ સત્તા અને તેની બંધાયેલી સીમાને અવગણતુ' કથનનો ભાવ સમજીએ. દષ્ટાંતઃ- દરિયામાં પાણીનો જથ્થો અગાધ છે, અમર્યાદ છે. તે દરિયામાં વિશ્વની નદીઓ પાણી ભરતા રહે છે. પ્રવાહ રૂપે જોરથી દરિયામાં પાણી ભળે ત્યારે કોઈ અપેક્ષા એ થોડા સમય માટે અલગ લક્ષમાં આવે પણ ખરેખર તો તે દરિયા રૂપ જ થઈ જાય છે. પછી એજ નદીના પાણીનું કોઈ જુદાપણું રહેતું નથી. આ રીતે વિશ્વની મહાસત્તા એક જ છે ત્યાં દ્વૈત નથી.

પદાર્થની એક સત્તા અને વિશ્વની એક સત્તા-બંને એકત્વ રૂપ સત્તા છે. તે અપેક્ષાએ સામ્ય છે તોપણ બંને વચ્ચે તફાવત પણ છે. જેમ પદાર્થની એક સ્વતંત્ર સત્તા મળે છે એવી વિશ્વની સત્તા છે તે અદ્વૈતરૂપ નથી. એકત્વ છે, મહાસત્તા છે પરંતુ એક સત્તા નથી. (આ બે વચ્ચે ઘણો તફાવત છે તે પૂર્વ પ્રકાશિત જૈન તત્વ દર્શન ગાથા માં વિસ્તારથી લેવામાં આવ્યું છે તેથી અહીં સંક્ષિપ્તમાં કહેવામાં આવ્યું છે)

સ્વભાવનું જે સત છે તે તેના બધા ભેદમાં ફેલાયેલું છે. ગુણ અને પર્યાય માં જે ભેદ વિસ્તાર જોવા મળે છે તે બધુ સ્વભાવ આશ્રિત છે. 'કૂવામાંથી અવેડામાં આવે છે' આ રીતે મહાસત્તા શબ્દ યોગ્ય છે.

વિશ્વના અનેકાંત સ્વરૂપથી શરૂ કરીને તેમાં રહેલા અનંત દ્રવ્યોમાં એ જ સાદશ્ય સત્તા વ્યાપેલી છે. આ રીતે વિશ્વ છે તે અંતરંગમાં અનંત કુટુંબીઓને લઈને રહેલું છે. ત્યારબાદ એ જ રીતે જ્યારે સ્વરૂપ અસ્તિત્વ સત્તાને મહાસત્તાના રૂપે લક્ષમા લેવામાં આવે છે ત્યારે તેમાં ગર્ભિત ગુણ પર્યાયો તેમાં અવાંતર સત્તાઓ રૂપ છે. આ સારી રીતે સમજવા માટે આપણે પંચાસ્તિકાય સંગ્રહ ગાથા આઠ તથા સાત નો આધાર લઈએ. આ ગાથામાં સત, સત્તાને મહાસત્તા અને અવાંતર સત્તા એવા બે ભેદ રૂપે દર્શાવી છે. વળી એક જ સતને ખરેખર બે ભેદ રૂપે નહીં પરંતુ બે અલગ દષ્ટિ રૂપે, સાપેક્ષ રૂપે સમજાવી છે. તેની સ્પષ્ટતા માટે દષ્ટાંત લઈએ. ભારતમાં કેન્દ્ર સરકાર છે, રાજ્ય સરકાર છે તથા જિલ્લા પંચાયતો પણ છે. તે બધી સ્વતંત્ર સત્તાઓ છે. દરેકને તેનો સ્વભાવ છે અને તે અનુસાર તેના કાર્યો છે હવે તેમાં રાજ્ય સરકારનો વિચાર કરીએ તો તે કેન્દ્ર સરકારની અપેક્ષાએ અવાંતર સત્તા છે અને જિલ્લા પંચાયતની અપેક્ષાએ મહાસત્તા છે. અર્થાત કેન્દ્ર સરકાર એક છે તો રાજ્ય સરકારો અનેક છે. તે ઉપરાંત રાજ્યો અને કેન્દ્ર સરકાર અને જિલ્લા પંચાયતો સાથે પણ સંબંધ છે. વળી કેન્દ્ર સરકારમાં વડાપ્રધાન સર્વેસર્વા છે. પરંતુ પાંચ વર્ષે તેણે પણ મતદાતા પાસે જવું પડે છે. આ રીતે કામની વહેંચણી થતાં કાર્ય સરળ બને છે સ્વતંત્રતાની સાથે મેળ વિશેષ છે તેવી અણકૃત વ્યવસ્થા પણ પરિપૂર્ણ છે.

આઠમી ગાથામાં છ ભેદથી સમજાવવામાં આવ્યું છે. મૂળવાત પદાર્થની છે. તે નિત્ય, અનિત્ય, ઉભય આત્મક છે. પદાર્થને યોગ્ય રીતે ન સમજનારા વેદાંત અને બૌદ્ધણિની માન્યતા ખોટી છે. સર્વથા નિત્ય ને ક્ષણિક પર્યાય હોય જ નહીં પરંતુ ક્ષણિક પર્યાય છે. એક સમયની પર્યાય ને તે રૂપે ન માનતા એક દ્રવ્ય રૂપ માને છે. બૌધ્ધ અભિપ્રાયમાં દ્રવ્ય ઉત્પન્ન થઈને નાશ થાય છે. એવું માનનારા નિત્ય સ્વભાવને માનતા નથી. વળી પર્યાય ના પ્રવાહ ને પણ માનતા નથી. પરંતુ વાસ્તવિકતા એ છે કે ટકીને બદલવું તે દરેક પદાર્થ નો સ્વભાવ છે. આ સ્વરૂપ અસ્તિત્વ સત્તા છે તે પરિપૂર્ણ છે, સ્વતંત્ર છે. તે એકત્વ વિભક્ત સ્વરૂપ છે. પરથી વિભક્તપણામાં અન્ય પદાર્થો અને વિશ્વની સાદ્રશ્ય અસ્તિત્વ રૂપ સત્તા આવે છે. એકત્વ માં અંત રંગનું દ્રવ્ય, ગુણ, પર્યાયનું અનેકાંત છે.

આ ગાથામાં જે છ લીધા છે તેમાં બે સાદશ્ય અસ્તિત્વની સાથે સંબંધ વાળા છે.

સવિશ્વરૂપ :- વિશ્વનું સાદશ્ય અસ્તિત્વ મહાસત્તા છે તો અનંત સ્વરૂપ અસ્તિત્વ સતાઓ તેના અવાંતર સત્તાઓ છે. તેને વિશ્વ અને અ વિશ્વ રૂપે દર્શાવવામાં આવે છે.

સવાર્થ પ્રાપ્ત :- પદાર્થોના સમૂહને વિશ્વને મહાસત્તા ગણવામાં આવે તો અનંત તે અવાંતર સત્તા છે. અનંત સ્વરૂપ અસ્તિત્વ સત્તાઓને સમુહ રુપે લક્ષમાં લેવામાં દષ્ટાંત રૂપે વન અથવા જંગલ તો તેમાં રહેલા અલગ વૃક્ષો છે. તે અવાંતર સત્તા છે.

હવે એક સ્વરૂપ અસ્તિત્વ સત્તાને કેન્દ્રમાં રાખીને વિચારવામાં આવે તો ત્યાં દ્રવ્ય એક છે અને ગુણ ભેદ અનંત છે. આ એક અને અનેક રૂપ પરસ્પર વિરોધી દેખાતા ધર્મ સાથે રહેલ છે. ગુણો દ્રવ્યના આશરે છે પરંતુ દ્રવ્યને તો ગુણની પડી નથી ને? ના, એમ નથી. દ્રવ્ય અને ગુણો સપ્રતિપક્ષ છે. દ્રવ્ય ક્યારેય ગુણો વિનાનું નથી.

પદાર્થ ઉત્પાદ, વ્યય, ધ્રુવ સ્વરૂપ જ છે. દ્રવ્ય અપરિણામિ- નિત્ય ધ્રુવ રૂપ જેમ જોવા મળતું નથી. અર્થાત વેદાંત માને છે એવો કુટસ્થ કોઇ પદાર્થ જ નથી. બંધારણને સમજવા માટે નિત્ય પક્ષની સ્થાપના જરૂરી છે અને તે અનાદિ-અનંત-સ્વતઃ સિધ્ધ-એમ સ્થાપના કરવામાં આવે છે. પરંતુ તે ક્યારેય એ સ્વરૂપે લક્ષમાં નહીં આવે. તે હંમેશા ઉત્પાદ-વ્ય ય -ધ્રુવ રૂપ પરિણમન પ્રવાહ રૂપે જ લક્ષમાં આવે છે. વળી નિત્ય સ્વભાવની કાળ અપેક્ષાએ અનાદિ અનંત છે તેથી પરિણમનનો પ્રવાહ પણ અનાદિ અનંત જ છે. તે પ્રવાહ નો અભ્યાસ કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે ત્યાં ક્રમ પણ છે અને વ્યતિરેક લક્ષણ છે. પ્રવાહ અનંત પર્યાય રૂપ છે તે મહાસત્તા છે અને તેમાં એક પર્યાય છે તે અવાંતર સત્તા છે. એક સમયની પર્યાય માં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ અપેક્ષા લાગુ પડે છે. દ્રવ્ય પોતે પરિણમન પ્રવાહમાંથી પસાર થાય છે ત્યારે પૂર્વ અવસ્થા છોડે છે અને નવી અવસ્થા પ્રગટ કરે છે અર્થાત એક સમયની પર્યાય બૌદ્ધ માને છે તેવી નથી પરંતુ અનાદિથી અનંતકાળ સુધીના પ્રવાહનો એક અંશ છે. તે દરેક પર્યાયમાં ત્રણ લક્ષણ લાગુ પડે છે. આ રીતે જે એક પર્યાય છે તેને ઉત્પાદરૂપ-વ્યયરૂપ-અને ધ્રુવ રૂપ એમ ત્રણ અવાંતર સત્તાઓ રૂપે લક્ષમાં લેવામાં આવે છે.

| મહાસત્તા | અવાંતર સત્તા |
|---|---|
| વિશ્વ-સાદશ્ય અસ્તિત્વ | પદાર્થ સ્વરૂપ અસ્તિત્વસત્તાઓ |
| પદાર્થો-સ્વરૂપ અસ્તિત્વ સત્તાઓ | એક સ્વરૂપ અસ્તિત્વ સત્તા |

અહીં એક માં વિશ્વ છે તો અનેકમાં પદાર્થો છે. જો પદાર્થોને મહાસત્તા કહીએ તો એક પદાર્થ તે અવાંતર સત્તા છે. આ રીતે બંનેનો સાથે વિચાર કરીએ તો વિશ્વ મહાસત્તા અને સ્વરૂપ અસ્તિત્વ તે અવાંતર સત્તા એક સીધું લઈ શકાય. આપણે બે પ્રકારની ખતવણી કરવી જ જોઈએ. તેથી વિશ્વને તથા સર્વ અર્થ પ્રાપ્ત બંનેને મહાસત્તાના રૂપે દર્શાવવુ જરૂરી છે. ત્યાં એક અને અનેક બંનેને મહાસત્તા પણ ગણી શકાય અને બંનેને અવાંતર સત્તા પણ ગણી શકાય છે એ આપણા લક્ષમાં આવવું જોઈએ. આ જૈન દર્શનનો સ્યાદવાદ છે. સાપેક્ષતા અને પ્રતિપક્ષપણું એ યોગ્ય રીતે સમજવું જરૂરી છે. એક સત્તાની અપેક્ષાએ બીજી સત્તા અસત્તા છે એ ખ્યાલમાં લેવું જોઈએ.

પદાર્થમાં એક અનેક અને નિત્ય અનિત્ય બે પરસ્પર વિરોધી ધર્મ અવિરોધપણે રહેલા છે. આ વાત બધાને ખ્યાલ છે. તેમાં આચાર્યદેવ મહાસત્તા અને અવાંતર સત્તા આ રીતે સમજાવે છે..

| મહાસત્તા | અવાંતર સત્તા |
|---|---|
| દ્રવ્ય સ્વભાવ નિત્ય | પર્યાયો અનિત્ય |
| એક | અનંત - અનેક (ગુણભેદ) |
| અનાદિ અનંત કાળ - ફૂટસ્થવત્ ધ્રુવ | અનાદિ અનંતકાળ-પ્રવાહ રૂપે-ક્રમપૂર્વક |
| અનાદિથી અનંત કાળનો પ્રવાહ એક સમયની પર્યાય ઉત્પાદ-વ્યય-ધ્રુવ રૂપ ત્રિલક્ષણ છે. | તે પ્રવાહમાંની એક સમયની પર્યાય તેમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવને અલગ અલગરૂપે લેવા તે અવાંતર સત્તા |

આ રીતે આચાર્યદેવ આ ગાથામાં અસ્તિ નાસ્તિ અનેકાંત અને અંતરંગ ના અનેકાંત રૂપે, પરમાત્માના વિજ્ઞાનના બધા વિષયોની એકીસાથે જાણી લે છે અર્થાત્ વિશ્વના બધા સભ્યો એકબીજા સાથે અનેક પ્રકારના સંબંધથી જોડાયેલા છે. વિશ્વથી ઓછા સંબંધ ક્યારેય શક્ય જ નથી. દ્રષ્ટાંત :- ચાર પેઢીના, ૨૦ સભ્યો હોય તો તેનો દરેક સભ્ય બધા સાથે કોઈને કોઈ પ્રકારે સંકળાયેલો છે.

# (પાઠ ૯ થી ૧૧) દ્રવ્ય બંધારણ-વિશેષ પાઠ

પ્રશ્ન -૧ શિક્ષક આગળ શીખવવા માંગતા હતા પરંતુ વિદ્યાર્થીઓ તૈયાર ન હતા, શા માટે?

ઉત્તર -૧ પદાર્થની દ્રવ્યગુણ પર્યાય ની વ્યવસ્થાએ પાયાના સિદ્ધાંતો છે. વિદ્યાર્થીઓ આગળ વધવાને બદલે તે બંધારણને દઢ કરવા માગતા હતા.

પ્રશ્ન -૨ શિક્ષકે આગળ શીખવવાનું માંડી વાળ્યું?

ઉત્તર -૨ ના, વ્યવસ્થા સુદઢ કરવા ના ભાવની પ્રશંસા કરી તેથી તેની સાથોસાથ એ અનેકાંતના સિદ્ધાંત ને મજબૂત કરે છે તે વિસ્તારથી સમજાવ્યું. પદાર્થને સત-ક્ષેત્ર-સ્વભાવ રૂપે લક્ષમાં લેવો. તેજ પદાર્થને દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ લક્ષમાં લેવો. જેમ દ્રવ્ય સામાન્ય સ્વભાવ સત શાશ્વત છે તેમ સ્વરૂપ અસ્તિત્વ સત્તામાં ક્ષણિક પર્યાય ની વાત આવી જાય છે તોપણ તે સત્તા પણ શાશ્વત છે. આ રીતે વિશ્વના બધા પદાર્થો સ્વતંત્રતાથી શોભાયમાન છે એમ સમજાવ્યું.

પ્રશ્ન -૩ અંતરંગ ના અનેકાંત માં એક અનેક નું શું સ્થાન છે?

ઉત્તર -૩ એક અનેક રૂપ અનેકાંત રૂપ વસ્તુ સ્વરૂપ છે. તેની અગત્યતા એ છે કે જો સત એકાંતિક એક હોય તો તેના પરિણામ શક્ય જ નથી. એ વાત ખ્યાલમાં આવવી જોઈએ.

પ્રશ્ન -૪ એ કઈ રીતે?

ઉત્તર -૪ માત્ર અનેક હોવું પર્યાપ્ત નથી. તે અનેક પણ એકબીજા સાથે બદલતા સંબંધમાં આવે તો જ તેમાં નવી રચનાઓ થતી જાય છે અને જૂની રચના વિખરાતી જાય છે. એ જ ઉત્પાદ-વ્યયનુ સ્વરૂપ છે કારણકે સતના ઉત્પાદ, વિનાશ તો અશક્ય જ છે. નવું ઉત્પન થતું અને જૂનું નાશ પામતું જોવા મળે છે તે પણ વાસ્તવિકતા છે. તેથી વ્યવસ્થાના જ ઉત્પત્તિ વિનાશ શક્ય છે. 'સદાય પરિણમન રૂપ સ્વભાવ'ને પદાર્થના લક્ષણ રૂપે સમજાવવામાં આવે છે.

પ્રશ્ન -૫ પદાર્થ માંથી પ્રત્યેક સમયે નવી નવી પર્યાયો ઉત્પન થઈ નાશ પામે છે તેને આ દષ્ટાંતો થી સમજાવી શકાય છે-જેમકે સળગતા કોલસા માંથી ગરમી બહાર આવે છે અને થોડા સમય પછી કોલસો રાખરૂપ થઈ જાય છે. સૂર્યમાંથી પ્રકાશના કિરણો બહાર આવે છે. ઘણા વર્ષો પછી સૂર્ય ઠરી જશે. આ દષ્ટાંતો બરોબર છે ને?

ઉત્તર -૫ ના, આવા દષ્ટાંતો જૈન સિદ્ધાંતથી વિરુદ્ધ છે. જે શાશ્વત સ્વભાવ છે તેનો નાશ ક્યારેય શક્ય નથી.

પ્રશ્ન -૬ બીજો દષ્ટાંત આપું. પાણીના તરંગો પાણીમાંથી ઊઠે છે અને પાણીમાં સમાય છે. તેમ દ્રવ્યમાંથી પર્યાય ઉપજે છે અને પછી પર્યાય દ્રવ્યમા મળી જાય છે. એ તો બરોબર છે ને?

ઉત્તર -૬ ના, પર્યાય દ્રવ્યમાં ભળે એમ માનીએ તો અશુદ્ધ પર્યાયો દ્રવ્યમાં ભળતા દ્રવ્ય અશુધ્ધ થાય. તેથી એ દષ્ટાંત પણ યોગ્ય નથી. પરિણમતુ દ્રવ્ય પણ શુદ્ધ છે. તે સ્વીકારવું યોગ્ય છે.

પ્રશ્ન -૭ ઉત્પાદ-દ્રવ્ય-ધ્રુવ યુક્તમ સત-આ સૂત્રને વિસ્તારથી સમજાવો.

ઉત્તર -૭ દરેક પદાર્થ સદાય પરિણમન શીલ છે. દષ્ટાંત રૂપે સમુદ્ર છે. કાંઠા ઉપર તો ભરતી ઓટ જોવા મળે છે. પરંતુ મધદરિયે પણ પાણી તો ગતિશીલ જ છે. પરિણમતા દ્રવ્યને ગમે ત્યારે લક્ષમાં લેવામાં આવે ત્યારે

ઉત્પાદ-વ્યય-અને ધ્રુવ ત્રણ રૂપ જોવા મળે છે.


પ્રશ્ન -૮ તે કઈ રીતે? પર્યાય ના લક્ષણ માં ક્રમ અને વ્યતિરેક ની વાત આવે છે. પર્યાય એક પછી એક થાય છે. શુભ ભાવનો અભાવ થઈને અશુભ ભાવ થાય છે. દૃષ્ટાંત : એક નટરાજાનો સ્વાંગ લેવા માંગે ત્યારે પ્રથમ તે સ્વાંગ ધારણ કરે છે. તેમાં એક સમયે માનીએ. પછી એક સમયે સ્ટેજ ઉપર હાજર થાય છે. ત્યારબાદ તે નેપથ્યમાં જઈને સ્વાંગ કાઢી નાખે છે અર્થાત પર્યાય આ રીતે થાય છે.-(લીટી ચિત્ર)

ઉત્તર -૮ ભાઈ, આ પ્રમાણે નથી. એમ માનવા જતા એક પરિણામમાં ત્રણ સમય જાય છે. એમ માનવાનો પ્રસંગ આવે.

પ્રશ્ન -૯ પર્યાય એક પછી એક ક્રમપૂર્વક થાય છે તે તો સ્વીકારશો ને? જેમકે માળા ફેરવે છે તે મણકાને એક પછી એક ગ્રહતો-છોડતો જાય છે. (લીટી ચિત્ર)



ઉત્તર -૯ આ પ્રકારના દૃષ્ટાંતો અને કથન શાસ્ત્રમાં આવે છે. તે વાત માન્ય છે પરંતુ તેના ભાવને સમજવા જરૂરી છે. દૃષ્ટાંત માં કયો દોષ આવે છે તે જોઈએ. પ્રથમ તો મણકા અને દોરી, બે તદ્દન અલગ પદાર્થો છે. વળી બધા મણકા એકબીજાથી અત્યંત ભિન્ન જ છે. પદાર્થની વ્યવસ્થા એવી નથી. બીજો દૃષ્ટાંત લઈએ. સોનાની સાંકળી. તેમાં બધી કડી એકબીજાથી જુદી જ છે. પરંતુ એકબીજા સાથે સંકળાયેલી પણ છે. વળી સોનુ અને સાંકળી બધું સોનામય જ છે. હકીકત એ છે કે પ્રત્યેક પર્યાય માં દ્રવ્ય જ અંતર વ્યાપક થઈને રહેલું છે. તે ઉપરાંત એક અવસ્થાના અભાવમાં જ નવી અવસ્થા પ્રગટ થતી જાય છે. કાચી કેરી ઘેરી લીલી છે. ધીમે ધીમે લીલો રંગ આછો થાય છે. ક્યાંક પીળા ટપકા જોવા મળે છે. તે મોટા થતા જાય છે. છેવટ આખી કેરી પીળી થઈ જાય છે. મલિન કપડાનો મેલ નીકળતો જાય છે તેમ તેમ સ્વચ્છતા પ્રગટ થતી જાય છે. વસ્ત્ર એનું એ જ રહે છે. (લીટી ચિત્ર)



પ્રશ્ન -૧૦ પદાર્થમાં દ્રવ્ય-ગુણ-પર્યાય-ઉત્પાદ-વ્યય ધ્રુવ હોય છે, તે તો બરોબર છે ને?

ઉત્તર -૧૦ તમારી વાત સાચી છે. પરંતુ હું એ વાસ્તવિકતા બીજી રીતે સમજાવીશ.

પદાર્થ
↓
દ્રવ્ય
↓
ગુણ
↓
ધ્રુવ

પર્યાય
ઉત્પાદ વ્યય

એક પર્યાય
ભૂત વર્તમાન ભવિષ્ય

આ પ્રમાણે સમજાવવા મહાસત્તા અવાંતર સત્તા-એક અનેક તથા નિત્ય-અનિત્ય સારી રીતે સમજાવી શકાય છે.

પ્રશ્ન -૧૧ શાશ્વત દ્રવ્ય સામાન્ય સ્વભાવની કેવીરીતે સમજાવવું યોગ્ય છે?

ઉત્તર -૧૧

| | |
|---|---|
| ૧. નિત્ય | ભેદ |
| ૨. મહાસત્તા | અવાંતર સત્તા |
| ૩. અભેદ | અનિત્ય |

૧. મહાસત્તા ૨. એક **દ્રવ્ય સ્વભાવ** → **પર્યાય**
૩. અભેદ

↓

૧. અવાંતરસત્તા - ૨. અનેક **ગુણો**
૩. ભેદ

આ તો એને એ જ વાત થઈ. સ્વરૂપ અસ્તિત્વથી સમજાવો કે દ્રવ્ય સામાન્ય સ્વભાવથી સમજાવો-વર્ણન તો એક જ આવે છે, કારણકે પદાર્થનું અખંડ એક સત છે. એક જ ક્ષેત્ર છે, દ્રવ્ય સ્વભાવ હંમેશા ગુણ અને પર્યાયરૂપ ભેદ સહિત જ હોય છે.

પ્રશ્ન -૧૨ અનેકાંત કેટલા પ્રકારના છે?

ઉત્તર -૧૨ અનેકાંતતો વસ્તુ સ્વરૂપ છે. તેને બે પ્રકારે સમજાવી શકાય છે. અજ્ઞાની જીવે પોતાના સ્વભાવને ભૂલીને સમસ્ત વિશ્વમાં એકત્વ બુદ્ધિ કરી રાખી છે તેથી જિનાગમ પ્રત્યેક પદાર્થનું ભિન્ન અસ્તિત્વ મુખ્યપણે સમજાવવા માગે છે. તેથી અસ્તિ નાસ્તિ અનેકાંત ની વાત મુખ્યપણે આવે છે. જીવને માત્ર પરથી ભિન્ન લક્ષમાં લેવો પર્યાપ્ત નથી. એવા જીવને વિભાવથી પણ જુદો પાડવો આવશ્યક છે. તેથી અંતરંગ વ્યવસ્થા પણ જાણવી આવશ્યક બને છે. તેથી પદાર્થની અંતરંગ વ્યવસ્થા-અંતરંગ અનેકાંત રૂપ જ છે તે નક્કી કરવું અનિવાર્ય છે.

# પાઠ - ૧૨

શિક્ષકઃ અજ્ઞાની એ અજ્ઞાન ભાવે પોતાના સ્વભાવને ભૂલીને આખા વિશ્વના સમસ્ત પદાર્થોમાં એકત્વ બુદ્ધિ કરી રાખી છે તે પોતાને અચેતન એવા પર દ્રવ્યોનો કર્તા અને ભોક્તા માની બેઠો છે. ખરેખર વિશ્વના બધા પદાર્થો એકબીજાથી તદ્દન ભિન્ન છે. અજ્ઞાનીનું અજ્ઞાન છોડાવવા માટે અસ્તિ નાસ્તિની દ્રઢતા અનિવાર્ય છે. એક પદાર્થમાં અંતરંગમાં પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે જે તાદાત્મ્યપણું, એકપણું છે તેવા સંબંધો-તાદાત્મ્ય સંબંધો બે પદાર્થો વચ્ચે અશક્ય છે.

બે પદાર્થોના અત્યંત જુદા પાણા ની વાત ચાર અપેક્ષાએ લેવામાં આવે છે.

| | |
|---|---|
| એક પદાર્થ (જીવ) | અન્ય પદાર્થ |
| સ્વ દ્રવ્ય (અસ્તિ) | પર દ્રવ્ય (નાસ્તિ) |
| સ્વ ક્ષેત્ર (અસ્તિ) | પર ક્ષેત્ર (નાસ્તિ) |
| સ્વ કાળ(અસ્તિ) | પર કાળ(નાસ્તિ) |
| સ્વભાવ (અસ્તિ) | પર ભાવ (નાસ્તિ) |

(૧) એક દ્રવ્ય અન્ય દ્રવ્યથી ભિન્ન છે. અહીં દ્રવ્ય શબ્દ આખા પદાર્થ માટે વપરાયો છે. અહીં દ્રવ્યનો અર્થ દ્રવ્ય સામાન્ય એમ નથી. તેથી તે લક્ષમાં રાખવું અર્થાત બે પદાર્થોના સત જ જુદા છે.

(૨) ક્ષેત્ર-બે પદાર્થનું દઢ કરવા ક્ષેત્રના જુદા પણાની વાત છે. દરેકને તેનું નિશ્ચિત સ્વ ક્ષેત્ર હોય છે. ધર્મ અને અધર્મ દ્રવ્યો સદાય આકાશના એક ક્ષેત્રે રહેલા છે. તો પણ બંને જુદા છે. તેમના ક્ષેત્રો જુદા છે. તેની સામે પદાર્થ અંતર્ગત દ્રવ્ય-ગુણ-બંનેને અતદભાવથી અલગ લક્ષમાં લઈ શકાય. બંનેના સ્વભાવ અને કાર્યો જુદા હોવા છતાં તે બધાનું એક જ ક્ષેત્ર છે. જિનાગમનો સિદ્ધાંત છે કે પ્રૃથકત્વ ભિન્ન પ્રદેશતા તેની સામે ખરી રીતે દ્રવ્ય અને ગુણનું જુદાપણું દર્શાવવું હોય તો ત્યા અન્યત્વ અથવા અતદભાવ શબ્દનો પ્રયોગ થાય.અસ્તિ નાસ્તિ ખરેખર બે પદાર્થોના જુદાપણું દર્શાવવા માટે જ છે.

દ્રવ્ય અને ક્ષેત્ર એનો સાથે વિચાર કરીએ ત્યારે બે પદાર્થો કાયમ માટે જુદા છે એની દઢતા થાય.

(૩) કાળ અને ભાવ નો સાથે વિચાર કરીએ. તે દરેક પદાર્થના પરિણામ પણ એ જ રીતે જુદા છે એમ દર્શાવવા માગે છે. દરેક દ્રવ્યની એક સમયની પર્યાય માટે કાળ એ પરિણમનના પ્રવાહનો સમય તથા ક્રમ દર્શાવે છે. માળાના મણકાની જેમ પર્યાય ક્રમ વર્તી એટલે કે ક્રમ અનુસાર એક પછી એક થાય છે. ભાવ શબ્દ છે તે જે તે સમયે પર્યાય નો જે ભાવ છે તે દર્શાવે છે. જેમકે ક્રોધ-માન -માયા વગેરે ભાવો એક પછી એક થાય છે.

રમેશઃ એનો અર્થ એ થયો કે કાળ અને ભાવ ને સાથે સમજવા માટે પહેલા સમયે ક્રોધ, બીજા સમયે માન , ત્રીજા

સમયે માયા અને ચોથા સમયે લોભ થાય છે. હું બરોબર સમજ્યો છું એ!

શિક્ષકઃ હા, એમજ છે. જેમકે ત્રિકાળ સત અને સ્વભાવની વાત કરીએ છીએ તે રીતે એક સમયની પર્યાય નું સત અને સ્વરૂપ લેવું. સ્વભાવ શબ્દ ત્રિકાળ સ્વભાવ માટે સમજીએ તો સ્વરૂપ શબ્દ પર્યાય વાંચક થઈને સમય વર્તી રૂપને દર્શાવે છે.

નરેશઃ ચારેયનો સાથે વિચાર કરીએ તો દરેક દ્રવ્ય પોતાના સ્વભાવ રૂપે પરિણમે છે. જેમ કે રંગ ગુણ સદાય રંગ રૂપે પરિણમીને તેમાં લાલ-લીલી વગેરે અનેક ભેદ રૂપે પરિણમે છે. રંગમાંથી સ્વાદ ન આવે તેમ જીવ જીવપણે જ સદાય પરિણમે છે. અને રૂપી પદાર્થ એક રૂપે જ પરિણમે છે. કોઈ એકબીજાના કામ ન કરી શકે.

છગનઃ હું એક ટેબલ બનાવું છું.

| જીવ | પરદ્રવ્ય (જ્ઞેય) |
|---|---|
| ↓ | ↓ |
| ત્રિકાળ સ્વભાવ | ત્રિકાળ સ્વભાવ |
| સ્વભાવભૂત પરિણામ સ્વક્ષેત્ર | સ્વભાવભૂત પરિણામ સ્વક્ષેત્ર |

મગનઃ સરસ ટેબલ છે. સ્વભાવ અને પરિણામના સ્વતંત્રપણાની વાત આવે છે. આમાં ક્ષેત્રના ભિન્નપણાને વાત વિશેષ રૂપ છે.

રમેશઃ એ પ્રયોજન ભૂત છે. બિંબ પ્રતિબિંબ સબંધનો વિચાર કરો. કેમ જાણે કાચી કેરી અરીસામાં આવી ગઈ એવું દેખાય છે. પરંતુ કેરી તો એના સ્વસ્થાનમાં જ છે. તે અરીસામાં આવી નથી તેથી ક્ષેત્રના જુદાપાણાંની વાત અવશ્ય લક્ષમાં લેવી જોઈએ.


નરેશઃ જ્ઞાન અને પર જ્ઞેય અત્યંત જુદા છે પરંતુ જ્ઞેય જ્ઞાયક સંબંધથી લક્ષમાં લઈએ તો જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા એવો ભ્રમ થાય છે. વળી, જીવ પોતાની જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય ને જ ભોગવે છે અને પોતે ભોગની સામગ્રીને ભોગવે છે. એમ માને છે તેથી દરેક પદાર્થને પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અત્યંત ભિન્નપણું જ છે એમ સમજવાથી જ ભ્રમણા ભાંગે છે. બાહ્ય માંથી સુખ આવે છે એવી ભ્રમણામાંથી નીકળવાની આ એક જ રીત છે.

હિતેશઃ સત્‌નો પ્રયોજનભૂત વિસ્તાર આ રીતે સમજ્યા પછી મને એમ લાગે છે કે જ્યારે એક જ દ્રવ્યની વાત કરવી હોય ત્યારે દ્રવ્ય-ગુણ-પર્યાય ના ભેદથી વિચારવું રહ્યું અને જ્યારે બે પદાર્થો વચ્ચેના સંબંધનો વિચાર કરવો હોય તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ-ભાવથી લક્ષમાં લેવાય. આવો વિવેક વાપરીએ તો આપણે આપણી સમજણને વ્યવસ્થિત કરી શકીએ.

# પાઠ - ૧૩

શિક્ષકઃ સમયસાર શાસ્ત્ર પરિશિષ્ટ માં આચાર્યદેવે અનેકાંતની ઘણી સ્પષ્ટતા કરી છે. તેમા પર્યાય માં અંદર નજર કરતા અનંત શક્તિઓ ઉછળે છે. તેમ કહી ને તેમાંથી ૪૭ શક્તિ નું વર્ણન કર્યું છે. તે શક્તિઓમાં કેટલીક શક્તિઓ પદાર્થના બંધારણને દર્શાવનારી છે. સ્વરૂપ અસ્તિત્વ સત્તાને બીજી રીતે સમજાવવા માટે જે ઉપયોગી છે તે ચાર શક્તિઓ આ શક્તિઓના માધ્યમથી આપણે સ્વરૂપ અસ્તિત્વ સત્તાને સમજવાનો પ્રયત્ન કરીએ.

પ્રથમ સ્વરૂપ અસ્તિત્વરૂપ-દ્રવ્ય પર્યાયરૂપ વસ્તુનું સ્વરૂપ કેવું છે તેને ટેબલની રીતે સમજવાનો પ્રયાસ કરીએ. તેના જેટલા-ચાર ભેદ પડે છે તે દરેક માટે જે શક્તિ છે તેનો પણ ત્યારબાદ અલગથી વિચાર કરીશું.




તેની સમજણ-પદાર્થ ની એક સત્તા છે. દ્રવ્ય અને પર્યાય તેના બે ભેદ છે એમ ન લેતા પદાર્થને (એકને જ) જોવાની બે દષ્ટિઓ છે. પદાર્થ નિત્ય અપેક્ષાએ દ્રવ્યરૂપ છે. તે ક્ષણિક અપેક્ષાએ પર્યાય રૂપ છે.

એ જ પ્રમાણે દ્રવ્ય સ્વભાવને પણ જોવાની દષ્ટિઓ છે. એક અપેક્ષાએ તે અપરિણામી કૂટસ્થવત લક્ષગત થાય છે. તે જ સ્વભાવને અપેક્ષા ફેરવીને જોવાથી તે પરિણમતા દ્રવ્ય રૂપે દેખાય છે. તે પ્રમાણે એક સમયની પર્યાય, એક અપેક્ષા એ અનાદિ અનંત, એકરૂપ સદશ પરિણામરૂપે પરિણામે છે તે જ અપેક્ષા ફેરવતા નિરંતર નવા નવા બદલતા, વિદશ પરિણામ રૂપે જોવા મળે છે.

રમેશઃ તમે તદ્દન નવી રીતે સમજાવવા માંગો છો. દ્રવ્ય સ્વભાવની જોવાની બે દષ્ટિ એ વાત તો આપણે લક્ષમાં લીધી છે. હવે શક્તિ દ્વારા એ કઈ રીતે સિદ્ધ કરે છે તે સમજાવો.

શિક્ષકઃ આપણે ૪૦મી શક્તિથી શરૂઆત કરીને પછી ૩૯મી શક્તિને લક્ષમાં લેશું. ૪૦ મી શક્તિ, ક્રિયાશક્તિ, કારકો અનુસાર થવાપણારૂપ (પરિણમવાપણારૂપ) જે ભાવ તે ક્રિયાશક્તિ છે. આ શક્તિ પર્યાયના સ્વરૂપ ને મુખ્ય રાખીને કથન કરે છે. પરંતુ કારક અર્થાત કારણ, કરનારો કોણ છે તેની અપેક્ષા રાખે છે. તેથી દ્રવ્ય અને તેની એક સમયની પર્યાય બધાને એકરૂપ રાખીને સમજાવે છે.

-કાર્ય થાય છે તો તેનો કરનારો અવશ્ય હોવો જોઈએ તે કર્તાકારક છે.

-ક્રિયાનું અંતિમ ચરણ તે કર્મ કારક છે.

-કાર્યમાં જે સાધન છે તે કરણ કારક છે.

-પર્યાયરૂપકારક જેના માટે કરવામાં આવે છે-પર્યાય જેને અર્પણ કરવામાં આવે છે તે પોતાનો સ્વભાવ જ છે માટે તે સંપ્રદાન કારક છે.

-જે ત્રિકાળ સ્વભાવ દ્વારા કાર્ય થાય છે તે ધ્રુવ અપાદાનકારક છે.

-ત્રિકાળ સ્વભાવ અને વર્તમાન એક સમયનું ઉપાદાન બંનેને કાર્યના કર્તા ગણવામાં આવે છે.

સોનામાંથી હાર બને માટે સોનું છે તે ધ્રુવ અપાદાન કારક છે પરંતુ પર્યાપ્ત નથી. સોનામાંથી તો ઘણું બધું બને. હાર ત્યાં તે સમયના ક્ષણિક ઉપાદાન અનુસાર બન્યો છે માટે ક્ષણિક ઉપાદાન તે કર્તા કારક છે.


કાર્ય જે ક્ષેત્રમાં-પદાર્થના અખંડ ક્ષેત્રમાં થાય છે. માટે તેનું ક્ષેત્ર તે અધિકરણ કારક છે. આ રીતે દ્રવ્ય પર્યાયરૂપ એક સત્તાને ભેદથી સમજવા-સમજાવવા માટે કારકના ભેદનો આશ્રય લેવા માં આવે છે.

આ રીતે વિચારીએ ત્યારે ક્રિયા શક્તિમાં માત્ર પર્યાય ની જ વાત નથી. તે પર્યાય અને કરનારા ત્રિકાળ સ્વભાવ ને સાથે લેવો અનિવાર્ય છે. હવે આ શક્તિને ૩૯ મી શક્તિ સાથે સરખાવીને વિચારીએ ત્યારે ૩૯મી ભાવ શક્તિ-(કર્તા-કર્મ) આદિ કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવન માત્ર મયી (હોવા પણ માત્ર મયી) ભાવ શક્તિ. આ શક્તિ દ્રવ્ય સામાન્ય ને અપરિણામી દષ્ટિરૂપ દર્શાવવા માટે છે. તે અપેક્ષાએ ૪૦મી ક્રિયા શક્તિમાં જે દ્રવ્ય સામાન્ય વાત લીધી તે પરિણમતુ દ્રવ્ય-અથવા પરિણામી દષ્ટિ છે. આ પ્રમાણે બંને શક્તિનો સાથે વિચાર કરીએ ત્યારે દ્રવ્ય સામાન્યતે અપરિણામી-અસલ સ્વભાવને પોષણ કરે છે. અને દ્રવ્યત્વ ગુણ પરિણમને પોષણ કરે છે.

નરેશઃ છ કારકોનો વિચાર કરીએ ત્યારે ખ્યાલમાં આવે છે કે ક્રિયા પર્યાયવાચક હોવા છતાં માત્ર કર્મ કારક એક પર્યાય રૂપે લક્ષમાં આવે છે. અન્ય પાંચ તો કોઈ ને કોઈ અપેક્ષા એ નિત્ય સ્વભાવને જ લાગુ પડે છે.

મગનઃ નિત્ય સ્વભાવ જ પર્યાય નું કારણ છે. તેથી ઉપાદાન કારણ સ્વભાવ જ હોય. પર્યાય નહીં. વળી જિનાગમમાં પણ આવે છે કે ધ્યાતા પુરુષ એમ ધ્યાવે છે કે-અર્થાત જ્ઞાતા-જ્ઞાન -સ્વજ્ઞેય-તથા ધ્યાતા-ધ્યાન-ધ્યેય એ રીતે સમજાવવામાં આવે છે.

શિક્ષક-હવે આપણે ૧૮ અને ૧૯ શક્તિનો વિચાર કરીએ. બંને શક્તિઓ ને ઉત્પાદ-વ્યય-ધ્રુવ રૂપે સમજાવવામાં આવે છે. ક્રમવૃત્તિ રૂપ અને અક્રમવૃત્તિ રૂપ જેનું લક્ષણ છે એવી ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ. ૧૮મી ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્વ શક્તિનું સ્વરૂપ આ પ્રમાણે છે.




ઉત્પાદ - વ્યય પર્યાયનાં જ હોય છે. દ્રવ્ય સ્વભાવ તો નિત્ય અવસ્થિતએકરૂપ જ સદા રહે છે તેથી તે ધ્રુવ છે. પર્યાય અધ્રુવ-ક્ષણિક છે.

શિક્ષકઃ હવે આપણે ૧૯મી પરિણામ શક્તિનું સ્વરૂપ વિચારીએ.

રમેશઃ ક્રિયા કહો કે પરિણામ કહો બંને સમાનાર્થી છે તો પછી પરિણામ શક્તિ જુદી કઈ રીતે હોય!

શિક્ષકઃ પરિણામ શક્તિ-દ્રવ્યના સ્વભાવ ભૂત દ્રવ્ય-વ્યય-ઉત્પાદ થી આલિંગીત સદશ અને વિદશ જેનો એક રૂપ છે એવા અસ્તિત્વ માત્ર મયી પરિણામ શક્તિ.

નરેશઃ ૪૦ મી ક્રિયાશક્તિ ને કારક અનુસાર દર્શાવી તેથી તેમાં દ્રવ્ય રૂપ કર્તા અંશને સાથે લેવો ફરજિયાત હતું. આ શક્તિમાં માત્ર પરિણામની જ વાત કરવા માગે છે એ મોટો તફાવત છે.

રમેઈઃ એતો ખ્યાલમાં આવ્યું પરંતુ આ શક્તિમાં ધ્રૌવ્યની વાત પણ સાથે લીધી છે તો તેમાં દ્રવ્યની વાત આવી જાય,ને!

હિતેશઃ વળી સદશ અને વિદશ શબ્દનો ભાવ પણ સાચા અર્થમાં સમજવો પડશે.

શિક્ષકઃ સદશ એટલે એકરૂપતા અને વિદશ એટલે વિધવિધતા. આ બંને પર્યાય માં લાગુ પડે છે તે સમજવા માટે પર્યાયનો પ્રવાહ લક્ષમાં લેવો જરૂરી છે. દષ્ટાંત લઈએ, રંગ ગુણ સદાય રંગ રૂપે પરિણમે છે. સ્વાદ રૂપે નહીં. આવી અનાદિકાળથી અનંતકાળ સુધી ની-રંગ રૂપ અવસ્થાને સદશ પરિણામ કહે છે. તે ઉપરાંત દરેક સમયે લાલ-લીલી વગેરે નવા નવા રૂપો પણ બદલતા રૂપો પણ જોવા મળે છે. આ વિદશ પરિણામનો પ્રવાહ પણ છે.

મગનઃ એટલે કે પ્રત્યેક સમયે થતા પરિણામોને જોવાની બે દષ્ટિઓ છે. બે જાતના અલગ પરિણામ નથી. પ્રશ્ન એ થાય છે કે લાલ રંગ પણ લાંબો સમય સુધી એક સરખો રહે છે. સોનુ સદા સોના રૂપે જ જોવા મળે છે.

શિક્ષકઃ એ વાત સાચી છે કે વિદશ પરિણામ પણ થોડા સમય માટે એકસરખા જોવા મળે પરંતુ તે સદશ પરિણામ ની જેમ અનાદિથી અનંતકાળ સુધી એકરૂપ ક્યારેય નથી હોતા.

રમેશઃ જીવના પાંચ ભાવ નો વિચાર કરીએ તો પારિણામિક ભાવ અનાદિથી અનંતકાળ સુધી એકરૂપ જ રહે છે. અન્ય ચાર ભાવ વિદશ પરિણામો છે.

છગનઃ જેવો ત્રિકાળ શુદ્ધ સ્વભાવ છે તેવો જ પારિમાણિક ભાવ છે અને સિદ્ધ દશા પણ એવી જ શુદ્ધ છે તો સિદ્ધ દશાને પારિમાણિક ભાવ રૂપ કહી શકાય?

રમેશઃ ના, વિદશ પરિણામ હંમેશા વિદશ જ રહે છે. સિદ્ધ દશા સાદિ અનંત ટકે છે. પરંતુ તે અનાદિ અનંત નથી.

નરેશઃ આપણે પરિણામની જ વાત કરીએ છીએ. ત્રિકાળ સ્વભાવની વાત નહીં. તો પછી આ શક્તિમાં ધ્રૌવ્ય શબ્દ કેવી રીતે લાગુ પડે છે?

શિક્ષકઃ સારો પ્રશ્ન કર્યો.સદશ પરિણામને ધ્રુવ લાગુ પડે છે અને વિદશ પરિણામમાં જ ઉત્પાદ-વ્યય લાગુ પડે છે. અને ધ્રુવ શબ્દ સદાય એક રૂપ એવા અર્થમાં લેવામાં આવે છે. વિદશતામાં જ ફેરફાર જોવા મળે છે.

નરેશઃ સારા ખુલાસા થયા. હવે ફરી આપણે અસલ ટેબલ બનાવ્યું હતું ત્યાં જઈએ અને આ ચાર ગાથાઓનો ભાવ ક્યાં લાગુ પડે છે તેનો અભ્યાસ કરીએ.

પદાર્થ

- દ્રવ્ય
  - અપરિણામી દષ્ટિ
  - પરિણામી દષ્ટિ
- પર્યાય
  - સદશ પરિણામ
  - વિદશ પરિણામ

| અપરિણામી દષ્ટિ | પરિણામી દષ્ટિ | સદશ પરિણામ | વિદશ પરિણામ |
|---|---|---|---|
| અનાદિ અનંત એકરૂપ અનુત્પન્ન અવિનાશી ટંકોત્કિર્ણ કૂટસ્થવત્ એનો એ સ્વભાવ ધ્રુવ | અનાદિ અનંત એકરૂપ પરિણમનના પ્રવાહમાંથી પસાર થઇને પણ ત્રિકાળ એકરૂપ એવોને એવો સ્વભાવ ધ્રુવ | અનાદિ અનંત એકરૂપ પરિણમનનો પ્રવાહ ધ્રુવ | નિરંતર બદલતું સ્વરૂપ થોડો સમય એકરૂપ પણ રહે |

રમેશઃ ધ્રુવ શબ્દ ત્રણ ને લાગુ પાડ્યો. પરંતુ તેમાં શું તફાવત છે એનો ખ્યાલ પણ એનોએ તથા એવુંનેએવું શબ્દ દ્વારા સારી રીતે સમજાવ્યો.

હિતેશઃ પણ હજુ થોડી મુંઝવણ છે. પરિણામની દષ્ટિ અને સદશ પરિણામ બંનેનું સ્વરૂપ એક સરખું જ છે. બદલાતા પરિણામમાં જે એકરૂપતા જોવા મળે છે તે પરિણમતુ દ્રવ્ય છે ને?

નરેશઃ પ્રશ્ન યોગ્ય છે. પરંતુ તફાવત એ છે કે પરિણમતા દ્રવ્યમાંથી નવી નવી પર્યાયો પ્રગટ થયા કરે છે. જ્યારે સદશ પરિણમન પોતે જ પર્યાય છે તેમાંથી નવી પર્યાયો ન આવે.

રમેશઃ જૈન દર્શન એવા અલૌકિક સિદ્ધાંતો દર્શાવે છે કે તેને સાચી રીતે સમજનારા આશ્ચર્યચકિત થઈ જાય છે. એક જ સમયે એક જ પદાર્થને લક્ષમાં લઈએ ત્યારે એક છેડે અપરિણામીતત્વ નજરે પડે અને બીજે છેડે નિરંતર બદલતુ સ્વરૂપ જોવા મળે.

નરેશઃ એનો સ્પષ્ટ સંદેશો એ છે કે આપણા અજ્ઞાનમય પરિણામમાં પણ મૂળ સુધી પહોંચીએ તો જ્યાં હુંપણું સ્થાપવા યોગ્ય છે તે સ્વભાવ સુધી પહોંચી જઈને પોતાના પરિણામને છોડીને બીજે ક્યાંય જવા જેવું નથી.

# (પાઠ ૧૨ થી ૧૩) દ્રવ્ય બંધારણ-વિશેષ સંબંધ

પ્રશ્ન -૧ અસ્તિ નાસ્તિ શા માટે દઢ કરાવવામાં આવે છે?

ઉત્તર-૧ અજ્ઞાની જીવને પોતાની અને અન્ય સમસ્ત પદાર્થોની સ્વતંત્રતાનો સ્વીકાર નથી તેના અભિપ્રાયમાં એકબીજાના સંબંધના નામે દરેકની પરાધીનતા જ લક્ષગત થાય છે. આ સંસાર તત્વ છે. શાસ્ત્ર ભાષામાં અસમાનજાતીયદ્રવ્ય પર્યાય છે. તેના ફળમાં જીવ દુઃખી થાય છે. જીવને તેમાંથી છોડાવીને સહજ સુખની અનુભૂતિ કરાવવા માટે અસ્તિ નાસ્તિ દઢ કરવી અનિવાર્ય છે. તેમ થતા પ્રત્યેક દ્રવ્ય પ્રભુત્વ શક્તિરૂપે સ્વતંત્રતાથી શોભાયમાન થાય છે.

પ્રશ્ન -૨ અસ્તિ નાસ્તિ નું સ્વરૂપ કેટલી અપેક્ષાથી સમજવું જોઈએ?

ઉત્તર-૨ ચાર અપેક્ષાથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ.

પ્રશ્ન -૩ દ્રવ્યથી જુદાપણું સમજાવો.

ઉત્તર-૩ બે પદાર્થો તદ્દન જુદા જ છે. વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્યો છે. સંખ્યા અપેક્ષાએ અનંત છે. તે બધા અનાદિ-અનુત્પન્ન-અવિનાશી છે. સ્વતંત્ર પણે શાશ્વત શોભે છે. સામાન્ય ન્યાયે અજ્ઞાની જીવો અચેતન પદાર્થોને અસમર્થ માને છે. પોતાના પરિણામને કરી શકતા નથી. જીવ જ તેને પોતાની જરૂરિયાત પ્રમાણે પરિણમાવે છે, એમ માને છે. પરંતુ તે અજ્ઞાની ની ભૂલ છે.

પ્રશ્ન -૪ ક્ષેત્રથી જુદા પણાની વાત શા માટે લેવામાં આવે છે?

ઉત્તર-૪ દરેક પદાર્થની સ્વરૂપ અસ્તિત્વ સત્તા સ્વતંત્ર છે. તેના અંતર્ગત જે કોઈ છે તે બધાનું એક જ ક્ષેત્ર છે. બે પદાર્થની ભિન્નતા દર્શાવવામાં ક્ષેત્ર પણ અગત્યનો ભાગ ભજવે છે. લોકના પ્રત્યેક પ્રદેશે છ દ્રવ્યો સામાન્ય એક ક્ષેત્રા વગાહ રૂપે રહેલા છે. ત્યાં દરેક પદાર્થ પોતાના સ્વતંત્ર ક્ષેત્ર માં રહેલા છે.

પ્રશ્ન -૫ આકાશ બધા પદાર્થોને અવગાહનત્વ ગુણ ના સામર્થ્યથી અવગાહન આપે છે. અવગાહન નો અર્થ જ એ છે કે કોઈ પણ પદાર્થને સ્વતંત્ર ક્ષેત્ર ની જરૂર નથી.

ઉત્તર-૫ જીવ અને શરીર એક લાગે છે પરંતુ મરણ સમયે જીવ જુદો પડી જાય છે. જુદો હતો માટે જુદો પડે છે. એક રૂમમાં ચાર ટ્યુબલાઇટ જુદા જ છે. જિનાગમમા બે પદાર્થ જુદા છે ત્યાં બંનેના ક્ષેત્ર અલગ છે તે વાત આવે છે. પરંતુ પદાર્થમાં દ્રવ્ય અને પર્યાય ના ક્ષેત્ર જુદા નથી.

પ્રશ્ન -૬ કાળ અને ભાવ નું જુદાપણું સમજાવો.

ઉત્તર-૬ કાળ અને ભાવ બંનેનો સાથે વિચાર કરવો જરૂરી છે કારણ કે ત્યાં પર્યાયની વાત કરવા માગે છે. તેથી એક જ દ્રવ્યની પર્યાયમાં કાળ અને ભાવનુ કથંચિત જુદાપણું પ્રથમ સમજવું જરૂરી છે. પર્યાયના પ્રવાહની વાત આવે ત્યારે ક્રમ અને વ્યતિરેક આ બે વાત વિચારવામાં આવે છે. પર્યાય એક પછી એક થાય છે તે ક્રમ છે.

ત્યાં કાળ ની અપેક્ષા લાગુ પડે છે. વ્યતિરેક લક્ષણ માં દરેક પર્યાયના વર્ણન અલગ છે.

પ્રશ્ન૭ અસ્તિ નાસ્તિ ટકાવીને જે સંબંધની વાત આવી છે ત્યાં ગુણ અને દ્રવ્ય સંબંધમાં નથી આવતા. પર્યાય દ્વારા જ બે પદાર્થો સંબંધમાં આવે છે. તેથી બે દ્રવ્યોની પર્યાયો તો જુદી નથી ને?

ઉત્તર૭ જુદી છે. દરેક પર્યાય ને પોતાના પદાર્થ સાથેનું તાદાત્મ્ય ક્યારેય છૂટતું નથી. બે પદાર્થોની સમયવર્તી પર્યાયો વચ્ચે અત્યંત અભાવ છે. જે સંબંધ છે તે અસ્તિ નાસ્તિ ને બાધા ન આવે એ પ્રકારનો સંબંધ-નિમિત્ત નૈમિતિક સંબંધ છે. આવા વિશ્વ વ્યાપી સંબંધો નિર્દોષ છે. પરંતુ સંસારી જીવ પ્રયોજન વશ નિસ્બત રાખીને, મુખ્ય ગૌણ કરીને-કર્તા ભોક્તા ભાવ રૂપે જે પ્રકારે બીજા સાથે સંબંધમાં આવે છે તે અવશ્ય દોષ છે. તેનું ફળ ચાર ગતિ પરિભ્રમણ અને દુઃખ જ છે.

પ્રશ્ન -૮ ભાવ શબ્દ દ્રવ્ય સ્વભાવને માટે વપરાય છે. તેથી પ્રશ્ન એ થાય છે કે પ્રથમ'દ્રવ્ય'ના જુદાંપણાંને દર્શાવ્યા પછી ફરી ભાવની વાત કેમ કરી?

ઉત્તર-૮ અહીં'ભાવ'શબ્દ નો અર્થ પર્યાય સૂચક છે. ત્યા દ્રવ્ય સામાન્ય સ્વભાવની કે સ્વરૂપ અસ્તિત્વ સત્તાની પણ વાત નથી. અનાદિથી અનંતકાળ સુધી થતો બદલતો પરિણામનો પ્રવાહ તેની વાત કરવા માગે છે.

પ્રશ્ન -૯ અસ્તિ નાસ્તિ ટકાવીને સંબંધ અને અસ્તિ નાસ્તિના ભોગે સંબંધ આ બે માં કોઇ ફેર પડે ખરો ? સંબંધ માત્ર ઉપર લક્ષ રાખીએ તો શું વાંધો છે?

ઉત્તર-૯ ઘણો વાંધો છે. ખરેખર તો અસ્તિ નાસ્તિના ભોગે સંબંધને અજ્ઞાનીના જ્ઞાન અને શ્રદ્ધામાં જ સ્થાન છે. તેને વાસ્તવિક વિશ્વની વ્યવસ્થામાં સ્થાન નથી. અજ્ઞાની વિપરીત માન્યતાના કારણે જ ચાર ગતિ પરિભ્રમણ કરીને દુઃખી થાય છે. જેને અસ્તિ નાસ્તિ ની દઢતા થાય છે. તે પ્રત્યેક દ્રવ્યને સ્વતંત્ર સ્વીકારીને પોતાના સ્વભાવની મર્યાદામાં આવી જાય છે.

પ્રશ્ન -૧૦ દ્રવ્ય બંધારણમાં અંતિમ પાઠ લેવાનું શું પ્રયોજન છે?

ઉત્તર-૧૦ શાસ્ત્રનો આધાર લેવાથી વિશ્વાસ વધે છે. આપણે દ્રવ્ય બંધારણનો અભ્યાસ પુદ્ગલ સ્કંધોને લક્ષમાં રાખીને કરીએ છીએ.સ્કંધો સાથે અનેક પ્રકારના રાગદ્વેષના તાણા વાણા વણાયેલા છે. તેથી નિર્દોષ બંધારણ સમજવા માટે આનાકાની કરવાનું મન થાય છે. આ મર્યાદા છે. ખરેખર તો જ્ઞાનીઓ સતનો જ વિસ્તાર સમજાવવા માગે છે. સતનુ વર્ણન મુશ્કેલ જ છે તેથી સ્વભાવની ઓથમાં જ તે સમજાવવામાં આવે છે. તેથી મૂળ શાસ્ત્રો નો આધાર અગત્યનો છે.

પ્રશ્ન -૧૧ શક્તિના આધારે દ્રવ્ય બંધારણ કેવી રીતે સિદ્ધ થાય છે?


ઉત્તર-૧૧ પદાર્થની અખંડતા રાખીને પદાર્થમાં દ્રવ્ય અને પર્યાય એવા ભેદ દ્વારા સમજાવે ત્યારે જેમ બે પદાર્થો જુદા છે તેમ દ્રવ્ય પર્યાય જુદા નથી. મગની દાળની બે ફાડ ઉપર ફોતરૂ વિટીને મગ બનાવવામાં આવ્યો નથી. પરંતુ પદાર્થને બે દષ્ટિથી જોવા જતા એક દષ્ટિમાં દ્રવ્ય પણ જણાય. અને બીજી દષ્ટિમાં પર્યાયનું ક્ષણિક

રૂપ લક્ષગત થાય છે. આ રીતે વિચારતા પદાર્થની અખંડતા અને અનેકાંત સ્વરૂપ સારી રીતે સમજી શકાય છે. શાશ્વત સત ની સ્થાપના મજબૂત કર્યા પછી જ તે અપેક્ષા બદલાવતા ક્ષણિક જણાય છે ત્યારે દેખીતા વિરોધ નો અવિરોધ કઈ રીતે છે તે યુક્તિથી નિશ્ચિત કરવું જોઈએ. નિરપેક્ષ ઉત્પાદ વ્યય માનવાથી શૂન્ય નો પ્રસંગ આવે છે. જેથી બીજી રીતે કોના ઉત્પાદ વ્યય છે તેની સમજણ કરીને અનેકાંત સ્વરૂપનો મહિમા કરે તો પ્રયોજન સરે. આ પ્રમાણે વિચારે ત્યારે તેને ખ્યાલ આવે કે જે દ્રવ્ય સામાન્ય સ્વભાવ છે તે જ અપરિણામી-પરિણામી છે. વસ્તુત્વ ગુણ અને દ્રવ્યત્વ ગુણ એક જ પદાર્થમાં સાથે રહીને કઈ રીતે પદાર્થની વ્યવસ્થાનો ભાગ બને છે તેમ યુક્તિથી સિધ્ધ કર્યા પછી જ્યારે આગમનો આધાર લેવામાં આવે છે ત્યારે ૩૯ અને ૪૦ એમ બે શક્તિઓ લક્ષમાં આવે છે. પરિણમતા દ્રવ્યની પર્યાયો છે. નવતત્વમાં જીવ અને અજીવ બે દ્રવ્ય છે અને બંનેની સાત સાત પર્યાયો છે. ષટકારક અનુસાર થતી ક્રિયા શક્તિ છે. (૪૦) ક્રિયાના ષટકારકો છે. તેનો ભેદ લક્ષમા લઈએ તો પાંચ કારક તો નિત્ય પક્ષનું પોષણ કરે છે. માત્ર કર્મ કારક જ ક્ષણિક લક્ષમાં આવે છે. આ ૪૦મી શક્તિ લક્ષ માં લીધા પછી ૩૯ શક્તિ, ભાવ શક્તિમાં ક્રિયાથી રહિત એવી ભાવ શક્તિ છે તે દ્રવ્ય સ્વભાવને અપરિણામી રૂપ દર્શાવે છે. આ રીતે ૩૯ અને ૪૦ શક્તિનો સાથે અભ્યાસ કરવામાં આવે ત્યારે દ્રવ્ય સામાન્ય ને અપરિણામી અને પરિણામી એવી બે દષ્ટિથી જોઈ શકાય છે. જે રીતે સ્વભાવને બે દષ્ટિથી લક્ષમાં લીધું તે રીતે પર્યાય ને પણ બે દષ્ટિથી જોઈ શકાય છે. તે સમજવામાં થોડી મુશ્કેલી પડે છે.'સદશ અને વિદશ જેનું રૂપ છે એવી પરિણામ શક્તિ (૧૯) છે. ત્યાં સદશમા અનાદિથી અનંતકાળ સુધી એકરૂપ રહેતો પરિણામનો પ્રવાહ દર્શાવે છે. એ જ પર્યાય ને બીજી દષ્ટિથી જોવામાં આવે તો નિરંતર નવા નવા રૂપે લક્ષ ગત થાય છે.


પ્રશ્ન -૧૨ પરિણામી દષ્ટિ જે પરિણમતુ દ્રવ્ય છે તે સદાય એકરૂપ જ છે. સદશજ છે. તો પછી એક પર્યાયમાં સદશતાને અલગ દર્શાવવા ની જરૂર નથી. તેથી પર્યાય ની સદશતાની વાત જુદી શા માટે લેવામાં આવે છે?

ઉત્તર-૧૨ આવો પ્રશ્ન ઉપસ્થિત થવો જ જોઈએ અને એટલા જ માટે એવા પ્રશ્ન ની રાહ જોતો હતો. તમારા પ્રશ્નોમાં પરિણામ શક્તિનો અસ્વીકાર આવે છે. તમારા બધાના પ્રશ્નનું સમાધાન ૧૮ અને ૧૯મી શક્તિમાં રહેલ છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિ (૧૮)




પરિણામશક્તિ (૧૮)




આ બે ટેબલ રૂપે બે શક્તિ નો અભ્યાસ કરશો તો ખ્યાલ માં આવશે કે પર્યાય ના સદશભાગને'ધ્રુવ'મા લેવામાં આવી છે.

પદાર્થ

દ્રવ્ય સામાન્ય

- અપરીણામી દષ્ટિ → ધ્રુવ → એનો એ
- પરીણામી દષ્ટિ → ધ્રુવ → એવો ને એવો

પર્યાય

- સદશ પરીણામ → ધ્રુવ → અનાદિથી અનંતકાળ એકરૂપ પર્યાય
- વિદશ પરીણામ → ઉત્પાદ-વ્યય-બદલતું સ્વરૂપ

પરિણમતા દ્રવ્ય અને પર્યાયની સદશતા બંને વચ્ચેનો તફાવત :- પરીણમતા દ્રવ્યમાંથી પર્યાય આવશે. પર્યાયની સદશતા પોતે જ પર્યાય છે તેથી તેમાંથી પર્યાય આવવાનો પ્રશ્ન જ નથી.

આ રીતે પદાર્થને અંતરંગ અનેકાંત રૂપ લક્ષમાં લેવામાં સમય સાર શાસ્ત્રની આ ચાર શક્તિ મહત્વનો ભાગ ભજવે છે.

# સત્નું સ્વરૂપ - વિશ્વનું બીજું સ્વરૂપ

આ જ વિશ્વનું બીજું સ્વરૂપ છે. અનાદિ અને અનંતકાળ સુધી ચાલતો ચાર ગતિ પરિભ્રમણરૂપ નાટક. એ ઉપરાંત એક પ્રેક્ષક ગેલેરી પણ છે. પંચમ રૂપ મોક્ષ. નાટકના મુખ્ય પાત્રો છે. જીવો અને પુદ્‌ગલએ ઉપરાંત આ બે ના અટેકામાં રહેલા ચાર અન્ય દ્રવ્યો આકાશ-કાળ-ધર્મ અને અધર્મએ પોતાના અસાધારણ ગુણો દ્વારા જીવ અનેપુદ્‌ગલને તેના પરિણમનમાં સહાયક થાય છે.

પદાર્થના બંધારણમાં આપણે દરેક પદાર્થ સ્વતંત્ર છે અને નિર્દોષ છે. તે કાયમ રાખીને વિશ્વવ્યાપી સંબંધમાં લક્ષમાં લીધા. હવે અહીં આપણે જીવ અને પુદ્‌ગલ વિરોધી હોવા છતાં અવિરોધપણે મેળ વિશેષથી ચાર ગતિ નાટક ભજવે છે. તે કઈ રીતે તે સમજવાનો પ્રયાસ કરીએ.

અહીં આપણે પ્રવચન સાર ગાથા ૯૩ નો આધાર લઈએ. ગાથામાં પદાર્થની દ્રવ્ય, ગુણ પર્યાય વ્યવસ્થા દર્શાવ્યા બાદ તુરત જ બે પ્રકારની દ્રવ્ય પર્યાયની વાત કરી. 'અનેક દ્રવ્યાત્મક એકતાની પ્રતિ પત્તિ (પ્રાપ્તિ-જ્ઞાન-સ્વીકાર) ના કારણભૂત દ્રવ્ય પર્યાય છે તે દ્વિવિધ છે. સમાન જાતીય અને અસમાન જાતીય'.

દરેક પદાર્થનું સ્વતંત્ર ભિન્ન સ્વરૂપ લક્ષમાં લેવું એ પ્રયોજન વાન છે.જ્ઞેયતત્વ પ્રજ્ઞાપન અધિકારને દર્શન અધિકાર પણ કહે છે. અર્થાત પ્રવચન સાર શાસ્ત્રમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર નું વિસ્તૃત વર્ણન છે. આ રીતે આત્માના સ્વરૂપને દર્શાવવાનો ભાવ છે. ત્યાં 'અનેક દ્રવ્યાત્મક એકતાની પ્રાપ્તિની વાત વિસ્મયજનક છે.

બધા પદાર્થોની દ્રવ્ય ગુણ પર્યાય વ્યવસ્થા સમાન છે. દરેક પદાર્થ પોતાના અસાધારણ ગુણ વડે એકબીજાથી જુદા પડે છે. દરેક પદાર્થ સ્પષ્ટ અહેતુક છે અને પ્રભુત્વ શક્તિથી શોભાયમાન છે. આ વિશ્વની નિર્દોષ અકૃત્રિમ વ્યવસ્થા છે. આની દઢતા, આના જોરમાં અજ્ઞાની જીવો પોતાનું અજ્ઞાન દૂર કરીને જ્ઞાની થાય છે. બધા જીવો સ્વભાવે શુદ્ધ છે. વિભાવને કરે એવો જીવનો કોઈ સ્વભાવ નથી. આમ છતાં અનાદિકાળથી બધા જીવો ધારા પ્રવાહ રૂપ અજ્ઞાની જ છે. પોતે સ્વયં વિભાવરૂપે પરિણમિને કર્મથી બંધાયેલા છે અને ચાર ગતિ પરિભ્રમણ કરે છે. તે અસમાન જાતીય દ્રવ્ય પર્યાય નું સ્વરૂપ છે. મોહ રાગ દ્વેષ રૂપ પરિણામ સ્વભાવનાં ઘાતક છે તેથી પર વડે કરાયેલા છે અને તે પર કોણ છે? તે દ્રવ્ય કર્મ છે. મોહનીય કર્મ ઉદય છે. આ વાત આગમ પ્રસિદ્ધ છે. એ દ્રવ્ય કર્મ તેપુદ્‌ગલના પરિણામ છે.

જીવ પુદ્‌ગલનો આ સંબંધ અયોગ્ય છે કારણકે જીવ અને પુદ્‌ગલ બંને અત્યંત ભિન્ન જ છે. અર્થાત શુદ્ધ જીવ અને શુદ્ધ પુદ્‌ગલ (પરમાણુ) બે અપેક્ષા એ અત્યંત જુદા છે. જીવ ચેતન સ્વભાવી છે. પુદ્‌ગલ અચેતન છે. પુદ્‌ગલ રૂપી છે. જીવ અરૂપી છે. જીવ જ્ઞાયક હોવાથી પુદ્‌ગલ આદિ બધા પદાર્થો ને એકી સાથે જાણે તે સર્વજ્ઞ દશા છે. તે જ્ઞાનમાં બધા દ્રવ્યો અનાદિથી અનંતકાળ સુધી પોતાની મેળે પરિણમે છે તેમ જણાય છે.

પુદ્‌ગલ દ્રવ્ય પરમાણુ અને સ્કંધ એમ બે પ્રકારે લક્ષગત થાય છે. સ્કંધમાં બે થી વધુ પરમાણુ હોય છે. પરમાણુ મળીને સ્કંધની રચના કરે છે. તે સ્કંધમાથી ફરી પરમાણુ છુટા પડે છે. આ પુદ્‌ગલ દ્રવ્યની વિશિષ્ટતા છે. તે સમાન જાતીય દ્રવ્ય પર્યાય છે. બે જીવો કે બે કાળાણુઓ ક્યારે આ પ્રકારના સંબંધમાં આવતા નથી બંને પરમાણુ અને

સ્કંધ બંને પુદ્‌ગલ હોવા છતાં છ દ્રવ્યોમાં પરમાણુને સ્થાન મળે છે ,સ્કંધને નહીં. કારણકે સ્કંધમાં નિયત પ્રદેશત્વનો નિયમ ટકતો નથી. સ્કંધના છ પ્રકાર છે. તેમાં મોટા ચાર સ્કંધો જ આપણા જ્ઞાનનો વિષય થાય છે. સૂક્ષ્મ અને સૂક્ષ્મ - સૂક્ષ્મ સ્કંધો કે પરમાણુ આપણા જ્ઞાનનો વિષય થતા નથી. આ રીતે આપણા જ્ઞાનનો વિષય માત્ર જાડા સ્કંધો જ થાય છે.

જ્ઞાનનો સ્વભાવ પરથી ભિન્ન રહીને પર ને જાણવાનો છે. પરંતુ અજ્ઞાની જીવો પોતાના અજ્ઞાનના કારણે માત્ર જ્ઞાતા-દ્દષ્ટા ન રહેતા, પુદ્‌ગલ સાથે એકત્વ બુદ્ધિ-હિત બુદ્ધિ તેમજ કર્તા ભોક્તા ભાવથી તેની સાથે જોડાય છે . તે અસમાન જાતીય દ્રવ્ય પર્યાયો છે. વિશ્વનું જે ચાર ગતિ સ્વરૂપ છે તેમાં આ પુદ્‌ગલ સ્કંધો જ મુખ્ય ભાગ ભજવે છે. પુદ્‌ગલથી અન્ય પાંચ દ્રવ્યો અરૂપી છે. આકાશ, ધર્મ અને અધર્મ માત્ર એક દ્રવ્ય છે.કાળાણુ અસંખ્ય હોવા છતાં લોકના પ્રદેશે સ્થિત છે. પુદ્‌ગલોના સ્કંધની રચના ઉપરાંત ક્ષેત્રથી ક્ષેત્રાંતર કરતા જ રહે છે. ક્યાંય પગ વાળીને બેસતા નથી. જીવના સ્વભાવનો વિચાર કરીએ તો તેમાં પણ ગતિ કરે અથવા પ્રદેશોનું કંપન થાય એવો કોઈ સ્વભાવ નથી. આ વાસ્તવિકતાને લક્ષમાં રાખ્યા બાદ આપણે જે રીતે ચાર ગતિ પરિભ્રમણ કરીએ છીએ તેની સાથે અને કઈ રીતે મેળ ખાય છે તે વિચારીએ.

દ્દષ્ટાંત : એક બાળકનો જન્મ નર્સિંગ હોમમાં થયો. ત્યાંથી તેને કોઈ ઉપાડી ગયું. તેણે પોતાનું ઘર જોયું જ નથી. બીજી જગ્યાએ જ મોટો થયો છે એમ આ જીવ અનાદિથી પુદ્‌ગલના સંગમા જ છે. તેને પોતાના સ્વરૂપનો, સ્વભાવનો કંઈ ખ્યાલ જ નથી. સિદ્ધાંતમાં અજ્ઞાની જીવને પોતાના સ્વભાવનું ભાન નથી. પુદ્‌ગલ સ્કંધો જીવને ઉપાડી ગયા છે. જેને અન્ય ધર્મમાં મૂળભૂત તત્વો કહે છે એવા પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને વનસ્પતિ એ બધા જીવના રહેવાના સ્થાનો અથવા ઘર છે. ચોરાસી લાખ જીવ યોનિમાં જે શરીર છે તે બધા જીવના નિવાસસ્થાનો છે. બીજા જેટલા સંયોગો છે તે બધા જીવને માટે તેના વિભાવ પરિણામના ફળ ભોગવવાના સ્થાનો છે. બાકી દલાલ રૂપે કે એજન્ટ રૂપે ભાગ ભજવનારા કર્મો છે. આ રીતે આખી પુદ્‌ગલની દુનિયા જીવ સાથે જોડાયેલી છે. આ અસમાન જાતીય દ્રવ્ય પર્યાય નું સ્વરૂપ છે. વિશ્વનું ચાર ગતિ રુપ નું નાટક અનાદિથી અનંતકાળ સુધી ચાલનારું છે.

પરમાણુઓ અનંતાનંત છે. તો જીવ પણ અનંત છે. બધા પરમાણુઓ સમાન જાતીય દ્રવ્ય પર્યાય રૂપે વિશ્વની વ્યવસ્થામાં ભાગ લેનારા છે. તેમાંથી થોડા થોડા પરમાણુઓ છુટા પડતા જાય છે અને વળી સ્કંધોમા જોડાતા જાય છે. જેમ ભારતની પ્રજા મુખ્યપણે ઉત્સવ પ્રિય છે તેમ પરમાણુ પણ ઉત્સવ પ્રિય છે. જેથી તે છુટા પડે ત્યારે પણ એકલા એકલા નાચ્યા કરે છે. ફરી પાછા ગ્રુપમાં જોડાય છે.

જીવનો સ્વભાવ તો જાણવાનો છે. જ્ઞાતા-દ્દષ્ટા રહેવાનો છે. તેપુદ્‌ગલના સ્કંધો રૂપી નાચને જોનાર જ છે. તો પણ જેમ કોઈ નાચતું હોય તો આપણને પણ નાચવાનું મન થઇ જાય છે અથવા લયબદ્ધ સંગીત આવતું હોય તો આપણા હાથના આંગળા કે પગ તાલ મિલાવતા જાય છે તેમ જીવને પણ પુદ્‌ગલ સાથે નાચવાનું મન થઇ જાય છે. હવે જીવ નો વિચાર કરીએ તો તે માત્ર જાણનાર જ છે કરનાર નથી. વળી ક્ષેત્રાંતર કરવું એ જીવનો સ્વભાવ નથી. કર્મો અને શરીરના સંગમાં આ જીવ પણ આખા લોકમાં ભટક્યા કરે છે. આપણામાં કહેવત છે કે-'લાંબા પાછળ ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય'. નિયમ સાર શાસ્ત્રમાં ટીકાકાર મુનિરાજ એક શ્લોકમાં કહે છે-'આ જીવને લોક યાત્રા પુદ્‌ગલ ને આભારી છે'. ગતિની જેમ પ્રદેશોનું કંપન એ પણ સ્વભાવ નથી કારણકે સિદ્ધ દશામા તેનો અભાવ છે. અરિહંત દશા એ

પહોંચેલા જીવો કર્મ અને શરીરના સંબંધો છોડીને સિદ્ધ દશા પ્રગટ કરે છે અને સાદિ અનંતકાળ એ દશામાં રહે છે. આ ચાર ગતિથી વિલક્ષણ આ પંચમ ગતિ છે. તે પરમાર્થે પ્રેક્ષકો માટે છે. આ ચાર પરિભ્રમણથી થાકેલા જીવો પોતાનાજ્ઞાયક સ્વભાવને અનુસરીને જ્ઞાતા-દષ્ટા રૂપે આ પંચમ ગતિમાં પહોંચી જાય છે.

અસમાન જાતીયદ્રવ્ય પર્યાયની આગળ વિચારણા કરતા પહેલા તેની પદાર્થના અનેકાંત સ્વરૂપ સાથે સરખામણી કરી લઈએ. પદાર્થ એક સ્વતંત્ર સત્તા છે. વસ્તુ અનેકાંત સ્વરૂપ હોવાથી તેના બધા સભ્યો તાદાત્મ્ય સિદ્ધ સંબંધમાં છે. પદાર્થમાં દ્રવ્ય અને ગુણો બધા નિત્ય છે તોપણ ગુણોને કોઈ સ્વતંત્ર સત્તા મળતી નથી. બધા ગુણો એવા અલગ છે કે તેઓ વચ્ચે સંબંધ ની શક્યતા જ નથી તોપણ અભેદ દ્રવ્ય સામાન્ય સાથેના એકત્વ ના કારણે સંબંધ છે. મહાસત્તા અને અવાંતર સત્તા દ્રવ્ય સામાન્ય સ્વભાવ મહાસત્તા છે અને ગુણ ભેદ તેમજ પર્યાય ભેદ અંવાંતર સત્તા રૂપ છે. દ્રવ્યનું અલગ વર્ણન કરીએ અને દરેક ગુણનું પણ અલગ વર્ણન કરીએ તો તે બધા તદ્દન જુદા વેર વિખેર લક્ષમાં આવે. પદાર્થ ઊઠતો ન આવે. દ્રવ્યમાં અનંત ગુણ સિવાય વધુ કાંઈ નથી તોપણ અનંત ગુણોનું વર્ણન તે દ્રવ્ય નું વર્ણન નથી. 'ગુણ સમુદાયો દ્રવ્યમ' અર્થાત નયો દરેક ગુણને અલગ દર્શાવે પરંતુ નય જ્ઞાનમાં તેમની વચ્ચેના સંબંધ દર્શાવવાનું સામર્થ્ય નથી. આ રીતે વિચારતા જેને પદાર્થ દ્રવ્ય સ્વભાવ કહેવામાં આવે છે તેમાં અનંત ગુણો અને તેમની વચ્ચેના સંબંધો આવે છે. પ્રવચન સાર શાસ્ત્ર ગાથા ૯૩ આપણે અભ્યાસ કર્યો છે. ત્યારે ત્યાં પણ વિસ્તાર સામાન્ય સમુદાયાતમક શબ્દમાં એકત્વનો ધ્વનિ છે. એકત્વ હોય ત્યાં જ અનેકત્વને સ્થાન છે.

હવે અસમાનજાતીય દ્રવ્ય પર્યાય નો વિચાર કરીએ તો જેમ ગુણો અનેક છે એમ દ્રવ્યો પણ અનેક છે. ગુણો વચ્ચે સંબંધ છે તેમ દ્રવ્ય વચ્ચે પણ સંબંધ છે. જેમ સ્વરૂપ અસ્તિત્વ સત્તા છે તેમ સાદશ્ય અસ્તિત્વ સત્તા પણ છે. પરંતુ જેમ બે પદાર્થો સ્વતંત્ર છે તેમ બે ગુણો સ્વતંત્ર નથી. જેમ બે ગુણો વચ્ચે તાદાત્મ્ય છે એમ બે પદાર્થ વચ્ચે તાદાત્મ્ય નથી. જેમ સ્વરૂપ અસ્તિત્વ સત્તા નું એક ક્ષેત્ર છે અર્થાત દ્રવ્યગુણ પર્યાય બધા એક ક્ષેત્રાવગાહ રૂપે છે. તેની સામે દરેક પદાર્થ ના અલગ ક્ષેત્રો છે. બધા પદાર્થો વચ્ચે એક ક્ષેત્ર, અખંડ ક્ષેત્ર નથી. છ દ્રવ્યો સ્વરૂપ લોક છે. છ દ્રવ્યો લોકમાં રહેલા છે. અસંખ્ય પ્રદેશી લોકના પ્રત્યેક પ્રદેશમાં છ પ્રકારના દ્રવ્યો પણ રહેલાં છે. પરમાણુ અને સ્કંધ બધા સામાન્ય એક ક્ષેત્રા વગાહ રૂપે રહેલા છે.તો પણ બધા પદાર્થો અત્યંત ભિન્ન છે. દરેક પદાર્થ ગુણ અને પર્યાયોના સમુહ રુપે જુદા જ છે. જેમ પાણીમાં પાણી ભળી જાય અથવા દૂધમાં સાકર ભળી જાય એમ એક થતા નથી. પોતાનું ભિન્ન અસ્તિત્વ અને ભિન્ન ક્ષેત્ર સાચવીને રહેલા છે. આ મોટો તફાવત છે.

આકાશ બધાને અવગાહન આપે છે એમ સમજાવવામાં આવે છે. ખરેખર લોક બધાને અવગાહન આપે છે એમ સમજવું રહ્યું કારણ કે જો આકાશ પોતાનું ભિન્ન અસ્તિત્વ ટકાવી ને રહેલ છે તો કોઈ અન્ય દ્રવ્ય આકાશમાં અવગાહન પામી શકે નહીં કારણ કે બધા પદાર્થોના ક્ષેત્ર ભિન્ન જ છે.

મહાસત્તા રૂપ સ્વભાવમાં તેમાં રહેલા અનંત ભેદરૂપ અવાંતર સત્તાઓ અને તેમના વચ્ચે રહેલા સંબંધોનો સમાવેશ થાય છે. આ એક, અનેક, એકત્વ રૂપ સત્તા તે સ્વભાવ છે.

ગાથા ૯૩ માં સમાન જાતીય અને અસમાનજાતીય દ્રવ્ય પર્યાય ની જે વાત લીધી છે તે શાંતિથી સમજવા જેવી છે. પદાર્થ નું બંધારણ સમજવા માટે વણકર વસ્ત્ર બનાવે છે તે યોગ્ય દષ્ટાંત છે. વસ્ત્રનો પનો નક્કી કરે છે તે એક રૂપ જ

રહે છે. તેમાં દ્રવ્યના અનંત ગુણોની વાત આવે છે. તે ગુણો અને તેની સંખ્યા નિશ્ચિત જ છે. તેમાં કોઈ ફેરફાર સ્થાન નથી. હવે વણાટ થાય ત્યારે લંબાઈ જેટલી કરવી હોય તેટલી થાય. અહીં પર્યાયો અનાદિથી અનંતકાળ સુધી ધારા પ્રવાહ રૂપ થયા કરે છે.

દ્રવ્ય પર્યાયના વર્ણનમાં બે દ્રવ્ય વચ્ચેના સંબંધને લક્ષમાં રાખીને તેને એક રૂપ વર્ણવવા માંગે છે. સમાન જાતીય દ્રવ્ય પર્યાય માં બધા દ્રવ્ય પુદ્ગલ પરમાણુઓ જ છે. દરેક પરમાણુમાં સ્પર્શ, રસ, ગંધ વર્ણ એવા ચાર અસાધારણ ગુણો છે. તેથી સ્કંધમાં પણ સ્પર્શ આદિ ચાર ગુણ છે. સ્કંધ તે પુદ્ગલના અસલ સ્વભાવને છોડતા નથી.

અસમાન જાતીય દ્રવ્ય પર્યાય માં બે દ્રવ્યોમાં એક જીવ છે અને બીજો પુદ્ગલ છે. બંનેના સ્વભાવ જુદા છે. ગાથામાં, -ફૂટનોટમાં 'બે તાકા આ સાંધીને બનાવેલું વસ્ત્ર' એમ છે. હવે જીવ અને પુદ્ગલના મિશ્રણ રૂપ એક સત્તા તેને સારી રીતે સમજવા માટે આપણે જે સિદ્ધાંત સિદ્ધ કરી ગયા છીએ તેને જ યાદ કરીને બે વચ્ચેના 'સંબંધ રૂપ એકત્વ' તેને કેન્દ્રમાં રાખીને વિચારતા આ પ્રમાણે વ્યવસ્થા લક્ષ ગત થાય છે.

અનંત સામાન્ય ગુણો એકરસ થઈને પદાર્થની દ્રવ્ય, ગુણ, પર્યાય અને ઉત્પાદ-વ્યય, ધ્રુવ રૂપ રચના કરે છે. તે બધા દ્રવ્યોમાં સમાન છે. તેમાં કોઇ ફેરફાર નથી. સામાન્ય ગુણો એક રૂપ છે. અને બધા દ્રવ્યોમાં સમાન છે તે વાત લીધા પછી બધા દ્રવ્યોમાં અસાધારણ ગુણો છે તે બધા વિધવિધ છે અને માત્ર એક જ દ્રવ્યમાં છે. તેના પ્રતિપક્ષમાં અસાધારણ ગુણ અંતરંગ ની વિવિધતા લઈને રહેલ છે. જેમકે રસ ગુણમાં ખારો, ખાટો, મીઠો વગેરે પાંચ પ્રકારની વિધવિધતા છે. તે રસ ગુણ રસ રૂપની એકરૂપતા સદશતા રાખવા ઉપરાંત ખારાશ વગેરે વિદશતા પણ દર્શાવે છે. (પર્યાયની વ્યવસ્થા-સત-ઉત્પાદ અને અસત ઉત્પાદન રૂપે ગાથા ૧૧૧ માં દર્શાવી છે. પુદ્ગલ માં ચાર ગુણ અસાધારણ છે. તે દરેકને તેની વિવિધતા છે. તે ઉપરાંત પદાર્થ (પરમાણુ) પાસે વિચારતા આ ચાર ગુણો એકબીજા સાથે સંબંધમાં આવીને વિવિધતામાં વિવિધતા દર્શાવે છે. એ જ રીતે જીવમાં સાતેય અસાધારણ ગુણ છે તેની વિવિધતા જીવની પર્યાય માં લક્ષગત થાય છે. જીવ અને પુદ્ગલ જ્યારે અસમાનજાતીય દ્રવ્ય પર્યાયરૂપ લક્ષમાં લેવામાં આવે છે ત્યારે કેટલા પ્રકારની વિવિધતા જોવા મળે છે એનો આપણને આપણા જીવનમાં અનુભવ છે. આ વિવિધતાથી કરેલ ચાર ગતિ પરિભ્રમણ છે. આપણામાં કહેવત છે કે 'પડી પટોળે ભાત-ફાટે પણ ફીટે નહિ' એ રીતે આપણું જીવન પુદ્ગલ સાથે એવું વણાઈ ગયું છે કે તે જીવને છુટો પાડવો મુશ્કેલ બને છે.

વસ્ત્ર ના વણાટમાં તાણાવાણા હોય છે. એક દોરો કોટન હોય અને બીજો ટેરીલીનનો, તો ટેરી કોટન બને. એ જ રીતે કોટન સાથે એક ઊનનો કે રેશમનો હોય. આ રીતે જીવનું દ્રવ્ય કર્મ સાથે ભાવ કર્મ-દ્રવ્ય કર્મ રૂપ સંબંધ-ઉભય બંધ છે. જીવ અને શરીર સાથે નો વિશિષ્ટ એક ક્ષેત્રાવગાહ સંબંધ છે અને અન્ય દ્રવ્યો સાથે સંયોગ સિદ્ધ સંબંધ છે. આ બધા સંબંધો રૂપ જીવનું ચાર ગતિ પરિભ્રમણ છે. ગાથા ૯૪ માં આવી અસમાનજાતીય દ્રવ્ય પર્યાય ને પર સમય પ્રવૃત્તિ ગણાવવામાં આવી છે. આનો ઉલ્લેખ સમય સાર શાસ્ત્ર ની બીજી ગાથામાં પણ કરવામાં આવ્યો છે.

ગાથા ૯૩ માં દ્રવ્ય પર્યાયની જેમ ગુણ પર્યાય પણ બે પ્રકારની વર્ણવી છે. ત્યાં સ્વભાવ પર્યાય અને વિભાવ પર્યાય એવા બે ભેદ પાડ્યા છે. વિભાવ શબ્દનો પ્રયોગ જીવની પર્યાય માં લાગુ પડે છે. અન્ય દ્રવ્યોમાં નહીં. તેથી અહીં સ્વભાવ પર્યાય એટલે કે એકસરખી-સદશ એમ સમજવું અને વિભાવ એટલે વિદશ એમ ભાવ ખ્યાલમાં લેવો જરૂરી

છે. એક રૂપ ગુણ પર્યાયના દ્રષ્ટાંતમાં એકરૂપતા દર્શાવવા માટે અગુરૂ લઘુગુણો લીધા છે. છ પ્રકારે વૃદ્ધિ તથા હાનિ થતી હોવા છતાં એક સમયની પર્યાય એક રૂપજ રહે છે. વિદશતામા જીવ અનેપુદ્‌ગલના અસાધારણ ગુણની વાત છે અને જીવ અનેપુદ્‌ગલના ગુણોના સંબંધની વાત છે. જેમકે જ્ઞાન રસ વગેરે ને જાણે છે.

ગાથા ૯૪ માં પરસ્પર જીવની વાત કર્યા બાદ જે જીવ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ-ભાવની મર્યાદામાં રહે છે તે સ્વ સમય જીવ છે.

આ રીતે ગાથા ૯૩ માં ચાર ગતિ રુપ પરિભ્રમણમાં અસમાનજાતીય દ્રવ્ય પર્યાય ના નિરૂપણ વડે સંસાર ચક્ર ની મૂળભૂત ભૂમિકા સમજાવી અને સાથોસાથ તે નાટકના પ્રેક્ષક રૂપની અસંકિર્ણ જીવની સ્વતંત્ર દશાનો વિચાર આપવામાં આવ્યો છે. આ ગાથા ની વિશિષ્ટતા એ છે કે ત્યાં ભાવકર્મ અને દ્રવ્ય કર્મની કોઈ વાત નથી કરી. જ્ઞાન વડે જ બધું સમજાવ્યું છે. વળી બીજી વિશિષ્ટતા એ છે કે સતના માધ્યમને છોડ્યું નથી. આથી આચાર્ય દેવ નું બધું જોર સત અને જ્ઞાન ઉપર જ છે. જ્ઞાનીઓ સતને સમજાવવા માગે છે અને આત્મામાં જ્ઞાનનો જ સ્વીકાર છે. તેને સમજાવવા માટે તેને સ્વભાવનું આલંબન અનિવાર્ય છે. આ રીતે અભ્યાસ કરવાથી પદાર્થને દ્રવ્યગુણ પર્યાય રૂપે લક્ષમાં લેવા ઉપરાંત તેને સત ક્ષેત્ર અને સ્વભાવ એવા ભેદ રૂપે પણ લક્ષમાં લેવાથી પદાર્થ આ રીતે ઉઠતો આવે છે. વળી નિત્ય સ્વભાવ અપરિણામીરૂપે ક્યારેય લક્ષમાં નહિ આવે તે પ્રવાહ રૂપે જ રહેલો છે તેથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ-યુક્તમ સત રૂપ છે.

સત દ્રવ્યનો સ્વભાવ છે. સત દ્રવ્યનું લક્ષણ છે. ગુણ સમુદાયો દ્રવ્યમ. ગુણ પર્યાય વત દ્રવ્ય, ઉત્પાદ, વ્યય, ધ્રુવયુક્તમ સત વગેરે અનેક પ્રકારે સમજવાથી પદાર્થો લક્ષગત થાય છે. જીવ અને પુદ્‌ગલને બંનેને આ રીતે તદ્દન પૃથક લક્ષમાં લેવા જરૂરી છે. અને મજબૂતિ ઉપર જ પ્રયોગાત્મક ભેદજ્ઞાન શક્ય છે.

સામે પક્ષે જીવનું દ્રવ્ય કર્મ સાથે, શરીર સાથે અને શરીર મારફત સંયોગો સાથેના ગાઢ સંબંધો એવા મજબૂત છે કે તેમને જુદા પાડવા મુશ્કેલ છે. આ એક અલગ જ વિષય બની જાય છે.

પ્રવચન સાર શાસ્ત્રમાં ગાથાઓનો ક્રમ વિચારીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે જેમ ૯૩ ગાથામાં પદાર્થના સ્વરૂપને સમજાવ્યા પછી બે દ્રવ્યના સંબંધમાં ગયા છે. તે જ રીતે પછીની ગાથાઓ માં પણ એક દ્રવ્યના અનેકાંત સ્વરૂપને દર્શાવ્યા બાદ જ તે વિષયને બે પદાર્થના સંબંધમાં તે કઈ રીતે લાગુ પડે છે તે પણ સમજાવે છે. તેને યોગ્ય રીતે ત્યાં ચાર ગતિ પરિભ્રમણ કઈ રીતે થાય છે તેની પણ સ્પષ્ટતા થાય છે.

હવે સમજવાની શરૂઆત કરીએ. પદાર્થના સ્વરૂપમાં દ્રવ્યગુણ પર્યાય તથા ઉત્પાદ વ્યય ધ્રુવની વાત સાથે લીધી. દ્રવ્ય અને ગુણમાં એક અનેક દર્શાવ્યા, દ્રવ્ય નું એકપણું છે તે એકત્વ રૂપ દર્શાવ્યું અને ગુણ ભેદ દ્વારા અનેકાંત સિદ્ધ કર્યું. જો સત ને એકાંતિક માનવામાં આવે તો પર્યાય ની રચના જ શક્ય નથી એક અને અનેક દ્રવ્ય અને ગુણો તેને સલામત રાખી ને ગુણો વચ્ચેના બદલાતા સંબંધ વડે પર્યાયના ઉત્પાદ વ્યય સાબિત થાય છે. નિત્ય સ્વભાવમાં જે અને જેટલું સામર્થ્ય છે તે અંતર્ગત જ સંબંધો ધ્રુવ રૂપે, ધ્રુવ પ્રવાહ રૂપે દ્રવ્ય જ પરિણામી થઈને જૂની નવી અવસ્થા રૂપે લક્ષગત થાય છે.

આથી એ વાત સ્પષ્ટ થાય છે કે પદાર્થના પરિણામમાં વિચાર કરવામાં આવે ત્યારે અનેકપણુ તેના ગુણોનું જ છે

તેથી ગુણોના ઉત્પાદ-વ્યય-ધ્રુવ દ્વારા જ દ્રવ્યના પરિણામ લક્ષગત થાય છે. એ જ ન્યાયથી બે પદાર્થો વચ્ચે ના સંબંધથી જ સમાન જાતીય અને અસમાનજાતીય દ્રવ્ય પર્યાયના સ્વરૂપને સમજી શકાય છે.

આ રીતે પદાર્થને લક્ષમાં લેવામાં આવે ત્યારે તે પદાર્થ પોતે સ્વતંત્રપણે પરિણમીને બાહ્ય પદાર્થો સાથે સંબંધમાં આવે છે. એક જ ક્રિયા ને, એક જ કાર્ય ને બે સંબંધ રૂપે સમજી અને સમજાવી શકાય છે. સત ને મહાસત્તા અને અવાંતર સત્તા એમ સપ્રતિપક્ષ રૂપે જ સમજાવવા માટે દ્રવ્યની મહાસત્તામાં ગુણો અને તેમની વચ્ચેના સંબંધો આવે છે. આને એક રૂપે લક્ષમાં લેતા સ્વરૂપ અસ્તિત્વસત્તા જણાય છે. એ જ રીતે પદાર્થો અને તેમની વચ્ચેના સંબંધો તે સાદશ્ય અસ્તિત્વ સત્તા છે. આ રીતે જ્ઞેય તત્વ પ્રજ્ઞા પન અધિકારમાં આ બધું આવરી લેવામાં આવ્યું છે.

ગાથા ૯૯થી ૧૦૨ માં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નુ સ્વરુપ એક પદાર્થ માં દર્શાવ્યા બાદ ગાથા ૧૦૩ માં એ જ ઉત્પાદ આદિને બે પદાર્થો વચ્ચેના સંબંધ રૂપે 'અનેક દ્રવ્ય પર્યાય' સમજાવ્યા. પુદ્ગલ માં સ્કંધની રચનાની સમાનજાતિય દ્રવ્ય પર્યાય રૂપે દર્શાવે છે અને જીવના પુદ્ગલ સાથેના સંબંધથી અસમાન જાતીય દ્રવ્ય પર્યાય દર્શાવે છે. પદાર્થના અંતરંગ એકત્વની મુખ્યતા હોવાથી તેને ભેદથી સમજાવવા માટે ઘણી ગાથાઓ લેવામાં આવી છે. ગાથા ૧૦૪ માં ઉત્પાદ આદિ એક દ્રવ્યમાં લાગુ પડે છે. ત્યાં ગુણથી ગુણાંતર લેવામાં આવ્યા છે.

ગાથા ૧૧૧ માં દ્રવ્ય સ્વભાવ સત્ રૂપ છે. નિત્ય છે. તેને એક રૂપ રાખી ને ઉત્પાદમા સત્ અને અસત્ એવા બે ભેદ દર્શાવે છે. સત દ્વારા સદશતા અને અસત દ્વારા વિદશતા દર્શાવવામાં આવી છે. આપણે એ ખ્યાલમાં લીધું છે કે વિદશતા તે અસાધારણ ગુણો ને આભારી છે. ગુણ ભેદથી વિચારતા રંગ ગુણ છે તેને પરિણામરૂપ એક સમયે પ્રગટ થતી ઉત્પાદ રૂપ લક્ષ માં લેતા રંગ ગુણમાં રંગ રૂપ પરિણમન એ સદશ પરિણામ છે. ત્યાં સદશ શબ્દ દ્વારા અનાદિથી અનંત કાળ એક રૂપ એમ ખ્યાલ માં લેવું. તે ઉપરાંત વિદશ ભાવથી જોતા ત્યાં લાલ લીલો વગેરે વિધ વિધ તા છે. આ રીતે પ્રત્યેક અસાધારણ ગુણ માં સમજવું.

ગાથા ૧૧૨ માં એ જ વાત દ્રવ્યથી વિચારી છે. પરંતુ ત્યાં પર દ્રવ્યની સાપેક્ષતા આવે છે. જીવને ઉત્પાદ રૂપ ભાવ રૂપે લક્ષમાં લેતાં જીવ અનાદિથી અનંતકાળ સુધી જીવ રૂપે જ પરિણામે છે તે તેનો સત ઉત્પાદ છે. તે જીવનો શરીર સાથેનો સંબંધ લક્ષમાં લેતા તે મનુષ્ય, દેવ , નારકી એવી પર્યાય રૂપે જોવા મળે છે. તે જીવના પરિણામની વિદશતા છે. તે વિદશતાને શરીરની મનુષ્ય, દેવ એવી પર્યાય સાથે મેળ વિશેષ છે. આ રીતે જીવને સત ઉત્પાદ અને અસત ઉત્પાદ એમ બે પરિણામ રૂપે લક્ષમાં લેવામાં આવે ત્યારે ત્યાં શ્રદ્ધા, ચારિત્ર, પુરુષાર્થ, સુખ વગેરે ગુણો અને તેના પરિણામ થી સમજી શકાય છે. જ્યારે તેને પર દ્રવ્ય સાથેના સંબંધથી વિચારતા ત્યાં જીવની મનુષ્ય આદિ પર્યાય રૂપે લક્ષમાં લેવામાં આવે છે. આચાર્યદેવે આ ગાથાઓ માં સત ઉત્પાદને દ્રવ્યાર્થિક નય ના વિષય રૂપ લક્ષમાં લીધો છે અને અસત ઉત્પાદને વ્યવહાર નય લાગુ પાડ્યો છે. એક પદાર્થ અંતર્ગત વિચારણામાં નય લાગુ પાડી એ તો પ્રમાણ જ્ઞાનમાં આખો પદાર્થ આવે છે. જ્યારે બે પદાર્થમાં તેની વિચારણા કરવામાં આવે ત્યાં ખરેખર પ્રમાણ જ્ઞાન નથી છતાં નય લાગુ પાડીને પર સાથેના સંબંધને અસદભૂત વ્યવહાર નય દર્શાવવામાં આવે છે.

આ રીતે અસમાનજાતીય દ્રવ્ય પર્યાય નું સ્વરૂપ છે તે પદાર્થના અસત ઉત્પાદનુ નિરૂપણ છે એમ સમજવું. આ રીતે જીવ અને કર્મ વચ્ચે ભાવકર્મ અને દ્રવ્ય કર્મ વચ્ચે ઉભય બંધ વર્ણવી શકાય છે. એ જ રીતે જીવ અને શરીર વચ્ચે

વિશિષ્ટ એક ક્ષેત્રાવગાહ અને લોકના એક ક્ષેત્રે સામાન્ય એક ક્ષેત્રાવગાહ સમજી શકાય છે.

સત, સત ઉત્પાદ અને અસત્ ઉત્પાદ. અહીં 'સત' શબ્દનો પ્રયોગ નિત્ય સ્વભાવને દર્શાવે છે. બીજા બે ઉત્પાદ અર્થાત પ્રગટ પર્યાયને લાગુ પડે છે. આ વાત ગાથા ૧૧૯ ના લીધી છે.

નહીં કોઈ ઉપજે - વિણસે, ક્ષણ ભંગ સંભવમય જગે.

કારણ જનમતે નાશ છે, વળી જનમ નાશ વિભિન્ન છે. પ્રવચન સાર ગાથા ૧૧૯

પ્રથમ પદ - નિત્ય સ્વભાવને દર્શાવે છે. બીજું પદ પરિણામને, અનિત્ય પક્ષની સ્થાપે છે. દ્રવ્ય ટકીને બદલે છે. દ્રવ્ય સદાય પરિણમન સ્વભાવમાં રહેલ છે. 'પરિણામ વિણ ન પદાર્થને, ન પદાર્થ વિણ પરિણામ છે'. આવું નિત્ય અનિત્ય ઉભય આત્મક વસ્તુ સ્વરૂપ છે તે પહેલી લીટીમાં દર્શાવ્યું છે.

બીજી લીટી નું પહેલું પદ છે તે સત ઉત્પાદ દર્શાવે છે. પર્યાય ની સદશતા સૂચક છે. બીજું પદ અસત ઉત્પાદ દર્શાવે છે. ત્યાં પર્યાય ની વિદશતા છે.

આ રીતે જીવ પોતાના પરિણામરૂપે પરિણમે છે. એ જ રીતે પુદ્ગલ તેના પરિણામરૂપે પરિણમે છે. ગાથા ૧૨૦ થી ૧૨૬ માં દ્રવ્ય પર્યાયરૂપ વસ્તુ સ્વરૂપને ક્રિયાના ષટકારરૂપે દર્શાવે છે. સંક્ષેપમાં જેને કર્તા ક્રિયા અને કર્મ રૂપે દર્શાવવામાં આવે છે તેને વિસ્તારથી સમજાવતા ત્યા ષટકારક લક્ષ માં આવે છે. ભેદને જાણીને ભેદો ને અભેદ કરતા ત્યાં દ્રવ્ય પર્યાયરૂપ એક પદાર્થ લક્ષગત થાય છે.

જીવ જ્ઞાયક છે તેથી જ્ઞાન તેનો સ્વભાવ છે. તેને પરિણામની મુખ્યતાથી લક્ષમાં લેવામાં આવે ત્યારે તે કર્તા છે. જે એક સમયની પર્યાય પ્રગટ થાય છે તે કર્મ છે. કર્તા અને કર્મ બંને ક્રિયા દ્વારા એકબીજા સાથે જોડાયેલા છે. દ્રવ્ય પોતે પોતાના મૂળ સ્વભાવને ટકાવીને, પરિણમનરૂપ ક્રિયા વડે એક પરિણામને (કર્મને) કરે છે. ક્રિયા માં રૂપાંતર થાય છે. આજ વાત વિસ્તારથી ષટકારક રૂપે સમજાવી શકાય છે. જીવમાં કારકના ભેદની જરૂર એટલા માટે છે કે ત્યાં સંપ્રદાન કારક ને વિશિષ્ટ સ્વરૂપે સમજાવવામાં આવે છે. દ્રવ્યમાં જે ક્રિયા થાય છે તે તદ્દન નિરર્થક નથી. જે સમય વર્તી પર્યાય પ્રગટ થાય છે તે પોતા માટે જ છે. તે પોતાને જ આપવામાં આવે છે. તેને સાદા શબ્દોમાં કહીએ તો તે જીવ જે પર્યાય પ્રગટ થાય છે તેને પોતે તે સમયે જ ભોગવે છે. આ રીતે કર્તા, કર્મ રૂપ ભાવની સાથે ભોકતા - ભોગ્યભાવ એક જ દ્રવ્યમાં લક્ષગત થાય છે. દષ્ટાંત - એકલી રહેતી બહેન પોતે રસોઈ બનાવીને પોતે જ તે ખાવા બેસે છે. આ રીતે જીવના પરિણામને કારક રૂપે લક્ષમા લેવામાં આવે તે વર્ણન ગાથા ૧૨૬ માં કરવામાં આવ્યું છે.

મુનિ 'કરતા, કરમ, ફળ, કરણ જીવ છે, એમ જો નિશ્ચય કરી અન્ય રૂપ નવ પરિણમે, પ્રાપ્તિ કરે શુદ્ધાત્માની. પ્રવચન સાર ગાથા ૧૨૬ ગાથામાં ચાર ની વાત લીધી છે પરંતુ અપાદાન અને અધિકરણ કારકો સાથે સમજી લેવા. આ બધું એક જ પદાર્થ રૂપ છે અને પદાર્થ પ્રભુત્વ શક્તિથી શોભાયમાન છે.

અભિન્નકારક ઉપરાંત ભિન્નકારક પણ છે. બધા જીવોને તેનો ખ્યાલ છે અને અનુભવ છે. એટલે સુધી એ જીવનમાં વણાઈ ગયા છે કે જીવોને અભિન્નકારકમાં અનેક જાતના પ્રશ્નો ઊઠે છે. તે જીવના કે પુદ્ગલના અભિન્નકારક ને

માનવા તૈયાર નથી. આ અસમાનજાતીયદ્રવ્ય પર્યાયનું સ્વરૂપ છે. ગાથાની બીજી લીટીમાં કહે છે કે મુનિએ અભિન્નકારકને જાણ્યા છે અને સ્વીકાર્યા છે. તેણે ભિન્નકારક ઉપરની પરાશ્રયતાનો અસ્વીકાર કર્યો છે. અને એ રીતે મોક્ષની પ્રાપ્તિ કરે છે.

જીવ પોતાના સ્વાભાવિક જ્ઞાન પરિણામને અતીન્દ્રિય સુખરૂપે અનુભવે છે. પરાશ્રયે થયેલા વિભાવ પરિણામને ઇન્દ્રિય સુખ દુઃખ રૂપે અનુભવે છે. અભિન્નકારકમાં પોતાના પરિણામને કર્મ અને તેના ભોગવટાને કર્મફળ કહે છે તેથી આ બધું એક જ દ્રવ્યમાં જ લાગુ પડે છે. ભિન્ન કારકની વ્યવસ્થા ને વિભાવરૂપ ગણી છે. અને અભિન્ન કારક ને શુદ્ધતા રૂપ ગણવામાં આવી છે.

જીવમાં ચેતનનું કાર્ય શું છે તેનો હવે વિચાર કરીએ. ચેતન ગુણ વડે જીવનો અન્ય પાંચ દ્રવ્યોથી પોતાનું અંત્યંત ભિન્નપણું ટકાવીને રહેલ છે. આ મુખ્ય કાર્ય આપણા લક્ષમાં આવે છે. જીવ અને જીવના પરિણામ સાથે ચેતન કઇ રીતે સંકળાયેલ છે તે વાત જુદા જુદા શાસ્ત્રોમાં દર્શાવવામાં આવેલ છે. આ શાસ્ત્રમાં ગાથા ૧૨૩ અને ૧૨૪ માં લેવામાં આવી છે. સમયસર શાસ્ત્રમાં 'કોઈ એકને અગ્ર કરી તેની ઉપર ચેત રાખવી એવો ચેતનનો અર્થ કર્યો છે. તે અનુસાર આત્માના દ્રવ્ય અને પર્યાયરૂપ ઉપર ચેતન જાગૃતિ રાખવી તે ચેતન ગુણનું કાર્ય છે. ચેતન ના બે ભેદ લેવામાં આવે છે. તે જ્ઞાન ચેતના અને અજ્ઞાન ચેતના છે. જ્ઞાન એટલે અભેદ પણે આત્મા અને અજ્ઞાન એટલે અન્ય દ્રવ્યો. અજ્ઞાન ચેતનાને કર્મ અને કર્મફળ એવા બે ભેદ રૂપ વર્ણવવામાં આવે છે. ત્યાં કર્મફળમાં સંયોગો અને શરીર છે. અજ્ઞાનીને તે ફળ ભોગવવામાં રસ છે તેથી તેની ચેતન જાગૃતિ તેના ઉપર છે. તેનું કારણ અઘાતિ કર્મોદય છે તેથી ક્યારેક સંજ્ઞિ જીવની ચેતન જાગૃતિ તેના ઉપર પણ હોય છે. તે બંનેની નિરર્થકતા ભાસે ત્યારે ચેતન જાગૃતિ 'જ્ઞાન ચેતના' રૂપે પોતાના સ્વભાવમાં આવે છે.

આત્માનો સ્વભાવ એક રૂપ છે. સર્વજ્ઞ સ્વભાવ છે. જ્ઞાનની પર્યાય સ્વ-પર પ્રકાશક છે. તેને અહીં અર્થ વિકલ્પ આત્મક કહી છે. અર્થાત જ્ઞાન જેને જાણે છે તેને ભેદ સહિત જ જાણે છે. ગાથામાં કેવળ જ્ઞાનની વાત લીધી છે. તેમાં સ્વ-પર ના ભેદ રૂપે આખું વિશ્વ જણાય છે. અજ્ઞાની ,જ્ઞેય,જ્ઞાયક સંકર દોષ કરે છે. તે તેની ખતવણી ની ભૂલ છે. અજ્ઞાની જીવ પણ પરથી ભિન્ન રહીને જ પરની જાણે છે. જ્ઞાનમાં વિપરિતતા નથી. કર્મ અને કર્મફળ બંનેમાં દ્રવ્ય કર્મની સાપેક્ષતા અને અભાવ ( નિરપેક્ષતા) રૂપે બે ભેદ પડે છે. જ્ઞાનીને કર્મની નિરપેક્ષતા છે અને અજ્ઞાનીને કર્મની સાપેક્ષતા છે. પર નિરપેક્ષ સ્વતંત્ર પરિણામ શુદ્ધ છે અને અશુદ્ધ પરિણામમાં કર્મની સાપેક્ષતા છે. કર્મફળમાં પણ એ રીતે તફાવત પડે છે. શુદ્ધ પર્યાય અતીન્દ્રિય સુખરૂપે વેદાય છે. અને અશુદ્ધ પર્યાય દુઃખ રૂપે અનુભવમાં આવે છે.

ચારિત્ર્યની પર્યાયમાં શુદ્ધતાના અંશો વધતા જાય છે અને અશુદ્ધતાના અંશો ઘટતા જાય છે. નિરપેક્ષ શુદ્ધ જ્ઞાયક સ્વભાવના આશ્રયે પ્રગટ થયેલ શુદ્ધ ઉપયોગરૂપ જ્ઞાતાધારા અનુસાર આ પરિણામનો પલટો થાય છે. એક અપેક્ષાએ ચેતન જાગૃતિ આ રૂપાંતર ઉપર છે. આ રીતે જીવના પરિણામ ઉપર ચેતન જાગૃતિ હોય છે.

દરેક પદાર્થની સમાન અંતરંગ વ્યવસ્થાને મુખ્ય રાખીને તે દરેકની સ્વતંત્રતાના દ્યોતક અસાધારણ ગુણો અને તેના પરિણામો વચ્ચેના સંબંધો મારફત દરેક પદાર્થના પરિણામોમાં વિવિધતા લક્ષમાં લીધી. વળી તે સ્વરૂપ અસ્તિત્વ સત્તાના માધ્યમ વડે વિશ્વના સ્વરૂપ ને સમજવા માટે અન્ય પદાર્થો સાથે ના અનેક પ્રકારના સંબંધો, તે અનુસાર વિશ્વનું

ચાર ગતિ રુપ જાણકારીના નાટકને સમજવામાં ભૂલ ન થાય તેની સાવચેતી રહે તે માટે આગમના આધાર રૂપે સર્વ માન્ય આચાર્યશ્રી કુંદકુંદાચાર્ય દેવ પ્રણીત પ્રવચન સાર શાસ્ત્રના જ્ઞેય તત્વ પ્રજ્ઞાપન અધિકારનો આધાર લઈને આપણા જ્ઞાન અને વ્યવસ્થિત કર્યું છે.

ચાલુ જીવનના અનેક પ્રકારના અટપટા પ્રસંગોથી વિચલિત ન થવા માટે અને શાશ્વત સહજ સુખની અનુભૂતિ માટે આ પાયાના સિદ્ધાંતો દરેકને લાભનું કારણ બને છે.

વિશ્વની અણકૃત વ્યવસ્થા જેટલી સચોટ છે તેટલી જ જીવને અન્યાય કરનારી પણ છે. અચેતન પદાર્થો બધા દ્રવ્ય, ગુણ, પર્યાય અપેક્ષાએ પરિપૂર્ણ છે. માત્ર જીવ જ એક શક્તિ અપેક્ષાએ પરમાત્મા હોવા છતાં અનાદિથી પર્યાય અપેક્ષાએ પામર છે. જીવ પોતાની ભૂલને કારણે દુઃખી છે તે વાત સ્વીકાર્ય છે. જીવ પોતાની ખોટી મહત્વકાંક્ષાનો ભોગ બને છે તે વાત પણ શિરોમાન્ય છે, પરંતુ એવી ખોટી માન્યતા ક્યારેક કોઈક ને હોય તે સમજી શકાય એમ છે. સો માર્ક ના પેપરમાં એક પણ માર્ક ન મળે અથવા માઇનસ માર્ક મળે એ શક્ય બને પરંતુ એક પણ વિદ્યાર્થી પાસ ન થાય એવું બને? બધા જીવો અનાદિકાળથી અજ્ઞાની મિથ્યા દષ્ટિ છે. નિગોદમાં તેમનું કાયમી સ્થાન છે. આ વાસ્તવિકતાને કઈ રીતે સ્વીકારી શકાય? છતાં વાસ્તવિકતા છે.

જીવ આત્મકલ્યાણ કરવા માંગે તેને માટે છ દ્રવ્ય અને નવ તત્વનો યથાર્થ અભ્યાસ અનિવાર્ય છે.. સમયસાર શાસ્ત્રમાં નવ તત્વનું વિસ્તારથી વર્ણન છે. આચાર્યદેવે જીવ અને અજીવ ને પરિણામતા દ્રવ્ય રૂપે દર્શાવીને જ વિસ્તાર કર્યો છે-શરૂઆત કરી છે. અસલ, અપરિણામિ શાશ્વત જીવ થી શરૂઆત નથી કરી તેથી ખ્યાલ આવે છે કે અજ્ઞાની જીવો કઈ રીતે સંસારમાં રખડી રહ્યા છે તેનું વિસ્તૃત વર્ણન કરીને પછી તેમાંથી છૂટવાનો માર્ગ બતાવવા માંગે છે.

શાસ્ત્રનું પ્રયોજન શું છે-પોતે શું દર્શાવવા માગે છે તેની સ્પષ્ટતા ગાથા પાંચમાં કરી છે. પોતે એકત્વ વિભક્ત આત્મા દર્શાવવા માગે છે. અનેક પર દ્રવ્યો સાથે અનંત પ્રકારે જોડાયેલા આત્માને સર્વપ્રથમ બાહ્ય વિષયમાંથી છોડાવવો જ રહ્યો. સોનાની ખાણ માંથી ટોપલો ભરીને માટી કાઢીએ તેમાં ધાતુ તો અલ્પ માત્રામાં જ છે. મોટાભાગે તો માટી જ છે. પછી અન્ય ધાતુથી છોડાવીને શુદ્ધ સુવર્ણ પ્રાપ્ત થાય છે. તેમ અત્યારે વર્તમાનમાં પણ પાણીમાં ડૂબેલા કમળની જેમ આત્મા બધાથી જુદો જ છે. જુદો છે માટે જુદો પડી શકે છે. આ બધા નિર્ણય કરવા અનિવાર્ય છે. ચારે બાજુની પ્રતિકૂળતા થી ઘેરાયેલા જીવને પોતે વર્તમાનમાં મુક્ત જ છે એમ સમજાવવું છે. કદાચ આ રીતે સમજાવવું અને સમજવું કદાચ શક્ય બને તેમ હોય તો પણ બાહ્યની પ્રતિકૂળતા પોતે જ ઊભી કરી હાથના કર્યા હૈયે વાગે છે' આ વાત ગળે ઉતરે તેવી નથી. કદાચ એ પણ સ્વીકાર્ય થાય તો પણ, આ સંયોગોથી પોતે જાતે જ છૂટવાનું છે. કોઈ મદદ કરે તેમ નથી. આ બધા નિર્ણય ઉત્તરોત્તર દુર્લભ છે. જે પાત્ર જીવ કૃતનિશ્ચયી છે તેજ સફળતા મેળવી શકે છે. માટે દુર્લભ કહ્યું છે. તેની સાથોસાથ મારા સ્વભાવની વાત છે માટે સુલભ છે એમ પણ જ્ઞાનીઓ ફરમાવે છે.

વિશ્વમાં છ પ્રકારના દ્રવ્યો છે. તે દરેકની દ્રવ્ય પર્યાયો છે. જીવના બધા પરિણામો જીવ દ્રવ્યની પર્યાય છે. તેથી વિશ્વમાં છ દ્રવ્ય પર્યાયો છે તે વાત ન્યાયસંગત છે. પરંતુ આચાર્યદેવ આઠ પ્રકારની દ્રવ્ય પર્યાયો ની વાત કરે છે. આગળ વાંચતા પહેલા, બીજા બે ક્યાં છે તેનો શાંતિથી વિચાર કરી લેજો.

પ્રવચન સાર ની ૯૩ ગાથામાં આચાર્યદેવ બે દ્રવ્ય પર્યાયો અને બે ગુણ પર્યાયો દર્શાવે છે. ગુણ પર્યાયો માં સ્વભાવ અને વિભાવ એવા બે ભેદ દર્શાવે છે. તે કઈ રીતે છે તેનો પણ વિચાર કરી રાખવા કેવો છે કારણ કે ગુણો અનંત છે અને દરેક ગુણનો સ્વભાવ અલગ છે. વળી પર્યાયો સ્વભાવ અંતર્ગત જ શક્ય છે.

દ્રવ્ય પર્યાયમાં સમાનજાતિય અને અસમાનજાતીય એવા બે ભેદ છે. સમાનજાતીયમાં સ્કંધની રચના છે.અસમાનજાતિયમાં જીવ અને પુદ્ગલ વચ્ચેના અનૈતિક સંબંધ છે. સ્કંધ ને પુદ્ગલમાં લઈને પુદ્ગલમાં અસ્તિ કાય ની વાત પણ કરે છે. પરમાણુ ભેગા મળીને સ્કંધ બને છે અને સ્કંધ છુટો પડે ત્યારે પરમાણુ રૂપે લક્ષગત થાય છે. વળી સ્કંધને અલગ સ્વભાવ અને અલગ કાર્ય પણ આવે છે. પરંતુ તે બધુ છે પૌદગલિક. પરંતુ સમસ્ત સ્કંધોની રચના માત્ર જીવ માટે છે એમ કહેવામાં આવે તો તમે તે માનવા તૈયાર છો ? તમે તૈયાર ન હોય તે શક્ય છે. અન્ય મતમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ અ પાંચ મૂળભૂત તત્વો ગણ્યા છે. પરંતુ તે બધા સ્કંધો પરમાણુની રચના છે માટે મૂળભૂત નથી. તે ઉપરાંત તે બધા જીવના શરીર જ છે. જીવના નિવાસસ્થાનો છે. અજ્ઞાની જીવો એ તેમાં હું પણાની કલ્પના કરી છે. તેમાં હુંપણું સ્થાપીને પોતાનો જીવન વ્યવહાર ચાલુ કર્યો છે.

બાકી રહેલા સ્કંધોમા મોટાભાગના તો જીવની ભોગ ઉપભોગની સામગ્રી છે. જીવના વિભાવ ભાવના દુખ રૂપી ફળ ભોગવવાની સામગ્રી છે.

જીવને અનાદિકાળથી આવા સ્કંધો સાથે જ અસમાનજાતીયદ્રવ્ય પર્યાયરૂપ સંયોગી એકત્વ છે. આચાર્યદેવ આપણને આ બધાથી કાયમ માટે છોડાવવા માગે છે. આ બધું છોડવાની આપણી તૈયારી છે? છે તો કેટલી છે? તે વિચારવાનું રહ્યું. જો તેમાંથી છૂટવાની દાનત ન હોય તો સંસાર ચક્ર તો અનાદિ નું છે જ. નવું કંઈ શીખવાનું તે કરવાનું રહેતું નથી.

ગાથા ૯૩નો આધાર લીધો જ છે. ત્યારે ગુણ પર્યાય નો પણ વિચાર કરી લઈએ. સ્વભાવગુણ પર્યાયમાં અગુરૂ લઘુ ગુણોનો ઉલ્લેખ કરે છે. પરંતુ ત્યાં સમસ્ત સામાન્ય ગુણો વડે જે પદાર્થની દ્રવ્ય, ગુણ, પર્યાય રૂપ શાશ્વત વ્યવસ્થા થાય છે તે સમજાવવા માગે છે. વિભાવ ગુણ પર્યાય માં વિભાવની અશુદ્ધતાની વાત નથી. વિવિધતાની વાત છે. દરેક દ્રવ્યમાં અસાધારણ ગુણો અંતરંગ વિધવિધતા લઈને રહેલા છે. દરેક દ્રવ્યના બદલાતા વિધવિધ રૂપો આ અસાધારણ ગુણો ને આભારી છે. આ ઉપરાંત આ અસાધારણ ગુણો બીજા સાથે સંબંધમાં આવીને અનેક પ્રકારના નવા રૂપ ધારણ કરે છે.


આદિનાથ દિગંબર જિન મંદિર

# સુવર્ણપુરી તીર્થધામ

